# જૈન સિદ્ધાન્ત પ્રવેશ રત્નમાલા

(ભાગ-૬)

લેખન તથા સંપાદન

પંડિત કૈલાશચંદ્ર જૈન

પ્રકાશક :

શ્રી દિગંબર જૈન મુમુક્ષુમંડળ, દેહરાદૂન

તથા

પંડિત કૈલાશચંદ્ર જૈન પરિવાર, અલીગઢ

ॐ

॥ પરમાત્મને નમઃ ॥

પંડિત કૈલાશચંદ્ર જૈન ગ્રંથમાળા, પુષ્પ-૧૩

# જૈન સિદ્ધાન્ત પ્રવેશ રત્નમાલા

## (ભાગ-૬)

જિનાગમમાંથી વીણેલાં અણમોલ વચનામૃત,
દ્રવ્યસંગ્રહ પ્રશ્નોત્તરી અને સમાધિ-મરણનું સ્વરૂપ


: લેખન અને સંકલન :

**પંડિત કૈલાશચંદ્ર જૈન**

વિમલાંચલ, હરિનગર, અલીગઢ (ઉ.પ્ર.)

: ગુજરાતી અનુવાદ :

**શ્રી ભરતભાઈ શાંતિલાલ શાહ**

ઘાટકોપર–મુંબઈ



પ્રકાશન સહયોગ

**તીર્થધામ મંગલાયતન, અલીગઢ**

પ્રકાશક

**શ્રી દિગમ્બર જૈન મુમુક્ષુ મંડલ, દેહરાદૂન**

પ્રથમ આવૃત્તિ : ૫૦૦ પ્રત

(દશલક્ષણ મહાપર્વના પાવન અવસરે પ્રકાશિત, મંગળવાર, ૩ સપ્ટેમ્બર ૨૦૧૯)

**Available At –**

- **TIRTHDHAM MANGLAYTAN**
  Aligrah-Agra Road, Sasni–204216, Hathras (U.P.)
  www.manglaytan.com, info@manglaytan.com
- **TIRTHDHAM CHIDAYATAN**
  Dusri Nasiyase Age, Hastinapur, Dist : Meerut-250404 (U.P.)
- **SHRU KUNDKUND KAHAN DIG. JAIN SWADHYAY MANDIR**
  29, Gandhi Road, Dehradun—248001 (Uttarakhand)
  Ph : 0135-2654661 / 2623131
- **AZAD TRADING Co.**
  Below Jain Mandir, Lal kua, Bulandsaher-203001 (U.P.)
  Mo : 98977096781
- **SHREE KUNDKUND-KAHAN PARMARTHIK TRUST**
  302, Krishna-Kunj, Plot No. 302
  Navyug CHS Ltd. V.L. Mehta Marg
  Vile Parle (W), Mumbai-400056
  email : vitragva@vsnl.com / shethhiten@redifmail.com

મૂલ્ય : મુમુક્ષુતાની પ્રગટતા અથવા ભાવના/સંકલ્પ જ આ પુસ્તકનું ઉચિત મૂલ્ય છે.

મુદ્રક

સ્મૃતિ ઑફસેટ

સોનગઢ (જિ. ભાવનગર)

Mo. 9824944401



પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

# પ્રકાશકીય

જગતના સર્વ જીવો સુખ ઈચ્છે છે અને દુઃખથી ભયભીત છે. સુખ મેળવવા આ જીવ, સર્વ પદાર્થોને પોતાના ભાવો અનુસાર પલટવા ચાહે છે, પરંતુ અન્ય પદાર્થોને બદલવાનો ભાવ મિથ્યા છે, કેમકે પદાર્થ તો સ્વયં પલટે છે, જ્યારે આ જીવનું કાર્ય માત્ર જ્ઞાતા-દૃષ્ટા છે.

સુખી થવા માટે જિનવચનોને સમજવા અત્યંત આવશ્યક છે. વર્તમાનમાં જૈનધર્મના રહસ્યનું ઉદ્‌ઘાટન કરનાર અધ્યાત્મપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી છે. એવા સત્પુરુષના ચરણોમાં રહીને અમે જે કાંઈ શીખ્યા છીએ, તે અનુસાર પંડિત કૈલાશચંદ્રજી જૈન (બુલંદશહેર) દ્વારા ગૂંથિત જૈન સિદ્ધાંત પ્રવેશ રત્નમાળાના સાત ભાગ, જૈનધર્મના રહસ્યને અત્યંત સ્પષ્ટ કરનારા હોવાથી ચોથીવાર પ્રકાશિત થઈ રહ્યા છે.

આ પ્રકાશન કાર્યમાં અમે લોકો અમારા મંડળના વિવેકી અને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખનાર સ્વર્ગીય શ્રી રૂપચંદજી, માજરાવાલાને યાદ કરીએ છીએ, જેમની શુભ પ્રેરણાથી આ ગ્રંથોનું પ્રકાશનકાર્ય શરૂ થયું છે.

અમે ઘણા ભક્તિભાવથી અને વિનયપૂર્વક એવી ભાવના કરીએ છીએ કે સાચા સુખના અર્થી જીવ, જિનવચનને સમજીને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે. એવી ભાવનાથી આ પુસ્તકનું પાંચમું પ્રકાશન આપના હાથમાં છે.

આ છઠ્ઠા ભાગમાં જિનાગમના સારભૂત તાત્પર્યસ્વરૂપ બત્રીસ વિષયોનું અનેક આગમોના વચનો સાથે સંકલન કરેલ છે. સાથે જ પરિશિષ્ટના રૂપમાં સત્તાસ્વરૂપ ગ્રંથમાંથી સંકલિત, ચાર પ્રકારની ઈચ્છાઓ ઉપર પ્રશ્નોત્તર, દ્રવ્યસંગ્રહ ગાથા ૧ થી ૧૪ સુધી પ્રશ્નોત્તર અને અંતમાં સમાધિમરણના સ્વરૂપ ઉપર પ્રશ્નોત્તર કરવામાં આવેલ છે, જે દરેક આત્માર્થીઓ તેનું ગંભીરતાથી અનુશીલન(સ્વાધ્યાય) કરવું યોગ્ય છે.

અમારા ઉપકારી આદરણીય પંડિત કૈલાશચંદ્રજીની જન્મ-શતાબ્દી વર્ષના ઉપલક્ષ્યમાં, તીર્થધામ મંગલાયતનમાં આયોજિત મંગલ સમર્પણ સમારંભના અવસરે હિન્દી સંપાદિત આવૃત્તિ પ્રકાશિત કરવામાં આવી હતી, જેનો અમને અત્યંત આનંદ થઈ રહ્યો છે. પ્રસ્તુત ગ્રંથને સુવ્યવસ્થિત સંપાદિતરૂપમાં ઉપલબ્ધ કરાવવાનો શ્રેય પંડિતજીના સુપુત્ર શ્રી પવનજી જૈન અલીગઢ અને પંડિત દેવેન્દ્રકુમારજી જૈન, બિજૌલિયાને જાય છે. આ માટે મંડળ તરફથી તેમનો આભાર વ્યક્ત કરવામાં આવે છે.

આ પુસ્તકમાં આપવામાં આવેલ સંદર્ભોના પૃષ્ઠ નંબર હિન્દી પુસ્તકના આધારે છે.

આ પુસ્તકની હિન્દી આવૃત્તિ વાંચીને ઘણા ગુજરાતી મુમુક્ષુઓને અભ્યાસમાં ઉપયોગી લાગવાથી તેનો ગુજરાતી અનુવાદ કરાવવાની ભાવના કરી, ફળસ્વરૂપે આ ગુજરાતી આવૃત્તિ પ્રકાશિત થઈ રહી છે. ગુજરાતી અનુવાદ ઘાટકોપર-મુંબઈ નિવાસી શ્રી ભરતભાઈ શાહે નિઃસ્પૃહભાવે અલ્પ સમયમાં કરી આપેલ છે. માટે અમે તેમના આભારી છે. આ પુસ્તકના ગુજરાતી અનુવાદમાં કોઈપણ ભૂલ જણાય ત્યાં તજજ્ઞોએ ક્ષમા કરી સુધારીને વાંચવું અને અમને અવગત કરાવશો જેથી બીજા પ્રકાશન વખતે સુધારી શકાય.

દરેક જીવ આ ભાગમાં સમાયેલા આધારભૂત સિદ્ધાંતોના સમ્યક્સ્વરૂપ સમજીને સ્વરૂપાનુભૂતિ પ્રાપ્ત કરે—એ જ ભાવના સાથે...

૩ સપ્ટેમ્બર ૨૦૧૯
દસલક્ષણના મહાપર્વના પાવન
અવસરે પ્રકાશિત

નિવેદક
દિગંબર જૈન મુમુક્ષુ મંડળ
દેહરાદૂન

# ભૂમિકા

વીતરાગી જિનેન્દ્ર પરમાત્માની ૐકારમય દિવ્યધ્વનિનો પાવન પ્રવાહ ગુરુ પરંપરાથી અનેક વીતરાગી સંતો દ્વારા જે પ્રાપ્ત થયો છે, તે આપણું પરમ સૌભાગ્ય છે. સ્વરૂપગુપ્ત વીતરાગી સંતોએ જગતના જીવો ઉપર કરૂણા કરીને, આત્માનુભૂતિનો સરળ અને સુગમ માર્ગ જગતના જીવોના હિતાર્થે પ્રકાશિત કરવાના હેતુથી અનેક ગ્રંથોની રચના કરી છે. આ ગ્રંથોમાં આત્મકલ્યાણને માટે ભરપૂર સામગ્રી ઉપલબ્ધ છે. આ છઠ્ઠા ભાગમાં બત્રીસ આત્મહિતકારી વિષયોને અનેક આગમપ્રમાણ સાથે સંકલિત કરવામાં આવ્યા છે. સાથે જ પંડિત ભાગચંદ્રજી છાજેડ રચિત સત્તાસ્વરૂપ શાસ્ત્રમાં સમાયેલી ચાર પ્રકારની ઈચ્છાઓ ઉપર પ્રશ્નોત્તર બનાવીને પ્રસ્તુત કરવામાં આવ્યા છે. શ્રી નેમિચંદ્ર સિદ્ધાન્તિદેવ દ્વારા રચિત દ્રવ્યસંગ્રહ શાસ્ત્રની ગાથા ૧ થી ૧૪ સુધીના પ્રશ્નોત્તરો આ પુસ્તકમાં આપેલ છે અને પંડિત ગુમાનીરામ દ્વારા રચિત સમાધિમરણનું સ્વરૂપ અત્યંત ઉપયોગી હોવાથી પ્રશ્નોત્તરીના રૂપમાં સામેલ કરવામાં આવેલ છે.

આ છઠ્ઠા ભાગની પૂર્વની આવૃત્તિમાં જે ઉભયાભાસી મિથ્યાદૃષ્ટિ પ્રકરણના પ્રશ્નોત્તર છે તે આ આવૃત્તિના ત્રીજા ભાગમાં સામેલ કરવામાં આવ્યા છે. દરેક આત્માર્થી મુમુક્ષુઓને નિવેદન છે કે આ ગ્રંથમાં આપેલ વિષયોનું ગંભીરતાપૂર્વક અધ્યયન-મનન, ચિંતવન આત્મહિત માટે કરતા થકા આત્મકલ્યાણના માર્ગમાં આગળ વધો.

અહીં વિશેષ ઉલ્લેખનીય બાબત એ છે કે વર્તમાન દિગંબર જૈન સમાજમાં ઉપરોક્ત સમસ્ત વિષયોની ચર્ચાનો ઉદય પૂજ્ય ગુરુદેવશ્રીની અધ્યાત્મક્રાંતિથી જ થયો છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાના પ્રવચનોમાં જૈન સિદ્ધાંતોનું આત્મહિતકારી સ્વરૂપ સ્પષ્ટ કરતા હંમેશા

આત્મકલ્યાણની જ પાવન પ્રેરણા આપી છે. આ ઉપકાર હેતુ પૂજ્ય ગુરુદેવશ્રીના ચરણોમાં સાદર વંદન સમર્પિત કરું છું.

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન અને મુરબ્બી શ્રી રામજીભાઈ દોશી અને શ્રી ખીમચંદભાઈ શેઠ દ્વારા સંચાલિત વર્ગોમાં, આત્મહિત માટે હું પ્રશ્નોત્તરરૂપે લખતો હતો; જે દહેરાદૂન મુમુક્ષુ મંડળ તરફથી અત્યાર સુધીમાં ત્રણ આવૃત્તિ પ્રકાશિત થઈ ચૂકી છે. આ ચોથી આવૃત્તિ મારી ભાવનાને અનુરૂપ સંપાદિત થઈ પ્રકાશિત કરવામાં આવી છે જેનો મને આનંદ છે.

હે જીવો! જો તમે આત્મહિત કરવા ઇચ્છતા હો તો બધા પ્રકારે પરિપૂર્ણ નિજ આત્મસ્વભાવની રુચિ અને વિશ્વાસ કરો. દેહાદિથી સર્વથા ભિન્ન જ્ઞાનસ્વરૂપ નિજ આત્માનો નિર્ણય કરવો એ જ સંપૂર્ણ જિનશાસનનો સાર છે. કારણ કે જે જીવ, દેહાદિથી ભિન્ન જ્ઞાન-દર્શનસ્વભાવી નિજ આત્માનો આશ્રય લે છે, તે મોક્ષમાર્ગને પ્રાપ્ત કરી મોક્ષમાં ચાલ્યા જાય છે અને જે દેહાદિમાં પોતાપણાનું શ્રદ્ધાન-જ્ઞાન-આચરણ કરે છે, તે ચારે ગતિઓમાં ફરીને નિગોદમાં ચાલ્યા જાય છે.

બધા જીવો આ ગ્રંથમાં પ્રસ્તુત કરવામાં આવેલ પ્રશ્નોત્તરોનો વારંવાર અભ્યાસ કરી આત્મહિતના માર્ગમાં આગળ વધો—એ જ ભાવના સહ....

પંડિત કૈલાશચંદ્ર જૈન
અલીગઢ

### અધ્યાત્મયુગસૃષ્ટા

## પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

### (સંક્ષિપ્ત જીવનચરિત્ર)

ભારતની ધરતી અનાદિથી તીર્થંકર ભગવંતો, વીતરાગી સંતો-ધર્માત્માઓ અને દાર્શનિકો/અધ્યાત્મિક ચિંતકોની જન્મદાત્રી રહી છે. આ દેશમાં વર્તમાનકાળમાં ભગવાન ઋષભદેવથી લઈને ભગવાન મહાવીર સુધી ચોવીસ તીર્થંકર થયા છે. વર્તમાનમાં ભગવાન મહાવીરના શાસનકાળમાં શ્રી ધરસેન આદિ મહાન દિગંબર સંત, શ્રીમદ્ કુંદકુંદાચાર્યાદિ મહાન આધ્યાત્મિક સંત, આ પવિત્ર જિનશાસનની ધ્વજાને દેશોદેશમાં ફરકાવતા રહ્યા છે.

વર્તમાન શતાબ્દીમાં જિનેન્દ્ર ભગવંતો, વીતરાગી સંતો અને જ્ઞાની ધર્માત્માઓ દ્વારા પ્રકાશિત આ શાશ્વત સત્યને જેમણે પોતાના પ્રચંડ પુરુષાર્થથી સ્વયં આત્મસાત્ કરીને ૪૫ વર્ષો સુધી નિરંતર પ્રવાહિત પોતાની દિવ્યવાણીથી, આ વિશ્વમાં આધ્યાત્મિક ક્રાંતિનો શંખનાદ કર્યો— આવા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીથી આજે કોણ અપરિચિત છે? પૂજ્ય ગુરુદેવશ્રીએ કાળકોટડીમાં કેદ આ વિશુદ્ધ જિનશાસનને પોતાની આધ્યાત્મિક આભામંડળ દ્વારા મુક્ત કર્યું એટલું જ નહીં પણ તેના પ્રચાર-પ્રસારથી જાણે કે આ વિષમ પંચમકાળમાં તીર્થંકરનો વિરહ ભૂલાવીને, ભરતક્ષેત્રને વિદેહક્ષેત્ર અને પંચમકાળને ચોથો કાળ જ બનાવી દીધો.

ભારતદેશના ગુજરાત રાજ્યના ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયમાં દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘરે માતા ઉજમબાની કૂંખે વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, રવિવાર (તા. ૨૧ એપ્રિલ ૧૮૯૦)ના પ્રાતઃકાળે આ બાળ મહાત્માનો જન્મ થયો.

સાત વર્ષની વયમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હૃદય સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંત-સ્વભાવ,

સૌમ્ય, ગંભીર મુખમુદ્રા તથા નિઃસ્પૃહસ્વભાવવાળા હોવાથી બાળ 'કાનજી' શિક્ષકો તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. વિદ્યાલય અને જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રથમ ક્રમાંક આવતો હતો. પરંતુ વિદ્યાલયના લૌકિક શિક્ષણથી તેમને સંતોષ નહતો થતો. અંદર જ અંદરમાં એવું લાગતું હતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરમાં માતાનો સ્વર્ગવાસ થવાથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ પછી પિતાશ્રીનો સ્વર્ગવાસ થવાથી સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વ્યવસાયિક પ્રવૃત્તિમાં જોડાવાનું થાય છે. દુકાન ઉપર ધાર્મિક પુસ્તકો વાંચતા હતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના સમયે રામલીલા કે નાટક જોવા જતા, તો તેમાં વૈરાગ્યરસનું ઘોલન કરતાં હતા. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જવળ ભવિષ્યનો ચિતાર બતાવતું બાર પંક્તિની કાવ્યની રચના કરે છે—'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ'.

સત્યની શોધ માટે દીક્ષા લેવાના ભાવ હોવાથી ૨૨ વર્ષની યુવાવસ્થામાં દુકાનનો ત્યાગ કરે છે અને ગુરુની સમક્ષ આજીવન બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની ઉંમરમાં (વિ.સં. ૧૯૭૦)માં જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ સાધર્મીઓની વિશાળ ઉપસ્થિતિમાં સ્થાનકવાસી સંપ્રદાયમાં દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષાના સમયે હાથી ઉપર ચઢતા ધોતીયું ફાટી જાય છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક કાનજીને શંકા થાય છે કે શું વસ્ત્ર સહિત મુનિપણુ નહીં હોય?

વિ.સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુનાશાસન ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદયનો સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે. વિધિની કોઈ ધન્યપળે શ્રીમદ્ભગવત્ કુંદકુંદાચાર્યદેવ રચિત 'સમયસાર' નામનું મહાન પરમાગમ ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ ઉદ્ગાર નિકળે છે કે 'આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે'. સમયસારનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ પ્રગટે છે અને અંતરંગ જીવનમાં પરમ પવિત્ર પરિવર્તન થાય છે. ભૂલી પડેલી પરિણતિ નિજઘરને દેખે છે.

ત્યારબાદ, શ્રી પ્રવચનસાર, શ્રી અષ્ટપાહુડ, શ્રી મોક્ષમાર્ગ-પ્રકાશક, શ્રી દ્રવ્યસંગ્રહ, શ્રી સમ્યગ્જ્ઞાનદીપિકા આદિ અનેક દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી તેમને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળમાર્ગ છે અને આ જ સાચો ધર્મ છે. આ કારણે અંતરંગ શ્રદ્ધા કાંઈ બીજી અને બાહ્યમાં વેષ કોઈ બીજો—આ સ્થિતિ તેમને અસહ્ય લાગે છે. તેથી અંતરંગમાં અત્યંત મનોમંથન બાદ સંપ્રદાય પરિવર્તનનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની શોધ કરતાં-કરતાં સોનગઢ આવીને 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં ભગવાન મહાવીર જન્મકલ્યાણકના દિવસે (ચૈત્ર સુદ ૧૩, સં. ૧૯૯૧) બપોરના સવા વાગે સંપ્રદાયનું ચિહ્ન મુહપત્તિનો ત્યાગ કરે છે અને પોતે ઘોષણા કરે છે કે 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈનધર્મનો શ્રાવક છું.' સિંહવૃત્તિના ધારક આ મહાપુરુષે ૪૫ વર્ષની ઉંમરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્‌ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં નિવાસ કરતાં માત્ર ત્રણ વર્ષમાં જ જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેને કારમે આ મકાન એકદમ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમ પ્રતાપી સત્પુરુષના નિવાસસ્થાન અને પ્રવચનસ્થળ તરીકે 'શ્રી જૈન સ્વાધ્યાયમંદિર'નું નિર્માણ કર્યું. ગુરુદેવશ્રીએ વૈશાખ વદ ૮, સં. ૧૯૯૪ના દિવસે આ નિવાસસ્થાનમાં મંગલ નિવાસ કર્યો. આ 'સ્વાધ્યાયમંદિર' જીવનપર્યંત આ મહાપુરુષની આત્મસાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની ગયું.

આ દિગંબરધર્મના ચારેય અનુયોગના નાના-મોટા ૧૮૩ ગ્રંથોનું ગહનતાથી અધ્યયન કર્યું. તેમાંથી ૩૮ ગ્રંથો ઉપર સભામાં પ્રવચન કર્યા. જેમાં શ્રી સમયસાર ગ્રંથ ઉપર તો ૧૯ વાર અધ્યાત્મવર્ષા કરી. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાય, સમયસાર કળશ-ટીકા આદિ ગ્રંથો ઉપર પણ ઘણા પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિના રહસ્યને સમજાવવાવાળા અને કુંદકુંદાદિ આચાર્યોના ગૂઢ શાસ્ત્રોના રહસ્યનું ઉદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવ વિનાશક અમૃતવાણીનું ઈ.સ. ૧૯૬૧થી નિયમિત ટેપ રેકોર્ડિંગ કરવામાં આવ્યું,

જેના પ્રતાપથી આજે આપણી પાસે નવ હજારથી વધારે પ્રવચનો સુરક્ષિત ઉપલબ્ધ છે. આ મંગલ ગુરુવાણી દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુ મંડળોમાં તથા લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘર-ઘરમાં ગુંજાયમાન થઈ રહી છે. એનાથી એટલું તો નિશ્ચિત છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમકાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવ માટે ઉત્તમ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મ સંદેશ, દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે એ હેતુથી વિ.સં. ૨૦૦૦ના માગશર મહિનાથી (ડિસેમ્બર ૧૯૪૩થી) 'આત્મધર્મ' નામનું માસિક, આધ્યાત્મિક પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીના સંપાદન હેઠળ પ્રારંભ થયું જે હાલમાં ગુજરાતી અને હિન્દી ભાષામાં નિયમિત પ્રકાશિત થઈ રહ્યું છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭—ફાગણ સુદ બીજના દિવસે નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગલ હસ્તે શ્રી સીમંધર આદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. ઈ.સ. ૧૯૪૧ થી ઈ.સ. ૧૯૮૦ સુધી સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત સમગ્ર ભારતદેશના અનેક શહેરોમાં તથા આફ્રિકાના નાઈરોબીમાં કુલ ૬૬ પંચકલ્યાણક તથા વેદીપ્રતિષ્ઠા આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પાવન કરકમળોથી થઈ.

શ્રી સમ્મેદશિખરજીની યાત્રાના નિમિત્તે સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગલ વિહાર ઈ.સ. ૧૯૫૭ અને ઈ.સ. ૧૯૬૭માં એમ બે વાર થયા. આ જ પ્રકારે દક્ષિણ અને મધ્યભારતમાં ઈ.સ. ૧૯૫૯ અને ઈ.સ. ૧૯૬૪માં એમ બે વાર વિહાર થયા.

તા. ૨૮ નવેમ્બર ૧૯૮૦, શુક્રવાર (કારતક વદ ૭, સં. ૨૦૩૭)ના દિવસે આ તીવ્ર પુરુષાર્થી આત્મજ્ઞ સંત પુરુષ દેહાદિનું લક્ષ્ય છોડીને પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આસમાનમાં સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરીની તરફ પ્રયાણ કર્યું. તેઓ વીરશાસનને પ્રાણવંતું કરીને ભરતક્ષેત્રે અધ્યાત્મયુગનું સર્જન કરી ગયા.

# અધ્યાત્મ મનીષી પંડિત કૈલાશચંદ્ર જૈન

## (સંક્ષિપ્ત જીવન)

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના અનન્ય ભક્ત પંડિત કૈલાશચંદ્ર જૈનનો જન્મ, આજથી લગભગ ૯૯ વર્ષ પહેલા ગામ ટીકરી, જિલ્લો મેરઠમાં પિતા મિટ્ઠનલાલ જૈનના ઘરે માતા શ્રીમતી ભરતોદેવીની કુક્ષીએ થયો હતો. બે ભાઈ તથા બે બહેન સહિત આપ પાંચ ભાઈ-બહેન હતા.

આપનું પ્રારંભિક શિક્ષણ મથુરા ચોર્યાસી અને ત્યારબાદ જમ્બૂ વિદ્યાલય સહારનપુરમાં થયું. શરૂઆતથી જ સ્વાભિમાની વૃત્તિના ધારક હોવાથી નિર્ભયતા, નિસ્પૃહતા, સિદ્ધાંતો ઉપર મક્કમતા....આદિ આપના વ્યક્તિત્વની ઉલ્લેખનીય વિશેષતા છે.

નાનપણથી જ લાહોરમાં સ્વતંત્ર વ્યવસાય કરતા હતા અને સ્વતંત્રતા આંદોલન પછી સ્વદેશ પાછા આવ્યા બાદ બુલંદશહેરમાં આઝાદ ટ્રેડિંગ કંપનીના નામથી સ્ટેશનરીનો ધંધો કરતા પોતાની સહધર્મચારિણીથી શ્રીમતી વિમલાદેવી અને ચાર પુત્રી ને એક પુત્રની સાથે સંપૂર્ણ પારિવારિક જવાબદારીઓનું પાલન કરતા ધર્મમાર્ગ ઉપર નિરંતર પ્રયત્નશીલ રહ્યા.

આપના જીવનમાં જડમૂળથી પરિવર્તન ત્યારે આવ્યું, જ્યારે ગિરનાર યાત્રા દરમ્યાન સોનગઢની દિવ્યવિભૂતિ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સાક્ષાત્કાર થયો. ત્યારબાદ નિરંતર તત્ત્વારાધના અને તત્ત્વપ્રચાર જ આપના જીવનનું ધ્યેય બની ગયું અને સારા દેશમાં તત્ત્વજ્ઞાનની ધ્વજા ફરકાવવા એકલા નીકળી પડ્યા.

યુવાવસ્થામાં જ આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લઈને એકમાત્ર

આત્મસાધનાને જ જીવનનું ધ્યેય બનાવીને તેમાં સફળતા પ્રાપ્ત કરી.

પોતાના જીવનાધાર પૂજ્ય ગુરુદેવશ્રી અને મુરબ્બી શ્રી રામજીભાઈ દોશી તથા શ્રી ખીમચંદભાઈથી જે કાંઈ શીખ્યા તેના જ ફળસ્વરૂપે 'જૈન સિદ્ધાંત પ્રવેશ રત્નમાલા'ના આઠ ભાગ જેનું નિરંતર પ્રકાશન શ્રી દિગંબર જેન મુમુક્ષુમંડળ દહેરાદૂનથી થતું રહ્યું છે. આ ગ્રંથોના આધારે આપની પ્રેરણાથી આપના સુપુત્ર શ્રી પવનજી જૈને 'જિનાગમસાર'ની રચના/સંકલન કરી આપની પરંપરા આગળ વધારી છે.

વિશ્વના પ્રાણીમાત્ર પ્રત્યે કરુણાથી ઓતપ્રોત આપના હૃદયની પાવન ભાવનાઓનું સાકારરૂપે 'તીર્થધામ મંગલાયતન' આજે જિનેન્દ્ર દેશના અને ગુરુવાણીના પ્રચાર-પ્રસારની દિશામાં ઉલ્લેખનીય ગતિથી આગળ વધી રહ્યું છે. અહીંથી પ્રકાશિત માસિક 'મંગલાયતન' પત્રિકા, 'મંગલાયતન ટાઈમ્સ' અને અનેક સાહિત્ય પણ પંડિતજીની પ્રેરણા તથા આશીર્વાદનું ફળ છે.

વર્તમાન શારીરિક શિથિલતા છતાં તત્ત્વજ્ઞાનની જાગૃતિ આપના આત્મસાધનામય જીવનનો તાદૃશ્ય ચિતાર છે.

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ નં. |
|---|---|---|
| – | મંગલાચરણ | ૧ |
| – | શાસ્ત્રાભ્યાસનો મહિમા | ૨ |
| ૧ | વીતરાગ-વિજ્ઞાન | ૩ |
| ૨ | દ્રવ્ય-ગુણોનું સ્વતંત્ર પરિણમન | ૧૬ |
| ૩ | જૈનધર્મ | ૧૯ |
| ૪ | અજ્ઞાનની વ્યાખ્યા | ૨૩ |
| ૫ | નિશ્ચયસમ્યક્ત્વ | ૨૫ |
| ૬ | તત્ત્વવિચારનો મહિમા | ૨૬ |
| ૭ | મિથ્યાત્વ જ આસ્રવ, સમ્યક્ત્વ જ સંવર-નિર્જરા-મોક્ષ | ૨૭ |
| ૮ | દુઃખનું મૂળ તે જ મિથ્યાત્વ, સુખનું મૂળ તે જ સમ્યક્ત્વ | ૨૯ |
| ૯ | ભવિતવ્ય | ૩૧ |
| ૧૦ | જીવ સ્વયં નિત્ય જ છે | ૩૪ |
| ૧૧ | સંસારી જીવોના સુખ માટેના મિથ્યા ઉપાય | ૩૫ |
| ૧૨ | બાહ્ય સામગ્રીથી સુખ-દુઃખ માનવું, તે જ ભ્રમ | ૩૮ |
| ૧૩ | પરપદાર્થનો કર્તા-હર્તા આત્મા નથી | ૪૦ |
| ૧૪ | ઈચ્છાના પ્રકાર અને દુઃખ | ૪૩ |
| ૧૫ | પરમ કલ્યાણ | ૪૫ |
| ૧૬ | દરેક જીવાત્મા, અલગ-અલગ છે | ૪૭ |
| ૧૭ | જીવનું હંમેશનું કર્તવ્ય | ૪૮ |
| ૧૮ | બધા ઉપદેશનો હેતુ | ૪૯ |
| ૧૯ | સમ્યગ્દર્શનનું લક્ષણ | ૫૧ |
| ૨૦ | જીવને સમ્યક્ત્વ શા માટે નથી ? | ૫૭ |

| ક્રમ | વિષય | પૃષ્ઠ નં. |
| --- | --- | --- |
| ૨૧ | વસ્તુનું પરિણમન બાહ્ય કારણોથી નિરપેક્ષ | ૫૯ |
| ૨૨ | વાસનાના પ્રકાર | ૬૧ |
| ૨૩ | અંતરંગ શ્રદ્ધા અને તેનું ફળ કેવળજ્ઞાન | ૬૪ |
| ૨૪ | મૂઢતાના પ્રકાર | ૬૬ |
| ૨૫ | હેય-જ્ઞેય-ઉપાદેય | ૬૮ |
| ૨૬ | જ્ઞાન જ આત્મા | ૭૦ |
| ૨૭ | મહિમાવંત સમ્યક્ત્વ | ૭૧ |
| ૨૮ | શુદ્ધનો અર્થ શું ? | ૭૭ |
| ૨૯ | સાધકદશા : જ્ઞાનધારા—કર્મધારા | ૮૧ |
| ૩૦ | બહિરાત્મા-અંતરાત્મા | ૮૮ |
| ૩૧ | ધર્મનું મૂળ | ૯૨ |
| ૩૨ | વિવિધ પ્રશ્નોત્તર | ૧૦૬ |
| પરિશિષ્ટ ૧ — | દુઃખનું મૂળ : ચાર પ્રકારની ઈચ્છાઓ | ૧૧૬ |
| પરિશિષ્ટ ૨ — | દ્રવ્યસંગ્રહ પ્રશ્નોત્તરી | ૧૨૬ |
| પરિશિષ્ટ ૩ — | સમાધિમરણનું સ્વરૂપ | ૨૦૭ |

ૐ

॥ વીતરાગાય નમઃ ॥

# જૈન સિદ્ધાંત પ્રવેશ રત્નમાલા

## (ભાગ-૬)

## મંગલાચરણ

ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો આઇરિયાણં,
ણમો ઉવજ્ઝાયાણં, ણમો લોએ સવ્વ સાહૂણં. ૧.

આત્મા સો અર્હંત હૈ, નિશ્ચય સિદ્ધ જુ સોહિ,
આચારજ ઉવઝાય અરુ, નિશ્ચય સાધુ સોહિ. ૨.

સ્યાદ્‌વાદ અધિકાર અબ, કહૌ જૈન કો મૂલ,
જાકેં જાનત જગત જન, લહૈં જગત-જલ-કૂલ. ૩.

દેવ ગુરુ દોનોં ખડે, કિસકે લાગૂ પાય,
બલિહારી ગુરુદેવ કી, ભગવન દિયો બતાય. ૪.

કરુણાનિધિ ગુરુદેવશ્રી, દિયા સત્ય ઉપદેશ,
જ્ઞાની માને પરખ કર, કરે મૂઢ સંક્લેશ. ૫.

# શાસ્ત્રાભ્યાસનો મહિમા

હે ભવ્ય! શાસ્ત્રાભ્યાસના અનેક અંગ છે. શબ્દ અથવા અર્થનું વાંચન, શીખવું, શીખવવું, ઉપદેશ આપવો, વિચારવું, સાંભળવું, પ્રશ્ન કરવા, સમાધાન જાણવું, વારંવાર ચર્ચા કરવી આદિ અનેક અંગ છે, ત્યાં જેમ બને તેમ અભ્યાસ કરવો, જો બધા જ શાસ્ત્રનો અભ્યાસ ન થઈ શકે તો શાસ્ત્રમાં સરળ અથવા અઘરા અનેક અર્થોનું નિરુપણ કરેલ છે, ત્યાં જેનો શક્ય બને તેટલો અભ્યાસ કરવો પરંતુ શાસ્ત્રાભ્યાસમાં આળસ કદાપિ ન કરવી.

જુઓ! શાસ્ત્ર અભ્યાસનો મહિમા! જેનાથી પરંપરાએ આત્માનુભવદશાને પ્રાપ્ત થાય છે, મોક્ષફળને પ્રાપ્ત થાય છે. તે તો દૂરની વાત છે, તત્કાળ નીચે પ્રમાણે ગુણ પ્રગટ થાય છે.

(૧) ક્રોધાદિ કષાયની મંદતા થાય છે.
(૨) પંચેન્દ્રિયના વિષયોની પ્રવૃત્તિ રોકાય છે.
(૩) અતિ ચંચળ મન એકચિત્ત થાય છે.
(૪) હિંસાદિ પાંચ પાપ થતા નથી.
(૫) અલ્પજ્ઞાન થવા છતાં પણ ત્રણ કાળ ને ત્રણ લોક સંબંધી જડ-ચેતન પદાર્થોનું જાણવું થાય છે.
(૬) હેય-ઉપાદેયની ઓળખાણ થાય છે.
(૭) આત્મા જ્ઞાનની સન્મુખ થાય છે અને જ્ઞાન આત્મસન્મુખ થાય છે.
(૮) વધારે-વધારે જ્ઞાન થવાથી આનંદની પ્રાપ્તિ થાય છે.
(૯) લોકમાં મહિમા-યશ વિશેષ થાય છે.
(૧૦) સાતિશય પુણ્યનો બંધ થાય છે.

શાસ્ત્ર અભ્યાસ કરવાથી આવા અનેક ગુણો તત્કાળ ઉત્પન્ન થાય છે. માટે શાસ્ત્રાભ્યાસ અવશ્ય કરવો.

—પંડિતપ્રવર ટોડરમલજી, સમ્યગ્જ્ઞાનચંદ્રિકા

જિનાગમ નવનીત

# ૧ વીતરાગ-વિજ્ઞાન

(મોક્ષમાર્ગપ્રકાશકમાંથી માંગલિક કાવ્ય)

(અ) મંગલમય મંગલકરણ, વીતરાગ-વિજ્ઞાન,
નમૌં તાહિ જાતૈં ભયે, અરહન્તાદિ મહાન. ૧.
કરિ મંગલ કરિહૌં મહા, ગ્રન્થ કરન કો કાજ,
જાતૈં મિલૈ સમાજ સબ, પાવૈ નિજપદ રાજ. ૨

અર્થ – વીતરાગ-વિજ્ઞાન, મંગલમય છે તથા મંગલ કરવાવાળું છે. જેને કારણે અરિહંતાદિ પંચ-પરમેષ્ઠી મહાન થયા છે, તેને (વીતરાગ-વિજ્ઞાનને) નમસ્કાર કરું છું. આ પ્રમાણે મંગલાચરણ કરીને આ મહાન ગ્રંથ રચનાનું શુભકાર્ય પ્રારંભ કરું છું. જેનાથી સર્વ સમાજને તે વીતરાગ-વિજ્ઞાનની પ્રાપ્તિ થાય અને નિજપદના રાજ્યને પ્રાપ્ત કરે.

**ભાવાર્થ**–વિજ્ઞાન બે પ્રકારનું છે– (૧) અજ્ઞાનરૂપ વિજ્ઞાન (લૌકિક) અને (૨) વીતરાગ-વિજ્ઞાન(આધ્યાત્મિક).

**પ્રશ્ન –અજ્ઞાનરૂપ વિજ્ઞાન શું છે?**

**ઉત્તર** –જે પરિણામ મિથ્યા-અભિપ્રાયસહિત હોય, સ્વ-પરના એકત્વ અભિપ્રાય સહિત હોય, તે અજ્ઞાનરૂપ વિજ્ઞાન છે.

શ્રી સમયસાર, ગાથા ૨૭૧ની ટીકામાં લખ્યું છે કે 'સ્વ-પરનો અવિવેક હોય (સ્વ-પરનું ભેદજ્ઞાન ન હોય)' ત્યારે જીવની અધ્યવસિતિમાત્ર (એકમાં બીજાની માન્યતાપૂર્વક) પરિણતિ અને (માત્ર પરને જાણવાની બુદ્ધિ હોવાથી) તે અધ્યવસાન છે અને તે જ

(અર્થાત્ જેને અધ્યવસાન કહ્યું તે જ) બોધનમાત્રપણાથી બુદ્ધિ છે. વ્યવસાનમાત્રપણાથી વ્યવસાય છે. મનનમાત્રપણાથી મતિ છે, વિજ્ઞપ્તિમાત્રપમાથી વિજ્ઞાન છે. ચેતનામાત્રપણાથી ચિત્ત છે, ચેતનના ભવનમાત્રપણાથી ભાવ છે. ચેતનના પરિણમનમાત્રપણાથી પરિણામ છે. (આ રીતે આ બધાય શબ્દોનો અર્થ સમાન છે)

મારા આત્મા સિવાય વિશ્વમાં અનંત આત્માઓ, અનંતાનંત પુદ્‌ગલ, ધર્મ-અધર્મ, આકાશ એક-એક, લોકપ્રમાણ અસંખ્યાત કાળદ્રવ્ય તથા શુભાશુભભાવોમાં એકત્વબુદ્ધિ, એકત્વનું જ્ઞાન અને એકત્વનું આચરણ જ અજ્ઞાનરૂપ વિજ્ઞાન છે. આ અજ્ઞાનરૂપ વિજ્ઞાન, આ જીવને ચાર ગતિમાં ભ્રમણ કરાવે (રખડાવે) છે.

**પ્રશ્ન —અજ્ઞાનરૂપ વિજ્ઞાન કેટલા પ્રકારનું છે?**

**ઉત્તર** —(૧) હિંસાદિ અને અહિંસાદિના અધ્યવસાનથી, પોતાને હિંસાદિ અને અહિંસાદિરૂપ માનવું.

(૨) ઉદયમાં આવતા થકા નારક, તિર્યંચ, મનુષ્ય, દેવના અધ્યવસાનથી પોતાને નારકી આદિરૂપ માનવું.

(૩) જાણવામાં આવતા બધા દ્રવ્યોમાં, પોતાને તે રૂપે કરવાની માન્યતા. *(શ્રી સમયસાર, ગાથા ૨૬૮ થી ૨૭૦ સુધી)*

**પ્રશ્ન —વીતરાગ-વિજ્ઞાન શું છે?**

**ઉત્તર** —સ્વ-પરનું ભિન્નપણાનું જ્ઞાન વીતરાગ-વિજ્ઞાન છે.

શ્રી સમયસાર, ગાથા ૭૪માં લખ્યું છે કે 'મિથ્યાત્વના નાશ પછી જીવના જ્ઞાનનો ક્ષયોપશમ ભલે અલ્પ હોય તોપણ તેને વિજ્ઞાન કહેવામાં આવે છે. જેમ-જેમ વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે, તેમ-તેમ આસ્રવોથી નિવૃત્તિ થતી જાય છે અને જેમ-જેમ આસ્રવોથી નિવૃત્ત થતો જાય છે, તેમ-તેમ વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે.'

મારા આત્મા સિવાય વિશ્વમાં અનંત આત્માઓ, અનંતાનંત પુદ્ગલો, ધર્મ-અધર્મ-આકાશ એક-એક, લોકપ્રમાણ અસંખ્યાત કાળદ્રવ્ય તથા શુભાશુભભાવોથી ભિન્નતાનું શ્રદ્ધાન, ભિન્નતાનું જ્ઞાન અને ભિન્નતાનું આચરણ જ વીતરાગ-વિજ્ઞાન છે. જે ચારે ગતિનો અભાવ કરીને જીવને મોક્ષમાં પહોંચાડી દે છે.

**પ્રશ્ન —મંગલ શબ્દનો શું અર્થ છે?**

**ઉત્તર** —(૧) 'મંગ' એટલે સુખ તેને 'લાતિ' એટલે આપે છે.

(૨) 'મં' એટલે પાપ, તેને 'ગાલયતિ' એટલે ગાળે, દૂર કરે તેનું નામ મંગલ છે. હકીકતમાં મિથ્યાદર્શનાદિ ભાવ, પાપ છે, તેનો નાશ કરવાથી સમ્યગ્દર્શનાદિ ભાવ, સુખ છે, તેની પ્રાપ્તિ થાય, તે મંગલ છે. *(મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ-૮ના આધારે)*

(આ) મિથ્યાભાવ અભાવથી, જે પ્રગટે નિજ ભાવ,
સો જયવંત રહૌ સદા, યહ હી મોક્ષ ઉપાવ.

*(મોક્ષમાર્ગપ્રકાશક, પૃ. ૨૧)*

અર્થ : મિથ્યાભાવનો અભાવ થવાથી જે નિજભાવ પ્રગટ થાય છે, તે એક જ મોક્ષનો ઉપાય છે, તે સદાય જયવંત રહો.

ભાવાર્થ : અહીં મોક્ષનો ઉપાય એક જ છે, બે કે તેથી અધિક મોક્ષમાર્ગ નથી—એમ સ્પષ્ટ બતાવ્યું છે. મોક્ષમાર્ગ એક જ છે—એમ શ્રી પ્રવચનસાર, ગાથા ૮૨, ૧૯૯, ૨૪૨માં તથા સમયસાર, કળશ ૨૩૯ અને ૨૪૦માં બતાવેલ છે. રત્નકરંડશ્રાવકાચાર, ગાથા ૩માં તથા તત્ત્વાર્થસૂત્રના પહેલા અધ્યાયના પહેલા સૂત્રમાં પણ આ જ બતાવેલ છે.

મોક્ષમાર્ગ બે નથી, પણ મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારે છે... એક નિશ્ચયમોક્ષમાર્ગ, એક વ્યવહારમોક્ષમાર્ગ—આ પ્રમાણે બે મોક્ષમાર્ગ માનવા તે મિથ્યા છે. *(મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૪૮-૨૪૯)*

મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર તે મિથ્યાભાવ છે, તેના અભાવથી તથા પોતાના સ્વભાવનો આશ્રય લેવાથી નિજભાવ પ્રગટ થાય છે, તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે.

સ્વ-પરના અવિવેકથી મિથ્યાભાવ પ્રગટ થાય છે અને સ્વ-પરના વિવેકથી સમ્યક્ભાવ પ્રગટ થાય છે.

(ઇ) સો નિજભાવ સદા સુખદ, અપના કરો પ્રકાશ,
જો બહુવિધિ ભવ દુઃખનિ કો, કરિ હૈ સત્તા નાશ.

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ-૪૫)*

અર્થ —જે નિજભાવ છે, તે સદા સુખ દેવાવાળો છે, માટે નિજભાવનો પ્રકાશ કરો. નિજભાવનો પ્રકાશ કરવાથી અનેક પ્રકારના દુઃખોની સત્તાનો નાશ થઈ જાય છે.

ભાવાર્થ – જીવ, અનાદિથી પ્રતિસમયે મિથ્યાભાવને કારણે અનેક પ્રકારના દુઃખને ભોગવે છે. તે બધા દુઃખોનો નાશ, એકમાત્ર નિજભાવને પ્રગટ કરવાથી જ થાય છે. કારણ કે તે હમેશા સુખ દેવાવાળું છે.

બાહ્ય પદાર્થોને કારણે જીવને સુખ-દુઃખ થાય છે, તે માન્યતા મિથ્યા છે, માટે તે મિથ્યા માન્યતાને છોડીને, પોતાના જ્ઞાયક-સ્વભાવનો આશ્રય કરીને શુદ્ધભાવ પ્રગટ કરવો જોઈએ. કારણ કે શુદ્ધભાવ સુખદાયક છે અને આકુળતા–ચિંતાનો નાશ કરે છે.

**પ્રશ્ન —અશુદ્ધભાવ શું છે?**

**ઉત્તર** —હિંસાદિ અને અહિંસાદિના ભાવ, અશુદ્ધભાવ છે. આ અશુદ્ધભાવોને અને આત્માને એક માનવો–તે સંસારનું બીજ છે, મિથ્યાત્વ છે. આ ભાવથી બધી વાત ઊંધી શ્રદ્ધામાં આવે છે, ઊંધા જ્ઞાનમાં જાય છે અને ઊંધા આચરણરૂપ થાય છે. આત્મા અને વિકારી ક્ષણિકભાવોની એકતાબુદ્ધિ જ અનંત સંસાર છે.

*(શ્રી પુરુષાર્થસિદ્ધિઉપાય, ગાથા ૧૪)*

**પ્રશ્ન —શુદ્ધભાવ શું છે?**

**ઉત્તર** —પોતાના ત્રિકાળી આત્માનો આશ્રય લેવાથી અશુદ્ધભાવ રોકાય છે અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ શુદ્ધભાવ પ્રગટ થઈ જાય છે. શુદ્ધભાવ પ્રગટ થતાં જ અનંત સંસારનો અભાવ થઈ જાય છે. શુદ્ધભાવના પ્રગટ થવાથી જ સાચી શ્રદ્ધા, સાચું જ્ઞાન અને સત્ય આચરણ પ્રગટ થાય છે. પરનો હું કર્તા-ધર્તારૂપ જે બુદ્ધિ હતી, તેનો અભાવ થઈ જાય છે.

**પ્રશ્ન —શુદ્ધભાવના પ્રગટ થવાથી શું-શું થાય છે, તેને સ્પષ્ટ કરો.**

**ઉત્તર** —(૧) મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ— જે સંસારનું કારણ છે, તેનો અભાવ થઈ જાય છે.

(૨) આઠેય કર્મનો અભાવ થઈ જાય છે.

(૩) દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવરૂપ જે પાંચ પરાવર્તન છે, તેનો અભાવ થઈ જાય છે.

(૪) પંચમ પારિણામિકભાવનું મહત્વ સમજાય છે અને ક્ષાયિકભાવ કે જે પૂર્ણ શુદ્ધભાવ છે, તે કેમ થાય છે—તે સમજાય છે.

(૫) પંચ-પરમેષ્ઠીનું સાચું સ્વરૂપ શું છે—તેની ખબર પડે છે.

(૬) શુદ્ધભાવ પ્રગટ થતા જ પંચ પરમેષ્ઠીમાં તેની ગણતરી થવા લાગે છે.

(૭) પંચમગતિને પાત્ર થઈ જાય છે અને ચાર ગતિનો અભાવ થઈ જાય છે.

(૮) ભાવશ્રુતજ્ઞાની થતો થકો પણ કેવળીની જેમ સર્વ પદાર્થોનો જ્ઞાતા થઈ જાય છે, માત્ર પ્રત્યક્ષ-પરોક્ષનો ભેદ રહે છે.

(૯) શુદ્ધભાવના પ્રગટતા જ 'स हि मुक्त एवं' બની જાય છે.

(૧૦) શુદ્ધભાવ પ્રગટ થતાં જ, નિર્જરાને પ્રાપ્ત થતો થકો સમસ્ત અશુદ્ધિનો અભાવ કરીને સાક્ષાત્ મોક્ષદશાને પ્રાપ્ત થાય છે.

*(શ્રી સમયસાર, ગાથા ૨૦૪)*

**પ્રશ્ન –શુદ્ધભાવના સમાનાર્થી શબ્દો ક્યા-ક્યા છે?**

**ઉત્તર** –સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, વીતરાગ-વિજ્ઞાનતા, સંવર-નિર્જરા બધા શુદ્ધભાવના સમાનાર્થી શબ્દો છે.

(ઈ) इस भव के सब दुःखनि के, कारण मिथ्याभाव,
तिनि की सत्ता नाश करि, प्रगटे मोक्ष उपाय.

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ-૭૬)*

અર્થ–જીવને બધા જ દુઃખનું કારણ એકમાત્ર મિથ્યાત્વભાવ છે, તે મિથ્યાત્વભાવનો અભાવ થવાથી, મોક્ષનો ઉપાય પ્રગટ થાય છે.

ભાવાર્થ – મિથ્યાભાવનો અભાવ, સમ્યગ્દર્શન પ્રગટ થયા વિના થતો નથી. માટે જીવનું પ્રથમ કર્તવ્ય સમ્યગ્દર્શન પ્રગટ કરવું તે છે. સમ્યગ્દર્શન પ્રગટ થતાં, સંવર-નિર્જરા થવા લાગે છે અને તેની વૃદ્ધિ થતાં-થતાં પૂર્ણ ચારિત્ર પ્રગટ થાય છે, તે ચારિત્રનું ફળ સિદ્ધદશા છે.

**પ્રશ્ન –પંચાસ્તિકાય, ગાથા ૧૫૦ તથા ૧૫૧માં શું કહ્યું છે?**

**ઉત્તર** –'આસ્રવનો હેતુ હકીકતમાં જીવમાં મોહ-રાગ-દ્વેષભાવ છે. જ્ઞાનીને તેનો અભાવ હોય છે. તેનો અભાવ થવાથી આસ્રવભાવનો અભાવ થાય છે અને આસ્રવભાવનો અભાવ થવાથી, કર્મનો અભાવ થાય છે. કર્મનો અભાવ થવાથી, સર્વજ્ઞતા, સર્વદર્શિતા અને અવ્યાબાધ અનંત સુખ થાય છે, માટે તે જીવનમુક્તિ (એટલે કે દેહ હોવા છતાં મુક્ત) નામનો ભાવમોક્ષ છે.'

**પ્રશ્ન —રત્નકરંડશ્રાવકાચારમાં શું કહ્યું છે?**

**ઉત્તર** —શ્રી રત્નકરંડશ્રાવકાચારમાં સમ્યગ્દર્શનની શ્રેષ્ઠતાનો હેતુ બતાવતા શ્લોક ૩૨માં લખ્યું છે કે–

विद्युवृत्तस्य संभूति, स्थिति वृद्धि फलोदया ।
न सन्त्यसति सम्यक्त्वे बीजाभावे तरोरिव ।।

અર્થ–વિદ્યા અર્થાત્ જ્ઞાન, વૃત્ત અર્થાત્ ચારિત્ર, તેની ઉત્પત્તિ, સ્થિતિ, વૃદ્ધિ અને ફળનો ઉદય, સમ્યક્ત્વ વગર થતો નથી. જેમ બીજના અભાવથી વૃક્ષની ઉત્પત્તિ, સ્થિતિ, વૃદ્ધિ અને ફળનો ઉદય થતો નથી.

**પ્રશ્ન —સમ્યગ્દર્શનને મુખ્ય આધાર શા માટે કહ્યો છે?**

**ઉત્તર** —શ્રી રત્નકરંડશ્રાવકાચાર, શ્લોક ૩૧માં લખ્યું છે કે–

दर्शन ज्ञान चारित्रात्, साधिमानमुपाश्नुते ।
दर्शनं कर्णधारं तन्मोक्षमार्ग प्रचक्षते ।।३१।।

અર્થ – જ્ઞાન અને ચારિત્રથી સમ્યગ્દર્શન સર્વોત્કૃષ્ટ છે, કારણ કે સમ્યગ્દર્શન વિના જ્ઞાન-ચારિત્ર હોતું જ નથી. આ કારણે મોક્ષમાર્ગમાં સમ્યગ્દર્શનને મુખ્ય આધાર અને અગાધ સંસારસમુદ્રમાં રત્નત્રયરૂપ જહાજને પાર કરવામાં સમ્યગ્દર્શન નાવિકરૂપે છે. સમ્યગ્દર્શન વગર, મોટા-મોટા નામ ધરાવતો હોય, તે મિથ્યાદષ્ટિ પાપી છે.

**પ્રશ્ન —ત્રણ કાળ અને ત્રણ લોકમાં જીવનું અકલ્યાણ કરવાવાળું અને કલ્યાણ કરવાવાળું કોણ છે?**

**ઉત્તર** —શ્રી રત્નકરંડશ્રાવકાચાર, શ્લોક-૩૪માં લખ્યું છે કે ત્રણકાળ અને ત્રણલોકમાં સમ્યગ્દર્શન સમાન બીજું કોઈ કલ્યાણ-કારી નથી અને મિથ્યાત્વ સમાન બીજું કોઈ અકલ્યાણકારી નથી.

**પ્રશ્ન —સમ્યગ્દર્શન શું છે?**

**ઉત્તર** —મોક્ષમહેલનું પ્રથમ પગથિયું છે, માટે સર્વપ્રથમ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું જોઈએ.

**પ્રશ્ન —નિજભાવ મલિન કેમ થાય છે?**

**ઉત્તર** — बहुविधि मिथ्या गहनकरि, मलिन भयो निज भाव।
ताको होत अभाव है, सहजरूप दरसाव॥

*(મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૯૫)*

અર્થ : અનેક પ્રકારના મિથ્યાશ્રદ્ધાનના ગ્રહણથી નિજભાવ મલિન થાય છે. આ કારણોનો અભાવ હોવાથી જીવનું સહજરૂપ જોવામાં આવે છે.

ભાવાર્થ : જગતમાં ધર્મના નામ પર અનેક મિથ્યા માન્યતાઓ ચાલે છે. જે કુટુંબમાં મનુષ્યરૂપે જન્મ લીધો ત્યાં જે માન્યતાઓ ચાલતી હોય તેને તે ગ્રહણ કરે છે. તે મિથ્યા માન્યતાથી તેનો નિજભાવ મલિન થાય છે. માટે સાચા દેવનું, સાચા ગુરુનું, સત્ય ધર્મનું, તત્ત્વોનું, દ્રવ્યોનું, સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગનું સત્ય સ્વરૂપ શું છે અને અન્ય સ્વરૂપ શું છે? તેને જાણીને અથવા તેનાથી ઊંધું સ્વરૂપ કે જેનાથી પોતાનો નિજભાવ મલિન થઈ રહ્યો હતો, તેને છોડીને, સત્ય ગ્રહણ કરીને, તે ભાવોનો અભાવ કરવો જોઈએ અને પોતાનું સહજ સ્વાભાવિક શુદ્ધસ્વરૂપ કે જે શક્તિરૂપ છે તેને પર્યાયમાં પ્રગટ કરવું જોઈએ. અન્યમતવાળા અનેક કલ્પિત વાતો કરે છે, તે જૈનધર્મમાં સંભવ નથી.

**પ્રશ્ન —મિથ્યાત્વભાવ દૃઢ કેમ થાય છે?**

**ઉત્તર** —मिथ्या देवादिक भजै, हो है मिथ्याभाव।
तज तिनको साँचे भजो, यह हित हेतु उपाय॥

*(મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૧૬૮)*

અર્થ : ખોટા દેવ-ગુરુ-ધર્મને માનવાથી મિથ્યાત્વભાવ દઢ થાય છે, માટે તેને છોડીને, સાચા દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા કરવી તે હિતનો ઉપાય છે.

ભાવાર્થ : આત્માનું હિત જન્મ-મરણનો અભાવ કરીને પરિપૂર્ણ સુખની પ્રાપ્તિ કરવી તે જ છે. કુદેવ-કુગુરુ-કુધર્મની ભક્તિથી મિથ્યાભાવ ઉત્પન્ન થાય છે, માટે સત્ય શું છે? તેનો સાચો નિર્ણય કરીને, અસત્ય છોડીને, સત્ય દેવાદિકને ગ્રહણ કરીને તેમના ઉપદેશ અનુસાર શુદ્ધતા પ્રગટ કરવી જોઈએ કારણ કે તે પોતાના હિતનું નિમિત્તકારણ છે, માટે તેનો ઉપાય કરવો.

**પ્રશ્ન —અમે દિગમ્બરધર્મી, બીજા કુગુરુ-કુદેવ-કુધર્મને માનતા તો નથી કારણ કે અમે વીતરાગી પ્રતિમાને પૂજીએ છીએ, ૨૮ મૂળગુણધારી નગ્ન દિગમ્બર ભાવલિંગી મુનિને માનીએ છીએ, તો અમે કઈ રીતે મિથ્યાદષ્ટિ છીએ?**

**ઉત્તર** —'સત્તાસ્વરૂપ'માં પંડિત ભાગચંદ્રજી છાજેડે કહ્યું છે કે દિગમ્બર ધર્મી કહે છે કે 'અમે તો સાચા દેવને માનીએ છીએ, તો અમારું ગૃહીત મિથ્યાત્વ તો છૂટી જ ગયું છે.' તો કહે છે કે ના, તમારું ગૃહીત મિથ્યાત્વ છૂટ્યું નથી કારણ કે તમે ગૃહીત મિથ્યાત્વને જાણતા જ નથી. માત્ર અન્ય દેવાદિને નહીં માનવા તે ગૃહીત મિથ્યાત્વનું સ્વરૂપ નથી. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, બાહ્યમાં પણ સાચો વ્યવહાર જાણીને કરવો જોઈએ. સાચા વ્યવહારને જાણ્યા વગર, કોઈ દેવાદિની શ્રદ્ધા કરે, તો તે પણ ગૃહિતમિથ્યાદષ્ટિ છે.

**પ્રશ્ન —ગૃહિતમિથ્યાત્વ કેવી રીતે છૂટે?**

**ઉત્તર** —વર્તમાનમાં જે કોઈ શુભભાવથી આત્માનું ભલું થાય છે, નિમિત્ત મળે તો કલ્યાણ થાય, બીજાના આશ્રયથી અમારું ભલું થાય છે—આદિ ખોટી માન્યતાઓના ઉપદેશકની શ્રદ્ધા—આ બધું જ ગૃહિત મિથ્યાત્વમાં આવે છે.

(૧) એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે છે, કોઈ અન્યને સહાયતા કરી શકે છે—આદિ ઉપદેશ દેવાવાળા ગૃહિતમિથ્યાત્વમાં આવે છે.

(૨) શુભભાવ કરો, ધીમે-ધીમે કલ્યાણ થઈ જશે આદિ માન્યતા કરવાવાળા વર્તમાનમાં જે કોઈ હોય તેમનાથી દૂર રહેવું જોઈએ. શ્રી રત્નકરંડ-શ્રાવકાચાર, શ્લોક ૧૧૭ની ટીકામાં પંડિત સદાસુખદાસજીએ લખ્યું છે કે 'કળિકાળમાં ભાવલિંગી મુનીશ્વર, અર્જિકા તથા ક્ષુલ્લકનો સમાગમ તો નથી' માટે સાચા દેવ-ગુરુ-ધર્મનું સ્વરૂપ સમજીને, દિગમ્બર ધર્મના નામથી મોક્ષમાર્ગમાં વિઘ્ન કરવાવાળા જે કોઈપણ હોય તેનાથી દૂર રહેવું જોઈએ, કારણ કે તે ગૃહિત મિથ્યાત્વને પુષ્ટ કરવાવાળા છે.

**પ્રશ્ન —આત્માનું હિત મોક્ષ જ છે, એવું મોક્ષમાર્ગપ્રકાશકમાં ક્યાં બતાવવા અથવા લખવામાં આવ્યું છે?**

**ઉત્તર** —મોક્ષમાર્ગપ્રકાશક, ૯મો અધ્યાય, પૃષ્ઠ ૩૦૬માં લખ્યું છે કે 'આત્માનું હિત મોક્ષ જ છે, બીજું કાંઈ નહીં'.

**પ્રશ્ન —આત્માનું હિત મોક્ષ જ છે—તેની સિદ્ધિ કેમ થાય?**

**ઉત્તર** —મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૩૦૭માં લખ્યું છે કે '(૧) જો પોતાના રાગાદિ દૂર થાય, (૨) અથવા પોતાની ઈચ્છાનુસાર સર્વ દ્રવ્યનું પરિણમન થાય તો આકુળતા મટે, પરંતુ સર્વ દ્રવ્ય પોતાને આધીન નથી. કારણ કે કોઈ દ્રવ્યનું પરિણમન, કોઈ દ્રવ્યને આધીન નથી. બધા પોત-પોતાની મર્યાદા લઈને પરિણમે છે.'

પોતાના રાગાદિક દૂર થવાથી નિરાકુળતા થાય, તો આ કાર્ય બની શકે છે. માટે પોતાના પરિપૂર્ણ સ્વભાવનો આશ્રય લઈને પોતાનું હિત કરવું તે દરેક જીવનું કર્તવ્ય છે.

**પ્રશ્ન — બધાથી મોટું પાપ ક્યું છે?**

**ઉત્તર** —મિથ્યાત્વ જ બધાથી મોટું પાપ છે.

**પ્રશ્ન —બધાથી મોટું પાપ મિથ્યાત્વ છે—તે ક્યાં શાસ્ત્રમાં આવે છે?**

**ઉત્તર** —મોક્ષમાર્ગપ્રકાશક, છઠ્ઠો અધિકારના અંતમાં પૃષ્ઠ-૧૯૧માં લખ્યું છે કે 'જિનધર્મ'માં તો આ પરંપરા છે કે પહેલા મોટું પાપ છોડાવીને પછી નાનું પાપ છોડાવ્યું છે. માટે આ મિથ્યાત્વાદિને સાત વ્યસનાદિકથી મોટું પાપ જાણીને પહેલાં છોડાવ્યું છે. હવે જે પાપના ફળથી ડરે છે, પોતાના આત્માને દુઃખના સમુદ્રમાં ડુબાડવા માગતા નથી, તે જીવોએ આ મિથ્યાત્વ અવશ્ય છોડવું જોઈએ,'

इस भव तरु का मूल इक, जानहू मिथ्याभाव।
ताकौं करि निर्मूल अब, करिए मोक्ष उपाव॥

*(મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૧૯૩)*

અર્થ – આ ભવરૂપી વૃક્ષનું મૂળ એક મિથ્યાત્વભાવ છે, તેનો નાશ કરીને, મોક્ષનો ઉપાય કરવો જોઈએ.

ભાવાર્થ – મિથ્યાત્વ મહાપાપ છે, મિથ્યાત્વને સાત વ્યસનથી મોટું તેમજ મહાપાપ જાણીને પ્રથમ છોડાવ્યું છે, માટે પાત્ર જીવોએ મિથ્યાત્વને તુરંત છોડી દેવું જોઈએ.

**પ્રશ્ન – નિશ્ચયાભાસી મિથ્યાત્વને દૃઢ કેવી રીતે કરે છે?**

**ઉત્તર** —જે વાત ભગવાને શક્તિ અપેક્ષાએ કહેલ છે, નિશ્ચયાભાસી જીવ તેને વર્તમાન પર્યાયમાં માનીને, તથા ભગવાને શુભભાવોને હેય બતાવેલ છે—એમ માનીને, અશુભમાં પ્રવર્તતો થકો પોતાને મોક્ષમાર્ગી માનીને મિથ્યાત્વને દૃઢ કરે છે.

**પ્રશ્ન —વ્યવહારાભાસી મિથ્યાત્વની દૃઢ કેવી રીતે કરે છે?**

**ઉત્તર** —'કોઈ મૂઢ જીવ વ્યવહાર, દાન, શીલ, તપને જ આત્માનું હિત જાણીને મૂઢતા છોડતો નથી' આ વાત જિનાગમમાં

વ્યવહારની મુખ્યતાથી બતાવવામાં આવી છે, વ્યવહારાભાસી જીવ તેને જ મોક્ષમાર્ગ માનીને બાહ્ય સાધના, શ્રદ્ધાન આદિ કરે છે—એમ માનવાથી તેના ધર્મના બધા અંગ મિથ્યાત્વભાવને પ્રાપ્ત થાય છે,

**પ્રશ્ન —ઉભયાભાસી મિથ્યાત્વને દૃઢ કેમ કરે છે?**

**ઉત્તર** —'केऊ व्यवहारनय, निश्चय के मारग भिन्न-भिन्न जान, यह बात करे उद्धता' અર્થ – નિશ્ચયાભાસીની જેમ, નિશ્ચયને અને વ્યવહારાભાસીની જેમ વ્યવહારને, આ પ્રમાણે બંનેને માનવાવાળો ઉભયાભાસી છે.

(૧) બે પ્રકારે મોક્ષમાર્ગ માને છે, જ્યારે એકમાત્ર વીતરાગતા જ મોક્ષમાર્ગ છે.

(૨) નિશ્ચય-વ્યવહાર બંનેને ઉપાદેય માને છે, જ્યારે માત્ર નિશ્ચય ઉપાદેય છે અને વ્યવહાર હેય છે—આદિ વાતથી મિથ્યાત્વની પુષ્ટિ કરે છે.

**પ્રશ્ન —ત્રણ પ્રકારના મિથ્યાત્વીઓની મિથ્યા માન્યતા કેમ ટળે?**

**ઉત્તર** —'जबै जाने निह्चै के भेद-व्यवहार सब कारण को उपचार माने, तब बुद्धता' અર્થ – નિશ્ચય-વ્યવહારને જાણીને પોતાના સ્વભાવનો આશ્રય લે તો મિથ્યાભાસીપણાનો અભાવ થાય, તેને ધર્મની પ્રાપ્તિ થાય.

शिव उपाय करते प्रथम, कारन मंङ्गल रूप।
विघन विनाशक सुख करन, नमों शुद्ध शिवभूप ॥

*(મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૩૦૬)*

અર્થ : શિવ ઉપાય અર્થાત્ મોક્ષનો ઉપાય કરતા પહેલા તેનું કારણ અને મંગલરૂપ, શુદ્ધ શિવભૂપને નમસ્કાર કરવા જોઈએ,

કારણ કે તે વિઘ્ન-વિનાશક અને સુખ આપનાર છે.

ભાવાર્થ : શુદ્ધશિવભૂપ, વ્યવહારનયથી સિદ્ધ ભગવાન છે અને નિશ્ચયનયથી પોતાનો ત્રિકાળી આત્મા જ છે, જો કે સર્વ વિશુદ્ધ પરમપારિણામિક, પરમભાવગ્રાહક, શુદ્ધ ઉપાદાનભૂત, શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી પોતે જીવ જ છે કે જે કર્તૃત્વ-ભોક્તૃત્વ રહિત તથા બંધ-મોક્ષના કારણ અને પરિણામથી રહિત (શૂન્ય) છે. તેની પ્રાપ્તિ એકમાત્ર શક્તિવાનના આશ્રયથી જ થાય છે. કોઈ ભગવાન અથવા શુભભાવથી કદાપિ થતી નથી. માટે પોતાના પરમ પારિણામિક જ્ઞાયક આત્માનો આશ્રય લઈને, સંવર-નિર્જરારૂપ મોક્ષમાર્ગની પ્રાપ્તિ કરી પૂર્ણ મોક્ષનો પથિક બનવું તે જ જૈનધર્મનો સાર છે.

# ૨ દ્રવ્ય-ગુણોનું સ્વતંત્ર પરિણમન

જીવદ્રવ્ય, તેના અનંત ગુણ, બધા ગુણ અસહાય, સ્વાધીન, સદાકાળ—એવું વસ્તુનું સ્વરૂપ છે.

હવે તેની વ્યવસ્થા —'ન તો જ્ઞાન ચારિત્રને આધિન છે અને ન ચારિત્ર જ્ઞાનને આધિન છે, બંને અસહાયરૂપ છે' એવી મર્યાદા બાંધી છે. *(મોક્ષમાર્ગપ્રકાશકમાં પરિશિષ્ટ, ઉપાદાન-નિમિત્ત ચિઠ્ઠી, પૃ. ૧૬)*

(ઇ) કોઈ કહે છે કે 'જ્ઞાનની શુદ્ધતાથી ક્રિયા (ચારિત્ર) શુદ્ધ થયું, તો એમ નથી. કોઈ ગુણ, કોઈ ગુણના આધારે નથી. બધા અસહાયરૂપ છે. *(મોક્ષમાર્ગપ્રકાશકમાં પરિશિષ્ટ ઉપાદાન-નિમિત્ત ચિઠ્ઠી, પૃ. ૧૯)*

**પ્રશ્ન —આમાં અનેકાંત કેવી રીતે થયું?**

**ઉત્તર** —સર્વ ગુણો સ્વાધીન તે અસ્તિ તથા અસહાય તે નાસ્તિ, આ પ્રમાણે અસ્તિ-નાસ્તિરૂપ અસહાય તે અનેકાંત છે.

દરેક દ્રવ્યનું પરિણમન સ્વતંત્ર છે, નિમિત્ત વિશિષ્ટતા લાવી શકતું નથી. 'કારણ કે પર અર્થાત્ પરદ્રવ્ય કોઈ દ્રવ્યને પરભાવરૂપ કરવાનું નિમિત્ત થઈ શકતું નથી.'

(શ્રી સમયસાર, ગાથા ૨૨૦ થી ૨૨૩ ટીકા)

સંસારીનો એક આ ઉપાય છે કે પોતાને જેવું શ્રદ્ધાન છે, તે પ્રમાણે પદાર્થોનું પરિણમન કરવા ઇચ્છે છે, જો તે પરિણમિત થઈ જાય તો સાચું શ્રદ્ધાન થઈ જાય. પરંતુ અનાદિ-નિધન વસ્તુઓ ભિન્ન-ભિન્ન પોતપોતાની મર્યાદાસહિત પરિણમે છે, કોઈ કોઈને આધિન નથી, કોઈ કોઈનું પરિણમન કરાવવાથી પરિણમતું નથી. તોપણ જીવ તેને પોતાની ઇચ્છાનુસાર પરિણમિત કરાવવા ઇચ્છે છે, આ તો મિથ્યાદર્શન જ છે. *(મોક્ષમાર્ગપ્રકાશક, પૃ. ૫૨)*

‘કોઈ દ્રવ્ય, કોઈ દ્રવ્યનો કર્તા-હર્તા છે જ નહીં, સર્વ દ્રવ્ય પોત-પોતાના સ્વભાવરૂપ પરિણમિત થાય છે, આ જીવ નકામો કષાયભાવ કરીને આકુળતાને પામે છે.’

‘લોકમાં સર્વ પદાર્થ પોત-પોતાના સ્વભાવના જ કર્તા છે, કોઈ કોઈને સુખ-દુઃખદાયક, ઉપકારી-અનુપકારી છે જ નહીં. આ જીવ વ્યર્થ જ પોતાના પરિણામોમાં તેને સુખદાયક-ઉપકારી માનીને ઈષ્ટ માને છે અથવા દુઃખદાયી-અનુપકારી જાણીને અનિષ્ટ માને છે.

*(મોક્ષમાર્ગપ્રકાશક, પૃ. ૮૯)*

‘જો પરદ્રવ્યના ગ્રહણ-ત્યાગ આત્મામાં જ હોય તો આત્મા પરદ્રવ્યનો કર્તા-હર્તા થઈ જાય પરંતુ કોઈ દ્રવ્ય, કોઈ દ્રવ્યને આધિન નથી, માટે આત્મા પોતાના રાગાદિક ભાવને જો છોડે તો વીતરાગી થાય છે.’ *(મોક્ષમાર્ગપ્રકાશક, પૃ. ૨૫૨)*

‘બધું કાર્ય પોતે જેમ ઈચ્છે તેમ થાય, અથવા તો ન થાય, તો તે નિરાકુળ રહે પણ આમ તો થઈ શકતું નથી કારણ કે કોઈ દ્રવ્યનું પરિણમન કોઈ દ્રવ્યને આધીન નથી, માટે પોતાના રાગાદિક દૂર થવાથી નિરાકુળતા થાય એવું કાર્ય પોતે કરી શકે છે.’

*(મોક્ષમાર્ગપ્રકાશક, પૃ. ૩૦૮)*

‘આ બંધનમાં કોઈ કોઈનો કર્તા છે જ નહીં.’

*(મોક્ષમાર્ગપ્રકાશક, પૃ. ૨૪)*

‘જો કર્મ પોતે કર્તા થઈને જીવના સ્વભાવનો ઘાત કરે, બાહ્ય સામગ્રીને મેળવે, ત્યારે તો કર્મનું ચેતનપણું પણ જોઈએ અને બળવાનપણું પણ જોઈએ, તે પ્રમાણે તો નથી, સહજ જ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.’ *(મોક્ષમાર્ગપ્રકાશક, પૃ. ૨૫)*

પદાર્થોને જેમ છે તેમ માનવા અને આ પરિણમાવાથી અન્યરૂપે પરિણમશે નહીં એમ માનવું તે આ દુઃખ દૂર કરવાનો

ઉપાય છે. ભ્રમજનિત દુઃખનો ઉપાય, ભ્રમને દૂર કરવો તે જ છે. માટે ભ્રમ દૂર થવાથી સમ્યક્ શ્રદ્ધાન થાય છે, તે સત્ય ઉપાય જાણવો.' *(મોક્ષમાર્ગપ્રકાશક, પૃ. ૫૨)*

બધા પદાર્થો પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેવાવાળા પોતાના અનંતધર્મોના ચક્રને (સમૂહને) ચુંબન કરે છે, સ્પર્શ કરે છે તોપણ તે (બધા દ્રવ્ય) પરસ્પર એક-બીજાનો સ્પર્શ કરતાં નથી.

*(શ્રી સમયસાર, ગાથા ૩ની ટીકા)*

અન્ય દ્રવ્ય વડે અન્ય દ્રવ્યના ગુણની ઉત્પત્તિ કરી શકાતી નથી, તેથી એ સિદ્ધાંત થયો કે બધા દ્રવ્યો પોતપોતાના સ્વભાવથી ઉત્પન્ન થાય છે. *(શ્રી સમયસાર, મૂળ ગાથા-૩૭૨)*

જે વસ્તુ જે દ્રવ્યમાં અને ગુણમાં વર્તે છે તે અન્ય દ્રવ્યમાં તથા ગુણમાં સંક્રમણ પામતી નથી.(અર્થાત્ બદલાઈને અન્યમાં ભળી જતી નથી) અન્યરૂપે સંક્રમણને નહીં પામી થકી તે (વસ્તુ) અન્ય વસ્તુને કેમ પરિણમાવી શકે? અર્થાત્ નથી જ કરાવી શકતી.

*(શ્રી સમયસાર, મૂળ ગાથા ૧૦૩)*

જે પરદ્રવ્ય છે, તે ગ્રહણ નથી કરી શકાતું અને છોડી પણ શકાતું નથી, એવો જ કોઈ તેનો (આત્માનો) પ્રાયોગિક (વિકારી-પર્યાય), વૈસ્રસિક (સ્વભાવ) છે. (શ્રી સમયસાર, મૂળ ગાથા ૪૦૬)

# 3 જૈનધર્મ

'બધા જ કષાયોનો જે તે પ્રકારથી નાશ કરવાવાળો તે જિનધર્મ અર્થાત્ જૈનધર્મ.' *(મોક્ષમાર્ગપ્રકાશક, પૃ. ૧૨)*

'જૈનશાસ્ત્રોમાં તો કષાય મટાડવાનો તથા લૌકિક કાર્ય ઓછું કરવાનું પ્રયોજન છે.' *(મોક્ષમાર્ગપ્રકાશક, પૃ. ૧૩)*

'જૈનમતમાં એક વીતરાગભાવના પોષણનું પ્રયોજન છે. 'જૈનધર્મમાં દેવ-ગુરુ-ધર્માદિનું સ્વરૂપ વીતરાગી જ નિરુપણ કરીને કેવળ વીતરાગતાનું પોષણ કરે છે. *(મોક્ષમાર્ગપ્રકાશક, પૃ. ૧૩૭)*

'જીવ મોક્ષમાર્ગને પ્રાપ્ત કરી લે તો તે માર્ગમાં પોતે ગમન કરે, ને તે દુઃખથી મુક્ત થાય. માટે મોક્ષમાર્ગ એક વીતરાગભાવ છે, તેથી જે શાસ્ત્રોમાં કોઈપણ પ્રકારે રાગ-દ્વેષ-મોહભાવોનો નિષેધ કરીને વીતરાગભાવનું પ્રયોજન પ્રગટ કર્યું હોય, તે શાસ્ત્રોનું વાંચન-શ્રવણ યોગ્ય છે.' *(મોક્ષમાર્ગપ્રકાશક, પૃ. ૧૪)*

જૈનધર્મમાં મુનિપદ લેવાનો ક્રમ તો આ છે—'પહેલા તત્ત્વજ્ઞાન થાય છે, પછી ઉદાસીન પરિણામ થાય છે, પરિષહાદિ સહન કરવાની શક્તિ થાય છે, ત્યારે તે પોતે મુનિ થવા ઇચ્છે છે અને ત્યારે શ્રીગુરુ, મુનિધર્મ અંગીકાર કરાવે છે.'

*(મોક્ષમાર્ગપ્રકાશક, પૃ. ૧૭૯)*

જૈનધર્મની પદ્ધતિ તો એવી છે કે 'પ્રથમ તત્ત્વજ્ઞાન થાય, અને પછી ચારિત્ર થાય તો સમ્યક્ચારિત્ર નામને પ્રાપ્ત થાય છે.

*(મોક્ષમાર્ગપ્રકાશક, પૃ. ૨૪૨)*

'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપ મોક્ષમાર્ગ, તે જ મુનિઓનું સાચું લક્ષણ છે.' *(મોક્ષમાર્ગપ્રકાશક, પૃ. ૨૨૩)*

ભક્તિ તો રાગરૂપ છે અને રાગથી બંધ થાય છે, માટે મોક્ષનું કારણ નથી. *(મોક્ષમાર્ગપ્રકાશક, પૃ. ૨૨૨)*

ઉચ્ચ ભૂમિકામાં (ઉપરના ગુણસ્થાનમાં) સ્થિતિ પ્રાપ્ત ન કરી હોય, ત્યારે બીજો અશુભ રાગ રોકવા માટે અથવા તીવ્ર રાગરૂપી તાવ મટાડવા માટે ક્યારેક જ્ઞાની ભક્તિ કરે છે. આ (પ્રશસ્ત રાગ) હકીકતમાં જે સ્થૂળ લક્ષવાળો હોવાથી માત્ર ભક્તિપ્રધાન છે—એવું અજ્ઞાનીને હોય છે. *(પંચાસ્તિકાય, ગાથા-૧૩૬, પૃષ્ઠ-૨૦૩)*

'જે ભાવથી આત્માને પુણ્ય અથના પાપનો આસ્રવ થાય છે તે ભાવ દ્વારા તે (જીવ) પરચારિત્ર છે—એમ જિનશાસનમાં કહ્યું છે, માટે પરચારિત્રમાં પ્રવૃત્તિ તે બંધમાર્ગ જ છે, મોક્ષમાર્ગ નથી.

*(પંચાસ્તિકાય, ગાથા ૧૫૭)*

'વીતરાગભાવરૂપ તપને ન જાણે અને આ (અનશન પ્રાયશ્ચિત્તાદિ)ને તપ માનીને કરે તો સંસારમાં ભ્રમણ જ કરશે. વિશેષ શું કહેવું, એટલું સમજી લેવું કે નિશ્ચયધર્મ તે વીતરાગભાવ છે, બીજા અનેક બાહ્ય સાધનનો અપેક્ષાથી ઉપચાર કર્યો છે, તેને વ્યવહારમાત્ર ધર્મની સંજ્ઞા જાણવી. આ રહસ્યને જે જાણતો નથી તેને નિર્જરાનું સાચું શ્રદ્ધાન નથી. *(મોક્ષમાર્ગપ્રકાશક, પૃ. ૨૩૩)*

'સ્વર્ગસુખનું કારણ પ્રશસ્ત રાગ છે અને મોક્ષસુખનું કારણ વીતરાગભાવ છે.' *(મોક્ષમાર્ગપ્રકાશક, પૃ. ૨૩૪)*

'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા મોક્ષમાર્ગ છે, તે જ ધર્મ છે. *(મોક્ષમાર્ગપ્રકાશક, પૃ. ૧૫૭)*

'જિનધર્મમાં તો આ પરંપરા (આમ્નાય) છે કે પહેલા મોટું પાપ છોડાવીને પછી નાનું પાપ છોડાવાય છે. માટે મિથ્યાત્વને સાત

વ્યસનાદિથી પણ મોટું પાપ જાણીને પહેલાં છોડાવ્યું છે. માટે જે પાપના ફળથી ડરે છે, પોતાના આત્માને દુઃખ સમુદ્રમાં ડુબાડવા માગતો નથી તે જીવે મિથ્યાત્વને અવશ્ય છોડવું જોઈએ.

*(મોક્ષમાર્ગપ્રકાશક, પૃ. ૧૯૧)*

'રાગાદિકને છોડવા, તે ભાવનું નામ ધર્મ અર્થાત્ જૈનધર્મ છે.'

*(મોક્ષમાર્ગપ્રકાશક, પૃ. ૧૯૧)*

'જૈનધર્મમાં તો એવો ઉપદેશ છે, પહેલા તો તત્ત્વજ્ઞાની થાય, પછી જેનો ત્યાગ કરે તેના દોષને ઓળખે, ત્યાગ કરવામાં જે ગુણ છે તેને જાણે, પછી પોતાના પરિણામોને ઠીક કરે, વર્તમાન પરિણામોના ભરોસે પ્રતિજ્ઞા ન કરી બેસે, જૈનધર્મમાં પ્રતિજ્ઞા ન લેવાનો દંડ નથી. *(મોક્ષમાર્ગપ્રકાશક, પૃ. ૨૩૯)*

'જેને બંધ નથી કરવો, તે કષાય ન કરે.'

*(મોક્ષમાર્ગપ્રકાશક, પૃ. ૨૮)*

'જિનમતમાં તો એક રાગાદિ મટાડવાનું પ્રયોજન છે.

*(મોક્ષમાર્ગપ્રકાશક પૃ. ૩૦૩)*

'જિનમતમાં તો એ પરિપાટી છે કે પહેલા સમ્યક્ત્વ થાય છે, પછી વ્રત થાય છે, તે સમ્યક્ત્વ સ્વ-પરનું શ્રદ્ધાન થવાથી થાય છે અને તે શ્રદ્ધાન, દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરવાથી થાય છે, માટે પહેલા દ્રવ્યાનુયોગના અનુસાર શ્રદ્ધાન કરીને સમ્યગ્દૃષ્ટિ થાય પછી ચરણાનુયોગના અનુસાર વ્રતાદિક ધારણ કરી વ્રતી થાય.'

*(મોક્ષમાર્ગપ્રકાશક, પૃ. ૨૯૩)*

સ્વ-પરના શ્રદ્ધાનમાં શુદ્ધાત્મ શ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ ગર્ભિત છે. *(મોક્ષમાર્ગપ્રકાશક, ચિટ્ઠી પૃ. ૨)*

જૈનધર્મનું સેવન તો સંસારના નાશ માટે કરવામાં આવે છે,

જે તેના દ્વારા સાંસારિક પ્રયોજન સાધવા ઈચ્છે છે, તે મોટો અન્યાય કરે છે, માટે તે તો મિથ્યાદૃષ્ટિ જ છે. *(મોક્ષમાર્ગપ્રકાશક, પૃ. ૨૧૯)*

'આ પ્રમાણે સાંસારિક પ્રયોજનસહિત જે ધર્મની સાધના કરે છે, તે પાપી છે અને મિથ્યાદૃષ્ટિ જ છે.' *(મોક્ષમાર્ગપ્રકાશક, પૃ. ૨૨૦)*

જે જીવ, પ્રથમથી સાંસારિક પ્રયોજન હેતુ ભક્તિ કરે છે તો તેનો અભિપ્રાય પાપ જ છે. *(મોક્ષમાર્ગપ્રકાશક, પૃ. ૨૨૨)*

આ પ્રયોજનના માટે અરિહંતાદિકની ભક્તિ કરવી તે તો તીવ્ર કષાયનું કારણ હોવાથી પાપબંધ જ થાય છે. *(મોક્ષમાર્ગપ્રકાશક, પૃ. ૮)*

'શાસ્ત્ર વાંચીને આજીવિકા આદિ લૌકિક કાર્ય સાધવાની ઈચ્છા ન કરવી કારણ કે જે આશાવાન હોય તે સાચો ઉપદેશ આપી શકતા નથી. *(મોક્ષમાર્ગપ્રકાશક, પૃ. ૧૫)*

# ૪ અજ્ઞાનની વ્યાખ્યા

જીવની જેવી માન્યતા હોય તે અનુસાર (તે માન્યતા અનુસાર) જગતમાં ન બને તો તે માન્યતા અજ્ઞાન છે.

*(શ્રી સમયસાર, ગાથા ૨૪૮, ૨૪૯)*

પરપદાર્થોને પરિણમાવવાનો અભિપ્રાય વાસ્તવમાં અજ્ઞાન જ છે, કારણ કે પરપદાર્થ, આત્માને આધીન નથી.

ઇન્દ્રિયોથી જ્ઞાન માનવું, અજ્ઞાન છે કારણ કે જ્ઞાન તો આત્માથી જ થાય છે. આત્મજ્ઞાન માટે ઇન્દ્રિય-પ્રકાશ આદિ બાહ્ય સામગ્રી શોધવી અજ્ઞાન છે. જેનો મોહરૂપી મહામલ્લ જીવંત છે, તે જીવ પોતાના સુખ અને જ્ઞાન માટે પરની તરફ દોડે છે, તે અજ્ઞાન છે. *(શ્રી પ્રવચનસાર, ગાથા ૫૫માંથી)*

જીવનો જેવો આશય હોય, તે અનુસાર જગતમાં કાર્ય ન થતું હોય તો તે આશય અજ્ઞાન છે. *(શ્રી સમયસાર, ગાથા ૨૫૪ થી ૨૫૬ સુધી)*

આઠ પ્રકારના જ્ઞાનમાં મતિ, શ્રુત, અને અવધિ આ ત્રણ મિથ્યાત્વના ઉદયને વશ (છ દ્રવ્ય, સાત તત્ત્વ, નિશ્ચય-વ્યવહાર, નિમિત્ત-નૈમિત્તિક, વ્યાપ્ય-વ્યાપક આદિમાં) વિપરીતાભિનિવેષરૂપ અજ્ઞાન થાય છે. *(બૃહદ્ દ્રવ્યસંગ્રહ, ગાથા-૫, પૃષ્ઠ ૧૪-૧૫માંથી)*

મિથ્યાદર્શનના જ નિમિત્તથી ને ક્ષયોપશમરૂપ જ્ઞાન છે, તે અજ્ઞાન થઈ રહ્યું છે, તેનાથી યથાર્થ વસ્તુસ્વરૂપને જાણવાનું થતું નથી, અન્યરૂપે જાણવું થાય છે. (મોક્ષમાર્ગપ્રકાશક, પૃ. ૪૬)

તત્ત્વજ્ઞાનના અભાવથી જ્ઞાનને અજ્ઞાન કહે છે.

*(મોક્ષમાર્ગપ્રકાશક, પૃ. ૮૮)*

**પ્રશ્ન —અજ્ઞાન શું છે? તે સીધા-સાદા શબ્દોમાં બતાવો.**

**ઉત્તર** —(૧) આત્માનું કાર્ય જાણવું-દેખવું છે, તેને બદલે તે માને છે કે હું પરજીવોને બચાવી શકું છું, મારી-જીવાડી શકું છું, સવારથી લઈને ચોવીસ કલાક જે રૂપી પુદ્ગલનું કાર્ય છે તેને હું કરું છું ઈત્યાદિ બધી માન્યતાઓ અજ્ઞાન છે.

(૨) પોતે આત્મા છે તેને બદલે પોતાને દેવ, નારકી, ઈન્દ્રિયાદિવાળો માનવો તે અજ્ઞાન છે.

(૩) જ્ઞાન, જ્ઞાનમાંથી આવે છે તેને બદલે જ્ઞેયમાંથી આવે છે, તે બધી માન્યતા અજ્ઞાન છે. *(શ્રી સમયસાર, ગાથા ૨૭૦ના આધારે)*

# ૫ નિશ્ચયસમ્યક્ત્વ

मिथ्या मति ग्रन्थि भेदि, जगी निर्मल ज्योति ।
जो सो अतीत सो, तो निहचैं प्रमानिये ।

**અર્થ**—મિથ્યાત્વનો નાશ થવાથી મન, વચન, કાયાથી અગોચર જે આત્માની નિર્વિકારી શ્રદ્ધાનની જ્યોતિ પ્રકાશમાન થાય છે, તેને નિશ્ચયસમ્યક્ત્વ જાણવું જોઈએ.

*(શ્રી સમયસાર-નાટક, ચતુર્થ ગુણસ્થાન અધિકાર, પૃષ્ઠ ૪૯૦)*

કેવળજ્ઞાન આદિ ગુણોના આશ્રયભૂત નિજ શુદ્ધ આત્મા જ ઉપાદેય છે, તે પ્રકારની રુચિરૂપ નિશ્ચય સમ્યક્ત્વ, કે જે પહેલા તપશ્ચરણની અવસ્થામાં ભાવ્યું હતું (ભાવના કરી હતી, અનુભવ કર્યો હતો) તેના ફળસ્વરૂપ સમસ્ત જીવાદિ તત્ત્વોના વિષયમાં વિપરીત અભિનિવેશ (વિરુદ્ધ અભિપ્રાય)થી રહિત પરિણામરૂપ પરમ ક્ષાયિકસમ્યક્ત્વ કહેવામાં આવે છે.

*(દ્રવ્યસંગ્રહ, ગાથા-૧૪, પૃ. ૪૧)*

વિપરીતાભિનિવેશરહિત જીવાદિક તત્ત્વાર્થશ્રદ્ધાન, તે સમ્યગ્દર્શનનું લક્ષણ છે. *(મોક્ષમાર્ગપ્રકાશક, પૃ. ૩૧૭)*

# ૯ તત્ત્વવિચારનો મહિમા

જુઓ, તત્ત્વવિચારનો મહિમા ! તત્ત્વવિચારરહિત દેવાદિકની પ્રતીતિ કરે, ઘણા શાસ્ત્રોનો અભ્યાસ કરે, વ્રતાદિ પાળે, તપશ્ચરણાદિ કરે, તેને તો સમ્યક્ત્વ થવાનો અધિકાર નથી અને તત્ત્વવિચારવાળો, તેના વગર પણ સમ્યક્ત્વનો અધિકારી છે.

*(મોક્ષમાર્ગપ્રકાશક, પૃ. ૨૬૦)*

તત્ત્વવિચારમાં ઉપયોગને તદ્રૂપ (તે રૂપે) થઈને લગાવે, તેના પરિણામ સમયે-સમયે નિર્મળ થતા જાય છે.

*(મોક્ષમાર્ગપ્રકાશક, પૃ. ૨૬૨)*

પુરુષાર્થથી તત્ત્વનિર્ણયમાં ઉપયોગ લગાડે, ત્યારે આપોઆપ મોહનો અભાવ થવાથી સમ્યક્ત્વાદિરૂપ મોક્ષના ઉપાયનો પુરુષાર્થ થાય છે. માટે મુખ્યતાથી તો તત્ત્વનિર્ણયમાં ઉપયોગ લગાવવાનો પુરુષાર્થ કરવો. *(મોક્ષમાર્ગપ્રકાશક, પૃ. ૩૧૨)*

તેનું કર્તવ્ય તત્ત્વનિર્ણયનો અભ્યાસ જ છે. માટે તે દર્શનમોહનો ઉપશમ તો સ્વયમેવ થાય છે. તેમાં જીવનું કાંઈ કર્તવ્ય નથી. *(મોક્ષમાર્ગપ્રકાશક, પૃ. ૩૧૪)*

# ૭ મિથ્યાત્વ જ આસ્રવ, સમ્યક્ત્વ જ સંવર-નિર્જરા-મોક્ષ

વાસ્તવમાં મિથ્યાત્વ જ આસ્રવ છે.

*(શ્રી સમયસાર-નાટક, પૃષ્ઠ ૧૫૩, આસ્રવાધિકાર)*

સર્વે જાણે કે મિથ્યાત્વ જ આસ્રવ-બંધ છે અને મિથ્યાત્વનો અભાવ, સંવર-નિર્જરા તથા મોક્ષ છે.

*(શ્રી સમયસાર-નાટક, પૃષ્ઠ ૩૧૦, મોક્ષદ્વાર)*

સિદ્ધાંતમાં મિથ્યાત્વને જ પાપ કહ્યું છે અને જ્યાં સુધી મિથ્યાત્વ રહે છે, ત્યાં સુધી શુભાશુભ બધી ક્રિયાઓ અધ્યાત્મમાં પરમાર્થરૂપે પાપ જ કહેવામાં આવે છે.

*(શ્રી સમયસાર-કળશ, ૧૩૭ના ભાવાર્થ પૃ. ૩૦૭)*

મિથ્યાત્વસંબંધી બંધ, કે જે અનંત સંસારનું કારણ છે તે અહીં મુખ્યરૂપે બતાવવું છે, અવિરતિ આદિથી જે બંધ થાય છે, તે અલ્પસ્થિતિ-અનુભાગવાળો છે. દીર્ઘ સંસારનું કારણ નથી.

*(શ્રી સમયસાર, ગાથા ૭૨ના ભાવાર્થમાંથી)*

સંસારનું કારણ મિથ્યાત્વ જ છે, માટે મિથ્યાત્વ સંબંધી રાગાદિનો અભાવ થવાથી, બધા ભાવાસ્રવોનો અભાવ થઈ જાય છે, એમ અહીં કહેવામાં આવ્યું છે.

*(શ્રી સમયસાર કળશ-૧૧૪ના ભાવાર્થમાંથી)*

મિથ્યાત્વસહિત રાગને રાગ કહ્યો છે, મિથ્યાત્વરહિત ચારિત્રમોહ સંબંધી પરિણામને રાગ કહ્યો નથી.

*(શ્રી સમયસાર કળશ-૧૩૭ના ભાવાર્થમાંથી)*

મિથ્યાત્વ છે, તે જ સંસાર છે. મિથ્યાત્વનો નાશ થયા બાદ, સંસારનો અભાવ જ થાય છે, સમુદ્રમાં એક ટીપા પાણીની શી વિસાત? *(શ્રી સમયસાર, ગાથા ૩૨૦ના ભાવાર્થમાંથી)*

સમ્યગ્દષ્ટિને મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયનો ઉદય ન થવાથી તેને તે પ્રકારનો ભાવ આસ્રવ થતો જ નથી અને મિથ્યાત્વ તથા અનંતાનુબંધી કષાયસંબંધી બંધ પણ થતો નથી.

*(શ્રી સમયસાર, ગાથા ૧૭૩ થી ૧૭૬ ભાવાર્થ)*

બંધ થવામાં મુખ્ય કારણ મિથ્યાત્વ, અનંતાનુબંધીનો ઉદય તો છે જ... અનંત સંસારનું કારણ મિથ્યાત્વ, અનંતાનુબંધી જ છે. તેનો અભાવ થઈ જતાં પછી તેનો અનંત સંસારનો બંધ થતો નથી..... વૃક્ષનું મૂળ કપાઈ ગયા બાદ પાંદડા લીલા કેટલો સમય રહે ?

*(શ્રી સમયસાર કળશ ૧૬૨નો ભાવાર્થ)*

# ૮ દુઃખનું મૂળ તે જ મિથ્યાત્વ, સુખનું મૂળ તે જ સમ્યક્ત્વ

જેના દ્વારા સુખ ઉત્પન્ન થાય તથા દુઃખનો વિનાશ થાય, તે કાર્યનું નામ પ્રયોજન છે. *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૬)*

બાહ્યમાં અનુકૂળ સામગ્રી મળે, તે પ્રયોજન નથી કારણ કે તે પ્રયોજનથી (અનુકૂળ સામગ્રીથી) પોતાનું કાંઈ જ હિત થતું નથી.

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૮)*

બધા દુઃખોનું મૂળ મિથ્યાદર્શન છે.

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૫૧)*

બધી બાહ્ય સામગ્રીને ઈષ્ટ-અનિષ્ટરૂપ માને છે, બીજો ઉપાય કરે છે, સાચા ઉપાયની શ્રદ્ધા કરતો નથી, ઉંધી કલ્પના કરે છે, તે બધાનું મૂળકારણ એક મિથ્યાદર્શન છે. *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૫૧)*

બધા દુઃખોનું મૂળકારણ મિથ્યાદર્શન, અજ્ઞાન અને સંયમ છે... મિથ્યાદર્શનાદિક છે, તે જ બધા દુઃખોનું મૂળકારણ છે.

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૪૬)*

મિથ્યાત્વને સાત વ્યસનથી પણ મોટું પાપ કહ્યું છે.

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૧૯૧)*

આ ભવતરુ(વૃક્ષ)નું મૂળ એક મિથ્યાત્વભાવ છે.

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૯૬)*

આ મિથ્યાત્વ વેરીનો અંશ પણ ખરાબ છે. માટે સૂક્ષ્મ મિથ્યાત્વ પણ ત્યાગવા યોગ્ય છે. *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૧૯૩)*

બધા જ પ્રકારના મિથ્યાત્વભાવ છોડીને સમ્યગ્દષ્ટિ થવું યોગ્ય છે કારણ કે સંસારનું મૂળ મિથ્યાત્વ છે.

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૬૮)*

મિથ્યાત્વભાવને છોડીને પોતાનું કલ્યાણ કરો.

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૧૯૨)*

આ ભાવ દુઃખોનું બીજ છે, બીજું કોઈ નહીં. માટે હે ભવ્ય ! જો તું દુઃખોથી મુક્ત થવા ઈચ્છતો હો તો આ મિથ્યાદર્શનાદિક વિભાવભાવનો અભાવ કરવો તે જ તારું કર્તવ્ય છે. આ કાર્ય કરવાથી તારું પરમ કલ્યાણ થશે. *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૯૪)*

મિથ્યાત્વકર્મ અત્યંત અપ્રશસ્ત છે. *(શ્રી ધવલા પુસ્તક)*

સુખનું કારણ, સ્વભાવના પ્રતિઘાતનો (દ્રવ્ય-ભાવ ઘાતિકર્મનો) અભાવ છે. *(શ્રી પ્રવચનસાર, ગાથા ૩૧ની ટીકા)*

આ જીવનું પ્રયોજન તો એક જ છે કે સુખની પ્રાપ્તિ થાય અને દુઃખની પ્રાપ્તિ ન થાય. *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૭૮)*

મોક્ષમાર્ગના વિરોધી જે મિથ્યાદર્શનાદિક, તેમનું સ્વરૂપ બતાવ્યું. તેને તો દુઃખનું કારણ જાણીને, હેય માનીને તેનો ત્યાગ કરવો... મોક્ષનો માર્ગ જે સમ્યગ્દર્શનાદિક છે, તેને સુખરૂપ, સુખનું કારણ જાણીને, ઉપાદેય માનીને, અંગીકાર કરવો, કારણ કે આત્માનું હિત મોક્ષ જ છે.

દુઃખ ન મળે, સુખ મળે, તથા બીજા જે કોઈ ઉપાય કરે છે, તે બધા એક પ્રયોજનસહિત કરે છે, બીજું કાંઈ પ્રયોજન નથી.

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૩૦૬)*

# ૯ ભવિતવ્ય

અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ જીવ, સ્વયં અથવા અન્ય સચેતન-અચેતન પદાર્થ જે કોઈ પ્રકારે પરિણમિત થયા હોય, પોતાને તે પરિણમન સારું ન લાગ્યું હોય, ત્યારે બીજા પ્રકારે પરિણમન કરીને તે પરિણમનને સારું માનતો નથી. પરંતુ તેઓનું પરિણમન તેને આધીન નથી. આ પ્રમાણે ક્રોધથી કોઈનું ખરાબ કરવા ઈચ્છતો હોય, પણ ખરાબ થવું કે ન થવું તે ભવિતવ્યને આધીન છે.

કોઈ પોતાનાથી ઉચ્ચ કાર્ય કરે તો કોઈપણ રીતે તેને નીચું દેખાડે છે. આ પ્રમાણે માનથી પોતાની મહાનતાને ઈચ્છતો હોય પણ મહાનતા થવી તે તો ભવિતવ્યને આધીન છે.

છળ-કપટ દ્વારા પોતાના અભિપ્રાયને સિદ્ધ કરવા ઈચ્છતો હોય છે. આ પ્રમાણે માયાથી ઈચ્છિત સિદ્ધિ માટે છળ કરે પણ ઈચ્છિત કાર્ય થવું તે ભવિતવ્યને આધીન છે.

લોભથી ઈષ્ટ પ્રાપ્તિની ઈચ્છા તો ઘણી કરે પણ ઈષ્ટની પ્રાપ્તિ થવી તે તો ભવિતવ્યને આધીન છે. *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૩૯)*

શ્રી ગોમ્મટસાર કર્મકાંડમાં પાંચ પ્રકારના એકાંતવાદીઓનું કથન આવે છે, તેનો આશય (ગાથા ૭૮૯ થી ૮૮૩) એટલો છે કે આ પાંચમાંથી કોઈ એકથી કાર્યની ઉત્પત્તિ માને છે, તે મિથ્યાદૃષ્ટિ છે અને જે કાર્યની ઉત્પત્તિમાં આ પાંચેયના (સ્વભાવ, પુરુષાર્થ, કાળ, નિયતિ અને કર્મ) સમવાયને સ્વીકાર કરે છે, તે સમ્યગ્દૃષ્ટિ છે. પંડિત બનારસીદાસજીએ નીચે આપેલ પદથી તેની પુષ્ટિ કરેલ છે—

पद सुभव पूरव उदै निहचै उद्यम काल।
पच्छपात मिथ्यात्व पथ, सरवंगी शिवचाल ।।४१।।

અષ્ટસહસ્રી પાના ૨૫૭માં આચાર્ય અકલંકદેવે કહ્યું છે કે :

तादृशी जायते बुद्धि, र्व्यवसायश्च तादृशः ।
सहायास्तादृशाः सन्ति, सादृशी भवितव्या ।।

અર્થ – જે જીવની જેવી ભવિતવ્યતા (હોનહાર) હોય છે, તેની તેવી જ બુદ્ધિ થઈ જાય છે, તે પ્રયત્ન પણ તે પ્રકારનો કરવા લાગે છે, અને તેને સહાયક નિમિત્ત પણ તે અનુસાર મળી જાય છે. આ શ્લોકમાં ભવિતવ્યતાની મુખ્યતા કરી છે.

**પ્રશ્ન – ભવિતવ્યતા શું છે?**

**ઉત્તર** –જીવની સમર્થ ઉપાદાનશક્તિનું નામ જ ભવિતવ્યતા છે.

**પ્રશ્ન –ભવિતવ્યતાનો વ્યુત્પત્તિ અર્થ શું છે?**

**ઉત્તર** –'भवितु योग्यं भवितव्यम्, तस्य भावः भवितव्यता' અર્થાત્ જે થવા યોગ્ય હોય તેને ભવિતવ્ય કહે છે અને તેનો ભાવ ભવિતવ્યતા કહેવાય છે.

**પ્રશ્ન – ભવિતવ્યતાના સમાનાર્થી શબ્દ ક્યા-ક્યા છે?**

**ઉત્તર** –યોગ્યતા, સામર્થ્ય, શક્તિ, પાત્રતા, લાયકાત, તાકાત–આ બધા ભવિતવ્યતાના સમાનાર્થી શબ્દ છે.

*(શ્રી જૈનત્ત્વમીમાંસા, પૃષ્ઠ ૬૫-૬૬)*

.... જો તેની સિદ્ધિ થાય તો કષાયનો ઉપશમ થવાથી દુઃખ દૂર થઈ જાય, સુખી થાય, પરંતુ તેની સિદ્ધિ તેના કરેલા ઉપાયોને આધીન નથી, ભવિતવ્યતાને આધીન છે કારણ કે અનેક ઉપાય કરતાં જોવામાં આવે છે, પરંતુ સિદ્ધિ થતી નથી, તથા ઉપાય થવો પણ પોતાને આધિન નથી, ભવિતવ્યને આધિન છે કારણ કે અનેક ઉપાય કરવાનો વિચાર કરે છે અને એક પણ ઉપાય થતો નથી તથા

કાકતાલીયન્યાયથી ભવિતવ્ય એવું જ હોય, જેવું પોતાનું પ્રયોજન છે, તેવો જ ઉપાય છે અને તેવી જ કાર્યની સિદ્ધિ થઈ જાય તો તે કાર્ય સંબંધી કોઈ કષાયનો ઉપશમ થાય.

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક પૃષ્ઠ ૫૬)*

આ પ્રમાણે કાર્યની ઉત્પત્તિના પૂરા કારણો ઉપર દૃષ્ટિ કરતાં આ સાબિત થાય છે કે જ્યાં કાર્યની ઉત્પત્તિને અનુકૂળ સ્વદ્રવ્યની સ્વવીર્યરૂપ ઉપાદાનશક્તિ હોય છે, ત્યાં અન્ય સાધન સામગ્રી આપોઆપ મળી જાય છે, તેમને મેળવવા પડતા નથી. જૈનદર્શનમાં કાર્યની ઉત્પત્તિમાં ઉપાદાન અને નિમિત્ત હોય છે, તેનું જ્ઞાન કરાવ્યું છે. *(શ્રી જૈનતત્ત્વમીમાંસા, પૃષ્ઠ ૬૭)*

હકીકતમાં ભવિતવ્યતા તે સમયના પર્યાયની યોગ્યતારૂપ ક્ષણિક ઉપાદાનકારણ છે. જે પણ કાર્ય થાય છે, તે સમય પર્યાયની યોગ્યતા જ સાક્ષાત્ સાધક છે, બીજું કોઈ નહીં. દરેક કાર્યની ઉત્પત્તિમાં તેની તે સમયની પર્યાયની યોગ્યતા જ છે—એમ જાણીને સ્વભાવની દૃષ્ટિ કરે તો જીવનું કલ્યાણ થાય. જો કોઈ માત્ર ભવિતવ્યતાની વાત કરે, પોતાના તરફ દૃષ્ટિ ન કરે તો તેણે ભવિતવ્યતાને માની જ નથી. એક કાર્યમાં અનેક કારણ હોય છે. કાર્ય હંમેશા તે સમયની પર્યાયની યોગ્યતાથી થાય છે અને નિમિત્ત પણ સ્વયં તે સમયે પર્યાયની યોગ્યતાથી હાજર જ હોય છે. લાવવું-મેળવવું પડતું નથી.

**પ્રશ્ન —ભવિતવ્યતાને કોણે માની?**

**ઉત્તર** —જેણે પોતાના સ્વભાવની સન્મુખતા કરી, તેણે ભવિતવ્યતાને માની, બીજાએ માની નથી.

# ૧૦ જીવ સ્વયં નિત્ય જ છે

આયુ કર્મના ઉદયથી મનુષ્યાદિ પર્યાયોની સ્થિતિ રહે છે. આયુનો ક્ષય થાય ત્યારે તે પર્યાયરૂપ પ્રાણ છૂટવાથી મરણ થાય છે. બીજું કોઈ ઉત્પન્ન કરવાવાળું, નાશ કરવાવાળું અથવા રક્ષા કરવાવાળું નથી—એમ નિશ્ચય કરવો. *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૪૨)*

શરીર સંબંધની અપેક્ષાથી જન્માદિક છે. ખરેખર જીવ, જન્માદિ રહિત નિત્ય જ છે, તોપણ મોહી જીવને અતીત-અનાગતનો વિચાર નથી. માટે અજ્ઞાની, પ્રાપ્ત પર્યાયમાત્ર જ પોતાની સ્થિતિ માનીને પર્યાયસંબંધી કાર્યોમાં તત્પર થઈ રહ્યો છે.

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૪૩)*

આ લોકમાં જે જીવાદિ પદાર્થ છે, તે ભિન્ન-ભિન્ન અનાદિ-નિધન છે. *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૧૧૦)*

અમૂર્તિક પ્રદેશોનો પૂંજ, પ્રસિદ્ધ જ્ઞાનાદિ ગુણો સહિત, અનાદિ-નિધન વસ્તુ પોતે છે. *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૩૮)*

# ૧૧ સંસારી જીવોના સુખ માટેના મિથ્યા ઉપાય

પરયુક્ત, બાધાસહિત, ખંડિત, બંધકારણ, વિષમ છે,
જે ઈન્દ્રિયોથી લબ્ધ, તે સુખ એ રીતે દુઃખ જ ખરે. ૭૬

જે ઈન્દ્રિયોથી પ્રાપ્ત કરેલ સુખ છે, તે પરાધીન છે, બાધા સહિત છે, વિનાશિક છે, બંધનું કારણ છે, વિષમ છે, માટે આવું સુખ તે એક પ્રકારનું દુઃખ જ છે. *(શ્રી પ્રવચનસાર, ગાથા ૭૬)*

નહિ માનતો—એ રીત પુણ્યે પાપમાં ન વિશેષ છે
તે મોહથી આચ્છન્ન ઘોર અપાર સંસારે ભમે. ૭૭

આ પ્રકારે પુણ્ય અને પાપમાં અંતર(તફાવત) નથી—એવું જે માનતો નથી, તે મોહાચ્છાદિત થતો થકો, ઘોર અપાર સંસારમાં પરિભ્રમણ કરે છે. (કારણ કે પુણ્ય-પાપ બંને આત્માના ધર્મ નથી અને શુદ્ધોપયોગ—શક્તિનો તિરસ્કાર કરવાવાળા છે.)

(શ્રી પ્રવચનસાર, ગાથા ૭૭)

સુણી ઘાતિકર્મ વિહીનનું, સુખ સૌ સુખે ઉત્કૃષ્ટ છે,
શ્રદ્ધે ન તેહ અભવ્ય છે, ને ભવ્ય તે સમ્મત કરે. ૬૨

ટીકામાં – આ લોકમાં મોહનીય આદિ કર્મજાળવાળાઓને સ્વભાવપ્રતિઘાતને લીધે અને આકુળતાને લીધે 'સુખાભાસ' હોવા છતાં પણ તે સુખાભાસને 'સુખ' કહેવાની અજ્ઞાનીઓની અપરમાર્થિક રૂઢી છે. *(શ્રી પ્રવચનસાર, ગાથા-૬૨)*

.... મિથ્યાદષ્ટિ સંસારી જીવ દ્વારા કરવામાં આવેલ ઉપાય જૂઠા જાણવા. તો સાચો ઉપાય શું છે ?

(૧) જ્યારે ઇચ્છાનો નાશ થાય અને (૨) સર્વ વિષયોનું યુગપત્ ગ્રહણ બની રહે, ત્યારે આ દુઃખ મટે. પણ ઇચ્છાનો નાશ તો મોહના અભાવથી મટે અને બધું યુગપત્ ગ્રહણ તો કેવળજ્ઞાન થવાથી થાય છે. તેનો ઉપાય સમ્યગ્દર્શનાદિક છે અને તે જ સાચો ઉપાય જાણવો. *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૫૦)*

સંજ્ઞી પંચેન્દ્રિય ક્યારેક તત્ત્વનિશ્ચય કરવાનો ઉપાય વિચારે, પણ ત્યાં દુર્ભાગ્યથી કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રનું નિમિત્ત મળે તો અતત્ત્વશ્રદ્ધાન દૃઢ થઈ જાય છે. *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૫૧)*

ક્યારેક સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું નિમિત્ત પણ મળી જાય તો ત્યાં તેમના નિશ્ચય ઉપદેશનું શ્રદ્ધાન તો કરતો નથી, વ્યવહાર શ્રદ્ધાનથી અતત્ત્વશ્રદ્ધાની જ બની રહે છે.

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૫૧)*

અજ્ઞાની જીવ, પરપદાર્થોને પોતાની ઇચ્છાનુસાર પરિણમાવવા માગે છે, પણ તે બની શકતું નથી. કારણ કે દરેક વસ્તુ પોત-પોતાની મર્યાદા સહિત પરિણમે છે, કોઈના પરિણમાવવાથી પરિણમતી નથી.

મિથ્યાદૃષ્ટિ બનીને પદાર્થોને અન્યથા માની અન્યથા પરિણમન કરાવવા ઇચ્છે તો પોતે જ દુઃખી થાય છે. પણ તેને યથાર્થ માનવા અને એ મારા પરિણમાવ્યા અન્ય પ્રકારે પરિણમવાના નથી એમ માનવું એ જ દુઃખ દૂર કરવાનો ઉપાય છે. ભ્રમજનિત દુઃખનો ઉપાય ભ્રમને દૂર કરવો તે છે, માટે ભ્રમ દૂર થવાથી સમ્યક્શ્રદ્ધાન થાય છે, તે સાચો ઉપાય જાણવો. *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૫૨)*

આશારૂપી ખાઈ દરેક પ્રાણીઓમાં જોવા મળે છે. વિષયોથી ઇચ્છાની પૂર્તિ થતી નથી. તેનો અભિપ્રાય તો બધા કષાયોનું બધું જ પ્રયોજન સિદ્ધ કરવાનું છે, તે થાય તો તે સુખી થાય, પરંતુ તે ક્યારેય

થઈ શકતું નથી. માટે અભિપ્રાયમાં હંમેશા દુઃખી જ રહે છે, માટે કષાયનું પ્રયોજન સાધીને દુઃખ દૂર કરીને સુખી થવા ઈચ્છે છે. તો આ ઉપાય જૂઠો જ છે. તો સાચો ઉપાય શું છે ? સમ્યગ્દર્શન-જ્ઞાનથી જેમ છે તેમ શ્રદ્ધાન અને જાણવું થાય તો ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિનો નાશ થાય, ત્યારે કષાયજનિત પીડા દૂર થાય, નિરાકુળ થવાથી મહાસુખી થાય છે, માટે સમ્યગ્દર્શનાદિક જ દુઃખ મટાડવાનો સાચો ઉપાય છે.

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૫૭)*

વ્યવહારધર્મ કાર્યમાં પ્રવર્તે, ત્યારે અવસર તો ચાલ્યો જશે અને સંસારમાં ભ્રમણ કરશે. *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૩૧૩)*

કેટલાક ધર્મબુદ્ધિથી ધર્મની સાધના કરે છે પણ નિશ્ચયધર્મને જાણતા નથી, માટે અભૂતાર્થધર્મની જ સાધના કરે છે.

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૨૧)*

# ૧૨ બાહ્ય સામગ્રીથી સુખ-દુઃખ માનવું તે જ ભ્રમ

બાહ્ય સામગ્રીમાં સુખ-દુઃખ માનવું તે જ ભ્રમ છે.

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૫૯)*

આકુળતાનું વધવું-ઘટવું પણ બાહ્યસામગ્રી અનુસાર નથી. કષાયભાવના વધવા-ઘટવા બરાબર છે.

આકુળતાનું વધવું-ઘટવું, તે રાગાદિક કષાયના વધવા-ઘટવાને અનુસાર છે પરંતુ પરદ્રવ્યરૂપ સામગ્રીના અનુસાર સુખ-દુઃખ નથી.

બાહ્ય સામગ્રીથી જરાપણ સુખ-દુઃખ નથી.

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૩૦૯)*

સુખી-દુઃખી થવું, ઈચ્છાનુસાર જાણવું બાહ્ય કારણોને આધીન નથી. *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૭૧)*

પદાર્થને ઈષ્ટ-અનિષ્ટ જાણવાથી ક્રોધાદિક થાય છે. જ્યારે તત્ત્વજ્ઞાનના અભ્યાસ વડે કોઈપણ પદાર્થ ઈષ્ટ-અનિષ્ટ ભાસે નહીં તો પોતાની મેળે જ ક્રોધાદિક ઉત્પન્ન થતા નથી, ત્યારે સાચો ધર્મ થાય છે. *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૨૯)*

સામગ્રીના અનુસાર સુખ-દુઃખ નથી, સાતા-અસાતાનો ઉદય થવાથી તથા મોહના પરિણમનના નિમિત્તથી સુખ-દુઃખ માને છે.

એવો નિર્ણય થવાથી સમજાણું કે મોહના ઉદયથી જ સુખ-દુઃખ માનવાનું થતું હતું પણ બીજા દ્વારા સુખ-દુઃખ થવાનો નિયમ નથી.

તું સામગ્રીને દૂર કરવાનો અથવા કાયમ રાખવાનો ઉપાય કરીને દુઃખ મટાડવા માગે છે અને સુખી થવા ઈચ્છે છે, તો તારો

ઉપાય જૂઠો છે. તો સાચો ઉપાય શું છે? સમ્યગ્દર્શનથી ભ્રમ દૂર થાય, ત્યારે સામગ્રીથી સુખ-દુઃખ ભાસતું નથી, પોતાના પરિણામથી જ સુખ-દુઃખ ભાસે છે. *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૬૦)*

જે પોતાને સુખદાયક હોય–ઉપકારી હોય, તેને સારા કહે છે અને જે પોતાને દુઃખદાયક હોય–અનુપકારી હોય, તેને ખરાબ કહે છે. લોકમાં સર્વ પદાર્થ પોત-પોતાના સ્વભાવના જ કર્તા છે, કોઈ કોઈને સુખ-દુઃખ દેવાવાળા કે ઉપકારી-અનુપકારી નથી.

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૮૯)*

પદાર્થોને ઈષ્ટ-અનિષ્ટ માનવાથી જ કષાયભાવ થાય છે. માટે ઈષ્ટ-અનિષ્ટ માનવું તે મિથ્યાબુદ્ધિ છે. કારણ કે કોઈ પદાર્થ ઈષ્ટ-અનિષ્ટ છે જ નહીં. *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૩૯)*

પરદ્રવ્યોનો દોષ જોવો તે મિથ્યાભાવ છે.

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૪૩)*

પહેલા તો પરદ્રવ્યને ઈષ્ટ-અનિષ્ટ માનવા તે મિથ્યા છે કારણ કે કોઈ દ્રવ્ય, કોઈનો શત્રુ કે મિત્ર નથી.

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૧૭૫)*

પરદ્રવ્યોને ઈષ્ટ-અનિષ્ટ માનીને રાગ-દ્વેષ કરવા, મિથ્યાત્વ છે. કારણ કે સંસારમાં કોઈ પદાર્થ ઈષ્ટ-અનિષ્ટ હોત તો મિથ્યાત્વ નામ ન પામત. પરંતુ કોઈ પદાર્થ ઈષ્ટ-અનિષ્ટ નથી અને તું ઈષ્ટ-અનિષ્ટ માનીને રાગ-દ્વેષ કરે છે, માટે તારા આ પરિણમનને મિથ્યાત્વ કહ્યું છે. *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૯૦)*

માટે સુખ-દુઃખનું મૂળ બળવાન કારણ(નિમિત્ત) મોહનો ઉદય છે. બીજી વસ્તુઓ છે, પણ બળવાન (નિમિત્ત) કારણ નથી. (આ નિમિત્તની અપેક્ષાએ કથન છે.) *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૪૨)*

# ૧૩ પરપદાર્થનો કર્તા-હર્તા આત્મા નથી

જે કર્મના ઉપશમાદિક છે, તે પુદ્‌ગલની શક્તિ છે, તેનો કર્તા-હર્તા આત્મા નથી. *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૩૧૧)*

તત્ત્વનિર્ણય ન કરવામાં કોઈ કર્મનો દોષ નથી, તારો જ દોષ છે. પરંતુ તું પોતે તો મહંત (મોટો) રહેવા ઈચ્છે છે અને પોતાના દોષ કર્માદિક ઉપર લગાવે છે, પણ જિનઆજ્ઞા માને તો આવી અનીતિ સંભવે નહીં. *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૩૧૨)*

..... તેનું કર્તવ્ય તો તત્ત્વનિર્ણયનો અભ્યાસ જ છે, તેનાથી દર્શનમોહનો ઉપશમ આપોઆપ થાય છે, તેમાં જીવનું કર્તવ્ય કાંઈ નથી. *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૩૧૪)*

અહીં કર્મના ઉપશમાદિકથી ઉપશમાદિ સમ્યક્‌ત્વ કહ્યું તો કર્મના ઉપશમાદિ તેના કરવાથી થતા નથી.

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૩૪૦)*

જેમ—કોઈ પોતાના હાથથી પત્થર લઈને પોતાનું માથું ફોડી લે તો પત્થરનો શું દોષ ? તે જ પ્રમાણે જીવ પોતાના રાગાદિકભાવોથી પુદ્‌ગલને કર્મરૂપે પરિણમિત કરીને પોતાને દોષિત કરે, તો તેમાં કર્મનો શું દોષ? *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૯૦)*

તમે કર્મોનો ઉપશમાદિ કરવા ઈચ્છો છો તો કેમ કરશો ? તમે તત્ત્વાદિનો નિશ્ચય કરી પુરુષાર્થ કરો, તો સ્વયમેવ જ ઉપશમાદિ સમ્યક્‌ત્વ પ્રગટ થશે. *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૭૭)*

તત્ત્વવિચારાદિકનો તો ઉદ્યમ કરે અને મોહકર્મનો ઉપશમાદિક આપોઆપ થાય ત્યારે રાગાદિક દૂર થાય છે.

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૧૯૭)*

જો આત્મા વડે પરદ્રવ્યના ગ્રહણ-ત્યાગ થાય તો આત્મા, પરદ્રવ્યનો કર્તા-હર્તા થઈ જાય, પણ કોઈ દ્રવ્ય, કોઈ દ્રવ્યને આધિન નથી. *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૫૨)*

બાહ્ય વ્રતાદિક છે, તે તો શરીરાદિ પરદ્રવ્યના આશ્રિત છે, પરદ્રવ્યનો પોતે કર્તા છે નહીં, માટે તેમાં કર્તાપણાની બુદ્ધિ અને મમત્વ પણ ન કરવું. *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૫૫)*

પરદ્રવ્યનો કર્તા-હર્તા થવું તથા સાક્ષીભૂત રહેવું, આ પરસ્પર વિરુદ્ધ છે. સાક્ષીભૂત તો તેનું નામ છે, જે પોતાની મેળે જેવો છે તે પ્રકારે જાણતો-દેખતો રહે, પણ જો ઈષ્ટ-અનિષ્ટ માનીને કોઈને ઉત્પન્ન કરે અને નાશ કરે તો સાક્ષીભૂત કેમ કહેવામાં આવી શકે? ક્યારેય નહીં. *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૧૦૯)*

કર્મના ઉદયથી જીવને વિકાર થાય છે—આ માન્યતા ભ્રમવાળી છે. 'હે મિત્ર!..... પરદ્રવ્યે મારું દ્રવ્ય મલિન કર્યું, જીવ પોતે એવો મિથ્યા ભ્રમ કરે છે... તું તેનો દોષ જાણે છે, આ તારું હરામજાદીપણું છે.' *(શ્રી આત્માવલોકન, પૃષ્ઠ ૧૪૩)*

શ્રી સમયસાર, કળશ ૫૧ થી ૫૬ તથા ૧૯૯ થી ૨૦૧માં સ્પષ્ટ સમજાવ્યું છે કે જીવ, શરીરાદિ પરદ્રવ્યની ક્રિયા કરી શકતો નથી અને નિમિત્તથી હકીકતમાં કાર્ય થાય છે— એમ માનવું ભ્રમ છે.

હું પરદ્રવ્યનો કર્તા-હર્તા છું—એવી માન્યતાવાળો ડગલે-પગલે છેતરાય છે. *(શ્રી પ્રવચનસાર, ગાથા ૫૫)*

પરદ્રવ્યનો હું કર્તા છું, આ અજ્ઞાન-મોહ અંધકાર છે, તે માન્યતાને પલટવી અત્યંત દુષ્કર છે.(શ્રી સમયસાર, કળશ, ૫૫)

હું પરદ્રવ્યનો કર્તા છું, આ સમકિત રહિત પુરુષોનો વ્યવહાર છે. *(શ્રી પ્રવચનસાર, ગાથા ૩૨૪ થી ૩૨૭ સુધી)*

જે વ્યવહારના કથનને નિશ્ચય કથન માને છે, તેના માટે 'તસ્ય દેશના નાસ્તિ'(તે ઉપદેશને લાયક નથી) કહેલ છે.

*(શ્રી પુરુષાર્થસિદ્ધિ ઉપાય, ગાથા-૬)*

વ્યવહારથી લોકો એમ માને છે કે, આત્મા ઘડો, વસ્ત્ર, ઈન્દ્રિય, દ્રવ્યકર્મ અને શરીરાદિ નોકર્મનો કર્તા છે—તે વ્યવહારી જીવોનો વ્યામોહ (ભ્રાન્તિ અજ્ઞાન) છે. *(શ્રી સમયસાર, ગાથા ૯૮)*

# ૧૪ ઈચ્છાના પ્રકાર અને દુઃખ

દુઃખનું લક્ષણ આકુળતા છે અને આકુળતા, ઈચ્છા થવાથી થાય છે. અજ્ઞાની જીવોમાં અનેક પ્રકારની ઈચ્છા જોવા મળે છે.

વિષય ગ્રહણની ઈચ્છા, ઈન્દ્રિયોના વિષય, પુદ્‌ગલ પદાર્થોને જાણવા-દેખવાની ઈચ્છા થાય એટલે કે ભિન્ન-ભિન્ન રંગ, રૂપ જોવાની, રાગ સાંભળવાની આ ઈચ્છાનું નામ વિષય છે.

એક ઈચ્છા, કષાયભાવોને અનુસાર કાર્ય કરવાની છે—જેમ કે કોઈનું ખરાબ કરવાની, તેને નીચો દેખાડવાની ઈચ્છા થાય છે, જ્યાં સુધી આ કાર્ય ન થાય, ત્યાં સુધી અતિવ્યાકુળ રહે છે, આ ઈચ્છાનું નામ કષાય છે.

એક ઈચ્છા, પાપના ઉદયથી શરીરમાં અથવા બાહ્યમાં અનિષ્ટ યોગ મળે છે, તેને દૂર કરવાની થાય છે. જ્યાં સુધી તેને દૂર ન કરે ત્યાં સુધી તે અતિવ્યાકુળ રહે છે, આ ઈચ્છાનું નામ પાપનો ઉદય છે.

આ પ્રમાણે ત્રણ પ્રકારની ઈચ્છા થવાથી બધા મિથ્યાદષ્ટિ દુઃખ માને છે, તે દુઃખ જ છે. આ ત્રણ પ્રકારની ઈચ્છાઓમાં એક -એક ઈચ્છાઓના અનેક પ્રકારે છે.

ઘણા પ્રકારની ઈચ્છાઓ પુણ્યોદયથી પૂર્ણ થતી જોવા મળે છે પરંતુ તેનું સાધન એક સાથે થઈ શકતું નથી. માટે એકને છોડીને બીજામાં લાગ્યો રહે છે, ફરી પાછો તેને છોડીને બીજામાં લાગ્યો રહે છે, જેમ કે કોઈને અનેક પ્રકારની સામગ્રી મળી, ત્યાં તે બીજાને જુએ છે, તેને છોડીને રાગ સાંભળે છે, ફરી તેને છોડીને કોઈનું

ખરાબ કરવામાં લાગી જાય છે, તેને છોડીને ભોજન કરે છે અથવા એકને જોતાં-જોતાં તેને છોડીને અન્યને જુએ છે આ પ્રમાણે અનેક કાર્યોની પ્રવૃત્તિની ઈચ્છા થાય છે. આ ઈચ્છાનું નામ પુણ્યનો ઉદય છે. આને જગત સુખ માને છે, પણ તે સુખ નથી, દુ:ખ જ છે.

દેવોને પણ સુખી માને છે, તે ભ્રમ છે. તેમને ચોથી ઈચ્છાની મુખ્યતા છે, માટે તે આકુળિત છે.

આ પ્રમાણે જે ઈચ્છા થાય છે, તે મિથ્યાત્વ-અજ્ઞાન-અસંયમથી થાય છે.

જ્યારે મિથ્યાત્વ-અજ્ઞાન-અસંયમનો અભાવ થાય અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિ થાય તો ઈચ્છા દૂર થાય, માટે આ કાર્યનો પુરુષાર્થ કરવો યોગ્ય છે.

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૬૭ થી ૭૧)*

આત્માનું ભલું સુખ પ્રાપ્તિમાં છે અને સુખ તેને કહીએ કે જેમાં આકુળતા, ચિંતા, ક્લેશ ન હોય. આકુળતા મોક્ષમાં નથી, માટે મોક્ષના માર્ગમાં લાગેલા રહેવું જોઈએ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આ ત્રણેની એકતા જ મોક્ષનો માર્ગ છે, તેનું કથન બે પ્રકારે છે. જે યથાર્થ નિશ્ચયસ્વરૂપ છે, તે નિશ્ચય છે અને નિશ્ચયનું નિમિત્તકારણ છે, તે વ્યવહાર છે. *(શ્રી છઢાળા, ત્રીજી ઢાળ, પ્રથમ કાવ્ય)*

# ૧૫ પરમ કલ્યાણ

મિથ્યાદૃષ્ટિ જીવ એક-એક સમય કરીને અનાદિથી મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પરિણમી થઈ રહ્યો છે. આ પરિણમનથી સંસારમાં અનેક પ્રકારના દુઃખને ઉત્પન્ન કરવાવાળા કર્મનો સંબંધ જોવામાં આવે છે. આ ભાવ જ દુઃખનું બીજ છે, બીજું કોઈ નહીં. માટે હે ભવ્ય ! જો તું દુઃખથી મુક્ત થવા ઈચ્છતો હોય તો આ મિથ્યાદર્શનાદિક વિભાવભાવોનો અભાવ કરવો તે જ કાર્ય છે, આ કાર્યના કરવાથી તારું પરમ કલ્યાણ થશે.

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૯૪)*

આ જીવનું મુખ્ય કર્તવ્ય, આગમજ્ઞાન છે, તે પ્રાપ્ત કરવાથી તત્ત્વોનું શ્રદ્ધાન થાય છે. તત્ત્વોનું શ્રદ્ધાન થવાથી સંયમભાવ થાય છે અને તે આગમથી આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે, ત્યારે સહજ જ મોક્ષની પ્રાપ્તિ થાય છે. ધર્મના અનેક અંગ છે, તેમાં ધ્યાન સિવાય ધર્મનું બીજું કોઈ ઉત્તમ અંગ નથી, માટે જે-તે પ્રકારે આગમ અભ્યાસ કરવા યોગ્ય છે, આ અભ્યાસમાં પ્રવર્તો તો તમારું કલ્યાણ થશે. *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૦)*

હે ભવ્ય ! તું આમ માન કે 'અનાદિથી મારો એક-એક સમય સંસારરોગને પ્રાપ્ત થાય છે. તેના નાશનો ઉપાય (પોતાના ત્રિકાળીના આશ્રયથી) મારે કરવો' આ વિચારથી તારું કલ્યાણ થશે.

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૪૪)*

હે ભવ્ય ! સંસારથી છૂટવાનો અને સિદ્ધપદ પ્રાપ્તિ માટેનો ઉપાય અમે જે કહીએ છીએ તે કર, વાર ન લગાડ. આ ઉપાય કરવાથી તારું કલ્યાણ થશે. *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૭૫)*

બીજા અન્યમત મિથ્યાદર્શનાદિકના પોષક છે, માટે ત્યાગવાયોગ્ય છે. સાચા જિનધર્મનું સ્વરૂપ જાણીને, તેમાં પ્રવર્તન કરવાથી તારું કલ્યાણ થશે. *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૧૬૭)*

માટે, વિશેષ શું કહેવું? બધા જ પ્રકારે કુદેવ-કુગુરુ-કુધર્મનો ત્યાગ કરવો યોગ્ય છે. વર્તમાનમાં (દિગંબરધર્મમાં પણ) તેની વિશેષ પ્રવૃત્તિ જોવા મળે છે, માટે તેને જાણીને, મિથ્યાત્વભાવને છોડીને પોતાનું કલ્યાણ કરો. *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૧૯૨)*

બધા જ પ્રકારના મિથ્યાત્વભાવને છોડીને સમ્યગ્દૃષ્ટિ થવું યોગ્ય છે. સંસારનું મૂળ, મિથ્યાત્વ છે. મિથ્યાત્વના સમાન બીજું પાપ નથી. મિથ્યાત્વનો અભાવ થવાથી શીઘ્ર મોક્ષપદને પ્રાપ્ત કરે છે. માટે સર્વ પ્રકારથી મિથ્યાત્વનો નાશ કરવો યોગ્ય છે.

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૬૭)*

મોક્ષમાર્ગનો પહેલો ઉપાય આગમજ્ઞાન કહ્યું છે, આગમજ્ઞાન વગર ધર્મનું સાધન થઈ શકતું નથી. માટે તમે સાચી બુદ્ધિ દ્વારા આગમનો અભ્યાસ કરો તો તમારું પરમ કલ્યાણ થશે.

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૩૦૫)*

હે ભવ્ય ! આટલું તો સત્ય કલ્યાણ (આત્મા) છે, જેટલું આ જ્ઞાન છે—એવો નિશ્ચય કરીને, જ્ઞાનમાત્રથી જ હમેશા આનંદ પ્રાપ્ત કર, એનાથી તને વચનથી ન કહી શકાય એવા સુખની પ્રાપ્તિ થશે અને તે સુખને તું તે જ ક્ષણે અનુભવી શકીશ, બીજાને પૂછવું નહીં પડે. *(શ્રી સમયસાર, ગાથા ૨૦૬)*

# ૧૬ દરેક જીવાત્મા, અલગ-અલગ છે

દરેક જીવને અલગ-અલગ માને છે, તે તો સત્ય છે પરંતુ મુક્ત થયા પછી પણ તેને અલગ-અલગ માનવા યોગ્ય છે.

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૧૨૮)*

આ લોકમાં જીવાદિ પદાર્થ છે, તે ભિન્ન-ભિન્ન અનાદિ-નિધન છે, તથા તેની અવસ્થામાં પરિવર્તન થતું રહે છે. આ અપેક્ષાએ ઉત્પાદ-વ્યય કહેવામાં આવે છે.

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૧૧૦)*

એક જીવદ્રવ્ય, તેના અનંત ગુણ, અનંત પર્યાય, એક-એક ગુણના અસંખ્યાત પ્રદેશ, એક એક પ્રદેશમાં અનંત કાર્મણ-વર્ગણાઓ, એક-એક કર્મવર્ગણામાં અનંત-અનંત પુદ્ગલ પરમાણુ, એક-એક પુદ્ગલ પરમાણુમાં અનંત ગુણ-અનંત પર્યાય સહિત બિરાજમાન છે. આ એક સંસારમાં રહેલા જીવપીંડની અવસ્થા છે. આ પ્રકારે અનંત જીવદ્રવ્ય, સંસાર અવસ્થામાં પિંડસહિત જાણવા. (અને મોક્ષમાં પ્રત્યેક જીવ અલગ-અલગ અનંતગુણ અને પર્યાય સહિત પોત-પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં બિરાજમાન છે.)

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પરમાર્થ વચનિકા, પૃષ્ઠ ૧૦)*

# ૧૭ જીવનું હંમેશનું કર્તવ્ય

जीवाजीवादीनां तत्त्वार्थानां सदैव कर्तव्यम् ।
श्रद्धान विपरीताभिनिवेश विविक्तमात्मरूपं तत् ।।२२।।

અર્થ—જીવ-અજીવાદિ તત્ત્વાર્થોનું વિપરીતાભિનિવેશરહિત એટલે કે એકને બીજારૂપે સમજવારૂપ જે મિથ્યાજ્ઞાન છે, તેનાથી રહિત શ્રદ્ધાન હંમેશા કરવું તે કર્તવ્ય છે, કારણ કે તે શ્રદ્ધા જ આત્માનું સ્વરૂપ છે. *(શ્રી પુરુષાર્થસિદ્ધિયુપાય, ગાથા ૨૨)*

વિપરીતાભિનિવેશ રહિત જીવ-અજીવાદિ તત્ત્વાર્થનું શ્રદ્ધાન હમેશા કરવું યોગ્ય છે. આ શ્રદ્ધાન, આત્માનું સ્વરૂપ છે જે દર્શનમોહ ઉપાધિ દૂર થવાથી પ્રગટ થાય છે, માટે આત્માનો સ્વભાવ છે, તે ચતુર્થાદિ ગુણસ્થાનમાં પ્રગટ થાય છે, પછી સિદ્ધ અવસ્થામાં હમેશા તેનો સદ્ભાવ રહે છે—એમ જાણવું.

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૩૨૦ થી ૩૨૧)*

# ૧૮ બધા ઉપદેશનો હેતુ

સંસાર અવસ્થામાં પુણ્યના ઉદયથી ઈન્દ્ર-અહમિન્દ્રપદ પ્રાપ્ત કરે, તોપણ નિરાકુળતા થતી નથી; દુઃખી જ રહે છે, માટે સંસાર અવસ્થા હિતકારી નથી. (શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પાનું ૩૧૦)

મોક્ષ અવસ્થામાં કોઈપણ પ્રકારની આકુળતા નથી, માટે આકુળતા મટાડવાનો ઉપાય કરવાનું પણ પ્રયોજન નથી. તેઓ (સિદ્ધો) સદાકાળ શાંતરસમાં સુખી રહે છે, માટે મોક્ષ અવસ્થા જ હિતકારી છે. પહેલા પણ સંસાર અવસ્થામાં દુઃખ અને મોક્ષ અવસ્થામાં સુખનું વિશેષ વર્ણન થઈ ચૂક્યું છે. માટે તેના પ્રયોજનનો અર્થ કર્યો છે. તેનો વિચાર કરીને, મોક્ષને હિતરૂપ માનીને, મોક્ષનો ઉપાય કરવો. સર્વ ઉપદેશનો હેતુ આટલો જ છે.

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૩૧૦)*

માટે આ અવસર ચૂકવો યોગ્ય નથી. હવે સર્વ પ્રકારે અવસર આવ્યો છે, આવો અવસર પ્રાપ્ત કરવો કઠણ છે. માટે શ્રીગુરુ દયાળુ થઈને મોક્ષમાર્ગનો ઉપદેશ આપે છે તેમાં ભવ્ય જીવોએ પ્રવૃત્તિ કરવી. *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૩૧૫)*

તત્ત્વાર્થશ્રદ્ધાન કરવાનો અભિપ્રાય, કેવળ તેનો નિશ્ચય કરવામાત્ર જ નથી; અહીં અભિપ્રાય એવો છેકે જીવ-અજીવને ઓળખીને પોતાને તથા પરને જેમ છે તેમ માનવા તથા આસ્રવને ઓળખીને તેને હેય માનવા તથા બંધને ઓળખીને તેને અહિતનું કારણ માનવું, સંવરને ઓળખીને તેને ઉપાદેય માનવો, તથા નિર્જરાને ઓળખીને તેને હિતનું કારણ માનવું, તથા મોક્ષને ઓળખી

તેને પોતાનું પરમ હિતકારક માનવું—આવો તત્ત્વાર્થશ્રદ્ધાનનો અભિપ્રાય છે. *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૩૨૦)*

આશ્રય કરવાયોગ્ય એકમાત્ર પોતાનો ત્રિકાળી એક પરમશુદ્ધ પારિણામિકભાવ જ છે, તે પરમ ઉપાદેય છે, સંવર-નિર્જરા એકદેશ પ્રગટ કરવા માટે ઉપાદેય છે, મોક્ષદશા પૂર્ણ પ્રગટ કરવા માટે ઉપાદેય છે, હિતનું કારણ છે, પરમહિત છે પરંતુ આશ્રય કરવા માટે નથી. આસ્રવ-બંધ, પુણ્ય-પાપ હેય છે અને અજીવ જ્ઞેય છે.

(શ્રી નિયમસાર, ગાથા ૩૮ થી ૫૦ સુધીનો સાર)

अप्रादुर्भावः खलु रागादीनां भवत्यहिंसेति ।
तेषामेववोत्पत्तिर्हिंसेति, जिनागमस्य संक्षेपः ।।४४।।

અર્થ—હકીકતમાં રાગાદિભાવોનું પ્રગટ ન થવું તે અહિંસા છે અને રાગાદિભાવોની ઉત્પત્તિ થવી, હિંસા છે—આ જૈન સિદ્ધાંતનું ટૂંકું રહસ્ય છે. *(શ્રી પુરુષાર્થસિદ્ધિયુપાય, ગાથા-૪૪)*

જીવ જુદો છે, પુદ્‌ગલ જુદું છે, આ તત્ત્વનો સાર છે, બીજું જે કાંઈ કથન છે, તે આનો વિસ્તાર છે. *(શ્રી ઈષ્ટોપદેશ, ગાથા ૫૦)*

લાખ બાત કી બાત યહી, નિશ્ચય ઉર લાવો,
તોરિ સકલ જગ દન્દ-ફન્દ, નિત આતમ ધ્યાઓ.

*(શ્રી ઢાળા, ચોથી ઢાળ)*

નિશ્ચયધર્મ તો માત્ર વીતરાગભાવ છે, તે તો ધર્મ છે, આ જિનાગમનો સાર છે. *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૩૩)*

મિથ્યાત્વ જ સંસાર છે, સમ્યક્‌ત્વ જ મોક્ષ છે.

*(બધા શાસ્ત્રોનું રહસ્ય)*

# ૧૯ સમ્યગ્દર્શનનું લક્ષણ

વિપરીતાભિનિવેશરહિત જીવાદિકનું તત્ત્વાર્થશ્રદ્ધાન, તે સમ્યગ્દર્શનનું લક્ષણ છે. જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ—આ સાત તત્ત્વાર્થ છે. તેનું શ્રદ્ધાન એમ જ છે અન્યરૂપે નહીં—એવો પ્રતીતિભાવ, તે તત્ત્વાર્થશ્રદ્ધાન તથા વિપરીતાભિનિવેશ, જે મિથ્યા અભિપ્રાય, તેનાથી રહિત તે સમ્યગ્દર્શન છે. *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૩૧૭)*

જે તત્ત્વાર્થશ્રદ્ધાન, વિપરીતાભિનિવેશરહિત છે, તે સમ્યગ્દર્શન છે.

વિપરીતાભિનિવેશથી રહિત જીવ-અજીવાદિ તત્ત્વોનું શ્રદ્ધાન સદાય કરવા યોગ્ય છે, તે શ્રદ્ધાન, આત્માનું સ્વરૂપ છે.

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૩૨૦)*

સમ્યગ્દર્શનરૂપ શ્રદ્ધાનનું બળ એટલું છે કે કેવળી-સિદ્ધ ભગવાન, રાગાદિકરૂપે પરિણમતા નથી, સંસાર અવસ્થાને ઈચ્છતા નથી. *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૩૨૪)*

સત્ય તત્ત્વાર્થશ્રદ્ધાન, સ્વ-પરનું શ્રદ્ધાન તથા આત્મશ્રદ્ધાન ને દેવ, ગુરુ, ધર્મનું શ્રદ્ધાન, આ સમ્યક્ત્વના લક્ષણ છે, આ સર્વ-લક્ષણોમાં પરસ્પર એકતા પણ છે. *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૩૨૯)*

શ્રી અરિહંતદેવના જે ગુણ કહે છે, તેમાં કેટલાક વિશેષણ તો પુદ્ગલમિશ્રિત છે અને કેટલાક જીવાશ્રિત છે. જીવના જેમ છે તેમ વિશેષણ જાણે તો મિથ્યાદૃષ્ટિ ન રહે. *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૨૧)*

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપ મોક્ષમાર્ગ, તે મુનિનું

સાચું લક્ષણ છે, તેની ઓળખાણ થઈ જાય તો મિથ્યાત્વ ન રહે.

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૨૩)*

વીતરાગી શાસ્ત્રોમાં અનેકાંતરૂપ સાચા જીવાદિ તત્ત્વોનું નિરૂપણ છે અને સાચા રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ બતાવ્યો છે. તેનાથી જૈનશાસ્ત્રોની ઉત્કૃષ્ટતા છે, તેની ઓળખાણ થઈ જાય તો મિથ્યાદૃષ્ટિપણું રહેતું નથી. *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૨૪)*

બધા પ્રકારની પ્રસિદ્ધિને જાણીને વિપરીતાભિનિવેશરહિત જીવાદિ તત્ત્વાર્થોનું શ્રદ્ધાન તે સમ્યક્ત્વનું લક્ષણ છે.

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૩૩૨)*

જે હકીકતમાં અરિહંતદેવને દ્રવ્યરૂપથી, ગુણરૂપથી અને પર્યાયરૂપથી જાણે છે, તે હકીકતમાં આત્માને જાણે છે. તે સમય ત્રિકાળી આત્માને સમજી લેવાવાળો જીવ, ચિદ્‌વિવર્તો (પર્યાય)ને ચેતન (દ્રવ્ય)માં જ અંતર્ગત કરીને, ચૈતન્ય (ગુણ)ને ચેતન (દ્રવ્ય)માં જ અંતર્હિત કરીને, કેવળ આત્માને જાણે છે, તેનો કર્તા, કર્મ, ક્રિયાનો વિભાગ ક્ષયને પ્રાપ્ત થઈ જવાથી નિષ્ક્રિય (રાગરહિત) ચિન્માત્રભાવ (નિર્વિકલ્પદશા)ને પ્રાપ્ત થઈ જાય છે. આ સમ્યગ્દર્શન છે. આ નિર્વિકલ્પ તથા નિષ્ક્રિયદશા છે. *(શ્રી પ્રવચનસાર, ગાથા ૮૦)*

જ્ઞેય અધિકારમાં સમ્યક્ત્વની વ્યાખ્યા કરી છે–

तम्हा तस्स णमाई किच्चा णिच्चंपि तम्मणो होज्ज।
वोच्छामि संगहादो परमट्ठविणिच्छयाधिगमं ।।१।।

અર્થ : સમ્યગ્દર્શન વિના મુનિપણું હોતુ જ નથી. આ કારણે તે સમ્યક્ત્વસહિત સમ્યક્ચારિત્ર યુક્ત સાધુને નમસ્કાર કરીને નિત્ય તે સાધુઓને મનમાં સ્મરણ કરીને પરમાર્થ શુદ્ધ-બુદ્ધ એક સ્વભાવરૂપ પરમાત્મા છે, તેને વિશેષ કરીને, સંશય આદિથી રહિત નિશ્ચય કરાવાવાળા સમ્યક્ત્વને, અથવા અનેક ધર્મરૂપ પદાર્થોના

સમૂહનો અધિગમ જેનામાં હોય છે, તેને સંક્ષેપમાં કહીશ. (ત્યાં જિન પરમાત્માને, પરમાર્થ શુદ્ધ-બુદ્ધ એક સ્વભાવરૂપ છે, તેની શ્રદ્ધાને સમ્યક્ત્વ કહ્યું છે.)

*(શ્રી પ્રવચનસાર, જયસેનાચાર્ય, જ્ઞેય-અધિકારની શરૂઆતમાં)*

दर्शनमात्मविनिश्चिति એટલે કે પોતાના આત્માના શ્રદ્ધાનને સમ્યગ્દર્શન કહ્યું છે અને વિનિશ્ચિતનો અર્થ પોતાનો આત્મા કર્યો છે.

*(શ્રી પુરુષાર્થસિદ્ધિયુપાય, ગાથા-૨૧૬)*

**આ જાણી, શુદ્ધાત્મા બની, ધ્યાવે પરમ નિજ આત્મને,**
**સાકાર અણ-આકાર હો, તે મોહગ્રંથી ક્ષય કરે. ૧૯૪.**

ટીકા : આ ઉપરોક્ત (ગાથા ૧૯૨-૧૯૩) વિધિ દ્વારા શુદ્ધ આત્માને જે ધ્રુવ જાણે છે, તેમાં તેની લીનતા દ્વારા શાંતિ—આનંદરૂપ શુદ્ધાત્મતત્ત્વ પ્રાપ્ત થાય છે; માટે અનંત શક્તિવાળા ચૈતન્યમાત્ર પરમ આત્મામાં એકાગ્રસંચેતન લક્ષણ ધ્યાન થાય છે, તેમાં સાકાર ઉપયોગવાળો અને અનાકાર ઉપયોગવાળાને વિશેષરૂપથી એકાગ્ર સંચેતનની પ્રસિદ્ધિ થવાથી અનાદિ સંસારથી બંધાયેલી અતિ દૃઢ મોહની ગાંઠ છૂટી જાય છે. આ પ્રમાણે દર્શનમોહરૂપી ગાંઠને છેદવી, તે શુદ્ધાત્માની ઉપલબ્ધિનું ફળ છે.

*(શ્રી પ્રવચનસાર, ગાથા ૧૯૪ની ટીકા સહિત)*

સમ્યગ્દષ્ટિનું જ્ઞાન (૧) આનંદરૂપી અમૃતનું નિત્ય ભોજન કરવાવાળું છે. (૨) પોતાની જાણવારૂપ ક્રિયા/અવસ્થાને પ્રગટ કરવાવાળું છે. (૩) ધીર છે, (૪) ઉદાર (અર્થાત્ મહાન વિસ્તારવાળું નિશ્ચિત) છે. (૫) અનાકુળ છે (અર્થાત્ જેમાં કિંચિત્ પણ આકુળતાનું કારણ નથી) (૬) ઉપાધિરહિત છે (અર્થાત્ પરિગ્રહ અથવા જેમાં પરદ્રવ્યસંબંધી ગ્રહણ-ત્યાગ નથી.) સમ્યગ્દર્શન પ્રગટ થતાં જ અમૃતરૂપ આનંદ પ્રગટ થાય છે, તે જીવ

તેને પ્રતિસમય ભોગવે છે. *(શ્રી સમયસાર, કળશ ૧૬૩)*

જ્યારે આત્મા, જ્ઞાની થાય છે, ત્યારે જ્ઞાનના કારણ, જ્ઞાનની શરૂઆતથી (ચોથા ગુણસ્થાનથી) લઈને અલગ-અલગ સ્વાદનો અનુભવ થવાથી (પુદ્‌ગલકર્મ અને પોતાના સ્વાદને એકરૂપે નહીં, પણ ભિન્ન-ભિન્નરૂપે અનુભવ થવાથી) જેમની ભેદ સંવેદનશક્તિ પ્રગટ થઈ ગઈ છે, એવું થાય છે. માટે તે જાણે છે કે 'અનાદિ-નિધન, હંમેશા સ્વાદમાં આવવાવાળો, સમસ્ત અન્ય રસોથી (શુભાશુભભાવોથી) વિલક્ષણ (ભિન્ન), અત્યંત મધુર ચૈતન્યરસ જ એક જેનો (અનાકુળતા) રસ છે, તે આત્મા છે, અને કષાયો (શુભાશુભભાવ) તેનાથી (આત્માથી) ભિન્ન રસવાળા છે, તેમની સાથે (શુભાશુભ અને આત્મામાં) જે એકત્વનો વિકલ્પ કરે છે, તે અજ્ઞાનથી છે.'

આ પ્રમાણે પરને (શુભાશુભભાવને) અને પોતાને ભિન્નરૂપ જાણે છે; માટે અકૃત્રિમ (નિત્ય) એક જ્ઞાન તે જ હું છું, પણ કૃત્રિમ (અનિત્ય) અનેક જે ક્રોધાદિક છે, તે હું નથી—એમ જાણતો થકો 'હું ક્રોધ છું આદિ આત્મવિકલ્પ પણ કિંચિત્‌માત્ર પણ કરતો નથી' માટે સમસ્ત (દ્રવ્યકર્મ, નોકર્મ, ભાવકર્મ)ના કર્તવ્યને છોડી દે છે, તેથી હમેશા ઉદાસીન (નિર્વિકલ્પ) અવસ્થાવાળો થતો થકો, માત્ર જાણતો જ રહે છે. અને નિર્વિકલ્પ, અકૃત્રિમ એક વિજ્ઞાનઘન થતો થકો અત્યંત અકર્તા પ્રતિભાસે છે. *(શ્રી સમયસાર, ગાથા ૯૭ની ટીકા)*

જ્યારે આ આત્મા જિનઆજ્ઞા દ્વારા માર્ગને પ્રાપ્ત કરીને ઉપશાંત ક્ષીણમોહપણાને કારણે (દર્શનમોહના ઉપશમ, ક્ષય, ક્ષયોપશમને કારણે) જેને વિપરીતાભિનિવેશ નષ્ટ થઈ જવાથી, સમ્યગ્જ્ઞાન જ્યોતિ પ્રગટ થઈ છે, એવો થતો થકો કર્તૃત્વ અને ભોક્તૃત્વના અધિકારને સમાપ્ત કરીને, સમ્યક્‌રૂપથી પ્રગટ પ્રભુત્વ-શક્તિવાન થતો થકો, જ્ઞાનનું જ અનુસરણ કરવાવાળા માર્ગમાં

વિચરણ કરે છે, (પ્રવર્તે છે, પરિણમિત થાય છે, આચરણ કરે છે) ત્યારે તે વિશુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિરૂપ અપવર્ગનગરને (મોક્ષપુરીને) પ્રાપ્ત કરે છે. *(શ્રી પંચાસ્તિકાય, ગાથા ૭૦ની ટીકામાંથી)*

(અહીં ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાથી જીવ જિનઆજ્ઞા દ્વારા માર્ગને પ્રાપ્ત થયો થકો, અર્થાત્ ચોથા ગુણસ્થાનથી માર્ગ પ્રાપ્ત કરતો થકો, જેમ-જેમ પોતાના સ્વભાવની એકાગ્રતા કરતો જાય છે તેમ-તેમ શ્રાવક-મુનિ, શ્રેણી, સિદ્ધદશાને પ્રાપ્ત કરી લે છે, કારણ કે તેની સમ્યગ્જ્ઞાન જ્યોતિ પ્રગટ થઈ ગઈ છે.)

આમ દર્શનમોહના અભાવથી સત્યાર્થશ્રદ્ધાન, સત્યાર્થજ્ઞાન પ્રગટ થાય છે, અને અનંતાનુબંધીના અભાવથી સ્વરૂપાચરણ-ચારિત્ર, સમ્યગ્દૃષ્ટિને પ્રગટ હોય છે. જો કે અપ્રત્યાખ્યાનાવરણના ઉદયથી દેશચારિત્ર પ્રગટ્યું નથી અને પ્રત્યાખ્યાનાવરણના ઉદયથી સકલચારિત્ર પ્રગટ થયું નથી. છતાં પણ સમ્યગ્દૃષ્ટિને દેહાદિક પરદ્રવ્ય તથા રાગદ્વેષ આદિ કર્મજનિત પરભાવ, આ બધામાં દૃઢ ભેદવિજ્ઞાન એવું થયું છે કે જે પોતાના જ્ઞાન-દર્શનરૂપ જ્ઞાનસ્વભાવમાં જ આત્મબુદ્ધિ ધારણ કરી છે તથા પર્યાયમાં આત્મબુદ્ધિ સ્વપ્નમાં પણ નહીં થવાથી, તે હવે એમ ચિંતવન કરે છે, હે આત્મન્ ! આઠ પ્રકારના સ્પર્શ....આ સમસ્ત કર્મનો ઉદયજનિત વિકાર છે; મારું સ્વરૂપ તો જ્ઞાતા-દૃષ્ટા છે.

*(શ્રી રત્નકરંડશ્રાવકાચાર, ગાથા ૪૧ની ટીકા)*

સ્વસંવેદનજ્ઞાન પ્રથમ અવસ્થામાં ચોથા, પાંચમાં ગુણસ્થાનવાળા ગૃહસ્થને પણ થાય છે. અહીં સરાગ જોવામાં આવે છે, માટે રાગસહિત અવસ્થાના નિષેધ માટે, વીતરાગ સ્વસંવેદન-જ્ઞાન ચોથા-પાંચમાં ગુણસ્થાનવાળાને પ્રગટ થયું છે.

*(શ્રી પરમાત્મપ્રકાશ, ગાથા ૧૨ની ટીકા)*

મિથ્યાત્વ તથા રાગ આદિને જીતવાને કારણે અસંયત સમ્યગ્દષ્ટિ આદિ એકદેશ જિન છે. *(શ્રી બૃહદ્ દ્રવ્યસંગ્રહ, ગાથા ૧ ટીકા)*

સ્વાભાવિક અનંત જ્ઞાન આદિ અનંત ગુણના આધારભૂત નિજ પરમાત્મદ્રવ્ય ઉપાદેય છે તથા ઈન્દ્રિયસુખ આદિ (દ્રવ્યકર્મ, નોકર્મ, ભાવકર્મ) પરદ્રવ્ય ત્યાજ્ય છે. આ પ્રમાણે સર્વજ્ઞદેવપ્રણિત નિશ્ચય-વ્યવહારનયને સાધ્ય-સાધકભાવથી જાણે છે... તે અવિરત સમ્યગ્દષ્ટિ ચોથા ગુણસ્થાનવર્તીનું લક્ષણ છે.

*(શ્રી બૃહદ્દ્રવ્યસંગ્રહ, ગાથા ૧૩ની ટીકા)*

'जीवादि सद्दहणं सम्मत्त' વીતરાગ-સર્વજ્ઞદેવ દ્વારા કહેવાયેલા શુદ્ધ જીવ આદિ તત્ત્વોમાં ચલ, મલિન, અવગાઢ દોષ રહિત શ્રદ્ધા, રુચિ અથવા 'જે જિનેન્દ્ર ભગવાને કહ્યું તે જ છે, જે પ્રકારે જિનેન્દ્ર ભગવાને કહ્યું, તે જ પ્રકારે છે'—એવી નિશ્ચયરૂપ બુદ્ધિ (નિર્ણયરૂપ જ્ઞાન) સમ્યગ્દર્શન, આત્માનું પરિણામ છે.

*(શ્રીબૃહદ્ દ્રવ્યસંગ્રહ, ગાથા ૪૧ની ટીકા)*

મિથ્યાત્વાદિ સાત પ્રકૃતિઓનો ઉપશમ થવાથી, અથવા અધ્યાત્મભાષા અનુસાર નિજ શુદ્ધ આત્માના સન્મુખ પરિણામ હોવાથી શુદ્ધ આત્મભાવનાથી ઉત્પન્ન યથાર્થ સુખરૂપી અમૃતને ઉપાદેય કરીને, સંસાર-શરીર અને ભોગમાં જે હેયબુદ્ધિ છે, તે સમ્યગ્દર્શનથી શુદ્ધ છે, તે ચોથા ગુણસ્થાનવાળો વ્રતરહિત દાર્શનિક છે. *(શ્રીબૃહદ દ્રવ્યસંગ્રહ, ગાથા ૪૫ની ટીકા)*

વ્યવહારનય અભૂતાર્થ છે અને શુદ્ધનય ભૂતાર્થ છે—એમ ઋષિશ્વરોએ બતાવ્યું છે. જે જીવ ભૂતાર્થનો આશ્રય લે છે, તે જીવ નિશ્ચયથી સમ્યગ્દષ્ટિ છે. *(શ્રી સમયસાર ગાથા ૧૧)*

# ૨૦ જીવને સમ્યક્ત્વ શા માટે નથી ?

જીવને દ્રવ્યકર્મ, નોકર્મથી તો કોઈ પ્રકારનો સંબંધ નથી પરંતુ અનાદિથી અજ્ઞાની જીવ એક-એક સમય કરીને કર્મકૃત શુભાશુભભાવ કે જે પોતાની સાથે એકમેક નથી, અલગ છે તોપણ તેની સાથે એકત્વ કરે છે, માટે સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી નથી.

एवमयं कर्मकृतैर्भावैरसमाहितोऽपि युक्त इव ।
प्रतिभाति बालिशानां प्रतिभासः स खलु भवबीजम् ।।१४।।

અર્થ : જે પ્રકારે આ આત્મા, કર્મકૃત ભાવોથી (જેમાં કર્મનો ઉદય છે નિમિત્ત જેમાં એવા દયા, દાન, પૂજા, યાત્રા આદિ વિભાવ-ભાવોથી) સંયુકત ન હોવા છતાં (સ્વભાવ અને વિભાવમાં તાદાત્મ્ય ન હોવા છતાં, એક દ્રવ્ય ન બની જવા છતાં પણ, પારિણામિક અને વિભાવભાવ એક ન થવા છતાં પણ) સંયુકત જેવા (એક દ્રવ્ય જેવા) પ્રતિભાસિત થાય છે, તે જ નિશ્ચયથી સંસારનું બીજ છે. અર્થાત્ ધ્રુવસ્વભાવ અને ક્ષણિક વિભાવની એક માન્યતાને જ મિથ્યાત્વ કહે છે. આ મિથ્યાત્વનું સાચું લક્ષણ છે. *(શ્રી પુરુષાર્થસિદ્ધિયુપાય, ગાથા-૧૪)*

જેને સંયોગસિદ્ધ સંબંધ છે—એવા આત્મા અને ક્રોધાદિ આસ્રવોમાં ભેદજ્ઞાન નહીં હોવાથી સમ્યક્ત્વ પ્રાપ્ત થતું નથી.

*(શ્રી સમયસાર, ગાથા ૬૯-૭૦નો સાર)*

સ્વ-પરનો વિવેક ન હોવાથી સમ્યક્ત્વ થતું નથી.

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૪૬)*

જીવાદિ સાતતત્ત્વ જે પ્રયોજનભૂત છે, તેની ઉંધી શ્રદ્ધાવાળાને સમ્યક્ત્વ થતું નથી. *(શ્રી છઢાળા, બીજી ઢાળ)*

પોતાના આત્માને છોડીને અનંત આત્માઓ, અનંતાનંત પુદ્‌ગલો, ધર્મ-અધર્મ-આકાશ એક-એક, લોકપ્રમાણ અસંખ્યાત કાળદ્રવ્ય તથા શુભાશુભભાવોની સાથે એકત્વબુદ્ધિ, એકત્વનું જ્ઞાન, એકત્વનું આચરણ થવાથી સમ્યક્‌ત્વની પ્રાપ્તિ થતી નથી.

# ૨૧ વસ્તુનું પરિણમન બાહ્ય કારણોથી નિરપેક્ષ

શાસ્ત્રોનો અભ્યાસી એવો મિથ્યાદષ્ટિ કહે છે કે કર્મના ઉદયથી વિકાર થાય છે અને જીવ, વિકાર કરે તો નવો બંધ થાય છે. વિકાર સ્વતંત્ર છે અને કર્મનો ઉદય-ઉપશમાદિ સ્વતંત્ર છે—આ વાત તમે ક્યાંથી કાઢી?– એવા અજ્ઞાનીને સમજાવવા માટે શ્રી વીરસેનસ્વામીએ જયધવલા, પુસ્તક સાત, પૃષ્ઠ ૧૭૭ની શરૂઆતમાં લખ્યું છે કે –'बज्झ कारण निरपेक्खो वत्थु परिणामो' અર્થાત્ વસ્તુનું પરિણમન બાહ્ય કારણોથી નિરપેક્ષ થાય છે.

આચાર્ય ભગવાને આ કથન વિકારી પરિણામોના સંબંધમાં કર્યું છે કારણ કે જીવ પોતાના દોષથી અજ્ઞાની રહે છે—આવું હોવા છતાં પણ પોતાના દોષ બાહ્ય કારણો ઉપર લગાડે છે.

બધા દ્રવ્યોની પ્રત્યેક પર્યાયમાં આ છ કારક એક સાથે વર્તે છે; માટે આત્મા અને પુદ્‌ગલ, શુદ્ધદશામાં અથવા અશુદ્ધદશામાં સ્વયં છએ કારકરૂપ પરિણમન કરે છે અને બીજા કારકોની (નિમિત્ત-કારકોની) અપેક્ષા રાખતા નથી.

*(શ્રી પંચાસ્તિકાય, ગાથા, ૬૨ની ટીકા સહિત)*

નિશ્ચયથી પરની સાથે આત્માનો કારકપણાનો સંબંધ નથી કે જેનાથી શુદ્ધાત્મસ્વભાવની પ્રાપ્તિ માટેની સામગ્રી (બાહ્ય સાધન)ને શોધવાની વ્યગ્રતાથી જીવ (નકામો) પરતંત્ર થાય છે.

*(શ્રી પ્રવચનસાર, ગાથા ૧૬ની ટીકા)*

અજ્ઞાની જીવને સમજાવવા માટે આચાર્યદેવ ઉપદેશ આપે છે કે રાગ-દ્વેષની ઉત્પત્તિ અજ્ઞાનથી આત્મામાં થાય છે અને તે

આત્માના અશુદ્ધ પરિણામ છે. માટે અજ્ઞાનનો નાશ કરો, સમ્યગ્જ્ઞાન પ્રગટ કરો. આત્મા જ્ઞાનસ્વરૂપ છે—એવો અનુભવ કરો, પરદ્રવ્યને રાગ-દ્વેષનો ઉત્પન્ન કરવાવાળા માનીને, તેના ઉપર દ્વેષ ન કરો. *(શ્રી સમયસાર કળશ, ૨૨૦નો ભાવાર્થ)*

વાસ્તવમાં કોઈ પણ પર્યાય, ભલે તે વિકારી હોય કે અવિકારી હોય, તે નિરપેક્ષ છે, તેનું બીજું કાંઈ કારણ નથી. કેમકે કોઈપણ પર્યાયનો ભૂતકાળની પર્યાયથી તથા ભવિષ્યની પર્યાયથી સંબંધ નથી, ત્યારે તે પર્યાયને અન્ય દ્રવ્ય કરે, આ વાત ક્યાંથી આવી? અજ્ઞાનતાથી આવી છે.

# ૨૨ વાસનાના પ્રકાર

જે પ્રતીતિ કરવામાં આવે છે તે ઈન્દ્રિયજનિત સુખ-દુઃખ છે. પ્રશ્ન – કેવી રીતે છે? ઉત્તર – તે કેવળ વાસનામાત્ર છે. જીવને (દેહાદિ પદાર્થો) ઉપકારક તથા અપકારક નહીં હોવાથી પરમાર્થથી દેહાદિ (પદાર્થ) વિષે તે ઉપેક્ષા કરવાયોગ્ય છે. તેમાં તત્ત્વજ્ઞાનનો અભાવ હોવાથી 'તે મને ઉપકારક હોવાથી ઈષ્ટ છે અને અપકારક હોવાથી અનિષ્ટ છે'–એવા વિભ્રમથી ઉત્પન્ન થતાં સંસ્કાર, તે વાસના છે. તે (વાસના, ઈષ્ટ-અનિષ્ટ પદાર્થોના અનુભવ પછી ઉત્પન્ન થતું સ્વ-સંવેદ્ય અભિમાનયુક્ત પરિણામ છે. તે વાસના માત્ર જ છે, સ્વભાવિક આત્માનું સ્વરૂપ નથી.) (નોંધ : આ સ્વસંવેદ્ય અભિમાનયુક્ત પરિણામને મિથ્યાત્વપૂર્વકનું અનંતાનુબંધી માન કહેવામાં આવ્યું છે. આ વાસનાનો અભાવ, સમ્યગ્દર્શન થવાથી જ થાય છે.) *(શ્રી ઈષ્ટોપદેશ, ગાથા ૬ની ટીકામાંથી)*

.... પણ જ્યારે દ્રવ્યને દ્રવ્ય પ્રાપ્ત કરવામાં આવે (અર્થાત્, દ્રવ્યને પ્રાપ્ત કરે છે, પહોંચે છે–એવું દ્રવ્યાર્થિકનયથી કહેવામાં આવે છે, ત્યારે બધી જ ગુણવાસનાનો ઉન્માદ આથમી જાય છે–એવા જીવને 'શુક્લ વસ્ત્ર જ છે' વગેરેની જેમ, એવું દ્રવ્ય જ છે–એમ બધા જ અતદ્ભાવિક ભેદ નિમગ્ન થાય છે. રાગ-દ્વેષ-મોહની વાસના અનાદિથી એક-એક સમય કરીને છે.(નોંધ–અહીં ગુણ-ગુણીના ભેદની વાસનાનો ઉન્મેશ કહેવામાં આવ્યો છે, કારણ કે ભેદથી પણ રાગ ઉત્પન્ન થાય છે.

*(શ્રી પ્રવચનસાર, ગાથા ૯૮ની ટીકામાંથી)*

જે જીવોને તત્ત્વજ્ઞાન નથી, તે યથાર્થ આચરણ કરતાં નથી.

અહીં વિશેષ બતાવ્યું છે—કેટલાય જીવ પહેલા તો પ્રતિજ્ઞા ધારણ કરી બેસે છે, પરંતુ અંતરંગમાં વિષય-કષાય વાસના નાશ પામી નથી. માટે જેમ-તેમ પ્રતિજ્ઞા પૂરી કરવા માગે છે. ત્યાં તે પ્રતિજ્ઞાથી પરિણામ દુઃખી થાય છે. જેમ—કોઈ ઘણા ઉપવાસ કરી બેસે છે પછી પીડા થવાથી દુઃખી થઈને, રોગીની જેમ કાળ વ્યતીત કરે છે, ધર્મ-સાધન કરતો નથી. માટે પ્રથમ યથાશક્તિ મુજબ પ્રતિજ્ઞા કેમ ન લેવી? દુઃખી થવાથી તો આર્તધ્યાન થાય, તેનું ફળ સારું કેમ આવે ? વિષય વાસના તો નહોતી છૂટી, તો આવી પ્રતિજ્ઞા શા માટે લીધી ? કારણ કે ત્યાં તો ઉલટા રાગભાવ તીવ્ર થાય છે. (નોંધ – અહીંયા જીવને વિષયવાસના અને કષાયવાસના અનાદિથી એક-એક સમય કરીને ચાલી આવે છે—એમ બતાવ્યું છે. સમ્યગ્દર્શન વગર આ વાસનાનો અભાવ થઈ શકતો નથી.) *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૩૮-૨૩૯)*

દેવગતિમાં વિષયવાસના અને કષાયવાસના પણ હોય છે.

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૩૧૭)*

પ્રતિજ્ઞા પ્રત્યે આદરભાવ હોય, પરિણામમાં વૃદ્ધિ થતી રહે—એવી જિનધર્મની પરંપરા (આમ્નાય) છે.

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૩૯)*

કોઈએ પ્રતિજ્ઞા વડે વિષય પ્રવૃત્તિને રોકી રાખી હતી, અંતરંગ આસક્તિ વધતી ગઈ અને પ્રતિજ્ઞા પૂર્ણ થતાં જ વિષયપ્રવૃત્તિમાં થવા લાગી, માટે પ્રતિજ્ઞાકાળમાં વિષયવાસના મટી નથી. હવે, પ્રતિજ્ઞા પૂર્વે કે પછી અધિક રાગ કર્યો તેનું ફળ તો રાગના નાશ કરવાથી જ થશે, માટે જેટલી વિરક્તિ થઈ શકે તેટલી જ પ્રતિજ્ઞા કરવી.

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૪૦)*

ભાવશુદ્ધિ વગર ગૃહસ્થપણું છોડે તો મુનિપણું કેવી રીતે થઈ શકે? તેનું ફળ સારું કેમ મળે? કદાપિ નહીં. તેને શુભભાવની

વાસના નાશ પામતી નથી. મુનિલિંગનો વેશ ધારણ કરીને પોતે લગ્ન ન કરે, તો પણ ગૃહસ્થોને વિવાહ આદિની વાતો બતાવે, સંબંધ કરાવે, બેટરી આદિ રાખે, જીવ-હિંસા પોતે કરે અને ગૃહસ્થની પાસેથી કરાવે તે પાપી થઈને નરકમાં જાય છે. *(શ્રી લિંગપાહુડ, ગાથા ૯)*

.... પણ અલ્પ પરિગ્રહના ગ્રહણનું ફળ નિગોદ કહ્યું છે, તો એવા પાપોનું ફળ અનંત સંસાર જ થશે.

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૭૯)*

સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યા વગર, વિષય અને કષાયની વાસનાનો અભાવ થતો નથી; માટે પ્રથમ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું પાત્ર જીવનું કર્તવ્ય છે.

# ૨૩ અંતરંગ શ્રદ્ધા અને તેનું ફળ કેવળજ્ઞાન

(અ) કર્મોદયજનિત શુભાશુભરૂપ કાર્ય કરતો થકો તે રૂપ પરિણમિત થતો હોય તોપણ અંતરંગમાં એવું શ્રદ્ધાન છે કે આ કાર્ય મારું નથી. આ શરીર આશ્રિત વ્રત-સંયમને પણ પોતાના માને તો મિથ્યાદૃષ્ટિ થાય છે. *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, ચિઠ્ઠી-પૃષ્ઠ ૨)*

(આ) જે જ્ઞાન, મતિ, શ્રુતરૂપ થઈ પ્રવર્તે છે, તે જ્ઞાન આગળ વધતા કેવળજ્ઞાનરૂપ થઈ જાય છે.

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, ચિઠ્ઠી-પૃષ્ઠ ૨)*

(ઇ) (૧) નિર્વિકલ્પદશામાં કેવળ આત્માને જ જાણે છે, એક તો આ વિશેષતા છે.

(૨) માત્ર સ્વરૂપથી જ તાદાત્મ્યરૂપ થઈને પ્રવૃત્ત થયો, આ બીજી વિશેષતા છે.

(૩) આવી વિશેષતા થવાથી કોઈ વચનાતીત એવો અપૂર્વ આનંદ થાય છે, જે વિષય સેવનમાં તે પ્રકારનો અંશ પણ નથી, માટે તે આનંદને અતીન્દ્રિય કહે છે. *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, ચિઠ્ઠી-પૃષ્ઠ ૬-૭)*

(ઈ) ભલું આ છે કે ચૈતન્યસ્વરૂપના અનુભવમાં ઉદ્યમી રહેવું. *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, ચિઠ્ઠી-પૃષ્ઠ ૯)*

સમ્યગ્દૃષ્ટિને સ્વ-પરમાં સંશય, વિમોહ, વિભ્રમ નથી પણ સત્ય દૃષ્ટિ છે, માટે સમ્યગ્દૃષ્ટિ જીવ, અંતર્દૃષ્ટિથી મોક્ષપદ્ધતિની સાધના જાણે છે. બાહ્યભાવને બાહ્ય નિમિત્તરૂપ માને છે, તે નિમિત્ત અનેક છે, એક નથી. અંતર્દૃષ્ટિના પ્રમાણમાં મોક્ષમાર્ગ સાધે અને સમ્યગ્જ્ઞાન, સ્વરૂપાચરણનો અંશ પ્રગટે તો મોક્ષમાર્ગ સાચો છે.

મોક્ષમાર્ગની સાધના તે વ્યવહાર; જ્યારે શુદ્ધદ્રવ્ય—અક્રિયારૂપ તે નિશ્ચય. આ પ્રકારે નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ સમ્યગ્દૃષ્ટિ જાણે છે, મૂઢજીવ તે જાણતો નથી અને માનતો નથી.

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પરમાર્થ-વચનિકા, પૃષ્ઠ ૧૩-૧૪)*

(૭) સમ્યગ્દર્શન થવાથી નિયમથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે, ભલે વાર લાગે, પરંતુ તેની અંતરંગ શ્રદ્ધા સાચી છે કે જેનું ફળ કેવળજ્ઞાન છે. સમ્યગ્દૃષ્ટિના જ્ઞાનમાં અને કેવળજ્ઞાનના જાણવામાં તફાવત નથી; માત્ર પ્રત્યક્ષ-પરોક્ષનો ભેદ છે.

# ૨૪ મૂઢતાના પ્રકાર

૧. દેવમૂઢતા, ૨. ગુરુમૂઢતા, ૩. લોકમૂઢતા

(અ) આપ્ત, આગમ અને પદાર્થોમાં જે જીવને શ્રદ્ધા ઉત્પન્ન થઈ નથી તેનું ચિત્ત ત્રણ મૂઢતાઓથી વ્યાપ્ત છે, તેને સંયમની ઉત્પત્તિ થઈ શકતી નથી. *(શ્રી ધવલા પુસ્તક ૧, પૃષ્ઠ ૧૭૭)*

(આ) ત્રણ મૂઢતાથી રહિત સમ્યગ્દર્શન ઉત્તમ તિલક સમાન શોભાયમાન છે. *(શ્રી ધવલા પુસ્તક ૧, પૃષ્ઠ ૬)*

(ઇ) ત્રણ મૂઢતાથી રહિત અમૂઢદૃષ્ટિ કહેવાય છે. તેની વ્યાખ્યા—કારણ કે સમ્યગ્દૃષ્ટિને ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયતાને કારણે બધા ભાવોમાં મોહનો અભાવ હોવાથી, તે અમૂઢદૃષ્ટિ છે.
*(શ્રી સમયસાર, ગાથા ૨૩૨ની ટીકામાંથી)*

(ઈ) હવે, ત્રણ પ્રકારની મૂઢતા છે, તે સમ્યક્ત્વનો ઘાત કરવાવાળી છે, માટે ત્રણ પ્રકારની મૂઢતાનું સ્વરૂપ જાણીને સમ્યગ્દર્શનને શુદ્ધ કરવું યોગ્ય છે. *(રત્નકરંડશ્રાવકાચાર, શ્લોક ૨૨ ઉપરનું હેડિંગ, પૃષ્ઠ ૨૨)*

**પ્રશ્ન —લોકમૂઢતા શું છે ?**

**ઉત્તર —**જે મૂર્ખે તત્ત્વજ્ઞાન જાણ્યા વગર નિશ્ચયરૂપ દ્રવ્ય જોયું નથી, જ્ઞાનરૂપ સમુદ્ર જોયો નથી અને સમતારૂપી નદી જોઈ નથી, તે ગંગા આદિ તીર્થસ્થાનોમાં દોડતો ફરે છે. અનેક પ્રવૃત્તિમાં દયા, દાન, પૂજા, ભક્તિમાં ધર્મ માને છે, પવિત્ર થવા કેટલાય વેષધારી અનેક ક્રિયાકાંડ, હોમ-હવન આદિ કરાવીને કલ્યાણ થવાનું બતાવે છે, કેટલાક સ્નાન કરીને રસોઈ બનાવવી, સ્નાન કરીને જમવું તથા શુદ્ધ વસ્ત્ર પહેરીને જમવામાં પોતાની પવિત્રતા-શુદ્ધતા માને છે,

પરમધર્મ માને છે પરંતુ મિથ્યાત્વના ઉદયથી આ બધી લોકમૂઢતા છે. *(શ્રી રત્નકરંડશ્રાવકાચાર, ગાથા ૨૩ની ટીકા)*

**પ્રશ્ન —દેવમૂઢતા શું છે?**

**ઉત્તર** —સંસારી જીવ આ લોકમાં રાજ્ય-સંપદા, સ્ત્રી-પુરુષ, આભૂષણ, ધન-ઐશ્વર્યની ઈચ્છા સહિત વ્યંતર-ક્ષેત્રપાલ આદિને પોતાના સહાયક માને છે તથા સાંસારિક સંપદા માટે જિનેન્દ્રની ભક્તિથી લૌકિકપદની ઈચ્છા કરે છે તથા પદ્માવતી દેવીની પૂજા કરે છે. માટે એવો નિશ્ચય જાણવો કે જે અનેક દેવ-દેવીની આરાધના કરે છે, પૂજે છે, તેને દેવમૂઢતા કહે છે.

*(શ્રી રત્નકરંડશ્રાવકાચાર, ગાથા-૨૩ ટીકા)*

**પ્રશ્ન —ગુરુમૂઢતા શું છે?**

**ઉત્તર** —જિનેન્દ્રના શ્રદ્ધાન-જ્ઞાનથી રહિત હોય, અનેક પ્રકારના ખોટા વેષ ધારણ કરીને, પોતાને ઊંચો માને, જગતના જીવોથી પોતાની પૂજા-વંદના કરાવવાની ઈચ્છા રાખે, પોતાને આચાર્ય, પૂજ્ય, ધર્માત્મા કહેવડાવતો રાગી-દ્વેષી થતો પ્રવર્તે છે. (શુભભાવથી, નિમિત્તથી ભલું થાય છે, કર્મના ચક્કર કપાય છે તથા શુભભાવ કરો અને શુભભાવ કરતાં-કરતાં ધર્મ થઈ જશે.) મુનિ-સાધુ નામ ધારણ કરતો મંત્ર, જપ, હોમ-હવન આદિ નિંદાને યોગ્ય આચરણ કરે છે, તે પાખંડી છે. જે તે પાખંડીઓના વચન પ્રમાણ કરીને તેમનો સત્કાર કરે છે, તે બધી ગુરુમૂઢતા છે. માટે મિથ્યાત્વાદિક મેલનો નાશ કરવાવાળો જે સ્વ-પરના ભેદને જાણવાવાળો વિવેક છે, તેનું શ્રદ્ધાન-જ્ઞાન-ચારિત્રરૂપ પરિણમન કરવું જોઈએ. *(શ્રી રત્નકરંડશ્રાવકાચાર, ગાથા ૨૪માંથી)*

કુગુરુ સેવા, કુદેવ સેવા તથા કુધર્મની સેવા, આ ત્રણ પણ સમ્યક્ત્વની મૂઢતાના દોષ છે. *(છઢાળા, ત્રીજી ઢાળ)*

# ૨૫ હેય-જ્ઞેય-ઉપાદેય

ઉપદેશમાં કોઈ ઉપાદેય, કોઈ હેય તથા કોઈ જ્ઞેય, આ રીતે તત્ત્વોનું નિરુપણ કરવામાં આવે છે, ત્યાં ઉપાદેય-હેય તત્ત્વોની પરીક્ષા કરી લેવી. કારણ કે તેમનામાં અન્યથાપણું હોવાથી પોતાનું અહિત થાય છે. ઉપાદેયને હેય માની લે અને હેયને ઉપાદેય માની લેશે તો તેનું અહિત થશે. *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૫૯)*

હેય-ઉપાદેયના વિવેકનું ફળ, સર્વજ્ઞથી સ્વયં જાણેલું હોવાથી, તે સર્વ પ્રકારથી અબાધિત છે. એવો શબ્દ, પ્રમાણને પ્રાપ્ત કરી રમણ કરવાથી, તેના સંસ્કારથી વિશિષ્ટ સંવેદન શક્તિરૂપ સંપત્તિ (સમ્યગ્દર્શન) પ્રગટ થાય છે. *(શ્રી પ્રવચનસાર, ગાથા ૮૬ની ટીકા)*

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પરિણતિ થઈ, તે આત્મતત્ત્વમાં એકાગ્રતા છે. *(શ્રી પ્રવચનસાર, ગાથા ૨૩૨ની ટીકામાંથી)*

આ અમૂર્તિક આત્મા, તે હું છું અને આ સમાન ક્ષેત્રાવગાહી શરીરાદિક (દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ) તે પર છે તથા આ ઉપયોગ તે હું છું અને આ ઉપયોગમિશ્રિત મોહ-રાગ-દ્વેષભાવ, તે પર છે—એવું સ્વ-પરનું ભેદજ્ઞાન થાય છે તથા આગમ-ઉપદેશપૂર્વક સ્વાનુભવ થવાથી 'હું જ્ઞાનસ્વભાવી એક પરમાત્મા છું'—એમ પરમાત્માનું જ્ઞાન થાય છે.

*(શ્રી પ્રવચનસાર, ગાથા ૨૩૩ના ભાવાર્થમાંથી)*

દ્રવ્યાર્થિકનય તો એક સદાય અનુત્પન્ન અને અવિનષ્ટ સ્વભાવ છે. તે સ્વભાવ સદાકાળ સ્થિત(કાયમ) રહે છે—એવું જ્ઞાન

થયા વગર તે સ્વભાવનું અવલંબન, જીવ લઈ શકતો નથી. માટે હેય-ઉપાદેયની વિવેકદૃષ્ટિ થવાથી તેનું અવલંબન લઈ શકાય છે અને પર્યાયાર્થિકનયનો વિષય કે જે બાહ્ય સ્થિતરૂપ છે; માટે તેનું અવલંબન છોડી શકાય છે.

## ૨૬ જ્ઞાન જ આત્મા

દ્વાદશાંગનું નામ આત્મા છે, કારણ કે તે આત્માના પરિણામ છે અને પરિણામ, પરિણામીથી ભિન્ન હોતા નથી, કારણ કે માટીના દ્રવ્યથી અલગ ઘડા આદિ પર્યાય થઈ શકતી નથી.

શંકા – દ્રવ્યશ્રુત અને ભાવશ્રુત આ બંને આગમસામાન્યની અપેક્ષા સમાન છે, માટે જે પ્રકારે ભાવસ્વરૂપ દ્વાદશાંગને 'આત્મા' માન્યો છે, તે પ્રકારે દ્રવ્યશ્રુતને પણ આત્મા માનવાનો પ્રસંગ આવશે?

સમાધાન – ના. કારણ કે તે દ્રવ્યશ્રુત આત્માનો ધર્મ નથી. તેને જે આગમસંજ્ઞા પ્રાપ્ત છે, તે ઉપચારથી પ્રાપ્ત છે; હકીકતમાં તે આગમ નથી. *(શ્રી ધવલા, પુસ્તક ૧૩, પૃષ્ઠ ૨૮૨-૨૮૩)*

(અ) શ્રુતજ્ઞાન સ્વયં આત્મા જ છે. માટે જ્ઞાનની અનુભૂતિ જ આત્માની અનુભૂતિ છે. *(શ્રી સમયસાર, ગાથા ૧૫ ની ટીકા, પૃષ્ઠ ૪૩)*

(ક) પહેલું તો આત્માનું પરિણમન વાસ્તવમાં આત્મા પોતે જ છે, કારણ કે પરિણામી, પરિણામથી અભિન્ન છે.

*(શ્રી પ્રવચનસાર, ગાથા ૧૨૨ની ટીકામાંથી)*

(ખ) પૌદ્‌ગલિક શબ્દબ્રહ્મ, તેમની જ્ઞપ્તિ (શબ્દબ્રહ્મને જાણવાવાળી જ્ઞાનક્રિયા), તે જ્ઞાન છે. શ્રુત (સૂત્ર) તે તેનું (જ્ઞાનનું) કારણ હોવાથી જ્ઞાન તરીકે ઉપચારથી કહેવામાં આવે છે. જેમ અન્નને પ્રાણ કહે છે. (તેમ, શબ્દબ્રહ્મને જ્ઞાન કહે છે, તે છે નહીં, નિમિત્તાદિકની અપેક્ષાએ કથન છે.)

*(શ્રી પ્રવચનસાર, ગાથા ૩૪ની ટીકામાંથી)*

# ૨૭ મહિમાવંત સમ્યક્ત્વ

તત્ત્વાર્થશ્રદ્ધાનનું નામ સમ્યગ્દર્શન છે. અથવા તત્ત્વની રુચિ થવી તે જ સમ્યક્ત્વ છે. અથવા પ્રશમ, સંવેગ, અનુકંપા અને આસ્તિક્યની અભિવ્યક્તિ જેનું લક્ષણ છે, તે સમ્યક્ત્વ છે.

*(શ્રી ધવલા પુસ્તક ૭, પૃષ્ઠ ૭, શ્રી ધવલા પુસ્તક-૧૦, પૃષ્ઠ ૧૧૫)*

**પ્રશમ=**અનંતાનુબંધી કષાયના અભાવપૂર્વક બાકી કષાયોનું અંશરૂપથી મંદ થવું. *(શ્રી પંચાધ્યાયી, ગાથા ૪૨૮)*

**સંવેગ=**સંસારના ભય અને ધર્મ તથા ધર્મના કાર્યોમાં પરમ ઉત્સાહ થવો, સાધર્મી અને પંચ પરમેષ્ઠી પ્રત્યે પ્રીતિ થવી.

**અનુકંપા=**પ્રાણીમાત્ર ઉપર દયાભાવ.

**આસ્તિક્ય=**પુણ્ય-પાપ તથા પરમાત્માનો વિશ્વાસ.

સમ્યક્ત્વની ઉત્પત્તિ જ મોક્ષનું કારણ છે.

તે ગુણશ્રેણીરૂપ નિર્જરાનું કારણ છે, બંધના કારણનું પ્રતિપક્ષી છે. *(શ્રીધવલા પુસ્તક-૭, પૃષ્ઠ ૧૪)*

સમ્યક્ત્વનો પ્રતિપક્ષી એવો મિથ્યાત્વભાવ, તે અત્યંત અપ્રશસ્ત છે, અને તેના નિમિત્તથી બંધાતું મિથ્યાત્વકર્મ અત્યંત અપ્રશસ્ત છે.

ચોથા ગુણસ્થાનથી ચૌદમા ગુણસ્થાન સુધીના સર્વ જીવોમાં સમ્યક્ત્વ સમાન છે. *(શ્રી ધવલા પુસ્તક-૭, પૃષ્ઠ ૨૨,૨૩, ૧૦૭)*

**સમ્યગ્દર્શન બધાનું સમાન છે**—ચોથાથી માંડીને તેરમાં ગુણસ્થાન સુધીના આસ્રવ સહિત અને ચૌદમાં ગુણસ્થાવર્તી આસ્રવરહિત—એમ બંને પ્રકારના જીવોમાં (ચોથાથી ચૌદમાં સુધીના

બધા જીવોમાં) સમ્યગ્દર્શન સમાન હોય છે.

*(શ્રી ધવલા પુસ્તક-૭, પૃષ્ઠ-૨૩, શ્રી મોક્ષમાર્ગપ્રકાશક પૃષ્ઠ-૩૨૪)*

સમ્યગ્દર્શનમાં જીવની ગુણસ્વરૂપ શ્રદ્ધાની ઉત્પત્તિ જોવા મળે છે, જેનાથી આત્મસ્વરૂપની પ્રાપ્તિ થાય છે.

*(શ્રી ધવલા પુસ્તક-૫, પૃષ્ઠ-૨૦૮, ૨૦૯ તથા ૨૩૫)*

ક્ષાયિક સમ્યગ્દર્શનની અપેક્ષાએ ક્ષાયોપશમિક તથા વેદક સમ્યક્ત્વની પ્રાપ્તિ સુલભ છે. *(શ્રી ધવલા પુસ્તક-૫, પૃષ્ઠ-૨૩૫)*

મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ આદિને જીવત્વ નથી. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ વગેરેમાં મંગલપણું સિદ્ધ થઈ શકતું નથી. કારણ કે તેમાં જીવત્વનો અભાવ છે. મંગલ તો જીવ જ છે અને તે જીવ કેવળજ્ઞાનાદિક અનંત ધર્માત્મક છે. *(શ્રી ધવલા પુસ્તક-૧, પૃષ્ઠ-૩૬)*

આસ્રવ-અશુચિ, અપવિત્ર, જડસ્વભાવી, દુઃખનું કારણ, લાખના સમાન ઘાતક, અનિત્ય, અધ્રુવ, અશરણ, વર્તમાનમાં દુઃખરૂપ અને આગામી દુઃખસ્વરૂપ છે અને ભગવાન આત્મા તો હમેશા અતિનિર્મળ, ચૈતન્યસ્વભાવી, વિજ્ઞાનઘનસ્વભાવી, નિરાકુળ-સ્વભાવી, નિત્ય, ધ્રુવ, શરણ, વર્તમાનમાં સુખસ્વરૂપ અને આગામી કાળમાં સુખસ્વરૂપ છે. *(શ્રી સમયસાર, ગાથા ૭૨, ૭૪ની ટીકામાંથી)*

સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાવાળાએ સન્માર્ગ ગ્રહણ કર્યો છે. દેવ તથા નારકી જીવોમાં ચોથું ગુણસ્થાન હોઈ શકે છે, ઉપરના ગુણસ્થાન ત્યાં સંભવિત નથી. દેવ તથા નારકી, અજ્ઞાનદશામાં વિભંગજ્ઞાની હોય છે અને જ્યારે સમ્યક્ત્વ પ્રગટ કરે છે, ત્યારે સન્માર્ગી થાય છે. *(શ્રી ધવલા પુસ્તક-૭, પૃષ્ઠ-૨૧૯)*

સમ્યક્ત્વનું ફળ નિશ્ચયચારિત્ર છે તથા નિશ્ચયચારિત્રનું ફળ કેવળજ્ઞાન તથા સિદ્ધદશા છે. તે જીવ ચોથા ગુણસ્થાનને પ્રાપ્ત કરે છે, તે નિયમથી સિદ્ધ થશે જ. આથી તે ભાવિ-નૈગમનયથી સિદ્ધ છે.

અનાદિથી થવાવાળા આસ્રવ નિત્ય નથી થઈ શકતા, કારણ કે કૂટસ્થ અનાદિને છોડીને, પ્રવાહ અનાદિમાં નિત્યત્વ થઈ શકતું નથી. જો પ્રવાહરૂપથી અનાદિ હોય તો તેને (મિથ્યાત્વને) નિત્યપણું પ્રાપ્ત થાય છે. *(શ્રી ધવલા પુસ્તક-૭, પૃષ્ઠ-૭૩)*

સમ્યગ્દષ્ટિને આપ્ત, આગમ તથા પદાર્થોની શ્રદ્ધા હોય છે, મિથ્યાદષ્ટિને તેની શ્રદ્ધા થતી નથી. ભલે દયાધર્મને જાણવાવાળો (વાતો કરવાવાળો) જ્ઞાની કહેવાતો હોય, તેનું જ્ઞાન, શ્રદ્ધાનું કાર્ય કરતું નથી, માટે મિથ્યા છે. *(શ્રી ધવલા પુસ્તક-૭, પૃષ્ઠ-૨૨૪)*

ચોથું ગુણસ્થાન પ્રાપ્ત કરવાથી જીવને સમ્યક્ત્વ પ્રાપ્ત થઈ જાય છે, ત્યાં તે ગુણસ્થાની જીવને ૪૧ પ્રકૃતિનો બંધ નથી થતો તથા અન્ય પ્રકૃતિઓની સ્થિતિ અને અનુભાગ અલ્પ બાંધે છે, તોપણ તે સંસાર-સ્થિતિનો છેદક થાય છે, માટે મિથ્યાદષ્ટિની અપેક્ષાએ તેને અબંધક કહેવામાં આવે છે. *(શ્રી સમયસાર, પૃષ્ઠ ૧૩૩, ૩૦૯, ૩૦૭, ૨૬૧)*

*(શ્રી ગોમ્મટસાર કર્મકાંડ, ગાથા-૯૪)*

દ્રવ્યાનુયોગ તથા કરણાનુયોગનો ત્રણેકાળ સુમેળ હોય છે કારણ કે બંને વીતરાગી શાસ્ત્ર છે, તે બે વચ્ચે વિરોધ જરા પણ નથી. તેમનો સમન્વય નીચે આ પ્રમાણે છે—

સિદ્ધાંતથી ગુણસ્થાનોની પરિપાટીમાં ચારિત્રમોહના ઉદયના નિમિત્તથી સમ્યગ્દષ્ટિને જે બંધ થાય છે, તે પણ નિર્જરારૂપ જ સમજવો જોઈએ, કારણ કે સમ્યગ્દષ્ટિને, જે રીતે પૂર્વમાં મિથ્યાત્વના સમયમાં જે બંધરૂપ કર્મ થયા તે ખરી જાય છે, તે જ પ્રમાણે નવીન બંધાયેલ બંધ પણ ખરી જાય છે. તેમને તે કર્મના સ્વામિત્વનો અભાવ હોવાથી, તે આગામી બંધરૂપ નથી, પરંતુ નિર્જરારૂપ જ છે.

જ્ઞાની દ્રવ્યકર્મને પર માને છે, માટે તેને તે પ્રતિ મમત્વ થતું નથી, વળી તેના રહેતા થકા પણ તે નિર્જરાની સમાન જ છે—એમ માને છે. *(શ્રી સમયસાર, ગાથા ૨૩૬નો ભાવાર્થ, પૃષ્ઠ ૩૫૫)*

સમ્યગ્દષ્ટિને કર્મનો ઉદય વર્તતો હોવા છતાં પણ તેને નવીન કર્મનો બંધ કિંચિત્‌માત્ર થતો નથી, પણ જે કર્મ પૂર્વે બંધાયેલ હતા, તેના ઉદયને ભોગવવાથી નિયમથી તે કર્મની નિર્જરા જ થાય છે.

*(શ્રી સમયસાર, કળશ-૧૬૧, પૃષ્ઠ ૩૪૬)*

ધવલામાં પણ આ કથનમાં કોઈ વિરોધ આવતો નથી. ધવલામાં લખ્યું છે કે—જીવના રાગાદિ પરિણામોના નિમિત્તથી પુદ્‌ગલ, કર્મરૂપ પરિણમે છે. પરંતુ તેને સમ્યગ્જ્ઞાનનું પરિણમન છે માટે જે કંઈ અલ્પસ્થિતિ તથા અનુભાગવાળી કેટલીય કર્મ પ્રકૃતિનો બંધ થવા છતાં, તેનો કર્તા ન હોવાથી તે કર્મને પ્રાપ્ત થતો નથી.

*(શ્રી ધવલા પુસ્તક-૬, પૃષ્ઠ-૧૨)*

બધા સમ્યગ્દષ્ટિઓને ચોથાથી ચૌદમાં ગુણસ્થાન સુધી સ્વભાવભૂત અવસ્થા પ્રાપ્ત થાય છે. *(શ્રી ધવલા પુસ્તક-૧, પૃષ્ઠ-૩૯૬)*

ચૌદમાં ગુણસ્થાનમાં નિશ્ચય સમ્યદર્શન જ થાય છે. ચોથા ગુણસ્થાનમાં સ્વભાવરૂપ અવસ્થા શરૂ થાય છે. માટે સર્વત્ર શ્રદ્ધાગુણની સ્વભાવરૂપ અવસ્થા તે જ શુદ્ધ સમ્યગ્દર્શન છે.

*(શ્રી ધવલા પુસ્તક-૧, પૃષ્ઠ-૩૯૬, ૩૯૭)*

મેરુ સમાન નિષ્કંપ, આઠ મળ રહિત, ત્રણ મૂઢતાથી રહિત અને અનુપમ સમ્યગ્દર્શન, પરમાગમ શાસ્ત્રના અભ્યાસથી થાય છે.

*(શ્રી ધવલા પુસ્તક ૧, પૃષ્ઠ ૫૯)*

સમ્યગ્દર્શન રત્નત્રયરૂપી પર્વતનું શિખર છે.

*(શ્રી ધવલા પુસ્તક-૧, પૃષ્ઠ-૧૬૬)*

જે પુરુષ, સમ્યગ્દર્શનથી શુદ્ધ છે, તે શુદ્ધ છે. જેમનું દર્શન શુદ્ધ હોય છે, તે નિર્વાણને પ્રાપ્ત કરે છે, બીજો નહીં. નિર્વાણ પ્રાપ્તિમાં તે (સમ્યગ્દર્શન) પ્રધાન છે. *(શ્રી મોક્ષપાહુડ, ગાથા ૩૯)*

તે શ્રેષ્ઠ સમ્યગ્દર્શન જ જન્મ-મરણનો નાશ કરવાવાળું છે. તેની જે શ્રદ્ધા કરે છે, તે સમ્યક્ત્વી છે, તે સમ્યક્ત્વ મુનિઓ, શ્રાવકો તથા ચતુર્ગતિના ભવ્ય સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને જ થાય છે.

*(શ્રી મોક્ષપાહુડ, ગાથા ૪૦, મહાવીરજીથી પ્રકાશિત શ્રી અષ્ટપાહુડ, પૃષ્ઠ ૮)*

જેમ તારાઓના સમૂહમાં ચંદ્રમા ઉત્તમ છે, પશુઓના સમૂહમાં સિંહ ઉત્તમ છે, તે જ પ્રમાણે મુનિ અને શ્રાવક બંને પ્રકારના ધર્મમાં સમ્યક્ત્વ તે ઉત્તમ છે. *(શ્રી ભાવપાહુડ, ગાથા ૧૪૪, જયચંદ્ર વચનિકા, પૃષ્ઠ ૨૬૮)*

**પ્રશ્ન –શ્રાવકે શું કરવું જોઈએ ?**

**ઉત્તર** –પ્રથમ શ્રાવકે સુનિર્મળ મેરુ સમાન નિષ્કંપ અચળ તથા ચળ, મલિન, અગાઢ દોષરહિત અત્યંત નિશ્ચળ સમ્યગ્દર્શનને ગ્રહણ કરીને, તેનું ધ્યાન દેહ-નાશ માટે કરવું જોઈએ.

*(શ્રીમોક્ષપાહુડ, ગાથા-૮૬)*

સમ્યક્ત્વ તો અમૂલ્ય માણેક(રત્ન) સમાન છે. જે જીવ નિરંતર સમ્યક્ત્વનું ધ્યાન કરે છે, ચિંતવન કરે છે, વારંવાર ભાવના કરે છે, તે નિકટભવ્ય જીવ સમ્યગ્દષ્ટિ થઈ જાય છે અને સમ્યક્ત્વરૂપ પરિણમિત થયેલ જીવ દુઃખદાયી આઠ કર્મનો ક્ષય કરે છે. કર્મ ક્ષયની શરૂઆત સમ્યગ્દર્શનથી જ થાય છે. માટે સંપૂર્ણ પ્રયત્ન કરીને સર્વપ્રથમ તેને જ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

*(શ્રી મોક્ષપાહુડ, ગાથા ૮૭, સંસ્કૃત ટીકા હિન્દી, મહાવીરજીથી પ્રકાશિત અષ્ટપાહુડ, પૃષ્ઠ ૫૭૫)*

વારંવાર સમ્યગ્દર્શનનું માહાત્મ્યનું વર્ણન કરતા થકા આચાર્ય મહારાજ કહે છે કે 'વિશેષ કહેવાનું શું પ્રયોજન છે ? ભૂતકાળમાં જેટલા ભરત, સગર, રામ, પાંડવો આદિ શ્રેષ્ઠ ભવ્યજીવોએ મોક્ષ પ્રાપ્ત કર્યો તથા ભવિષ્યકાળમાં જે મોક્ષ પ્રાપ્ત કરશે અને વર્તમાનમાં

જે મોક્ષ પ્રાપ્ત કરી રહ્યા છે, તે સઘળુંય સમ્યગ્દર્શનનું જ માહાત્મ્ય જાણવું.' *(શ્રી મોક્ષપાહુડ, ગાથા ૮૮, અષ્ટપાહુડ મહાવીરજીથી પ્રકાશિત)*

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપ, આ ચારેય આત્મામાં સ્થિત છે, માટે આત્મા જ મારા માટે શરણરૂપ છે.

*(શ્રી મોક્ષપાહુડ, ગાથા ૧૦૪, શ્રી અષ્ટપાહુડ મહાવીરજીથી પ્રકાશિત)*

આત્મા જ આત્માની શ્રદ્ધા કરે છે, આત્મા જ આત્માનું જ્ઞાન કરે છે, આત્મા જ આત્માની સાથે તન્મયપણાનો ભાવ કરે છે. આત્મા જ આત્માનું તપ કરે છે, આત્મા જ આત્મામાં કેવળજ્ઞાનરૂપ ઐશ્વર્યને પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે ચાર પ્રકારથી આત્મા જ આત્માની આરાધના કરે છે, માટે આત્મા જ મારે શરણ છે.

*(શ્રી મોક્ષપાહુડ, ગાથા ૮૭, સંસ્કૃત ટીકાનું હિંદી મહાવીરજીથી પ્રકાશિત)*

આત્મા જ મારું શરણ છે—એવો નિર્ણય કરવાવાળો જીવ સદાકાળ ભૂતાર્થનો આશ્રય કરે છે અને તેના આશ્રયથી જ સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. 'ભૂતાર્થને આશ્રિત જીવ, સુદૃષ્ટિ નિશ્ચય હોય છે.' *(શ્રી સમયસાર, ગાથા ૧૧)*

# ૨૮ શુદ્ધનો અર્થ શું ?

નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી જે એક જ્ઞાયકભાવ છે,
એ રીત 'શુદ્ધ' કથાય, ને જે જ્ઞાત તે તો તે જ છે. ૬

અર્થ : જે જ્ઞાયકભાવ છે, તે અપ્રમત્ત પણ નથી અને પ્રમત્ત પણ નથી, આ રીતે તેને શુદ્ધ કહે છે વળી જે જ્ઞાયકરૂપે જણાયો તે તો તે જ છે, બીજો કોઈ નથી. જ્ઞાયકભાવ અપ્રમત્ત પણ નથી અને પ્રમત્ત પણ નથી, આ તો સમસ્ત અન્ય દ્રવ્યોના ભાવથી ભિન્નપણે ઉપાસવામાં આવતો 'શુદ્ધ' કહેવાય છે.

*(શ્રી સમયસાર, ગાથા ૬ અને ટીકા)*

એક તો દ્રવ્ય અપેક્ષાએ શુદ્ધપણું છે, એક પર્યાય અપેક્ષાએ શુદ્ધપણું છે. ત્યાં દ્રવ્ય અપેક્ષા તો પરદ્રવ્યથી ભિન્નપણું અને પોતાના ગુણોથી અભિન્નપણું, તેનું નામ શુદ્ધપણું છે અને પર્યાય-અપેક્ષાએ ઔપાધિકભાવોનો અભાવ થવો શુદ્ધપણું છે.

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક પૃષ્ઠ-૧૯૯)*

આત્મા જ શરણ હોવાથી આત્માશ્રિત, નિશ્ચયનય છે; પરાશ્રિત વ્યવહારનય છે—એમ કહીને પરાશ્રિતભાવ છોડાવ્યો છે અને આત્માશ્રિતભાવને ગ્રહણ કરાવ્યો છે. જીવને અનાદિથી જે પરાશ્રયભાવથી મારું ભલું થશે—એવી ખોટી માન્યતા છોડાવીને, ધ્રુવ-જ્ઞાયક ત્રિકાળીસ્વભાવનો આશ્રય કરાવ્યો છે. અબંધભાવ, આત્માશ્રિત છે અને બંધભાવ પરાશ્રિત છે—એમ બતાવ્યું છે.

*(શ્રી સમયસાર, ગાથા ૨૭૨, સંસ્કૃત ટીકામાંથી)*

આત્મા જ એક શરણરૂપ હોવાથી તે જ દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ છે, એટલે કે તેના આશ્રયથી અબંધદશા પ્રગટ થાય છે અને

પરાશ્રયથી બંધ થાય છે. *(શ્રી સમયસાર, ગાથા ૨૭૬-૨૭૭ની ટીકામાંથી)*

શુદ્ધ આત્મા જ દર્શન છે, કારણ કે તે (આત્મા) દર્શનનો આશ્રય છે—એવો જે સમયસાર ગાથા ૨૭૬-૨૭૭માં કહ્યો છે. જે પ્રકારથી જે સિદ્ધાંત શ્રી સમયસારની ૧૧મી ગાથામાં કહ્યો છે તે જ પ્રકારે તે સિદ્ધાંત બંધ અધિકારમાં લગાવવો જોઈએ.

શુદ્ધ આત્મા જ દર્શન (સમ્યક્ત્વ)નો આશ્રય છે, કારણ કે જીવાદિ નવ પદાર્થોના સદ્‌ભાવમાં કે અસદ્‌ભાવમાં તેના (શુદ્ધ આત્માના) સદ્‌ભાવથી જ સમ્યગ્દર્શનનો સદ્‌ભાવ છે, અબંધ આત્માના આશ્રયથી જ સમ્યગ્દર્શન છે.

*(શ્રી સમયસાર, ગાથા ૨૭૬-૨૭૭ની ટીકામાંથી)*

અહીં બતાવ્યું છે કે ચોથા ગુણસ્થાનથી ચૌદમા ગુણસ્થાન સુધી જીવને સમ્યગ્દર્શન સ્વભાવરૂપ અવસ્થા છે, તેનાથી જ આત્માનો જ્ઞાયકસ્વભાવ પ્રગટ થાય છે.

જ્ઞાન, તે અભેદનયથી આત્મા જ હોવાથી ઉપાદેય છે; બીજું બધું હેય છે. આ પ્રમાણે વીતરાગી શાસ્ત્રોમાં ભલે તે કરણાનુયોગ હોય કે દ્રવ્યાનુયોગ હોય, કોઈપણ હોય, કોઈમાં વિરોધ નથી.

‘कदो दंसण मोहोदये सति जीव गुणीभूत सदहणस्स उधत्तिएउवलयं ।’ અર્થ —કારણ કે દર્શનમોહનીય હોવા છતાં (સમ્યક્ પ્રકૃતિનો ઉદય હોવા છતાં પણ) જીવને ગુણીભૂત શ્રદ્ધાની ઉત્પત્તિની પ્રાપ્તિ થાય છે. (અહીં શ્રદ્ધાથી જીવને ગુણીભૂત કહ્યો—માટે સિદ્ધ થયું કે જીવને ત્રિકાળી જ્ઞાયકસ્વભાવના આશ્રયથી જ આ ગુણીભૂતની શ્રદ્ધા ઉત્પન્ન થાય છે, પરાશ્રયથી કદાપિ નહીં.

ચોથા ગુણસ્થાનથી ચૌદમાં ગુણસ્થાન સુધી સમ્યક્ત્વનું એકત્વ છે. આ સંબંધમાં કહ્યું કે દર્શનમોહનીયના ઉપશમથી ઉપશમ સમ્યક્ત્વ થાય છે. ક્ષયથી ક્ષાયિક થાય છે અને ક્ષયોપશમથી

ક્ષાયોપશમિક (વેદક) સમ્યક્ત્વ થાય છે. આ ત્રણેયનું એકત્વ જ, તેનું નામ સમ્યગ્દષ્ટિ છે, કારણ કે ત્રણે ભાવ સમ્યગ્દષ્ટિઓને જ હોય છે. *(શ્રી ધવલા પુસ્તક ૭, પૃષ્ઠ ૧૦૭)*

ક્ષાયિક સમ્યક્ત્વની અપેક્ષા ક્ષયોપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ સુલભ છે. *(શ્રી ધવલા પુસ્તક-૫, પૃષ્ઠ ૨૬૪)*

આ પંચમકાળમાં ભરતક્ષેત્રે જન્મેલો જીવ ક્ષાયિકસમ્યક્ત્વ પ્રગટ કરે એવી યોગ્યતા કોઈ જીવમાં નથી—એવું ત્રિકાળી સર્વજ્ઞદેવના જ્ઞાનમાં આવ્યું છે. અહો ! સર્વજ્ઞનું અદ્‌ભુત સર્વજ્ઞપણું !

જ્ઞાન જીવને સારભૂત છે અને જ્ઞાનની અપેક્ષા સમ્યક્ત્વ સારભૂત છે, કારણ કે સમ્યક્ત્વથી જ ચારિત્ર થાય છે અને ચારિત્રથી જ નિર્વાણની પ્રાપ્તિ થાય છે.

*(શ્રી દર્શનપાહુડ, ગાથા ૧૫) (શ્રી ધવલા પુસ્તક-૧, પૃષ્ઠ ૧૭૭)*

સમ્યક્ત્વથી જ્ઞાન થાય છે અને જ્ઞાનથી સમસ્ત પદાર્થોની ઉપલબ્ધિ થાય છે અને તે જીવ પોતાનું કલ્યાણના અને અકલ્યાણના વિશેષ અંતરભેદને જાણે છે. *(શ્રી દર્શનપાહુડ, ગાથા ૧૫)*

ત્રણ કાળ અને ત્રણ લોકમાં સમ્યગ્દર્શન સમાન કોઈ હિતકારી નથી અને મિથ્યાત્વના સમાન કોઈ અહિતકારી નથી.

*(શ્રી રત્નકરંડશ્રાવકાચાર, ગાથા-૩૪)*

જે પુરુષને સમ્યક્ત્વરૂપ જળનો પ્રવાહ નિરંતર વહે છે, તેને કર્મબંધ થતો નથી, તેને કર્મરજનું આવરણ લાગતું નથી અને પૂર્વે બંધાયેલ કર્મ, નાશને પ્રાપ્ત થાય છે. *(શ્રી દર્શનપાહુડ, સૂત્ર ૭)*

દર્શનરત્ન જે પરિણતિ સમ્યગ્દર્શનને ધારણ કરે છે, તે રત્નત્રયમાં સાર ઉત્તમ ગુણને ધારણ કરે છે. તે મોક્ષનું પ્રથમ સોપાન છે. *(શ્રી દર્શનપાહુડ, સૂત્ર ૨૧)*

જીવ વિશુદ્ધ સમ્યગ્દર્શનથી કલ્યાણની પરંપરાને પ્રાપ્ત થાય છે.

*(શ્રી દર્શનપાહુડ, સૂત્ર-૩૧)*

હેય-ઉપાદેય, સમ્યગ્દષ્ટિ જ જાણે છે. જિનદેવે કહેલા જીવ-અજીવ આદિના અનેક અર્થ છે. તેમાં જે હેય-ઉપાદેયને જાણે છે, તે જ સમ્યગ્દષ્ટિ છે. *(શ્રી સૂત્રપાહુડ, ગાથા ૫)*

કેવળી-સિદ્ધ ભગવાન, રાગાદિરૂપ પરિણમતા નથી, સંસાર અવસ્થાની ઈચ્છા કરતા નથી, આ શ્રદ્ધાનનું બળ જાણવું.

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક પૃષ્ઠ ૩૨૪)*

તિર્યંચાદિ અને કેવળી-સિદ્ધભગવાનને—સર્વેને સમ્યક્ત્વગુણ સમાન જ કહ્યો છે. *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક પૃષ્ઠ ૩૨૪)*

સમ્યગ્દર્શન રત્ન અમૂલ્ય છે—જે જીવને વિશુદ્ધ સમ્યગ્દર્શન છે તે પરંપરા કલ્યાણને પ્રાપ્ત કરે છે, તે સમ્યગ્દર્શન રત્ન લોકમાં સુર-અસુર દ્વારા પૂજ્ય છે. *(શ્રી દર્શનપાહુડ તથા શ્રી રત્નકરંડશ્રાવકાચાર)*

દેવ અને દાનવોથી ભરેલા આ સંસારમાં સમ્યગ્દર્શન સર્વ દ્વારા પૂજ્ય છે. આ રત્નનું મૂલ્ય કરવા કોઈ સમર્થ નથી.

*(શ્રી અષ્ટપાહુડ, મહાવીરજીથી પ્રકાશિત, પૃષ્ઠ ૪૪)*

સમ્યગ્દષ્ટિ કેવું જાણે છે કે—

कहे विचच्छन पुरुष सदा मैं एक हौं ।
अपने रस सौं भर्यौ आपनी टेक हौं ।।
मोह कर्म मम नाहिं भ्रम कूप है ।
शुद्ध चेतना सिन्धु हमारौ रूप है ।।३३।।

અર્થ : જ્ઞાની પુરુષ એવો વિચાર કરે છે કે હું સદા એકલો છું. પોતાના જ્ઞાન-દર્શનરસથી ભરપૂર પોતાના જ આશ્રયથી છું. ભ્રમજાળરૂપી કૂવો એવું મોહકર્મ તે મારું સ્વરૂપ નથી, પરંતુ મારું સ્વરૂપ તો શુદ્ધ ચૈતન્યસમુદ્ર છે. *(શ્રી સમયસાર નાટક જીવ દ્વાર)*

# ૨૯ સાધકદશા : જ્ઞાનધારા—કર્મધારા

સમ્યગ્દષ્ટિ અંતરાત્મા છે. તે પરમાત્મા નથી અને બહિરાત્મા પણ નથી. પરમાત્મા અને બહિરાત્માને વ્યવહાર હોતો નથી. કારણ કે વીતરાગ પરમાત્માને રાગ પણ નથી અને કોઈ બાધકપણું પણ નથી.

જેને આંશિકરૂપથી શુદ્ધિ પ્રગટ થઈ છે, તેને ભૂમિકાનુસાર બાધકપણું હોય છે. ત્યાં તે બાધકપણાને વ્યવહાર કહ્યો છે અને જે શુદ્ધિ પ્રગટી છે, તેને નિશ્ચય કહ્યો છે. કારણ કે સમ્યગ્દર્શન થવાથી ચારિત્રગુણની પર્યાયમાં બે અંશ થઈ જાય છે. જ્યાં જેટલી શુદ્ધિ હોય છે ત્યાં તેટલો તો મોક્ષમાર્ગ છે અને જેટલી અશુદ્ધિ છે તેટલો તો બંધમાર્ગ છે.

મિથ્યાદષ્ટિ બહિરાત્માને સંપૂર્ણ બાધકપણું છે; માટે મિથ્યાદષ્ટિને વ્યવહારપણું હોતું જ નથી. કારણ કે નિશ્ચય હોય તો વ્યવહારપણું નામને પામે.

સાધક અંતરાત્માને એક સાથે સાધક-બાધક કહ્યો છે, કારણ કે તેની જ્ઞાનધારા અને કર્મધારા એકસાથે હોય છે.

ચોથા ગુણસ્થાનમાં પહેલા નિર્વિકલ્પતા આવે છે, ત્યારે નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. સવિકલ્પદશા આવતા, નિશ્ચય સમ્યગ્દર્શનની સાથે સ્વરૂપાચરણચારિત્ર પ્રગટ થતું થકું, ચારિત્રમોહના ઉદયની નબળાઈને કારણે સાચા દેવ, ગુરુ, શાસ્ત્ર સંબંધી જ વિકલ્પ થાય છે. કુદેવ, કુગુરુ આદિના થતા નથી. માટે સમ્યગ્દષ્ટિના દેવ-ગુરુ-શાસ્ત્રના શુભોપયોગને વ્યવહાર સમ્યગ્દર્શન

કહ્યું છે. કારણ કે વ્યવહાર સમ્યગ્દર્શનરૂપ રાગ, ક્રમ-ક્રમથી નિર્જરાને પ્રાપ્ત થતો જાય છે.

પાંચમાં ગુણસ્થાને પણ નિર્વિકલ્પદશા પ્રાપ્ત થાય છે. સવિકલ્પદશા આવતા બે ચોકડી કષાયના અભાવરૂપ શુદ્ધિ તો નિરંતર વર્તે છે, તેની સાથે બાર અણુવ્રતાદિના વિકલ્પો હોય છે, બીજા નથી હોતા, માટે દેશચારિત્ર શ્રાવકના બાર અણુવ્રતાદિને વ્યવહાર શ્રાવકપણું કહ્યું છે, કારણ કે અણુવ્રતાદિનો રાગ ક્રમ-ક્રમથી નિર્જરાને પ્રાપ્ત થતો જાય છે.

પાંચમાં ગુણસ્થાનથી સીધો સાતમાં ગુણસ્થાનમાં આવે છે, ત્યારે તો નિર્વિકલ્પદશા થાય છે, જ્યારે છઠ્ઠા ગુણસ્થાનમાં સવિકલ્પદશા હોય છે. ત્યાં પણ ભાવલિંગી મુનિને ત્રણ કષાય ચોકડીના અભાવરૂપ શુદ્ધિ તો નિરંતર વર્તે છે અને સાથે સંજ્વલન ક્રોધાદિનો તીવ્ર ઉદય હોવાથી, અર્થાત્ પોતાની નબળાઈથી અઠ્ઠાવીસ મૂળગુણ સંબંધીનો જ વિકલ્પ આવે છે, બીજો કોઈ નહીં. માટે ભાવલિંગી મુનિના અઠ્ઠાવીસ મૂળગુણ આદિના વિકલ્પને વ્યવહારમુનિપણું કહ્યું છે. કારણ કે વ્યવહાર મુનિપણાનો રાગ ક્રમ-ક્રમથી નિર્જરાને પ્રાપ્ત થતો જાય છે. સાતમાં ગુણસ્થાનથી આ પ્રકારનો રાગ હોતો જ નથી. અબુદ્ધિપૂર્વકના રાગની વાત અહીં ગૌણ છે.

મિથ્યાદૃષ્ટિ બહિરાત્માને નિશ્ચય સમ્યગ્દર્શન, સાચું શ્રાવકપણું, સાચું મુનિપણું હોતું જ નથી. માટે તેને વ્યવહાર સમ્યગ્દર્શન, વ્યવહાર શ્રાવક, વ્યવહાર મુનિપણું પણ હોતું નથી. કારણ કે નિશ્ચય વગર વ્યવહાર હોતો નથી.

ભૂમિકા અનુસાર સાથે-સાથે રહેવાવાળા નિશ્ચય-વ્યવહાર સમ્યગ્દર્શનની વ્યાખ્યા—

जीवादिनां श्रद्धानं सम्यक्त्वं जिनवरैः प्रज्ञप्तम् ।
व्यवहारात-निश्चयतः, आत्मैव भवति सम्यक्त्वम् ।।२०।।

અર્થ : જિનેન્દ્ર ભગવાને જીવાદિક પદાર્થોના શ્રદ્ધાનને વ્યવહાર સમ્યક્ત્વ કહ્યું છે અને પોતાના આત્માના શ્રદ્ધાનને નિશ્ચય સમ્યક્ત્વ કહ્યું છે. નિશ્ચય સમ્યક્ત્વનો વિષય પોતાનો આત્મા છે અને વ્યવહાર સમ્યક્ત્વનો વિષય પોતાનો આત્મા નથી. પરંતુ તેનાથી જુદો વિષય, અર્થાત્ જીવાદિ નવ પદાર્થ છે.

*(શ્રી દર્શનપાહુડ, શ્લોક-૨૦)*

સ્વાશ્રિતો નિશ્ચય–પરાશ્રિતો વ્યવહાર.

*(શ્રી સમયસાર ગાથા-૨૭૨)*

આત્માના શ્રદ્ધાગુણમાં સમ્યક્ત્વની પ્રાપ્તિની સાથે એક ચોકડી કષાયના અભાવરૂપ શુદ્ધિ, નિશ્ચયસમ્યગ્દર્શન, ભૂમિકાનુસાર દેવ, ગુરુ, શાસ્ત્રનો રાગ વ્યવહારસમ્યગ્દર્શન છે.

બે કષાયચોકડીના અભાવરૂપ શુદ્ધિ નિશ્ચયશ્રાવકપણું છે અને બાર અણુવ્રતાદિનો વિકલ્પ, વ્યવહાર શ્રાવકપણું છે.

ત્રણ ચોકડી કષાયના અભાવરૂપ શુદ્ધિ, નિશ્ચય મુનિપણું છે અને અઠ્યાવીસ મૂળગુણનો વિકલ્પ, વ્યવહારમુનિપણું છે.

**પ્રશ્ન – વ્યવહાર ક્યારે કહેવામાં આવે છે?**

**ઉત્તર** –વ્યવહાર નિશ્ચયને બતાવે તો વ્યવહાર છે. જેમ– સોનામાં જે ખોટ છે, તે એ બતાવે છે કે –હું સોનું નથી, તે જ પ્રમાણે ભૂમિકાનુસાર જે રાગ છે, તેના ઉપર વ્યવહારનો આરોપ આવે છે, તે નિશ્ચયને બતાવવા માત્ર છે, ત્યારે વ્યવહાર છે.

જ્ઞાનીને વ્યવહારસમ્યગ્દર્શનમાં વિપરીત અભિનિવેશ થતો નથી. કારણ કે ચોથા ગુણસ્થાનમાં સમ્યગ્દર્શન થવાથી વિપરીત અભિનિવેશનો અભાવ જ થાય છે.

જીવાદિ નવ પદાર્થોનો વિપરીત અભિનિવેશરહિત શ્રદ્ધાન

કરવું તે સમ્યગ્દર્શન છે. આ પદાર્થોમાં ભૂતાર્થ દ્વારા જાણવામાં આવેલ પદાર્થોમાં શુદ્ધાત્માનું ભિન્નરૂપથી સમ્યક્ અવલોકન કરવું, તે સમ્યગ્દર્શન છે. *(શ્રી સમયસાર, જયસેનાચાર્ય, ગાથા ૧૫૫)*

'કાળસહિત પંચાસ્તિકાયના ભેદરૂપ નવ પદાર્થ, તે હકીકતમાં 'ભાવ' છે તે 'ભાવનું' મિથ્યાદર્શનના ઉદયથી પ્રાપ્ત થવાવાળું જે અશ્રદ્ધાન, તેના અભાવસ્વભાવવાળું જે ભાવાંતર (નવ પદાર્થના શ્રદ્ધાનરૂપ ભાવ) શ્રદ્ધાન, તે સમ્યગ્દર્શન છે.'

*(શ્રી પંચાસ્તિકાય ગાથા, ૧૦૭ની ટીકામાંથી)*

આ છઠ્ઠા ગુણસ્થાનધારી ત્રણ કષાયચોકડીના અભાવરૂપ પરિણમેલ ભાવલિંગી મુનિના વ્યવહારસમ્યગ્દર્શનની વ્યાખ્યા છે. તે ચોથા, પાંચમા ગુણસ્થાનધારી જીવોને પણ નિશ્ચયસમ્યગ્દર્શનની સાથે રહેલ વ્યવહારસમ્યગ્દર્શન આ જ પ્રકારે લાગુ પડે છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષમાર્ગ છે—એમ નિશ્ચય કહ્યું તથા ત્યાં છ દ્રવ્યરૂપ અને નવ પદાર્થરૂપ જેટલા ભેદ છે—એવા ધર્માદિના તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપભાવ જેનો સ્વભાવ છે—એવું 'શ્રદ્ધાન' નામનું ભાવવિશેષ, તે સમ્યક્ત્વ છે.

*(શ્રી પંચાસ્તિકાય ગાથા ૧૬૦ની ટીકામાંથી)*

ઉપરની ગાથા ૧૬૦ની ટીકામાં છઠ્ઠા ગુણસ્થાનવર્તીને મિથ્યાત્વ તથા ત્રણ ચોકડી કષાયના અભાવરૂપ પરિણમેલ ભાવ-લિંગી મુનિની શુદ્ધિ સાથે વર્તતા વ્યવહારસમ્યક્ત્વનું વર્ણન કર્યું છે.

પંચમગુણસ્થાનવર્તી ગૃહસ્થને પણ વ્યવહારમોક્ષમાર્ગ કહ્યો છે. ત્યાં વ્યવહારમોક્ષમાર્ગનું સ્વરૂપ નીચે પ્રમાણે વર્ણન કર્યું છે—

'વીતરાગ સર્વજ્ઞ પ્રણીત જીવાદિ પદાર્થો સંબંધિત સમ્યક્-શ્રદ્ધાન તથા જ્ઞાન, ગૃહસ્થો અને તપ કરવાવાળા મુનિને સમાન હોય છે. તપ કરવાવાળા મુનિઓને આચારાદિ ચરણાનુયોગમાં જણાવેલ

માર્ગ અનુસાર પ્રમત્ત, અપ્રમત્ત ગુણસ્થાન-યોગ્ય પંચમહાવ્રત, પંચસમિતિ, ત્રિગુપ્તિ આદિરૂપ ચારિત્ર હોય છે અને ગૃહસ્થોને ઉપાસકાધ્યયન ગ્રંથમાં જણાવેલ માર્ગ અનુસાર પંચમગુણસ્થાન-યોગ્ય દાન-શીલ-પૂજા આદિરૂપ ચારિત્ર હોય છે; આ વ્યવહાર મોક્ષમાર્ગનું લક્ષણ છે.

*(શ્રી પંચાસ્તિકાય, ગાથા-૧૬૦, જયસેનાચાર્યકૃત)*

અહીં શ્રાવક અને મુનિને નિશ્ચય-વ્યવહારમોક્ષમાર્ગ સાથે-સાથે હોય છે—એમ બતાવેલ છે.

વીતરાગ-સર્વજ્ઞે કહેલ જીવાદિ પદાર્થોનું સમ્યક્ શ્રદ્ધાન, સમ્યગ્દર્શન છે. આ વ્યવહારની વ્યાખ્યા જયસેનાચાર્યજીએ કહેલ છે. સાથે વ્યવહારજ્ઞાન અને વ્યવહારચારિત્ર પણ લખ્યું છે.

'વિપરીત અભિનિવેશરહિત શ્રદ્ધાન જ સમ્યક્ત્વ છે.'

*(શ્રી નિયમસાર, ગાથા-૫૧)*

શ્રી પ્રવચનસાર ગાથા ૧૫૭માં ક્ષાયોપશમિક સમ્યક્ત્વ અને ક્ષાયોપશમિકચારિત્ર, પાંચમાં-છઠ્ઠા ગુણસ્થાનમાં શુદ્ધરૂપ છે. તેની સાથે તે સમયે વર્તતી વ્યવહારશ્રદ્ધા/શુભોપયોગ સાથે રહે છે.

'વિશિષ્ટ (ખાસ પ્રકારની) ક્ષયોપશમદશામાં રહેલા દર્શન-મોહનીય અને ચારિત્રમોહનીયરૂપ પુદ્ગલો અનુસાર પરિણતિમાં લાગેલા હોવાને કારણે, શુભ ઉપરાગ ગ્રહણ કરવાથી જે ઉપયોગ પરમ ભટ્ટારક મહાદેવાધિદેવ પરમેશ્વર એવા અરિહંત અને સિદ્ધની અને સાધુની શ્રદ્ધા કરવામાં તથા સમસ્ત જીવસમૂહની અનુકંપાનું થવું તે શુભોપયોગ છે' (અહીં દેવ-ગુરુની શ્રદ્ધા, વ્યવહાર સમ્યક્ત્વ છે અને તેને શુભોપયોગ કહ્યો છે. કારણ કે તે ચારિત્રમોહનીયના ઉદય સાથે જોડાયેલો હોય છે. જે દર્શનમોહના ક્ષયોપશમના અનુસાર પરિણતિ છે, તે નિશ્ચય સમ્યક્ત્વ છે અને ચારિત્રમોહનીય

ક્ષયોપશમના અનુસાર જે પરિણતિ છે, તે નિશ્ચયચારિત્ર છે.)

*(શ્રી પ્રવચનસાર ગાથા ૧૬૦ની ટીકા)*

જે સમ્યક્ત્વ કહ્યું છે તે ચોથે ગુણસ્થાનથી ચૌદમાં ગુણસ્થાન સુધીનું વર્ણન કરવાથી નિશ્ચયસમ્યગ્દર્શન છે, કેમકે નિશ્ચય સમ્યક્ત્વની સાથે રહેવાવાળું વ્યવહારસમ્યક્ત્વ સાતમાં ગુણસ્થાનથી આગળ હોતું નથી.

અહીં પર નિશ્ચયસમ્યક્ત્વને પરમાર્થ, ભૂતાર્થ, શુદ્ધ, નિર્મળ, પવિત્ર, અભ્યંતર, અનુપચાર, સત્યાર્થ સમ્યગ્દર્શન કહ્યું છે અને વ્યવહાર સમ્યક્ત્વને અપરમાર્થ, અભૂતાર્થ, અશુદ્ધ, અપવિત્ર, અનિર્મળ, બાહ્ય, ઉપચાર, અસત્યાર્થ સમ્યક્ત્વ કહ્યું છે.

નિશ્ચયસમ્યગ્દર્શનનો આશ્રય, શુદ્ધ આત્મા છે અને વ્યવહાર સમ્યક્ત્વનો આશ્રય, જીવાદિ નવ પદાર્થ છે.

*(શ્રીસમયસાર, ગાથા૨૭૬-૨૭૭)*

વ્યવહારસમ્યગ્દર્શન, પરાશ્રિત થવાથી જિનવરે તેમને હેય, ત્યાજ્ય, બંધનું કારણ કહ્યું છે, કારણ કે તે બીજાના આશ્રયથી થાય છે. જ્ઞાનીઓને અસ્થિરતા સંબંધી વિકલ્પ છોડવાનો પુરુષાર્થ વર્તે છે.

**પ્રશ્ન —ચોથા-પાંચમાં ગુણસ્થાનમાં સમ્યગ્દષ્ટિને કોઈ-કોઈ સમયે અશુભભાવ થાય છે અને શુભભાવ પણ હમેશા એક પ્રકારનો હોતો નથી, તો તે કાળે સમ્યગ્દષ્ટિના વ્યવહાર સમ્યક્ત્વનું શું થયું ?**

**ઉત્તર** —તે સમય તે વ્યક્તરૂપ ન હોઈને શક્તિરૂપ હોય છે અને જ્યારે હોય છે, ત્યારે વ્યક્તરૂપ હોય છે.

(શક્તિ-વ્યક્તિનું સ્વરૂપ, શ્રી પંચાસ્તિકાય, ગાથા ૪૯માં જ્ઞાન પર્યાયના સંબંધમાં આપેલ છે અને ઈષ્ટોપદેશમાં રાગ-દ્વેષની શક્તિ, વ્યક્તિના વિષયમાં લખ્યું છે, ત્યાંથી સમજી લેવું.)

**પ્રશ્ન —સાતમાથી લઈને આગળના ગુણસ્થાનોમાં વ્યવહાર સમ્યક્ત્વ કેમ હોતું નથી?**

**ઉત્તર —**વ્યવહારસમ્યક્ત્વ શુભરાગ છે, અશુદ્ધતા છે. સાતમા ગુણસ્થાનથી લઈને આગળના ગુણસ્થાનોમાં નિર્વિકલ્પતા જ રહે છે. અબુદ્ધિપૂર્વક રાગ દસમા ગુણસ્થાન સુધી રહે છે, માટે સાતમાં ગુણસ્થાનથી આગળના ગુણસ્થાનોમાં ચારિત્રગુણની પર્યાયમાં શુદ્ધતાની વૃદ્ધિ થતી જાય છે, અશુદ્ધતાનો અભાવ થતો જાય છે; માટે સાતમાંથી લઈને આગળના ગુણસ્થાનોમાં વ્યવહાર સમ્યક્ત્વ નથી. નિશ્ચયસમ્યક્ત્વ, ચોથાથી સિદ્ધદશા સુધી સમાન અને નિરંતર રહે છે.

# ૩૦ બહિરાત્મા-અંતરાત્મા

ત્રિકાળી જ્ઞાયક પરમપારિણામિક જીવતત્ત્વને આત્મા કહે છે, તેમાં પર્યાયની અપેક્ષા બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્માના ભેદ છે. આ ત્રણ અવસ્થાઓથી રહિત દ્રવ્ય રહે છે. આ પ્રમાણે દ્રવ્ય અને પર્યાયરૂપ જીવ પદાર્થને જાણવો જોઈએ.

**પ્રશ્ન —મોક્ષનું કારણ શું છે?**

**ઉત્તર** —મિથ્યાત્વ મોહ-રાગ-દ્વેષરૂપ બહિરાત્મા અવસ્થા છે. તે તો અશુદ્ધ છે, દુઃખરૂપ છે, તે તો મોક્ષનું કારણ નથી.

મોક્ષ અવસ્થા તો ફળસ્વરૂપ છે, માટે આ તો મોક્ષનું કારણ નથી.

બહિરાત્મા-અવસ્થા તથા મોક્ષ અવસ્થા (પરમાત્મા)થી ભિન્ન જે અંતરાત્મા-અવસ્થા છે, તે મિથ્યાત્વ, રાગ-દ્વેષ-મોહરહિત હોવાને કારણે શુદ્ધ છે, અંતરાત્મા-અવસ્થા/સંવર-નિર્જરા અવસ્થા તે મોક્ષનું કારણ છે.

ચોથા ગુણસ્થામાં જેટલી શુદ્ધિ છે, તે મોક્ષનું કારણ છે; જે અશુદ્ધિ છે, તે બંધનું કારણ છે, મોક્ષનું કારણ નથી.

જે શુદ્ધિનો અંશ છે, તે મોક્ષમાર્ગનું કારણ છે અને અશુદ્ધિ અંશ છે, બંધરૂપ છે, હેય-ત્યાગવા યોગ્ય છે.

*(શ્રી પુરુષાર્થસિદ્ધિયુપાય, ગાથા ૨૧૨-૨૧૩-૨૧૪)*

**પ્રશ્ન —અંતરાત્મ-અવસ્થામાં ધ્યાન કરવાયોગ્ય કોણ છે?**

**ઉત્તર** —ત્રિકાળી પરમપારિણામિક જ્ઞાયક સ્વયં જીવ (દ્રવ્ય જ) ધ્યાન કરવાયોગ્ય છે. પોતાનું ત્રિકાળી પરમાત્મદ્રવ્ય, આ

અંતરાત્મ-અવસ્થાથી કથંચિત ભિન્ન છે.

*(શ્રીપ્રવચનસાર, જયસેનાચાર્ય, ગાથા ૨૩૮ની ટીકામાંથી)*

અંતરંગ અને બહિરંગ બંને પ્રકારના પરિગ્રહથી રહિત, ઉત્કૃષ્ટ શુદ્ધોપયોગી મુનિ (બારમા ગુણસ્થાનવર્તી) ઉત્તમ અંતરાત્મા છે. અવિરત-સમ્યગ્દષ્ટિ (ચોથા ગુણસ્થાનવર્તી) જઘન્ય અંતરાત્મા છે. આ બંને વચ્ચેની દશાવાળા શ્રાવક અને મુનિરાજ (પાંચમાથી અગિયારમાં ગુણસ્થાન સુધી) બધા મધ્યમ અંતરાત્મા છે.

*(શ્રીનિયમસાર, ગાથા ટીકા ૧૪૯)*

હકીકત એ છે કે ચોથા-પાંચમા-છઠ્ઠા ગુણસ્થાનમાં નિશ્ચય-સમ્યગ્દર્શનસહિત વ્યવહારસમ્યક્ત્વ થાય છે. તે ગુણસ્થાનમાં જે શુદ્ધિ છે, તે સંવર-નિર્જરારૂપ છે અને મોક્ષનું કારણ છે અને જે ભૂમિકા અનુસાર રાગ છે, તે અલ્પસ્થિતિ-અનુભાગરૂપ ઘાતિકર્મના બંધનું નિમિત્તકારણ છે, પરંતુ અનંત સંસારનું નિમિત્તકારણ નથી.

સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યા વગર, જુદા નવ તત્ત્વોને જાણવા મિથ્યાદષ્ટિપણું છે. શ્રી સમયસાર કળશ ૬માં નવપદાર્થના શ્રદ્ધાનને મિથ્યાત્વ કહ્યું છે.

વસ્તુ તો દ્રવ્ય છે અને દ્રવ્યનો નિજભાવ દ્રવ્યની સાથે જ રહે છે તથા નિમિત્ત-નૈમિત્તિકભાવનો અભાવ થાય જ છે. માટે શુદ્ધનયથી જીવને જાણવાથી જ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. જ્યાં સુધી ભિન્ન-ભિન્ન નવ પદાર્થોને જાણે અને શુદ્ધનયથી આત્માને ન જાણે ત્યાંસુધી પર્યાયબુદ્ધિ છે, એટલે કે મિથ્યાદષ્ટિ છે.

*(શ્રી સમયસાર, ગાથા ૧૩ના ભાવાર્થ, પૃષ્ઠ ૩૩)*

આથી સિદ્ધ થાય છે કે નિશ્ચયસમ્યગ્દર્શનની પ્રાપ્તિ વિના, વ્યવહારસમ્યગ્દર્શન લાગુ પડતું નથી.

મિથ્યાદૃષ્ટિ જીવને દેવ-ગુરુ-ધર્માદિકનું શ્રદ્ધાન આભાસમાત્ર હોય છે અને તે શ્રદ્ધાનમાં વિપરીતાભિનિવેશનો અભાવ થતો નથી. માટે અહીં નિશ્ચયસમ્યક્ત્વ તો નથી અને વ્યવહારસમ્યક્ત્વ તો આભાસમાત્ર છે. કારણ કે દેવ, ગુરુ, ધર્માદિકનું શ્રદ્ધાન છે, તે વિપરીતાભિનિવેશના અભાવનું સાક્ષાત્ કારણ (નિમિત્ત) નથી. કારણ થયા વિના ઉપચાર સંભવ નથી. માટે સાક્ષાત્ કારણની અપેક્ષા વ્યવહારસમ્યક્ત્વ પણ તેને સંભવી શકતું નથી.

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશ, પૃષ્ઠ ૩૩૩)*

વિપરીતાભિનિવેશરહિત શ્રદ્ધાનરૂપ આત્માના પરિણામ, તે તો નિશ્ચયસમ્યક્ત્વ છે, કારણ કે તે સત્યાર્થ સમકિતનું સ્વરૂપ છે. સત્યાર્થનું જ નામ નિશ્ચય છે તથા વિપરીતાભિનિવેશરહિત શ્રદ્ધાનને કારણભૂત (નિમિત્તભૂત) શ્રદ્ધાન, તે વ્યવહારસમ્યક્ત્વ છે. જો કે કારણમાં (નિમિત્તમાં) કાર્યનો ઉપચાર કર્યો છે, તે ઉપચારનું જ નામ વ્યવહાર છે. સમ્યગ્દૃષ્ટિ જીવને દેવ-ગુરુ-ધર્મનું સત્ય શ્રદ્ધાન છે, તે નિમિત્તથી તેના શ્રદ્ધાનમાં વિપરીતાભિનિવેશનો અભાવ છે. અહીં વિપરીતાભિનિવેશરહિત શ્રદ્ધાન નિશ્ચયસમ્યક્ત્વ છે અને દેવ-ગુરુ-ધર્મનું શ્રદ્ધાન, તે વ્યવહારસમ્યક્ત્વ છે. આ પ્રકારે સાધકને એક કાળમાં બંને સમ્યક્ત્વ જોવામાં આવે છે.

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૩૩૩)*

જેને સ્વ-પરનું શ્રદ્ધાન નથી અને જિનમતમાં કહેલા જે દેવ-ગુરુ-ધર્મ, તેમને માને છે તથા સાત તત્ત્વોને માને છે, અન્યમતમાં કહેલા દેવાદિને માનતો નથી, તો આ પ્રકારે કેવળ વ્યવહાર-સમ્યક્ત્વથી સમ્યગ્દૃષ્ટિ નામ પામતો નથી. (ગૃહીતમિથ્યાત્વના અભાવ થવાની અપેક્ષાથી વ્યવહારસમ્યક્ત્વ કહ્યું છે.)

*(રહસ્યપૂર્ણ ચિઠ્ઠી, પૃષ્ઠ ૨)*

.... પરંતુ વ્યવહાર તો ઉપચારનું નામ છે, તે ઉપચાર તો ત્યારે બને છે, જ્યારે સત્યભૂત નિશ્ચયરત્નત્રયાદિનું કારણાદિ હોય.

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૫૭)*

હકીકતમાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યા વગરનું જેટલું જ્ઞાન છે, તે મિથ્યાજ્ઞાન છે, જેટલું ચારિત્ર છે, તે મિથ્યાચારિત્ર છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યા વગર, વ્યવહારાભાસી, અનાદિરૂઢ, મિથ્યાદષ્ટિ, સંસારતત્ત્વ જ કહેવામાં આવે છે.

સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી શુભાશુભભાવરૂપ કાર્યને કરતો થકો તેરૂપે પરિણમિત થાય, તોપણ અંતરંગમાં એવું શ્રદ્ધાન છે કે તે કાર્ય મારું નથી. જો શરીરાશ્રિત વ્રત-સંયમને પોતાના માને તે મિથ્યાદષ્ટિ છે. જ્ઞાનીને સવિકલ્પ પરિણામ હોય છે.

*(રહસ્યપૂર્ણ ચિઠ્ઠી, પૃષ્ઠ ૨)*

સમ્યક્ત્વવંત જીવના વ્યવહારસમ્યક્ત્વમાં અને અન્યકાળમાં પણ અંતરંગ નિશ્ચયસમ્યક્ત્વ ગર્ભિત છે. હમેશા ગમનરૂપ (પરિણમનરૂપ) રહે છે. *(રહસ્યપૂર્ણ ચિઠ્ઠી, પૃષ્ઠ ૯)*

હકીકત એ છે કે મિથ્યાદષ્ટિ જીવ પોતાના સ્વભાવનો આશ્રય લઈને, અંતરાત્મા બનીને ક્રમથી સ્વરૂપની સ્થિરતા કરીને, શ્રેણી માંડીને અરિહંત, સિદ્ધદશા પ્રાપ્ત કરી લે છે.

ચોથા-પાંચમા-છઠ્ઠા ગુણસ્થાનમાં નિશ્ચય-વ્યવહારસમ્યક્ત્વ એકસાથે થાય છે—એમ નિશ્ચયથી જાણવું જોઈએ.

# ૩૧ ધર્મનું મૂળ

સમ્યગ્દર્શન, ધર્મનું મૂળ છે, ધર્મનો અર્થ, ચારિત્ર થાય છે, કારણ કે ચારિત્રવંતને જ નિર્વાણની પ્રાપ્તિ થાય છે.

જેમ—બીજ જ ન હોય તો વૃક્ષ કેમ ઉગશે અને વૃક્ષ ન ઉગે તો સ્થિતિ કોની થશે ? વૃદ્ધિ કોની થશે અને ફળના ઉદય કેવો ? તેમ સમ્યગ્દર્શન થયા વગર જ્ઞાન-ચારિત્ર હોતા નથી. સમ્યક્ત્વ વગરનું જે જ્ઞાન છે, તે કુજ્ઞાન છે અને ચારિત્ર છે તે કુચારિત્ર છે. જ્યારે સમ્યક્ત્વ વગર જ્ઞાન-ચારિત્રની ઉત્પત્તિ જ નથી તો સ્થિતિ ક્યાંથી હોય અને જ્ઞાન-ચારિત્રની વૃદ્ધિ કેમ હોય અને જ્ઞાન-ચારિત્રનું ફળ અર્થાત્ સર્વજ્ઞ પરમાત્મપણું કેમ હોય? માટે સમ્યક્ત્વ વગર, સાચા શ્રદ્ધાન જ્ઞાન-ચારિત્ર ક્યારેય પણ થઈ શકતા નથી.

*(શ્રી રત્નકરંડ શ્રાવકાચાર, શ્લોક ૩૨ની ટીકામાંથી)*

સમ્યક્ત્વ સહિત અલ્પ શુભભાવ, અલ્પજ્ઞાન, અલ્પચારિત્ર, અલ્પ તપને કારણે આ જીવને કલ્પવાસી ઈન્દ્રાદિકમાં ઉપજવું થાય છે છેવટે ફળસ્વરૂપ જન્મમરણના દુઃખ રહિત પરમાત્મા બનાવી દે છે અને સમ્યક્ત્વ વગર ઘણા શુભભાવ હોય, અગિયાર અંગ, નવ પૂર્વનો જ્ઞાતા હોય, શુક્લલેશ્યા હોય, ઘોર તપ કરે તો ભવનવાસી, વ્યંતર, જ્યોતિષમાં તથા અલ્પ ઋદ્ધિધારી કલ્પવાસી દેવલોકમાં ઉત્પન્ન થઈને ફરી ચારે ગતિમાં ભ્રમણ કરતો થકો નિગોદમાં ચાલ્યો જાય છે. માટે સમ્યક્ત્વસહિત જ જ્ઞાન, ચારિત્ર તપશ્ચરણ કરવાથી જીવનું કલ્યાણ છે. *(શ્રી આત્માનુશાસન, શ્લોક ૧૫ની ટીકામાંથી)*

*તથા (શ્રીરત્નકરંડશ્રાવકાચાર, શ્લોક ૩૨, પૃષ્ઠ ૬૨)*

સર્વજ્ઞદેવે શિષ્યને એવો ઉપદેશ કર્યો કે જેમ—મંદિરનો પાયો

તથા વૃક્ષનું મૂળ હોય છે, તેવી રીતે ચારિત્ર તે જ ધર્મ છે અને ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે. 'दंसण मूलो धम्मो' । *(શ્રી દર્શનપાહુડ, ગાથા ૨)*

સમ્યગ્દર્શન વગર ધર્મરૂપી મહેલના મૂળ તો હોતા નથી. એટલે જેમ—મૂળ વગર વૃક્ષ ન હોય, પાયા વગર મંદિર ન હોય, તેમ સમ્યગ્દર્શન વગર જ્ઞાન-ચારિત્ર ધર્મ નથી.

દ્રવ્યાનુયોગનું આ કથન ચરણાનુયોગની સાથે મેળવાળું છે.

'दंसण भूमिह बाहिरा, जिस वयरूंक्ख्ण हुन्ति'

અર્થ : હે જીવ! સમ્યગ્દર્શનરૂપી ભૂમિ વગર, વ્રતરૂપી વૃક્ષ હોતું નથી. અહીં પણ ચારિત્રનું મૂળ સમ્યગ્દર્શન કહ્યું છે.

*(શ્રી યોગીન્દ્ર દેવકૃત શ્રાવકાચાર) તથા (શ્રીમોક્ષમાર્ગપ્રકાશક, પૃ. ૨૩૮)*

સમ્યગ્દર્શનના વગર, ચારિત્ર હોય છે—એવી શંકા કરવી નહીં અને અજ્ઞાની સંયમી જોવામાં આવે છે—એમ માનવું નહીં, કારણ કે સંયમરૂપી કાર્યના કારણભૂત સમ્યગ્દર્શન છે અને જ્યાં સમ્યગ્દર્શનનો અભાવ છે, ત્યાં ભાવસંયમી ક્યારેય હોતો નથી અને દ્રવ્યસંયમી હોય તો તે અજ્ઞાનીની બંધની પદ્ધતિમાં છે.

*(શ્રી ધવલા પુસ્તક ૧, પૃષ્ઠ ૧૭૫, ૩૭૮)*

શ્રદ્ધાન, તે સમ્યક્ત્વ છે અને સમ્યક્ત્વ, ચારિત્રનું કારણ છે. જ્યાં કારણ ન હોય ત્યાં ભાવચારિત્ર (ભાવસંયમ) પ્રગટે જ ક્યાંથી ? જીવે અનંતવાર દ્રવ્યસંયમ ધારણ કર્યો તથા સંસારની વૃદ્ધિ કરી અને હવે મનુષ્યભવ ધારણ કરીને એમ જ કર્યા કરે તો સંસારને વધારે છે. સમ્યગ્દષ્ટિ સદા રાગ વગરના છે, જ્યારે મિથ્યાદષ્ટિ બહિરાત્મા, દ્રવ્યસંયમી રાગને વર્ધક છે.

*(શ્રીસમયસાર, છઢાળા, રત્નકરંડશ્રાવકાચાર આદિ.)*

આ પ્રમાણે દ્રવ્યાનુયોગ, કરણાનુયોગ અને ચરણાનુયોગના

વીતરાગી શાસ્ત્રોમાં એક જ સિદ્ધાંત પ્રતિપાદિત કર્યો છે.

**પ્રશ્ન —ચોથા ગુણસ્થાનમાં સમ્યગ્દર્શન થવાથી જીવે મોક્ષમાર્ગ ગ્રહણ કર્યો—એમ કહી શકાય કે નહીં?**

**ઉત્તર** —કહી શકાય છે. કારણ કે સમ્યગ્દર્શન થવાથી જીવને આત્મસ્વરૂપની પ્રાપ્તિ, આત્માના સ્વભાવની પ્રાપ્તિ અથવા આત્માના ગુણીભૂત સ્વભાવની પ્રાપ્તિ થાય છે. જેવી પૂર્ણ સ્વભાવની પ્રાપ્તિ ચૌદમાં ગુણસ્થાનમાં પરમાત્માને થાય છે, તે જાતિની પ્રાપ્તિ ચોથે ગુણસ્થાનમાં અંતરાત્મા સમ્યગ્દષ્ટિને થાય છે.

ભગવાનનો લઘુનંદન (નાનો પુત્ર) ચોથા ગુણસ્થાનવાળો જીવ શિવમાર્ગમાં રમણ કરે છે. સ્વ-પરનો વિવેક હોવાથી મોક્ષમાર્ગમાં આનંદ કરે છે, સુખ ભોગવે છે. અરિહંતદેવનો નાનો પુત્ર હોવાથી થોડા જ સમયમાં અરિહંતપદ પ્રાપ્ત કરે છે. મિથ્યાદર્શનનો નાશ થવાથી નિર્મળ સમ્યગ્દર્શન પ્રગટ થયું છે. આનંદમય અવસ્થાના ધારક એવા સમ્યગ્દષ્ટિ જીવોને પંડિત બનારસીદાસજી હાથ જોડીને નમસ્કાર કરે છે.

भेदविज्ञान जग्यो जिनके घट, शीतल चित्त भयो जिम चन्दन।
केलि करें शिव मारग में, जगमाहिं जिनेश्वर के लघुनन्दन॥
सत्यस्वरूप सदा जिनके, प्रगट्यो अवदात मिथ्यात्व निकन्दन।
शान्तदशा तिनकी पहिचान, करै कर जोरि बनारसि बन्दन॥

*(શ્રી સમયસાર નાટકમાંથી)*

સમ્યગ્દષ્ટિને ચારિત્રમોહવશ અંશમાત્ર પણ સંયમ ન હોવા છતાં દેવો દ્વારા પૂજાય છે (સન્માનિત થાય છે)

*(છઢાળા) (શ્રીરત્નકરંડ શ્રાવકાચાર, શ્લોક ૩૬, ૩૭, ૩૯, ૪૦-૪૧)*

સન્માર્ગને ગ્રહણ કરે છે, તે જ સમ્યક્ત્વને પામે છે. સન્માર્ગનો અર્થ મોક્ષમાર્ગ થાય છે. *(શ્રી ધવલા, પુસ્તક ૧)*

આ પ્રકારે પ્રથમાનુયોગ, કરણાનુયોગ, દ્રવ્યાનુયોગ, ચરણાનુયોગનો મેળ જાણવો જોઈએ, કારણ કે ચારે અનુયોગોમાં એક જ વાત છે. સમ્યગ્દર્શન વગર ધર્મની શરૂઆત થતી નથી અને સમ્યગ્દર્શન વગર જ્ઞાન-ચારિત્ર હોતું નથી. માટે પાત્ર જીવોએ પ્રથમ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું જોઈએ.

## અલ્પ ચારિત્રધર્મ

**પ્રશ્ન —ચોથા ગુણસ્થાનમાં અલ્પ ચારિત્રની પ્રાપ્તિ થાય કે નહીં ?**

**ઉત્તર** —થાય છે, કારણ કે ચોથા ગુણસ્થાનમાં મિથ્યા-ચારિત્રનો અભાવ થાય છે અને આંશિક શુદ્ધિ પ્રગટ થાય છે, એમ સિદ્ધ થાય છે.

‘દર્શનમોહનીયના અભાવથી સત્ય શ્રદ્ધા, સત્ય જ્ઞાન પ્રગટ હોય છે અને અનંતાનુબંધીના અભાવથી સ્વરૂપાચરણચારિત્ર સમ્યગ્દષ્ટિને હોય છે. *(શ્રી રત્નકરંડશ્રાવકાચાર, ગાથા ૪૧, પૃષ્ઠ ૬૮)*

**પ્રશ્ન —સ્વરૂપાચરણચારિત્ર કોને કહે છે?**

**ઉત્તર** —શુદ્ધાત્માનુભવથી અવિનાભાવી ચારિત્ર વિશેષને સ્વરૂપાચરણચારિત્ર કહે છે.

*(શ્રી જૈનસિદ્ધાંત પ્રવેશિકા, ગોપાલદાસજી, પ્રશ્ન નં. ૨૨૩)*

**પ્રશ્ન —અવિરત સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનનું સ્વરૂપ શું છે ?**

**ઉત્તર** —દર્શનમોહનીયની ત્રણ અને અનંતાનુબંધીની ચાર પ્રકૃતિઓ—આ સાત પ્રકૃતિઓનો ઉપશમ અથવા ક્ષય અથવા ક્ષયોપશમના સંબંધથી અને અપ્રત્યાખ્યાન ક્રોધ, માન, માયા, લોભના ઉદયથી યુક્ત થવાવાળા વ્રતરહિત તથા અંશરૂપ સ્વરૂપાચરણચારિત્ર સહિત નિશ્ચયસમ્યક્ત્વધારી ચોથા ગુણસ્થાનધારી જીવ હોય છે. (અનાદિ મિથ્યાદષ્ટિને પાંચ પ્રકૃતિનો

ઉપશમ હોય છે.) *(શ્રી જૈન સિદ્ધાંત પ્રશ્નોત્તરમાળા પ્રશ્ન ૨૧૩)*

*(શ્રી જૈનસિદ્ધાંત પ્રવેશિકા, ગોપાલદાસજી કૃત, પ્રશ્ન ૬૧૧)*

માટે, ચોથા ગુણસ્થાનમાં અનંતાનુબંધીના અભાવરૂપ સ્વરૂપાચરણચારિત્ર નિયમથી હોય જ છે.

**ચારિત્ર શું છે....**

ઘાતિકર્મને પાપ કહે છે અને પાપક્રિયાનું નામ મિથ્યાત્વ, અસંયમ અને કષાય કહ્યું છે.

(જુઓ અહીં મિથ્યાત્વ, અસંયમ, કષાયના અભાવને ચારિત્ર કહ્યું છે) *(શ્રી ધવલા, પુસ્તક-૬, પૃષ્ઠ ૪૦)*

ચોથા ગુણસ્થાનમાં મિથ્યાત્વ, અનંતાનુબંધી કષાયની નિવૃત્તિ થાય છે, ત્યારે ચારિત્રનો અંશ પ્રગટે છે અને જ્યારે ચારિત્રગુણની ડાળ ફૂટે છે, ત્યારે ત્યાં ધારાપ્રવાહરૂપથી મોક્ષમાર્ગની તરફ વધે છે. ચારિત્રની શુદ્ધતા દ્વારા ચારિત્રગુણ નિર્મળ થાય છે અને તે નિર્મળતા, યથાખ્યાતચારિત્રનો અંકુર છે. સમ્યગ્દર્શન થવાથી સમ્યગ્જ્ઞાન, સ્વરૂપાચરણનો અંશ જાગૃત થાય છે, ત્યારે સાચો મોક્ષમાર્ગ હોય છે. *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, ઉપાદાન-નિમિત્ત ચિઠ્ઠીમાંથી)*

પરિણતિના સ્વાદને ચારિત્ર કહે છે.

*(શ્રી ધવલા પુસ્તક ૭, પૃષ્ઠ ૧૦૭)*

ચારિત્રનો અંશ એટલો નાનો છે કે સંયમ, ચારિત્ર એવા નામને પ્રાપ્ત થતો નથી. માટે સમ્યગ્દષ્ટિને અસંયત સમ્યગ્દષ્ટિ કહ્યો છે.

દર્શનવિશુદ્ધિ મૂળ છે. ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે. સમ્યગ્જ્ઞાનજ્યોતિનું મૂળ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન, તે સમ્યગ્જ્ઞાનમાં ઉપયુક્ત થવાનું મૂળ છે.

**ધર્મની વ્યાખ્યા**

● 'चारित्त खलु धम्मो' ચારિત્ર તે વાસ્તવમાં ધર્મ છે.

● ધર્મ છે, તે સામ્ય છે.

● સ્વરૂપમાં ચરવું તે ચારિત્ર છે. સ્વસમયમાં પ્રવૃત્તિ, એવો તેનો અર્થ છે.

● મોહ-ક્ષોભરહિત આત્માના પરિણામ, તે ધર્મ છે.

*(શ્રી પ્રવચનસાર, ગાથા ૭)*

અહિંસા લક્ષણ ધર્મ, સાગર-અનાગારરૂપ ધર્મ, ઉત્તમ ક્ષમાદિ દસલક્ષણ ધર્મ, મોહ-ક્ષોભરહિત આત્મપરિણામ ધર્મ.

*(શ્રી પ્રવચનસાર, જયસેનાચાર્ય, ગાથા-૭)*

મિથ્યાત્વ, રાગાદિ સંસરણરૂપ ભાવસંસારમાં પડેલા પ્રાણીઓનો ઉદ્ધાર કરી, નિર્વિકાર શુદ્ધ ચૈતન્યને પ્રાપ્ત કરાવે, તે ધર્મ છે. *(શ્રી પ્રવચનસાર, જયસેનાચાર્ય, ગાથા ૭)*

જે નરક, તિર્યંચાદિક ગતિના પરિભ્રમણના દુઃખથી આત્માને છોડાવી ઉત્તમ, આત્મિક, અવિનાશી, અતીન્દ્રિય મોક્ષસુખ પ્રાપ્ત કરાવે તે ધર્મ છે.

ધર્મ તો આત્માનો સ્વભાવ છે. જે પરમાં આત્મબુદ્ધિ છોડી, પોતાના જ્ઞાતા-દૃષ્ટારૂપ સ્વભાવની શ્રદ્ધા, અનુભવ તથા જ્ઞાયક-સ્વભાવમાં જ પ્રવર્તનરૂપ જે આચરણ, તે ધર્મ છે.

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર—આ ત્રણે(રત્નત્રય)ને તીર્થંકરદેવ ધર્મ કહે છે. *(શ્રી રત્નકરંડ શ્રાવકાચાર, ગાથા ૨-૩, પૃષ્ઠ ૨ તથા ૭-૮-૯માં ધર્મની વ્યાખ્યા કરી છે.)*

ઉપરની વ્યાખ્યાઓથી એમ સિદ્ધ થયું કે શ્રાવક-મુનિ બંને ધર્મ છે માટે તે ચારિત્ર છે, સામ્ય છે. ચોથા ગુણસ્થાનધારી જીવને

મિથ્યાત્વ, અનંતાનુબંધી કષાયના અભાવરૂપ સ્વરૂપાચરણચારિત્ર હોય છે, માટે તે પણ ધર્મ છે, સામ્ય છે—એમ જાણવું

**ચારિત્રની વ્યાખ્યા**

સ્વરૂપમાં ચરવું તે ચારિત્ર છે. સ્વસમયમાં પ્રવૃત્તિ તેનો અર્થ છે. *(શ્રી પ્રવચનસાર, ગાથા ૭)*

ચરણ તે સ્વધર્મ છે. ધર્મ આત્મસ્વભાવ છે અને તે રાગ-દ્વેષ રહિત જીવના અનન્ય પરિણામ છે. *(શ્રી મોક્ષપાહુડ, સૂત્ર ૫૦)*

જે જાણે છે, તે જ્ઞાન અને જે પ્રતીતિ કરે છે તે દર્શન. બંનેનો સહયોગ (એકમેકપણું) તે ચારિત્ર છે. *(શ્રી ચારિત્રપાહુડ, સૂત્ર-૩)*

આત્મામાં લીન જીવ સમ્યગ્દષ્ટિ છે. જે આત્માને જાણે છે, તે સમ્યગ્જ્ઞાન છે અને તેમાં રમણ કરવું તે ચારિત્ર છે.

*(શ્રી ભાવપાહુડ, ગાથા ૩૧)*

શુદ્ધાત્મશ્રદ્ધાનરૂપ સમ્યક્ત્વનો વિનાશ, તે દર્શનમોહ છે. નિર્વિકાર નિશ્ચય ચિત્તવૃત્તિનો નાશ કરવાવાળો ક્ષોભ છે.

*(શ્રી પ્રવચનસાર, જયસેનાચાર્ય, ગાથા-૭)*

આ પ્રમાણે ધર્મ, ચારિત્ર, સામ્ય, મોહ-ક્ષોભરહિત પરિણામ સમાનાર્થી છે.

ઘાતિકર્મને પાપ કહ્યું છે. મિથ્યાત્વ, અસંયમ, કષાય એ પાપક્રિયા છે. આ પાપક્રિયાનો અભાવ થવો તે ચારિત્ર છે.

*(શ્રી ધવલા, પુસ્તક ૬, પૃષ્ઠ ૪૦)*

સંયમન કરવાને સંયમ કહે છે. સંયમ શબ્દનો અર્થ સમ્યક્ થાય છે. માટે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનપૂર્વક અંતરંગ અને બહિરંગ આસ્રવોથી વિરક્તિ થવી તે સંયમ છે.

*(શ્રી ધવલા, પુસ્તક -૧, પૃષ્ઠ ૧૪૪, ૩૬૯)*

ચારિત્ર બે પ્રકારનું છે—દેશચારિત્ર, સકલચારિત્ર. શ્રાવકને પાંચમું ગુણસ્થાન અને મુનિઓને છઠ્ઠું-સાતમું ગુણસ્થાન છે. ત્યાં નિશ્ચયસ્વભાવભૂતનો સાચો અંશ થાય છે.

*(શ્રી ધવલા પુસ્તક-૫, પૃષ્ઠ ૨૩૩)*

સંયમ કહેવાથી છઠ્ઠા ગુણસ્થાનથી તેરમાં ગુણસ્થાન સુધીનું ગ્રહણ છે કારણ કે સંયમભાવની અપેક્ષાએ કોઈ ભેદ નથી. આ પ્રમાણે કરણાનુયોગના શાસ્ત્રોનું સ્પષ્ટ કથન છે. નિશ્ચયચારિત્ર પાંચમા, છઠ્ઠા ગુણસ્થાનવર્તી શ્રાવક અને મુનિઓને હોય છે, તે જ સાચું ચારિત્ર છે.

માટે મુનિદશા યોગ્ય સ્વરૂપાચરણચારિત્ર હોય ત્યારે શ્રાવકને એકદેશસ્વરૂપાચરણચારિત્ર હોય છે. ચોથા ગુણસ્થાનમાં સ્વરૂપાચરણચારિત્રનું મૂળ જ હોય છે કારણ કે દર્શન, ધર્મનું મૂળ છે. સ્વરૂપાચરણચારિત્ર ધર્મ છે. તેને અલ્પ ધર્મપરિણતિ અથવા સ્વરૂપાચરણચારિત્રનો કૂંપળ ફૂટવી કહો, એક જ વાત છે.

અનંતાનુબંધીના અભાવથી સમ્યગ્દષ્ટિને સ્વરૂપાચરણચારિત્ર પ્રગટ થાય છે. *(શ્રી રત્નકરંડ શ્રાવકાચાર, ગાથા ૪૧, પૃષ્ઠ ૬૮)*

ચોથા ગુણસ્થાનમાં સંવર શબ્દને શુદ્ધોપયોગ કહેલ છે.

*(શ્રી બૃહદ્ દ્રવ્યસંગ્રહ, ગાથા ૩૪)*

સમ્યગ્દર્શન, સ્વરૂપાચરણચારિત્રનું મૂળ છે. ત્યાં અનંતાનુબંધીનો અભાવ છે, માટે ચોથા ગુણસ્થાનમાં સ્વરૂપાચરણચારિત્ર હોય છે—એમ સિદ્ધ કર્યું છે. આ સંબંધમાં જે કહે છે કે સ્વરૂપાચરણચારિત્ર નથી હોતું તો મિથ્યાચારિત્ર હોવું જોઈએ, પણ તે ન્યાયસંગત નથી અને જે કહે છે કે ચોથા ગુણસ્થાનમાં સ્વરૂપાચરણચારિત્ર નથી થતું, તે મિથ્યાદષ્ટિ, જિનમતથી વિરુદ્ધ, પાપી અને જિનશાસનનો વિરોધ કરવાવાળો છે.

તત્ત્વજ્ઞાનના અભ્યાસથી કોઈ પદાર્થ ઈષ્ટ-અનિષ્ટ ન લાગે, ત્યારે આપોઆપ ક્રોધાદિક ઉત્પન્ન થતા નથી, ત્યારે સાચો ધર્મ થાય છે. *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૨૯)*

## પુણ્ય એટલે શુભભાવ

(અ) જિનશાસનમાં જિનેન્દ્રદેવે કહ્યું છે કે પૂજા આદિ (ભગવાનની ભક્તિ, વંદના, શાસ્ત્ર સ્વાધ્યાય), વ્રતસહિત હોય તો તે પુણ્ય અને મોહ-ક્ષોભરહિત આત્માના પરિણામ તે ધર્મ છે. (પુણ્ય ધર્મનું વિરોધી છે, પુણ્યથી ધર્મ થતો નથી, પણ આસ્રવ-બંધરૂપ અધર્મ થાય છે—એમ સ્પષ્ટ બતાવ્યું છે.) *(શ્રી ભાવપાહુડ, ગાથા ૮૩)*

લૌકિકજન તથા અન્યમતી કોઈ એમ કહે કે, જે પૂજાદિક શુભક્રિયા અને વ્રતક્રિયા સહિત હોય તો તે જિનધર્મ છે, પણ એમ નથી... ઉપવાસ, વ્રતાદિ જે શુભક્રિયા છે, જેમાં આત્માના રાગસહિત શુભ પરિણામ છે, તેનાથી પુણ્યકર્મ ઉત્પન્ન થાય છે, માટે તેને પુણ્ય કહે છે અને તેનું ફળ સ્વર્ગાદિક ભોગની પ્રાપ્તિ છે. જે વિકારરહિત શુદ્ધ દર્શન-જ્ઞાનરૂપ નિશ્ચય તે આત્માનો ધર્મ છે. તે ધર્મથી સંવર થાય છે. સંવરપૂર્વક નિર્જરા થતાં મોક્ષ થાય છે. માટે મોહ-ક્ષોભરહિત આત્માના પરિણામ ધર્મ છે.

*(શ્રી ભાવપાહુડ, ગાથા ૮૩નો ભાવાર્થ)*

જે જૈન પૂજા-વ્રત-દાનાદિ શુભક્રિયાથી ધર્મ માને છે, તે જિનમતથી બહાર છે. *(શ્રી ભાવપાહુડ, ગાથા ૮૪-૮૫નો ભાવાર્થ)*

**પ્રશ્ન —પુણ્યથી સંવર-નિર્જરા-મોક્ષ કોણ માને છે ?**

**ઉત્તર** —શ્વેતામ્બર. 'વ્રતાદિરૂપ શુભોપયોગથી જ દેવગતિનો બંધ માને છે અને તેનાથી જ મોક્ષમાર્ગ માને છે, માટે બંધમાર્ગ અને મોક્ષમાર્ગ બંનેને એક કર્યો, પણ તે મિથ્યા છે.'

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૧૫૮)*

વ્યવહાર થોડો-ઘણો તો મદદરૂપ છે, વ્યવહારને નિમિત્ત કહ્યો છે—એવા પુણ્યકર્મના પક્ષપાતીને અર્થાત્ વ્રત-શીલાદિને મોક્ષના કારણરૂપમાં અંગીકાર કરે છે તેમને નપુંસક કહ્યા છે.

*(શ્રી સમયસાર, ગાથા ૧૫૪)*

નિશ્ચયના વિષયને છોડીને, વિદ્વાન (મૂર્ખ) વ્રતાદિ નિમિત્ત વ્યવહાર દ્વારા જ પ્રવર્તે છે, તે પંડિતોનો કર્મક્ષય થતો નથી.

*(શ્રી સમયસાર, ગાથા ૧૫૮)*

જિનવરે કહેલા વ્રત, સમિતિ, ગુપ્તિ, શીલ, તપ કરવા છતાં પણ અભવ્ય—અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે. *(શ્રી સમયસાર, ગાથા ૨૨૩)*

સમ્યગ્દૃષ્ટિના શુભભાવને મોક્ષના ઘાતક કહ્યા છે.

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૫૫)*

જે શુભભાવથી મોક્ષ, સંવર, નિર્જરા માને છે, તેને મિથ્યાદૃષ્ટિ, પાપી, મોહી, દુષ્ટ, અનિષ્ટ, મોક્ષના ઘાતક આદિ અનેક નામોથી કહેલ છે. *(શ્રી સમયસાર, કળશ ૧૦૦ થી ૧૧૨ સુધી)*

(મિથ્યાદૃષ્ટિના શુભભાવ) 'સમસ્ત અનર્થ પરંપરાનું મૂળ રાગાદિ જ છે.' મિથ્યાદૃષ્ટિના શુભભાવને પાપબંધનું કારણ કહ્યું છે.

*(શ્રી પંચાસ્તિકાય, જયસેનાચાર્ય, ગાથા ૧૬૮)*

*(શ્રી પરમાત્મપ્રકાશ, અધ્યાય પહેલો, ગાથા ૯૮)*

દેવ-ગુરુ-શાસ્ત્ર પર છે, તેના આશ્રયે જે ભાવ છે તે પરાશ્રિત-ભાવ છે, માટે તે ભાવ, ત્યાગવાયોગ્ય અને બંધનું કારણ છે, સંવર-નિર્જરાનું કારણ નથી, પરાશ્રિતભાવ છે, અતત્ત્વશ્રદ્ધાન છે, ક્રોધ, માન, અરતિ, શોક, ભય, જુગુપ્સા, એ છ દ્વેષ-પરિણતિ છે અને માન, લોભ, રતિ, હાસ્ય, પુરુષ, નપુંસક, સ્ત્રીવેદ—આ સાત રાગ-પરિણતિ છે. આના નિમિત્તથી વિકારસહિત મોહ-ક્ષોભરૂપ અતિ વ્યાકુળ પરિણામ છે.

જે જીવ પરમાત્માની પૂજા-ભક્તિ, શાસ્ત્ર સ્વાધ્યાય, દયા, દાન, યાત્રાદિ શુભભાવોથી પોતાનું હિત માને તે મિથ્યાત્વી છે. નિશ્ચય સમ્યગ્દર્શન થવાથી, ચારિત્રગુણની પર્યાયમાં બે અંશ આવે છે, જેટલી શુદ્ધિ છે તે મોક્ષમાર્ગ છે અને જે અશુદ્ધિ છે, તે બંધમાર્ગ છે પરંતુ ચોથા-પાંચમાં-છઠ્ઠા ગુણસ્થાનમાં ભૂમિકાનુસાર શુભભાવને વ્યવહારધર્મ કહ્યો છે, પરંતુ તે આસ્રવ-બંધનું કારણ છે, તેનાથી અલ્પ સંસારનો બંધ થાય છે, એમ બતાવ્યું છે પણ જો જીવ માત્ર શુભભાવથી ધર્મ માને તો તેને ક્યારેય ધર્મપ્રાપ્તિ થઈ શકતી નથી.

મિથ્યાદૃષ્ટિનો શુભોપયોગ તો શુદ્ધોપયોગનું કારણ નથી પણ સમ્યગ્દૃષ્ટિને શુભોપયોગ થાય તો તેનો અભાવ કરીને નિયમથી શુદ્ધમાં આવી જાય છે—આ અપેક્ષાએ ચરણાનુયોગમાં ક્યાંક મોક્ષનું કારણ કહ્યું છે. તેનો અર્થ ‘એમ છે નહીં, નિમિત્તની અપેક્ષા કથન છે’ હકીકતમાં તો શુભભાવ કોઈના પણ હોય તે બંધનું જ કારણ છે—એમ જાણવું. *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૫૬)*

એકદેશ મોહ-ક્ષોભનો અભાવ થવાથી જે-જે શુભપરિણામ થાય છે, તેને ઉપચારથી ધર્મ કહેવામાં આવે છે. વાસ્તવમાં તો તે વીતરાગતાના શત્રુ છે, પણ નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે વ્યવહારનયથી એમ કથન કરવામાં આવે છે.

ભગવાન કુંદકુંદ, અમૃતચંદ્રાદિ આચાર્યોએ શુભભાવને અપવિત્ર, જડસ્વભાવી, દુઃખરૂપ, લાખની સમાન ઘાતક, અનિત્ય, અધ્રુવ, અશરણ વર્તમાનમાં દુઃખરૂપ, ભવિષ્યમાં પણ દુઃખરૂપ કહ્યા છે, ત્યારે કોઈ મૂર્ખ શુભભાવોને મોક્ષ અથવા સંવર-નિર્જરા કહે તે આશ્ચર્ય છે. *(શ્રી સમયસાર ગાથા ૭૨-૭૪)*

જેમ, અંધકાર અને પ્રકાશને તથા સમ્યગ્જ્ઞાન અને મિથ્યાજ્ઞાનને સાથે રહેવામાં વિરોધ છે, તેમ જ ચોથા ગુણસ્થાનથી

માંડીને યથાખ્યાતચારિત્ર સુધી જ્ઞાનધારા અને કર્મધારાને સાથે રહેવામાં વિરોધ નથી. યથાખ્યાતચારિત્ર પ્રગટ થવાથી કર્મધારાનો અભાવ થઈ જાય છે.

જ્યાં સુધી પુણ્યકર્મ, પુણ્યભાવ, પુણ્યની સામગ્રી અને પરલક્ષી જ્ઞાનની મીઠાશ રહેશે, ત્યાં સુધી સર્વજ્ઞ-સર્વદર્શી સ્વભાવની શ્રદ્ધા પણ થઈ શકતી નથી, અર્થાત્ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થતી નથી અને જ્યાં સુધી પર્યાયમાં શુભરાગ રહેશે ત્યાં સુધી સર્વજ્ઞ-સર્વદર્શી બની શકતો નથી. (શ્રી સમયસાર, ગાથા ૧૬૦)

## જીવનું હિત : મોક્ષ

જીવનું હિત મોક્ષ છે, માટે મોક્ષની પ્રાપ્તિ માટે કહ્યું છે કે સમ્યગ્દર્શનનું ફળ ચારિત્ર અને ચારિત્રનું ફળ મોક્ષ છે. ચારિત્ર વગર કોઈપણ જીવ મોક્ષ પ્રાપ્ત કરી શકતો નથી. માટે તીર્થંકર નામકર્મધારી અને ત્રણ જ્ઞાન સાથે લઈને જન્મેલા જીવોને પણ ચારિત્રદશા પ્રાપ્ત કર્યા વગર અર્થાત્ ભાવલિંગી મુનિદશા પ્રાપ્ત કર્યા વગર મોક્ષ થઈ શકતો નથી. માટે સમ્યગ્દર્શન પ્રાપ્ત થવાથી જ સંવર અર્થાત્ ધર્મની શરૂઆત થાય છે.

સંવરનો મહિમા પંડિત બનારસીદાસજીએ બતાવ્યો છે—

આસ્રવરૂપ રાક્ષસ, જગતના જીવોને પોતાને વશ કરીને અભિમાની થઈ રહ્યો છે, આ અત્યંત દુઃખદાયક અને મહાભયાનક છે તેનો વૈભવ નાશ કરવાયોગ્ય છે. તેના વૈભવના નાશ કરવા માટે જે ઉત્પન્ન થયો છે, તે ધર્મનું કારણ છે, કર્મરૂપ રોગના નાશ માટે વૈદ્ય સમાન છે. જેના પ્રભાવથી પરદ્રવ્યજનિત રાગદ્વેષાદિ વિભાવભાવ નાશ પામે છે. જે અત્યંત પ્રવીણ અને અનાદિકાળથી પ્રાપ્ત ન થયેલું હોવાથી નવીન છે. જેણે સુખ સમુદ્રની સીમાને પ્રાપ્ત કરી છે એવા સંવરરૂપને ધારણ કર્યો છે, તે મોક્ષમાર્ગનો સાધક છે—

એવા જ્ઞાની ધર્માત્માને મારા પ્રણામ.

તેરમાં ગુણસ્થાનમાં જીવ, કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે અને ચૌદમાં ગુણસ્થાનમાં અયોગીદશાને પ્રાપ્ત થાય છે. ચૌદમાં ગુણસ્થાનના અંતમાં સિદ્ધદશા, અર્થાત્ મોક્ષને પ્રાપ્ત કરે છે. સર્વ ગુણસ્થાન જીવને દેહસહિત અવસ્થામાં થાય છે. મોક્ષદશા, ગુણસ્થાનોની કલ્પનાથી રહિત છે, માટે ગુણસ્થાન જીવનું સ્વરૂપ નથી, પર છે, પરજનિતભાવ છે—એમ જાણીને, ગુણસ્થાનોના વિકલ્પરહિત શુદ્ધ-બુદ્ધ આત્માનો અનુભવ કરવો જોઈએ.

*(શ્રી સમયસાર-નાટક, ચતુર્દશ ગુણસ્થાન અધિકાર)*

આત્મા અને બંધને અલગ-અલગ કરવા તે જ મોક્ષ છે. જે નિર્વિકાર ચૈતન્ય-ચમત્કારમાત્ર આત્મસ્વભાવને અને તે આત્માના વિકાર કરવાવાળા ભાવબંધના સ્વભાવને જાણીને, બંધથી વિરક્ત થાય છે, તે સમસ્ત કર્મોથી મુક્ત થાય છે. *(શ્રી સમયસાર, ગાથા ૨૯૩)*

બંધનું સ્વલક્ષણ તો આત્મદ્રવ્યથી અસાધારણ એવા રાગાદિ છે. આ રાગાદિ આત્મદ્રવ્યની સાથે સાધારણ રીતે ધારણ કરેલા પ્રતિભાસિત થતા નથી. કારણ કે તે સદાય ચૈતન્ય-ચમત્કારથી ભિન્નરૂપ પ્રતિભાસિત થાય છે અને જેટલો ચૈતન્ય, આત્માની સમસ્ત પર્યાયોમાં વ્યાપ્ત થતો પ્રતિભાસિત થાય છે, તેટલા જ રાગાદિક પ્રતિભાસિત થતા નથી, કારણ કે રાગાદિ વગર પણ ચૈતન્યનો આત્મલાભ સંભવ છે (અર્થાત્ જ્યાં રાગાદિ ન હોય ત્યાં પણ ચૈતન્ય હોય છે.) *(શ્રી સમયસાર, ગાથા-૨૯૪ની ટીકા)*

જે પુરુષ પહેલા સમસ્ત પરદ્રવ્યનો ત્યાગ કરીને, નિજદ્રવ્યમાં (આત્મસ્વરૂપમાં) લીન થાય છે તે પુરુષ, સમસ્ત રાગાદિક (મહાવ્રતાદિક) અપરાધોથી રહિત થઈને, આગામી બંધનો નાશ કરે છે અને નિત્ય ઉદયરૂપ કેવળજ્ઞાનને પ્રાપ્ત કરીને શુદ્ધ થઈને સમસ્ત

કર્મોનો નાશ કરીને, મોક્ષને પ્રાપ્ત કરે છે. આ મોક્ષપ્રાપ્તિનો ક્રમ છે.

*(શ્રી સમયસાર, કળશ ૧૯૧નો ભાવાર્થ)*

શુભ ઉપયોગ કે પુણ્યભાવથી ક્યારેય પણ મોક્ષસુખની પ્રાપ્તિ થતી નથી, કારણ કે તે પ્રશસ્ત રાગ છે. તે (પ્રશસ્તરાગ) સ્વર્ગસુખનું કારણ છે અને મોક્ષસુખનું કારણ વીતરાગભાવ છે. માટે કારણમાં પણ ભેદ છે. પરંતુ અજ્ઞાનીઓને તે પ્રતિભાસિત થતું નથી.

*(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૩૪)*

સંપૂર્ણરીતે કર્મમળ કલંકરહિત, શરીરરહિત, આત્માના આત્યંતિક સ્વભાવિક-અચિંત્ય-અદ્‌ભુત તથા અનુપમ-સકળ-વિમળ-કેવળજ્ઞાનાદિક અનંતગુણોનું સ્થાનરૂપ જે અવસ્થાન્તર છે, તે મોક્ષ છે. *(શ્રી બૃહદ્દ્રવ્યસંગ્રહ, ગાથા ૩૭ની ટીકા)*

**મુક્ત આત્માનું સુખ–**

આત્મા, ઉપાદાનકારણથી સિદ્ધ, સ્વયં અતિશયયુક્ત, બાધાથી શૂન્ય, વિશાળ, વૃદ્ધિ-હાનિથી રહિત, વિષયોથી રહિત, પ્રતિદ્વન્દ (પ્રતિપક્ષતા)થી રહિત, અન્ય દ્રવ્યોથી નિરપેક્ષ, ઉપમારહિત, અપાર, નિત્ય, હમેશા ઉત્કૃષ્ટ તથા અનંત સારભૂત પરમસુખ તે સિદ્ધોને હોય છે. *(શ્રી બૃહદ્ દ્રવ્યસંગ્રહ, ગાથા ૩૭ની ટીકા, તથા પૂજ્યપાદસ્વામી કૃત સિદ્ધભક્તિ, ગાથા ૭)*

**પ્રશ્ન –ક્યો જીવ મોક્ષ છે ?**

**ઉત્તર** –સંવર સહિત એવો જીવ, સર્વ કર્મની નિર્જરા કરતો થકો વેદનીય અને આયુષ્ય રહિત થઈને ભવને છોડે છે, માટે તે જીવ મોક્ષ છે. (શ્રી પંચાસ્તિકાય, ગાથા ૧૫૩)

# ૩૨ વિવિધ પ્રશ્નોત્તર

## સોહં અને અનુભવ

'સોહં' શબ્દનો અર્થ તો એ છે તે 'તે હું છું'. અહીં એવી અપેક્ષા જોઈએ કે—'તે' કોણ? ત્યારે તેનો નિર્ણય કરવો જોઈએ. કારણ કે 'તત્' શબ્દને અને 'યત્' શબ્દને નિત્ય સંબંધ છે. માટે વસ્તુનો નિર્ણય કરીને તેમાં અહંબુદ્ધિ ધારણ કરવામાં 'સોહં' શબ્દ બને છે. ત્યાં પણ પોતાને પોતારૂપ અનુભવ કરે, ત્યાં તો 'સોહં' શબ્દ સંભવ નથી, પરને પોતારૂપ બતાવવામાં 'સોહં' શબ્દ સંભવે છે. જેમ કે પુરુષ પોતાને પોતે જાણે, ત્યાં 'પોતે હું છું'—એમ શા માટે વિચાર કરે? કોઈ બીજો જીવ, જે પોતાને ન ઓળખતો હોય અને કોઈ પોતાનું લક્ષણ ન જાણતો હોય, ત્યારે તેને કહે છે કે—'જે એવો છે તે હું છું' તે પ્રકારે અહીં જાણવું. *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૧૨૧)*

'તત્' શબ્દ છે, તે 'યત્' શબ્દની અપેક્ષાસહિત છે, માટે જેનું પ્રકરણ હોય, તેને 'તત્' કહે છે અને જેનો જે ભાવ અર્થાત્ સ્વરૂપ હોય, તેને તત્ત્વ જાણવું, કારણ કે 'તસ્ય ભાવસ્તત્ત્વમ્'—એવો તત્ત્વ શબ્દનો સમાસ(અર્થ) થાય છે. *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૩૧૭)*

ચોથા-પાંચમાં-છઠ્ઠા ગુણસ્થાનમાં શુદ્ધની સાથે શુભથી પણ ધર્મની પ્રાપ્તિ થતી નથી. પરંતુ શુદ્ધની સાથે શુભ હોવાથી (તે શુભ શત્રુ છે, બંધનું કારણ છે, આત્માના નાશને કરવાવાળો છે, ઘાતક છે.) શત્રુને પણ ભૂમિકા અનુસાર આવી જવાથી સહચારી (નિમિત્ત) વ્યવહારનય કહ્યો છે. પરંતુ જ્ઞાનીનો શુભભાવ પણ બંધનું કારણ છે, હેય છે, આત્માના સ્વભાવમાં વિઘ્નકારક છે, માટે ત્યાજ્ય છે.

જો શ્રદ્ધામાં શુભને મોક્ષનું કારણ માને, તે મિથ્યાદષ્ટિ જ હોય છે. *(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૩૩)*

દિગંબર નામ ધારણ કરીને પોતાને શુભરૂપનું શ્રદ્ધાન-જ્ઞાન અને આચરણ કરે છે, અર્થાત્ પોતાને અણુવ્રતી, મહાવ્રતી આદિ માને છે તેને 'સોહં' શબ્દ લાગુ પડી શકતો નથી.

**પ્રશ્ન —આત્માનો અનુભવ ક્યા ગુણસ્થાનમાં થાય છે?**

**ઉત્તર** —આત્માનો અનુભવ ચોથા ગુણસ્થાનથી શરૂ થાય છે, પણ ચોથામાં તો ઘણાકાળના અંતરે થાય છે અને ઉપરના ગુણસ્થાનોમાં ત્વરિત (જલ્દી) થાય છે.

**પ્રશ્ન —અનુભવ તો નિર્વિકલ્પ છે, ત્યાં ઉપરના અને નીચેના ગુણસ્થાનોમાં શું ભેદ છે?**

**ઉત્તર** —પરિણામોની લીનતા એ વિશેષ છે. જેમ બે પુરુષ નામ લે છે બંનેના પરિણામ નામ વિષે છે, ત્યાં એકને લીનતા વિશેષ અને બીજાને થોડી છે. આ પ્રમાણે અહીં જાણવું.

*(રહસ્યપૂર્ણ ચિઠ્ઠી, પૃષ્ઠ ૭)*

**પ્રશ્ન —આવો અનુભવ ક્યાં ભાવમાં હોય છે?**

**ઉત્તર** —તે પરિણમન આગમભાષામાં ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક—એમ ત્રણ ભાવરૂપ કહેવાય છે અને અધ્યાત્મભાષાથી શુદ્ધાત્મ—અભિમુખ પરિણામ, શુદ્ધોપયોગ ઈત્યાદિ પર્યાય—સંજ્ઞા નામ પામે છે. આ ભાવનારૂપ (એકાગ્રતા) મોક્ષકારણભૂત પર્યાય છે.

ચોથા ગુણસ્થાનોમાં આ ત્રણેય ભાવ હોય છે; માટે ચોથા ગુણસ્થાનથી અનુભવ થાય છે.

*(શ્રી સમયસાર, જયસેનાચાર્ય ટીકા, ગાથા ૩૨૦માંથી)*

ચોથા ગુણસ્થાનમાં સિદ્ધસમાન ક્ષાયિકસમ્યક્ત્વ થઈ જાય છે;

માટે સમ્યક્ત્વ તો કેવળ યથાર્થ શ્રદ્ધાનરૂપ જ છે.

*(રહસ્યપૂર્ણ ચિટ્ઠી, પૃષ્ઠ ૪)*

## શુદ્ધ આત્મામાં જ પ્રવૃત્તિ કરવી યોગ્ય છે

હું, આ મોક્ષ અધિકારી જ્ઞાયકસ્વભાવી આત્મતત્ત્વના પરિજ્ઞાનપૂર્વક મમત્વના ત્યાગરૂપ અને નિર્મમત્વમાં ગ્રહણ-વિધિના દ્વારા સર્વ ઉદ્યમથી શુદ્ધ આત્મામાં પ્રવર્તું છું કારણ કે મારામાં અન્ય કૃત્ય(મહાવ્રતાદિ)નો અભાવ છે.

આ પ્રમાણે પહેલા તો હું સ્વભાવથી જ્ઞાયક જ છું. કેવળ જ્ઞાયક હોવાથી મારો વિશ્વની સાથે સહજ જ્ઞેય-જ્ઞાયક લક્ષણ સંબંધ છે, પરંતુ અન્ય લક્ષણાદિ સંબંધ નથી, માટે મને કોઈપણની પ્રત્યે મમત્વ નથી, સર્વત્ર નિર્મમત્વ જ છે.

‘હવે એક જ્ઞાયકભાવનો સર્વ જ્ઞેયોને જાણવાનો સ્વભાવ હોવાથી’ ક્રમથી પ્રવર્તતા અનંત, ભૂત-વર્તમાન-ભાવી વિચિત્ર પર્યાયસમૂહવાળો, અગાધ સ્વભાવી અને ગંભીર એવા સમસ્ત દ્રવ્યમાત્રને જાણું છું. જાણે બધા દ્રવ્ય, જ્ઞાયકમાં ઉત્કીર્ણ થઈ ગયા હોય, ચિત્રિત થઈ ગયા, અંદર પ્રવેશી ગયા હોય, સ્થંભિત થઈ ગયા હોય, ડૂબી ગયા હોય, સમાઈ ગયા હોય, પ્રતિબિમ્બિત થઈ ગયા હોય, આમ એક ક્ષણમાં જ જે (શુદ્ધાત્મા) પ્રત્યક્ષ કરે છે. જ્ઞેય-જ્ઞાયક લક્ષણ સમ્બન્ધની અનિવાર્યતાને કારણે જ્ઞેય-જ્ઞાયકને ભિન્ન કરવા અશક્ય હોવાથી, વિશ્વરૂપતાને પ્રાપ્ત થવા છતાં પણ, જે (શુદ્ધ આત્મા) સહજ શક્તિરૂપ એવા જ્ઞાયકસ્વભાવ દ્વારા એકરૂપપણાને છોડતો નથી.

જે અનાદિ સંસારથી આજ સુધી (જ્ઞાયકસ્વભાવરૂપથી જ) રહેલ છે અને જે મોહના દ્વારા અન્યથા અવસ્થિત થાય છે. (અર્થાત્ બીજે પ્રકારે જાણે છે-માને છે) ત્યાં શુદ્ધ આત્માને, આ હું મોહને

જડમૂળથી ઉખાડીને અતિ નિષ્કંપ વર્તતો થકો જેમ છે તેમ જ પ્રાપ્ત કરું છું.

આ પ્રકારે દર્શનવિશુદ્ધિ જેમનું મૂળ છે—એવા જે સમ્યગ્જ્ઞાનમાં ઉપર્યુક્ત હોવાને કારણે અવ્યાબાધ લીનતા હોવાથી, સાધુ હોવા છતાં પણ સાક્ષાત્ સિદ્ધભૂત એવા નિજ આત્માને, તેમજ તથાભૂત (સિદ્ધભૂત) પરમાત્માઓને, તેમજ એક પરાયણપણું જેનું લક્ષણ છે, એવો ભાવનમસ્કાર સદાય સ્વયમેવ થાઓ.

*(શ્રી પ્રવચનસાર, ગાથા ૨૦૦ની ટીકા)*

## રાગના અવલંબન વિના, વીતરાગનો માર્ગ

નિશ્ચય સ્વભાવને આશ્રિત મોક્ષમાર્ગ છે—તેમાં રાગનું અવલંબન નથી.

નિજ પરમાત્માની ભાવના, તે મોક્ષમાર્ગ છે—તેમાં રાગનું અવલંબન નથી.

ઔપશમિકાદિભાવ, તે મોક્ષમાર્ગ છે—તેમાં રાગનું અવલંબન નથી.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, તે મોક્ષમાર્ગ છે—તેમાં રાગનું અવલંબન નથી.

શુદ્ધ ઉપાદાનકારણ, તે મોક્ષમાર્ગ છે—તેમાં રાગનું અવલંબન નથી.

ભાવશ્રુતજ્ઞાન, તે મોક્ષમાર્ગ છે—તેમાં રાગનું અવલંબન નથી.

શુદ્ધાત્મ-અભિમુખપરિણામ, તે મોક્ષમાર્ગ છે—તેમાં રાગનું અવલંબન નથી.

શુદ્ધાત્માના ધ્યાનરૂપ મોક્ષમાર્ગ છે—તેમાં રાગનું અવલંબન નથી.

શુદ્ધોપયોગ, તે મોક્ષમાર્ગ છે—તેમાં રાગનું અવલંબન નથી.

વીતરાગભાવ, તે મોક્ષમાર્ગ છે—તેમાં રાગનું અવલંબન નથી.

**પ્રશ્ન —કઈ-કઈ ત્રણ વાતો યાદ રાખવી જોઈએ?**

**ઉત્તર** —પોતાના આત્મા સિવાય, પરદ્રવ્યો સાથે કોઈપણ પ્રકારનો સંબંધ નથી.

પોતાની પર્યાયમાં એક સમયની ભૂલ છે.

મારો સ્વભાવ ભૂલરહિત છે—એમ જાણીને ભૂતાર્થના આશ્રયથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રાપ્ત કરવું તે પ્રત્યેક જીવનું કર્તવ્ય છે.

**પ્રશ્ન —આત્મહિત માટે પ્રયોજનભૂત કાર્ય શું છે?**

**ઉત્તર** —દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. તેમના ચતુષ્ટય સ્વતંત્ર છે, માટે પરને પોતાનું માનવું છોડી દે.

જ્યારે વસ્તુનું પરિણમન સ્વતંત્ર છે, તો તું તેનું શું કરીશ? અથવા તે તારા દ્વારા પરિણમશે તો તેનો પરિણમન—સ્વભાવ વ્યર્થ થઈ જશે અને જે શક્તિ જેનામાં છે જ નહીં, તે બીજો આપી શકે ક્યાંથી? માટે હું તેનું પરિણમન કરાવી આપું અથવા તો આમ પરિણમન કરે તો ઠીક—એવી કર્તૃત્વબુદ્ધિ છોડી દે.

એક દ્રવ્ય જ્યારે બીજા દ્રવ્યને અડી પણ શકતો નથી, તો તેને ભોગવવો કેવી રીતે? માટે જે આ પરને ભોગવવાની ઈચ્છા છે, તેને છોડ. આ તો નાસ્તિથી ઉપદેશ છે. પરંતુ કાર્યની સિદ્ધિ 'અસ્તિ'થી થશે અને તે આ પ્રકારે છે કે જેમ તને ખબર છે કે તારા આત્મામાં બે સ્વભાવ છે—એક ત્રિકાળીસ્વભાવ—અવસ્થિત, બીજો પરિણામ/પર્યાયધર્મ. અજ્ઞાનીજન તો અનાદિથી પોતાને, પર્યાયબુદ્ધિથી જોઈને તેમાં રાચે છે. તું જ્ઞાની બનવા ચાહે છે તો તું પોતાને ત્રિકાળી

સ્વભાવરૂપ સમજ પોતાને તેવો જ જોવાનો અભ્યાસ કર. આ જે તારો ઉપયોગ પરમાં ભટકી રહ્યો છે, તે પરની તરફ જવા ન દે, સ્વભાવની તરફ વાળ. જ્યાં તારી પર્યાયે પરને બદલે સ્વઘરને પકડ્યું અને સ્વસમુદ્રમાં મળી તો સ્વભાવપર્યાય પ્રગટ થઈ. બસ, તે સ્વભાવપર્યાય પ્રગટ થવાનું નામ સમ્યગ્દર્શન છે. ત્રણકાળ અને ત્રણલોકમાં તેની પ્રાપ્તિનો બીજો કોઈ ઉપાય નથી. આની પ્રાપ્તિથી તારું પૂર્વનું સર્વ જ્ઞાન સમ્યક્ થશે. જ્ઞાનનો ઝુકાવ પરથી હટીને સ્વમાં થવા લાગશે. આ બંને ગુણ અનાદિથી સંસારના કારણ બન્યા હતા, તે પાછા મોક્ષનું કારણ બનશે. જેમ-જેમ તે પરથી છૂટીને સ્વઘરમાં આવતા રહેશે, તેમ-તેમ ઉપયોગની સ્થિરતા આત્મામાં થતી રહેશે. સ્વની સ્થિરતાનું નામ જ ચારિત્ર છે અને તે સ્થિરતા ક્રમે-ક્રમે પૂર્ણ થઈને, તું પોતાના સ્વરૂપમાં જઈ મળશે અર્થાત્ સિદ્ધ થઈ જશે.

**પ્રશ્ન —ક્યારેક સમ્યગ્દર્શનાદિને બંધનું કારણ અને ક્યારેક શુભભાવોને મોક્ષનું કારણ કેમ કહે છે?**

**ઉત્તર** —શાસ્ત્રમાં ક્યારેક દર્શન-જ્ઞાન-ચારિત્રને પણ જો તે પરસમય-પ્રવૃત્તિ (રાગ) સહિત હોય તો કથંચિત બંધનું કારણ કહેવામાં આવે છે અને ક્યારેક જ્ઞાનીને વર્તતા શુભભાવોને પણ કથંચિત્ મોક્ષની પરંપરાનો હેતુ કહેવામાં આવે છે. શાસ્ત્રોમાં આવવાવાળા એવા ભિન્ન-ભિન્ન પદ્ધતિના કથનોને સુલટાવીને આ સારભૂત વાસ્તવિકતા ધ્યાનમાં રાખવી જોઈએ કે—જ્ઞાનીને જ્યારે શુદ્ધાશુદ્ધરૂપ મિશ્રપર્યાય વર્તે છે, ત્યારે તે મિશ્રપર્યાય એકાંતથી સંવર-નિર્જરા-મોક્ષનું કારણ થતી નથી અથવા એકાંતથી આસ્રવ-બંધનું કારણ થતી નથી, પરંતુ તે મિશ્રપર્યાયનો શુદ્ધ અંશ સંવર-નિર્જરા-મોક્ષનું કારણ થાય છે અને અશુદ્ધ અંશ આસ્રવ-બંધનું કારણ થાય છે. *(શ્રી પંચાસ્તિકાય, ગાથા ૧૬૪ની ટીકા તથા ફૂટનોટ)*

જ્ઞાનીને શુદ્ધાશુદ્ધરૂપ મિશ્રપર્યાયમાં જે ભક્તિઆદિરૂપ શુભ અંશ વર્તે છે તે તો માત્ર દેવલોકાદિના ક્લેશની પરંપરાનો જ હેતુ છે અને સાથે જ જ્ઞાનીને જે શુદ્ધ અંશ વર્તે છે તે સંવર-નિર્જરા તથા (તેટલા અંશમાં) મોક્ષનો હેતુ છે. વાસ્તવમાં આવું હોવા છતાં પણ, શુદ્ધ અંશમાં સ્થિત સંવર-નિર્જરા-મોક્ષના હેતુત્વનો આરોપ અને તેની સાથેની ભક્તિ આદિ શુભ અંશમાં ઉપચાર કરીને તે શુભભાવોને દેવલોક આદિના ક્લેશની પ્રાપ્તિની પરંપરાસહિત મોક્ષપ્રાપ્તિના હેતુભૂત કહેવામાં આવે છે. આ કથન આરોપથી (ઉપચારથી) કર્યું છે—એમ સમજવું. (આવો કથંચિત્ મોક્ષ હેતુત્વનો આરોપ પણ જ્ઞાનીને વર્તતા ભક્તિઆદિરૂપ શુભભાવોમાં કરવામાં આવે છે. અજ્ઞાનીને શુદ્ધિના અંશમાત્રનું પણ પરિણામ ન હોવાથી યથાર્થ મોક્ષનો હેતુ બિલકુલ પ્રગટ થયો નથી.—વિદ્યમાન જ નથી તો પછી ત્યાં તેના ભક્તિઆદિરૂપ શુભભાવોમાં આરોપ કોનો કરવામાં આવે?) *(શ્રી પંચાસ્તિકાય, ગાથા ૧૭૦ ટીકા તથા ફૂટનોટ)*

**પ્રશ્ન —વ્યવહારમોક્ષમાર્ગને કેવી રીતે પ્રાપ્ત કરી શકે છે?**

**ઉત્તર** —અહીં ધ્યાનમાં રાખવાયોગ્ય એ છે કે જીવ વ્યવહારમોક્ષમાર્ગને પણ અનાદિ અવિદ્યાનો નાશ કરીને પ્રાપ્ત કરી શકે છે. અનાદિ અવિદ્યાનો નાશ થવાથી પહેલા તો (અર્થાત્ નિશ્ચયનયના—દ્રવ્યાર્થિકનયના વિષયભૂત શુદ્ધાત્મસ્વરૂપનું ભાન કર્યા પહેલા તો) વ્યવહારમોક્ષમાર્ગ પણ થતો નથી, અર્થાત્ ચોથા ગુણસ્થાનથી પહેલા વ્યવહાર મોક્ષમાર્ગની શરૂઆત પણ થતી નથી.

*(શ્રી પંચાસ્તિકાય ગાથા ૧૬૧ની ટીકા તથા ફૂટનોટ)*

**પ્રશ્ન —નિશ્ચય-વ્યવહારનું સાધ્ય-સાધકપણું કેવી રીતે છે?**

**ઉત્તર** —'નિશ્ચયમોક્ષમાર્ગ અને વ્યવહારમોક્ષમાર્ગનું સાધ્ય-સાધકપણું અત્યંત ઘટિત થાય છે' એમ જે કહેવામાં આવ્યું છે તે

વ્યવહારનય દ્વારા કરવામાં આવેલ ઉપચરિત નિરુપણ છે. તેનાથી એવો અર્થ કાઢવો કે 'છઠ્ઠા ગુણસ્થાનમાં વર્તતા શુભવિકલ્પોને નહીં, પણ છઠ્ઠા ગુણસ્થાનમાં વર્તતા થકા શુદ્ધિના અંશને અને સાતમા ગુણસ્થાન યોગ્ય નિશ્ચયમોક્ષમાર્ગને વાસ્તવમાં સાધ્ય-સાધકપણું છે. છઠ્ઠા ગુણસ્થાનમાં વર્તતા થકા શુદ્ધિનો અંશ વધીને, જ્યારે અને જેટલા કાળ સુધી ઉગ્ર શુદ્ધિના કારણે શુભવિકલ્પોનો પણ અભાવ વર્તે છે, ત્યારે અને તેટલા કાળ સુધી સાતમા ગુણસ્થાનને યોગ્ય નિશ્ચયમોક્ષમાર્ગ હોય છે. *(શ્રી પંચાસ્તિકાય, ગાથા ૧૬૧ ટીકા તથા ફૂટનોટ)*

**પ્રશ્ન —દ્રવ્યલિંગી મુનિને મોક્ષમાર્ગ શા માટે નથી?**

**ઉત્તર** —અજ્ઞાની દ્રવ્યલિંગી મુનિનું અંતરંગ લેશમાત્ર પણ સમાહિત ન હોવાથી અર્થાત્ તેમને (દ્રવ્યાર્થિકનયના વિષયભૂત શુદ્ધાત્મસ્વરૂપના અજ્ઞાનને કારણે) શુદ્ધિનો અંશ પણ પરિણમિત ન હોવાથી, તેને વ્યવહારમોક્ષમાર્ગ પણ નથી. અર્થાત્ અજ્ઞાનીને નવ પદાર્થનું શ્રદ્ધાન, આચારાદિનું જ્ઞાન તથા ષટ્કાયના જીવોની રક્ષારૂપ ચારિત્રને વ્યવહારમોક્ષમાર્ગની સંજ્ઞા પણ નથી. નિશ્ચયના વગર વ્યવહાર કેવો? પહેલા નિશ્ચય થાય તો વ્યવહાર ઉપર આરોપ આપવામાં આવે. *(શ્રી પંચાસ્તિકાય, ગાથા ૧૬૦ના ભાવાર્થમાંથી)*

**પ્રશ્ન —દ્રવ્યલિંગી મુનિને નિશ્ચયરત્નત્રય કેમ પ્રગટ થતું નથી?**

**ઉત્તર** —(૧) પહેલા દર્શન-જ્ઞાન-ચારિત્રનું સ્વરૂપ, રાગરહિત જાણવું અને તે સમયે 'રાગ, ધર્મ નથી અથવા ધર્મનું સાધન નથી' એમ માનવું.—આવું માનવાથી જ્યારે જીવ રાગને તોડીને પોતાના ધ્રુવસ્વભાવના આશ્રયથી નિર્વિકલ્પ થાય છે, ત્યારે નિશ્ચય-મોક્ષમાર્ગની શરૂઆત થાય છે અને ત્યારે શુભ વિકલ્પો ઉપર વ્યવહારમોક્ષમાર્ગનો આરોપ આવે છે.

(૨) દ્રવ્યલિંગી તો ઉપચરિતધર્મને જ નિશ્ચયધર્મ માનીને તેનું

જ નિશ્ચયની જેમ સેવન કરે છે, તેનો વ્યય કરીને નિર્વિકલ્પ થતો નથી. વ્યવહાર કરતાં-કરતાં, નિશ્ચય ક્યારેય પ્રગટ થતું નથી. પણ વ્યવહારનો વ્યય કરે તો ક્યારેક નિશ્ચય પ્રગટ થાય છે.

(૩) વ્યવહાર થાય છે પરલક્ષથી, નિશ્ચય થાય છે સ્વાશ્રયથી, તે મોટો તફાવત છે. બંનેની લાઈન ભિન્ન-ભિન્ન છે. જ્યારે ભવ્યજીવ, સન્મુખતાના બળથી સ્વરૂપની તરફ ઝુકે છે, ત્યારે સ્વયમેવ સમ્યગ્દર્શનમય, સમ્યગ્જ્ઞાનમય તથા સમ્યક્ચારિત્ર થઈ જાય છે, માટે તે પોતાથી અભેદરૂપ રત્નત્રયની દશા છે અને તે યથાર્થ વીતરાગદશા હોવાને કારણે, નિશ્ચયરત્નત્રયની દશા છે. આથી એ વાત માનવી પડશે કે જે વ્યવહારરત્નત્રય છે, તે યથાર્થ રત્નત્રય નથી. માટે તેને હેય કહેવામાં આવે છે.

(૪) તે સાધુ, માત્ર તેમાં જ લાગ્યો રહે તો તેનો તે વ્યવહારમાર્ગ, મિથ્યામાર્ગ છે અને નિરુપયોગી છે. આમ કહેવું જોઈએ કે તે સાધુ તેને હેયરૂપ ન માનીને, યથાર્થરૂપ સમજે છે. જે જેને યથાર્થ જાણે છે અને માને છે, તો તેને કદાપિ છોડતો નથી. માટે આ સાધુનો વ્યવહારમાર્ગ, મિથ્યામાર્ગ છે અથવા તે અજ્ઞાનરૂપ, સંસારનું કારણ છે, તેને સંસારતત્ત્વ કહેલ છે.

મુનિવ્રત ધાર અનંતવાર ગ્રીવક ઉપજાયો,
પૈ નિજ આતમજ્ઞાન બિના, સુખ લેશ ન પાયો.

*(છઢાળા, ચોથી ઢાળ)*

**વ્યવહાર-નિશ્ચયનો સાર**

(૧) નિશ્ચય, સ્વદ્રવ્યાશ્રિત છે. જીવના સ્વાભાવિકભાવનું અવલંબન લઈને પ્રવૃત્તિ કરે છે, માટે તેના કથનનું જેમ છે તેમ અર્થ કરવો ઠીક છે.

(૨) વ્યવહાર, પર્યાયાશ્રિત તથા પરદ્રવ્યાશ્રિત વર્તે છે.

જીવના ઔપાધિકભાવ, અપૂર્ણભાવ, પરવસ્તુ અથવા નિમિત્તનું અવલમ્બન લઈને વર્તે છે. માટે તેના કથનના અનુસાર અર્થ કરવો ઠીક નથી, અસત્ય છે. જેમ—જીવ પર્યાપ્ત, જીવ અપર્યાપ્ત, જીવ સૂક્ષ્મ, જીવ બાદર, જીવ પંચેન્દ્રિય, જીવ રાગી આદિ એ બધું વ્યવહારકથન છે. જીવ, ચેતનમય છે—પર્યાપ્ત નથી, જીવ, ચેતનમય છે—અપર્યાપ્ત નથી, જીવ ચેતનમય છે—સૂક્ષ્મ-બાદર નથી, જીવ ચેતનમય છે—રાગી નથી, એ નિશ્ચયકથન સત્યાર્થ છે.

(૧) નિશ્ચયનય, સ્વાશ્રિત, અનેકાંત અને વ્યવહાર પરાશ્રિત છે—નિમિત્તાધીન છે. તે બંનેને જાણીને, નિશ્ચયસ્વભાવના આશ્રયથી પરાશ્રિત વ્યવહારનો નિષેધ કરવો પણ અનેકાંત છે. પરંતુ—(૧) આ કહેવું કે ક્યારેક સ્વભાવથી ધર્મ થાય છે અને ક્યારેક વ્યવહારથી પણ ધર્મ થાય છે, તે અનેકાંત નથી, પરંતુ એકાંત છે.

(૨) સ્વભાવથી લાભ છે અને કોઈ દેવ, શાસ્ત્ર, ગુરુ પણ લાભ કરાવી આપે છે એમ માનવાવાળો બે તત્ત્વને એક માને છે, અર્થાત્ એકાંતવાદી છે.

(૩) જોકે વ્યવહાર અને નિશ્ચય બંને નય છે પરંતુ તેમાં એક વ્યવહારને માત્ર 'છે'—એમ માનીને, તેનો આશ્રય છોડીને અને બીજા નિશ્ચયને આદરણીય માનીને, તેનો આશ્રય કરવો તે અનેકાંત છે.

પરિશિષ્ટ—૧

# દુઃખનું મૂળ : ચાર પ્રકારની ઈચ્છાઓ

**પ્રશ્ન ૧—ચાર પ્રકારની ઈચ્છાઓનું વર્ણન ક્યા શાસ્ત્રમાં પ્રશ્નોત્તરરૂપે સંગ્રહિત કર્યું છે?**

**ઉત્તર** —'સત્તાસ્વરૂપ'માં પ્રશ્નોત્તરરૂપમાં સંગ્રહિત કરેલ છે.

**પ્રશ્ન ૨—સત્તાસ્વરૂપમાં પ્રશ્નોત્તરરૂપે કેમ સંગ્રહ કરેલ છે?**

**ઉત્તર** —અજ્ઞાની જીવને પોતાની ભૂલ ખબર પડે તો તે પોતાના ભૂલરહિત સ્વભાવનો આશ્રય લઈને, ભૂલનો અભાવ કરીને સુખી થાય—એવી ભાવનાથી જ સંગ્રહ કરેલ છે.

**પ્રશ્ન ૩—ઈચ્છારૂપ રોગ શું છે અને ક્યારથી છે?**

**ઉત્તર** —અજ્ઞાનથી ઉત્પન્ન થવાવાવાળી ઈચ્છા જ નિશ્ચયથી દુઃખ છે એ તમને બતાવીએ છીએ. આ સંસારી જીવ અનાદિથી આઠકર્મના ઉદયથી ઉત્પન્ન થયેલી અવસ્થા, તે રૂપે પરિણમિત થાય છે. અહીં ભિન્ન પરદ્રવ્ય, સંયોગરૂપ પરદ્રવ્ય, વિભાવપરિણામ તથા જ્ઞેય શ્રુતજ્ઞાનના ષટ્રૂપ ભાવપર્યાયનો ધર્મ તેની સાથે અહંકાર-મમકારરૂપ કલ્પના કરીને, પરદ્રવ્યને મિથ્યા ઈષ્ટ-અનિષ્ટ માનીને, મોહ-રાગ-દ્વેષના વશીભૂત થઈને કોઈપણ પરદ્રવ્યને પોતારૂપ માની લે છે. જેને ઈષ્ટરૂપ માની લે છે, તેને ગ્રહણ કરવા ઈચ્છે છે તથા જેને પાપરૂપ—અનિષ્ટ માની લે છે, તેને દૂર કરવા ચાહે છે, આ પ્રકારે જીવની અનાદિકાળથી એક ઈચ્છારૂપ રોગ અંતરંગમાં શક્તિરૂપ ઉત્પન્ન થયો છે, તેના ચાર ભેદ છે.

**પ્રશ્ન ૪—ઈચ્છાના ચાર ભેદ ક્યા ક્યા છે?**

**ઉત્તર** —(૧) મોહઈચ્છા (૨) કષાયઈચ્છા, (૩) ભોગઈચ્છા અને (૪) રોગાભાવઈચ્છા.

**પ્રશ્ન ૫—શું ચાર પ્રકારની ઈચ્છા એકસાથે થાય છે?**

**ઉત્તર** —ના, ત્યાં આ ચારમાંથી એક કાળમાં એક જ પ્રવૃત્તિ થાય છે. કોઈ સમયે કોઈ ઈચ્છા કરી અને કોઈ સમયે કોઈ ઈચ્છાની મુખ્યતા રહે છે.

**પ્રશ્ન ૬—ચાર પ્રકારની ઈચ્છા કોનામાં જોવામાં આવે છે, અને કોનામાં જોવામાં આવતી નથી?**

**ઉત્તર** —તે એક સાચા જૈન વગર, મોહી એવા બધા સંસારીજીવોમાં, મિથ્યાત્વરૂપી મોહભાવ જોવામાં આવે છે.

**પ્રશ્ન ૭—મોહઈચ્છા શું છે?**

**ઉત્તર** —પહેલા મોહઈચ્છાનું કાર્ય આ પ્રકારે છે—પોતે તો કર્મજનિત પર્યાયરૂપ બનેલો રહે છે, તેમાં જ અહંકાર કરતો રહે છે કે હું મનુષ્ય છું, તિર્યંચ છું, આ પ્રમાણે જે-જે પર્યાય હોય છે તે તેરૂપે સ્વયં થતો થકો પ્રવર્તે છે. તથા જે પર્યાયમાં સ્વયં ઉત્પન્ન થાય છે, તે સંબંધી સંયોગરૂપ ને વિભાવરૂપ પરદ્રવ્ય જે હાથ આદિ અંગરૂપ ને ધન, કુટુંબ, મંદિર, ગામ આદિને પોતાના માનીને તેમને ઉત્પન્ન કરવા માટે તથા સંબંધ હંમેશા બનેલો રહે, તેના માટે ઉપાય કરવા ઈચ્છે છે તથા સંબંધ થઈ જવાથી સુખી થવું, તેમાં મગ્ન થવું ને તેના વિયોગમાં દુ:ખી થવું, શોક કરવો અથવા એવો વિચાર આવે કે મારા આગળ-પાછળ કોઈ નથી—આદિરૂપ આકુળતાનું થવું તેનું નામ મોહઈચ્છા છે.

**પ્રશ્ન ૮—ક્રોધ શું છે?**

**ઉત્તર** —કોઈ પરદ્રવ્યને અનિષ્ટ માનીને, તેને અન્યરૂપ

પરિણમન કરાવવાની, તેને બગાડવાની અથવા સત્તા નાશ કરવાની ઈચ્છા, તે ક્રોધ છે.

**પ્રશ્ન ૯—માન શું છે?**

**ઉત્તર** —કોઈ પરદ્રવ્યનું મહાનપણું સારું ન લાગે ને પોતાનું મહાનપણું પ્રગટ કરવા માટે પરદ્રવ્યથી દ્વેષ કરીને તેને અન્યરૂપ પરિણમન કરાવવાની ઈચ્છા થાય, તેનું નામ માન છે.

**પ્રશ્ન ૧૦—માયા શું છે?**

**ઉત્તર** —કોઈ પરદ્રવ્યને ઈષ્ટ માનીને, તેને પ્રાપ્ત કરવા માટે કે સંબંધ બનાવી રાખવા માટે અથવા તેનું વિઘ્ન દૂર કરવા માટે જે છળ-કપટરૂપ ગુપ્ત કાર્ય કરવાની ઈચ્છા થાય તેને માયા કહે છે.

**પ્રશ્ન ૧૧—લોભ શું છે?**

**ઉત્તર** —કોઈ પરદ્રવ્યને ઈષ્ટ માનીને, તેનાથી સંબંધ મેળવવા કે સંબંધ રાખવાની ઈચ્છા થવી, તે લોભ છે.

**પ્રશ્ન ૧૨—કષાયઈચ્છા શું છે?**

**ઉત્તર** —ઉપરના ચાર પ્રકારની પ્રવૃત્તિનું નામ કષાય ઈચ્છા છે.

**પ્રશ્ન ૧૩—ભોગઈચ્છા શું છે?**

**ઉત્તર** —પાંચ ઈન્દ્રિયોને પ્રિય લાગવાવાળા જે પરદ્રવ્ય, તેને રતિરૂપ ભોગવવાની ઈચ્છા થવી, તેનું નામ ભોગઈચ્છા છે.

**પ્રશ્ન ૧૪—રોગાભાવઈચ્છા શું છે?**

**ઉત્તર** —ભૂખ-પ્યાસ, ઠંડુ-ગરમ અથવા કામવિકાર આદિને મટાડવા માટે અન્ય પરદ્રવ્યની સાથે સંબંધની ઈચ્છા થવી તેનું નામ રોગાભાવઈચ્છા છે.

**પ્રશ્ન ૧૫—જ્યારે મોહઈચ્છાની પ્રબળતા હોય, ત્યારે બાકી ઈચ્છાઓનું શું થાય છે?**

**ઉત્તર** —આ પ્રમાણે ચાર પ્રકારની ઈચ્છા છે, તેમાંથી કોઈ એક જ ઈચ્છા પ્રબળ રહે છે તથા બાકીની ત્રણ ઈચ્છાઓ ગૌણ રહે છે.

**પ્રશ્ન ૧૬—જ્યારે મોહઈચ્છા થાય, ત્યારે કષાયઈચ્છાનું શું થાય છે?**

**ઉત્તર** —જેમ મોહઈચ્છા પ્રબળ થાય ત્યારે પુત્રાદિ માટે પરદેશ જાય છે, ત્યાં ભૂખ-પ્યાસ, ઠંડી-ગરમીનું દુઃખ સહન કરે છે, પોતે ભૂખ્યો રહે છે અને પોતાનું માન-અભિમાન છોડીને પણ કાર્ય કરે છે, પોતાનું અપમાન પણ કરાવે છે, છળ કરે છે તથા ધન પણ ખર્ચ કરે છે, આ પ્રમાણે મોહઈચ્છા પ્રબળ હોય ત્યારે કષાયઈચ્છા ગૌણ રહે છે.

**પ્રશ્ન ૧૭—જ્યારે મોહઈચ્છા પ્રબળ હોય ત્યારે ભોગઈચ્છાનું શું થાય છે?**

**ઉત્તર** —પોતાના ભાગનું ભોજન, વસ્ત્ર, પુત્રાદિ, કુટુંબીઓને સારું-સારું લાવીને આપે છે, પોતે લુખું-સુકું-વાસી જમવાનું મળવા છતાં પણ પ્રસન્ન રહે છે. જેમ-તેમ કરીને પોતાના ભાગનું પણ બળજોરીથી આપીને, તેમને પ્રસન્ન કરવા ઈચ્છે છે, આ પ્રમાણે ભોગઈચ્છા પણ ગૌણ રહે છે.

**પ્રશ્ન ૧૮—જ્યારે મોહઈચ્છા બળવાન હોય ત્યારે રોગાભાવ-ઈચ્છાનું શું થાય છે?**

**ઉત્તર** —પોતાના શરીરમાં રોગાદિ કષ્ટ આવવા છતાં પણ, પુત્રાદિ માટે પરદેશ જાય છે. ત્યાં ભૂખ-પ્યાસ, ઠંડી-ગરમીની અનેક બાધાઓ સહન કરે છે. પોતે ભૂખ્યો રહીને પણ તેમને ભોજનાદિ જમાડે છે. પોતે ઠંડીમાં પણ ભીની તથા કઠોર પથારી ઉપર સૂઈને તેમને સુકી તથા કોમળ પથારીમાં સુવાડે છે. આ પ્રમાણે

રોગાભાવની ઈચ્છા ગૌણ રહે છે. આ પ્રમાણે મોહઈચ્છા બળવાન રહે છે.

**પ્રશ્ન ૧૯—જ્યારે કષાયઈચ્છા બળવાન હોય ત્યારે, મોહઈચ્છાનું શું થાય છે?**

**ઉત્તર** —જ્યારે કષાયઈચ્છાનું જોર હોય, ત્યારે પિતા તથા ગુરુજન વિગેરેને મારવા લાગે છે, કડવા વચન કહે છે, નીચે પછાડી દે છે, પુત્ર આદિને મારે છે, ઝઘડો કરે છે, વેચી નાખે છે, અપમાન કરે છે, પોતાના શરીરને કષ્ટ આપીને ધનનો સંગ્રહ કરે છે તથા કષાયને વશ થઈને પ્રાણ પણ આપી દે છે—આદિ પ્રકારે કષાયઈચ્છાનું જોર હોવાથી મોહઈચ્છા ગૌણ પણ થઈ જાય છે.

**પ્રશ્ન ૨૦—ક્રોધ-કષાય હોવાથી શું થાય છે?**

**ઉત્તર** —ક્રોધ-કષાયનું જોર હોવાથી સારું ભોજન જમતો નથી, સારા વસ્ત્ર-આભૂષણ પહેરતો નથી, સુગંધ આદિને સુંઘતો નથી, સુંદર રંગ જોતો નથી, સુરીલા રાગ-રાગિણી આદિ સાંભળતો નથી. ઈત્યાદિ વિષય-સામગ્રીને બગાડી નાખે છે, અન્યનો ઘાત કરી નાખે છે તથા ન બોલવાલાયક હલકા વચનો બોલવા લાગે છે—ઈત્યાદિ કાર્યો કરે છે.

**પ્રશ્ન ૨૧—માનકષાય થવાથી શું થાય છે?**

**ઉત્તર** —માન-કષાય તીવ્ર થવાથી પોતાને મહાન તથા બીજાને હલકો દેખાડવાનો ઉપાય હમેશા કરતો રહે છે. પોતાને સારું ભોજન કરવામાં, સુંદર વસ્ત્ર પહેરવામાં, સુગંધ સુંઘવામાં, સુંદર વર્ણ જોવામાં, મધુર રાગ સાંભળવામાં આદિમાં પોતાનો ઉપયોગને લગાડતો નથી, તેનું ક્યારેય ચિંતવન કરતો નથી, તથા તેને તે વસ્તુ ક્યારેય સારી લાગતી નથી. માત્ર લગ્ન આદિ પ્રસંગોમાં પોતાની મોટાઈ દેખાડવા અનેક ઉપાય કરે છે.

**પ્રશ્ન ૨૨—લોભ-કષાય થવાથી શું થાય છે?**

**ઉત્તર** —લોભ-કષાય તીવ્ર હોવાથી સારું ભોજન જમતો નથી, સારા વસ્ત્રાદિ પહેરતો નથી, સુગંધ આદિ લગાડતો નથી, સુંદર રૂપને જોતો નથી તથા મધુર રાગને સાંભળતો નથી, માત્ર ધન સામગ્રીને એકઠી કરવામાં જ બુદ્ધિ રહે છે. કંજૂસ સ્વભાવ હોય છે.

**પ્રશ્ન ૨૩—માયા-કષાય થવાથી શું થાય છે?**

**ઉત્તર** —માયા-કષાય તીવ્ર થવાથી સારું ભોજન જમતો નથી, સારા વસ્ત્રાદિ પહેરતો નથી, સુગંધિત વસ્તુને સુંઘતો નથી, સ્વરૂપવાન આદિને જોતો નથી, સુરીલા રાગને સાંભળતો નથી, માત્ર અનેક પ્રકારના છળ-કપટ-માયાચારનો વ્યવહાર કરીને, બીજાને ઠગવાનું કાર્ય કરે છે.

**પ્રશ્ન ૨૪—ક્રોધાદિ કષાય ઈચ્છા તીવ્ર થવાથી ભોગ ઈચ્છા અને રોગાભાવ ઈચ્છાનું શું થાય છે?**

**ઉત્તર** —અનેક પ્રકારના ક્રોધ, માન, માયા, લોભ કષાયની તીવ્રતા થવાથી ભોગઈચ્છા ગૌણ થઈ જાય છે તથા રોગાભાવઈચ્છા મંદ થઈ જાય છે.

**પ્રશ્ન ૨૫—જ્યારે ભોગ ઈચ્છા બળવાન હોય ત્યારે મોહ ઈચ્છાનું શું થાય છે?**

**ઉત્તર** —જ્યારે ભોગ ઈચ્છા બળવાન થઈ જાય છે, ત્યારે પિતા આદિને સારું જમાડતો નથી, સારા વસ્ત્ર પહેરાવતો નથી વગેરે. પોતે સારી-સારી મીઠાઈ આદિ ખાવાની ઈચ્છા કરે છે, ખાય છે, સુંદર મૂલ્યવાન વસ્ત્ર આદિ પહેરે છે અને ઘરના કુટુંબીજનો ભૂખે મરતા રહે છે. આ પ્રમાણે ભોગઈચ્છા થવાથી મોહઈચ્છા ગૌણ થઈ જાય છે.

**પ્રશ્ન ૨૬– જ્યારે ભોગ ઈચ્છા બળવાન હોય, ત્યારે કષાય ઈચ્છાનું શું થાય છે?**

**ઉત્તર** –સારું જમવું, પહેરવું, સુંઘવું, સાંભળવું વિ. ઈચ્છા કરે છે. ત્યાં કોઈ ખરાબ કહે તોપણ ક્રોધ કરતો નથી, પોતાને માન ન કરે તોપણ ક્રોધ કરતો નથી, પોતાનું માન આદિ ન કરે તો પણ તેને ગણતો નથી, આવી અનેક પ્રકારની માયાચારી કરીને પણ દુઃખને ભોગવીને કાર્ય સિદ્ધ કરવા ઈચ્છે છે તથા ભોગઈચ્છાની પ્રાપ્તિ માટે ધનનો પણ ખર્ચ કરે છે, આ પ્રમાણે ભોગઈચ્છા બળવાન હોય ત્યારે કષાયઈચ્છા ગૌણ થઈ જાય છે.

**પ્રશ્ન ૨૭–જ્યારે ભોગ ઈચ્છા બળવાન હોય, ત્યારે રોગાભાવ ઈચ્છાનું શું થાય છે?**

**ઉત્તર** –સારું ખાવું, પહેરવું, સૂંઘવું, જોવું, સાંભળવું વગેરે કાર્ય થવા છતાં પણ, રોગાદિનું થવું તથા ભૂખ-પ્યાસાદિ કાર્ય પ્રત્યક્ષ ઉત્પન્ન થતા જાણીને પણ તે વિષય-સામગ્રીથી અરુચિ થતી નથી. જેમ સ્પર્શેન્દ્રિયની પ્રબળ ઈચ્છાને વશ થયેલો હાથી ખાડામાં પડે છે, રસનેન્દ્રિયમાં વશ થઈને માછલી જાળમાં ફસાઈને મરે છે, ઘ્રાણેન્દ્રિયને વશ થઈ ભમરો કમળમાં જીવન સમાપ્ત કરે છે, હરણ કર્ણેન્દ્રિયમાં વશ થઈ શિકારીની ગોળીથી મરે છે તથા ચક્ષુઈન્દ્રિયને વશ થઈને પતંગિયું દીપકમાં પ્રાણ ગુમાવી બેસે છે. આ પ્રમાણે ભોગઈચ્છા પ્રબળ હોવાથી રોગાભાવઈચ્છા ગૌણ થઈ જાય છે.

**પ્રશ્ન ૨૮–જ્યારે રોગાભાવ ઈચ્છા પ્રબળ હોય ત્યારે મોહ-ઈચ્છાનું શું થાય છે?**

**ઉત્તર** –જ્યારે રોગાભાવઈચ્છા પ્રબળ રહે છે, ત્યારે કુટુંબાદિકને છોડી દે છે, મંદિર, મકાન, પુત્રાદિને વેચી દે છે વગેરે. રોગનું જોર વધારે હોવાથી મોહ ઉત્પન્ન થવાથી કુટુંબ-પરિવારથી

પણ મોહનો સંબંધ તૂટી જાય છે તથા અન્યરૂપ પરિણમન કરે છે. આ પ્રમાણે રોગાભાવઈચ્છા પ્રબળ થવાથી મોહ-ઈચ્છા ગૌણ થઈ જાય છે.

**પ્રશ્ન ૨૯—જ્યારે રોગાભાવ ઈચ્છા પ્રબળ હોય ત્યારે કષાય ઈચ્છાનું શું થાય છે?**

**ઉત્તર** —કોઈ ખરાબ કહે, અપમાન કરે, તોપણ અનેક છળ-કપટ કરીને, ધનખર્ચીને પણ પોતાના રોગને મટાડવા માગે છે. આ પ્રમાણે રોગાભાવઈચ્છા પ્રબળ થવાથી કષાયઈચ્છા ગૌણ થઈ જાય છે.

**પ્રશ્ન ૩૦—જ્યારે રોગાભાવ ઈચ્છા પ્રબળ હોય ત્યારે ભોગ ઈચ્છાનું શું થાય છે?**

**ઉત્તર** —ભૂખ-પ્યાસ, ઠંડી-ગરમી લાગે અને પીડા આદિ રોગ થઈ જાય ત્યારે સારું-ખરાબ, ગળ્યું-ખારું અને ખાદ્ય-અખાદ્ય વસ્તુનો વિચાર કરતો નથી; ખરાબ અખાદ્ય વસ્તુ ખાઈને પણ રોગ મટાડવા ચાહે છે. જેમ કે પત્થર કે વાડના કાંટા ખાઈને ભૂખ મટાડવા માગે છે. આ પ્રકારે રોગાભાવઈચ્છા થવાથી ભોગઈચ્છા ગૌણ થઈ જાય છે.

**પ્રશ્ન ૩૧—અજ્ઞાનીને ઈચ્છા નામનો રોગ હમેશા કેમ બન્યો રહે છે?**

**ઉત્તર** —એક કાળમાં એક ઈચ્છા મુખ્ય રહે છે અને અન્ય ઈચ્છાની ગૌણતા થતી જાય છે. પરંતુ મૂળમાં ઈચ્છા નામનો રોગ હમેશા બન્યો રહે છે.

**પ્રશ્ન ૩૨— જીવ, સંસારમાં દુઃખી થતો થકો કેમ ભ્રમણ કરે છે?**

**ઉત્તર** —જેને નવા-નવા વિષયોની ઈચ્છા છે, તેને દુઃખ

સ્વભાવથી હોય જ છે. જો દુઃખ જ મટી ગયું હોય તો નવા વિષયોની ઇચ્છા શા માટે કરે? આ વાત શ્રી પ્રવચનસાર ગાથા ૬૪માં કહી છે.

जेसिं विसएसु रदी तेसिं दुक्खं वियाण सब्भावं ।
जइ तं ण हि सब्भावं वावारो णत्थि विसयथं ॥६४॥

येषां विषयेषु रतिस्तेषां दुःखं विजानीहि स्वाभावाम् ।
यदि तन्न हि स्वभावो व्यापारो नास्ति विषयार्थम् ॥६४॥

(येषां) જેને (विषयेषु रतिः) વિષયોમાં મગ્ન છે (तेषां) તેને (दुःखं) દુઃખ (स्वभावं) સ્વાભાવિક (विजानीहि) જાણો, (हि) કેમકે (यदि) જો (तद्) તે દુઃખ (स्वभावं न) સ્વભાવ ન હોય તો (विषयार्थ) વિષયોમાં (व्यापारः) વેપાર (न अस्ति) ન હોય.

ભાવાર્થ : જેમ રોગીને એક ઔષધિ ખાવાથી આરામ થઈ જાય છે તો તે બીજી ઔષધિનું સેવન શા માટે કરે? તે જ પ્રકારે એક વિષય સામગ્રીના પ્રાપ્ત થવાથી દુઃખ મટી જાય તો બીજી વિષય સામગ્રીની ઇચ્છા શા માટે કરે? કારણ કે ઇચ્છા તો રોગ છે અને ઇચ્છા મટાડવાનો ઉપચાર વિષય સામગ્રી છે. હવે, એક પ્રકારના વિષય સામગ્રીની પ્રાપ્તિથી એક પ્રકારની ઇચ્છા મટી જાય છે. પરંતુ તૃષ્ણા/ઇચ્છા નામનો રોગ અંતરમાંથી મટતો જ નથી. માટે બીજી અન્ય પ્રકારની ઇચ્છા ફરી ઉત્પન્ન થઈ જાય છે. આ પ્રમાણે સામગ્રી મેળવતા-મેળવતા આયુષ્ય પૂર્ણ થઈ જાય છે અને ઇચ્છા તો છેવટ સુધી નિરંતર બની જ રહે છે. તેના પછી બીજી પર્યાય પ્રાપ્ત કરે છે, ત્યારે તે પર્યાયસંબંધી ત્યાંના કાર્યોની નવીન ઇચ્છા ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે સંસારમાં દુઃખી થતો થકો ભ્રમણ કર્યા કરે છે.

**પ્રશ્ન ૩૩—દુઃખનું મૂળ કારણ શું છે?**

ઉત્તર —અનિષ્ટ સામગ્રીના સંયોગના કારણને અને ઇષ્ટ

સામગ્રીના વિયોગના કારણને વિઘ્ન માનો છો, પરંતુ તમે કાંઈ વિચાર કર્યો છે? જો આ વિઘ્ન હોય તો મુનિ આદિ ત્યાગી, તપસ્વી તો આ કાર્યોને અંગીકાર કરે છે, માટે વિઘ્નનું મૂળ કારણ અજ્ઞાન-રાગાદિ છે, આ પ્રમાણે દુઃખ કે વિઘ્નનું સ્વરૂપ જાણવું.

**પ્રશ્ન ૩૪—ઈચ્છાની અભાવનો શું ઉપાય છે?**

**ઉત્તર** —તેનો ઉપાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે.

**પ્રશ્ન ૩૫—તમે ઈચ્છાના અભાવનો ઉપાય સમ્યગ્દર્શનાદિ બતાવ્યો છે, તેની પ્રાપ્તિ કેમ થાય?**

**ઉત્તર** —(૧) કેવળજ્ઞાનીના કેવળજ્ઞાનને માનવાથી ઈચ્છાનો અભાવ થઈને સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ થાય છે. (૨) પોતાના આત્માને પરદ્રવ્ય સાથે સર્વથા સંબંધ નથી—એમ માનવાથી ઈચ્છાનો અભાવ થઈને સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ થાય છે. (૩) જેવું વસ્તુનું સ્વરૂપ છે, તેવું માને—જાણે તો ઈચ્છાનો અભાવ થઈને સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ થાય છે. (૪) મારો આત્મા જ્ઞાયક અને લોકાલોક વ્યવહારથી જ્ઞેય છે—એમ માનવાથી ઈચ્છાનો અભાવ થઈને સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ થાય છે. (૫) પદાર્થ ઈષ્ટ-અનિષ્ટ ભાસવાથી ક્રોધાદિ કષાયો થાય છે, જ્યારે તત્ત્વજ્ઞાનના અભ્યાસથી કોઈ પદાર્થ ઈષ્ટ-અનિષ્ટ ભાસે નહીં, ત્યારે ચારેય પ્રકારની ઈચ્છાનો અભાવ થઈને સ્વયમેવ જ ધર્મની પ્રાપ્તિ થઈ જાય છે.

પરિશિષ્ટ-૨

શ્રી નેમિચંદ્ર સિદ્ધાન્તદેવ રચિત

# દ્રવ્યસંગ્રહ પ્રશ્નોત્તરી

(ગાથા ૧ થી ૧૪ સુધી)

**પ્રશ્ન ૧—દ્રવ્યસંગ્રહમાં કેટલી ગાથાઓ અને કેટલા અધિકાર છે?**

**ઉત્તર** —અઠ્ઠાવન ગાથાઓ છે અને આ ગાથાઓને ત્રણ અધિકારમાં વહેંચવામાં આવી છે.

**પ્રશ્ન ૨—પ્રથમ અધિકારમાં શું બતાવ્યું છે?**

**ઉત્તર** —પ્રથમ અધિકારમાં સત્યાવીસ ગાથાઓ છે અને તેમાં છ દ્રવ્ય, પાંચ અસ્તિકાયનું પ્રતિપાદન કરેલ છે.

**પ્રશ્ન ૩—બીજા અધિકારમાં શું બતાવ્યું છે?**

**ઉત્તર** —બીજા અધિકારમાં અગિયાર ગાથાઓ છે અને તેમાં સાત તત્ત્વ, નવ પદાર્થોનું વર્ણન કરેલ છે.

**પ્રશ્ન ૪—ત્રીજા અધિકારમાં શુ બતાવ્યું છે?**

**ઉત્તર** —ત્રીજા અધિકારમાં ૨૦ ગાથાઓ છે અને તેમાં મોક્ષમાર્ગનું વર્ણન કરેલ છે.

जीवमजीवं दव्वं जिणवरवसहेण जेण णिद्दिट्ठं ।
देविंद-विंद-वंदं वंदे तं सव्वदा सिरसा ।।१।।

અર્થ : હું (નેમિચંદ્ર સિદ્ધાંતિદેવ), જે જિનવરવૃષભે જીવ અને અજીવદ્રવ્યનું વર્ણન કર્યું છે, તે દેવેન્દ્રોના સમૂહથી વંદ્ય એવા તીર્થંકર—પરમદેવને સદા મસ્તક નમાવીને નમસ્કાર કરું છું.

**પ્રશ્ન ૫—જિન કોને કહે છે અને જિનમાં કોણ આવે છે?**

**ઉત્તર** —નિજ શુદ્ધાત્મદ્રવ્યના આશ્રયથી મિથ્યાત્વ-રાગ-દ્વેષાદિને જીતવાવાળી નિર્મળ પરિણતિ જેમણે પ્રગટ કરી છે, તે જિન છે. મિથ્યાત્વના નાશપૂર્વક જેટલા અંશમાં જે રાગાદિનો નાશ કરે છે, તેટલા અંશમાં તે જૈન છે. વાસ્તવમાં જૈનપણાની શરૂઆત નિશ્ચય સમ્યગ્દર્શનથી જ થાય છે, જે ચોથા ગુણસ્થાનમાં પ્રગટ થાય છે. અસંયત સમ્યગ્દષ્ટિ, દેશવિરત શ્રાવક અને ભાવલિંગી મુનિ જિનમાં આવે છે.

**પ્રશ્ન ૬—જિનવર કોને કહે છે અને જિનવરમાં વિશેષરૂપથી કોણ આવે છે?**

**ઉત્તર** —જે જિનોમાં શ્રેષ્ઠ હોય છે, તે જિનવર છે અને વિશેષરૂપથી શ્રી ગણધરદેવ જિનવરમાં આવે છે.

**પ્રશ્ન ૭—જિનવરવૃષભ કોને કહે છે અને જિનવરવૃષભમાં કોણ-કોણ આવે છે?**

**ઉત્તર** —જે જિનવરોમાં શ્રેષ્ઠ હોય છે, તે જિનવરવૃષભ છે. દરેક તીર્થંકર ભગવાન જિનવરવૃષભમાં આવે છે.

**પ્રશ્ન ૮—ગ્રંથકર્તાએ વિશેષરૂપથી મંગલાચરણમાં કોનું સ્મરણ કર્યું છે?**

**ઉત્તર** —અહીં ગ્રંથકર્તાએ મંગલાચરણમાં પ્રથમ તીર્થંકર ૠષભદેવનું સ્મરણ કર્યા છે.

**પ્રશ્ન ૯—જિન-જિનવર-જિનવરવૃષભોએ કોનું વર્ણન કર્યું છે?**

**ઉત્તર** —જીવ અને અજીવદ્રવ્યોનું વર્ણન કર્યું છે.

**પ્રશ્ન ૧૦—વિશ્વ કોને કહે છે?**

**ઉત્તર** —જાતિ અપેક્ષાએ છ દ્રવ્યોના સમૂહને અને સંખ્યા અપેક્ષા અનંત દ્રવ્યોને વિશ્વ કહે છે.

**પ્રશ્ન ૧૧—વિશ્વને જાણવાથી કેટલો લાભ છે?**

**ઉત્તર** —અનેક લાભ છે, પણ મુખ્ય લાભ સાત છે, તેનું સ્પષ્ટીકરણ જૈન સિદ્ધાંત પ્રવેશ રત્નમાલાના વિશ્વ નામના પ્રકરણમાંથી જોઈ લેવું.

**પ્રશ્ન ૧૨—દ્રવ્ય કોને કહે છે?**

**ઉત્તર** —ગુણોના સમૂહને દ્રવ્ય કહે છે.

**પ્રશ્ન ૧૩—દ્રવ્યને જાણવાથી કેટલો લાભ થાય?**

**ઉત્તર** —અનેક લાભ છે, પરંતુ મુખ્ય સાત લાભ છે. તેનું સ્પષ્ટીકરણ જૈન સિદ્ધાંત પ્રવેશ રત્નમાલાના દ્રવ્ય નામના પ્રકરણમાં જોઈ લેવું.

**પ્રશ્ન ૧૪—ગુણ કોને કહે છે?**

**ઉત્તર** —જે દ્રવ્યના સંપૂર્ણ ભાગમાં અને તેની બધી અવસ્થાઓમાં રહે છે, તેને ગુણ કહે છે.

**પ્રશ્ન ૧૫—ગુણને જાણવાથી કેટલા લાભ થાય?**

**ઉત્તર** —અનેક લાભ છે. પરંતુ મુખ્ય લાભ છ છે. તેનું સ્પષ્ટીકરણ જૈન સિદ્ધાંત પ્રવેશ રત્નમાલાના ગુણ નામના પ્રકરણમાં જોઈ લેવું.

**પ્રશ્ન ૧૬—દ્રવ્ય કેટલા છે?**

**ઉત્તર** —દ્રવ્ય બે છે, જીવદ્રવ્ય અને અજીવદ્રવ્ય.

**પ્રશ્ન ૧૭—જીવદ્રવ્ય કોને કહે છે અને તે કેટલા છે?**

**ઉત્તર** —જેમાં સહજ શુદ્ધ ચૈતન્યપણું હોય, તે જીવ દ્રવ્ય છે અને તે જીવ દ્રવ્ય નિગોદથી માંડીને સિદ્ધ ભગવાન સુધી અનંત છે.

**પ્રશ્ન ૧૮—અજીવ દ્રવ્ય કોને કહે છે અને તે કેટલા છે?**

**ઉત્તર** —જેમાં જ્ઞાન-દર્શન ન હોય, તેને અજીવદ્રવ્ય કહે છે

અને અજીવદ્રવ્ય જાતિ અપેક્ષા પાંચ છે અને સંખ્યા અપેક્ષા—પુદ્‌ગલ અનંતાનંત, ધર્મ-અધર્મ-આકાશ એક-એક અને લોકપ્રમાણ અસંખ્યાત કાળદ્રવ્ય—આ પ્રમાણે અનંતાનંતછે.

**પ્રશ્ન ૧૯—જીવદ્રવ્ય અને જીવતત્ત્વમાં શું અંતર છે?**

**ઉત્તર** —જીવદ્રવ્યમાં નિગોદથી માંડીને સિદ્ધ ભગવાન સુધી બધા જીવ આવે છે અને જીવતત્ત્વમાં, જેમાં મારું જ્ઞાન-દર્શન હોય તે એક જ જીવ (નિજ આત્મા) આવે છે.

**પ્રશ્ન ૨૦—જીવ તત્ત્વ કોને કહે છે?**

**ઉત્તર** —જેમાં નિજ સહજ શુદ્ધ ચૈતન્યપણું હોય—તે જીવ તત્ત્વ છે

**પ્રશ્ન ૨૧—અજીવ તત્ત્વ કોને કહે છે અને અજીવ તત્ત્વમાં કોણ-કોણ આવે છે?**

**ઉત્તર** —(૧) જેમાં મારું જ્ઞાન-દર્શન ન હોય, તે અજીવ તત્ત્વ છે. (૨) મારા આત્મા સિવાય, વિશ્વમાં અનંત જીવ, અનંતાનંત પુદ્‌ગલ, ધર્મ-અધર્મ-આકાશ એક-એક અને લોકપ્રમાણ અસંખ્યાત કાળદ્રવ્ય, આ બધા અજીવ તત્ત્વમાં આવે છે.

**પ્રશ્ન ૨૨—અજીવ દ્રવ્ય અને અજીવ તત્ત્વમાં શું તફાવત છે?**

**ઉત્તર** —અજીવ દ્રવ્યમાં અનંતાનંત પુદ્‌ગલ, ધર્મ-અધર્મ-આકાશ એક-એક અને લોકપ્રમાણ અસંખ્યાત કાળ દ્રવ્ય આવે છે અને અજીવતત્ત્વમાં બધા દ્રવ્યો સાથે, મારા નિજ આત્મા સિવાય વિશ્વના સમસ્ત જીવદ્રવ્ય પણ આવી જાય છે.

**પ્રશ્ન ૨૩—જીવતત્ત્વ અને અજીવતત્ત્વ પ્રયોજનભૂત ક્યા પ્રકારે છે?**

**ઉત્તર** —(૧) નિજ જીવતત્ત્વ એકમાત્ર આશ્રય કરવાયોગ્ય હોવાથી પ્રયોજનભૂત તત્ત્વ છે. (૨) અજીવ તત્ત્વ એકમાત્ર જાણવાયોગ્ય પ્રયોજનભૂત તત્ત્વ છે.

**પ્રશ્ન ૨૪—નિજ તત્ત્વનો આશ્રય લેવાથી અને અજીવ તત્ત્વને જાણવાયોગ્ય માનવાથી શું લાભ થાય છે?**

**ઉત્તર** —દુઃખનો અભાવ થઈને સુખની પ્રાપ્તિ થાય છે, અર્થાત્ આસ્રવ-બંધના અભાવની શરૂઆત થઈ જાય છે, સંવર-નિર્જરાની પ્રાપ્તિ થઈને ક્રમથી મોક્ષની પ્રાપ્તિ થતી જાય છે.

**પ્રશ્ન ૨૫—દરેક જીવની સત્તા કેટલી છે?**

**ઉત્તર** —અસ્તિત્વાદિ અનંત સામાન્યગુણ અને જ્ઞાન-દર્શનાદિ અનંત વિશેષગુણ—એક વ્યંજનપર્યાય અને અનંત અર્થપર્યાયસહિત પ્રત્યેક જીવની સત્તા છે.

**પ્રશ્ન ૨૬—દરેક પુદ્ગલની સત્તા કેટલી-કેટલી છે?**

**ઉત્તર** —અસ્તિત્વાદિ અનંત સામાન્યગુણ અને સ્પર્શ-રસ-ગંધ-વર્ણાદિ અનંત વિશેષગુણ, એક વ્યંજનપર્યાય અને અનંત અર્થપર્યાય સહિત પ્રત્યેક પરમાણુ (પુદ્ગલ)ની સત્તા છે.

**પ્રશ્ન ૨૭—ધર્મદ્રવ્યની સત્તા કેટલી છે?**

**ઉત્તર** —અસ્તિત્વાદિ અનંત સામાન્યગુણ અને ગતિ હેતુત્વાદિ અનંત વિશેષગુણ, એક સ્વભાવ વ્યંજનપર્યાય અને અનંત સ્વભાવઅર્થપર્યાયસહિત ધર્મદ્રવ્યની સત્તા છે.

**પ્રશ્ન ૨૮—અધર્મદ્રવ્યની સત્તા કેટલી છે?**

**ઉત્તર** —અસ્તિત્વાદિ અનંત સામાન્યગુણ અને સ્થિતિહેતુત્વ આદિ અનંત વિશેષગુણ, એક સ્વભાવવ્યંજનપર્યાય અને અનંત સ્વભાવ અર્થપર્યાયસહિત અધર્મદ્રવ્યની સત્તા છે.

**પ્રશ્ન ૨૯—આકાશદ્રવ્યની સત્તા કેટલી છે?**

**ઉત્તર** —અસ્તિત્વાદિ અનંત સામાન્યગુણ છે અને અવગાહનહેતુત્વાદિ અનંત વિશેષગુણ, એક સ્વભાવવ્યંજનપર્યાય અને અનંત સ્વભાવ અર્થપર્યાયસહિત આકાશદ્રવ્યની સત્તા છે.

**પ્રશ્ન ૩૦—પ્રત્યેક કાલાણુની સત્તા કેટલી છે?**

**ઉત્તર** —અસ્તિત્વાદિ અનંત સામાન્યગુણ અને પરિણમન-હેતુત્વાદિ અનંત વિશેષગુણ, એક સ્વભાવવ્યંજનપર્યાય અને અનંત સ્વભાવઅર્થપર્યાયસહિત પ્રત્યેક કાલાણુની સત્તા છે.

**પ્રશ્ન ૩૧—જીવ, દુઃખી કેમ છે?**

**ઉત્તર** —(૧) જીવ-અજીવનું યથાર્થ જ્ઞાન ન હોવાથી જ સંસારી મિથ્યાદૃષ્ટિઓને સ્વ-પરનો વિવેક હોતો નથી. (૨) સ્વ-પરનો વિવેક ન હોવાથી તે આત્મસ્વરૂપની પ્રાપ્તિથી વંચિત રહેવાને કારણે દુઃખી જ છે.

**પ્રશ્ન ૩૨—દુઃખ દૂર કરવા માટે સંસારી જીવોએ શું કરવું જોઈએ?**

**ઉત્તર** —તેમણે સ્વ-પરનો યથાર્થ વિવેક પ્રગટ કરવા માટે જીવ-અજીવનું યથાર્થ જ્ઞાન કરવું જોઈએ.

**પ્રશ્ન ૩૩—ભાવનમસ્કાર શું છે?**

**ઉત્તર** —નિજ શુદ્ધાત્માની આરાધના, ભાવનમસ્કાર છે અને ભાવનમસ્કાર જ જિનેન્દ્રભગવાનની નિશ્ચયસ્તુતિ, વંદના, પ્રણામ નમસ્કાર છે.

**પ્રશ્ન ૩૪—નમસ્કાર કેટલા છે?**

**ઉત્તર** —પાંચ છે—(૧) શક્તિરૂપ નમસ્કાર, (૨) એકદેશ ભાવનમસ્કાર, (૩) દ્રવ્યનમસ્કાર, (૪) જડનમસ્કાર, (૫) પૂર્ણ ભાવનમસ્કાર.

**પ્રશ્ન ૩૫—આ પાંચેય નમસ્કારને સંક્ષેપમાં સમજાવો.**

**ઉત્તર** —(૧) શક્તિરૂપ નમસ્કારના આશ્રયથી જ એકદેશ ભાવનમસ્કાર પ્રગટ થાય છે. (૨) એકદેશ ભાવનમસ્કારની સાથે

પોત-પોતાની ભૂમિકા અનુસાર સાધક ધર્મી જીવને જે રાગ છે, તે દ્રવ્યનમસ્કાર પુણ્યબંધનું કારણ છે. (૩) દ્રવ્યનમસ્કારની સાથે શરીરાદિની ક્રિયાઓને જડનમસ્કાર એવો વ્યવહાર કહે છે. (૪) શક્તિરૂપ નમસ્કારનો પરિપૂર્ણ આશ્રય લેવાથી નમસ્કારનું ફળ પૂર્ણ ભાવનમસ્કાર પ્રગટ થાય છે.

**પ્રશ્ન ૩૬—દ્રવ્યનમસ્કાર ક્યા ગુણસ્થાન સુધી હોય છે?**

**ઉત્તર**—ચોથા ગુણસ્થાનથી લઈને છઠ્ઠા ગુણસ્થાન સુધી હોય છે.

**પ્રશ્ન ૩૭—જિનેન્દ્ર ભગવાનને કોણ નમસ્કાર કરી શકે છે?**

**ઉત્તર**—સાધક ધર્મી જીવ જ નમસ્કાર કરી શકે છે, અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ, ભગવાનને નમસ્કાર કરી શકતો નથી. કારણ કે અજ્ઞાનીને ભાવનમસ્કારની પ્રાપ્તિ નથી.

**જીવદ્રવ્યના નવ અધિકાર**

जीवो उवओगमओ अमुत्ति कत्ता सदेहपरिणामो ।
भोत्ता संसारत्थो सिद्धो सो विस्ससोड्ढगई ।।२।।

ગાથાર્થ – જે જીવે છે, ઉપયોગમય છે, અમૂર્તિક છે, કર્તા છે, સ્વદેહ પ્રમાણ છે, ભોક્તા છે, સંસારી છે, સિદ્ધ છે અને સ્વભાવથી ઊર્ધ્વગમન કરવાવાળો છે, તે જીવ છે.

**પ્રશ્ન ૩૮—આ નવ અધિકારનો મર્મ જાણવા માટે શું જાણવું આવશ્યક છે?**

**ઉત્તર**—નયસંબંધીનું જ્ઞાન હોવું આવશ્યક છે, કારણ કે નયજ્ઞાન થયા વગર નવ અધિકારોનો મર્મ સમજમાં આવી શકતો નથી.

**પ્રશ્ન ૩૯—પ્રમાણજ્ઞાન કોને કહે છે?**

**ઉત્તર**—દરેક વસ્તુ સામાન્ય-વિશેષાત્મક હોય છે, આવી વસ્તુના સાચા જ્ઞાનને પ્રમાણ કહે છે.

**પ્રશ્ન ૪૦—નય કોને કહે છે?**

**ઉત્તર** —પ્રમાણ દ્વારા નક્કી કરેલી અનંત ધર્માત્મક વસ્તુના એક-એક અંગનું જ્ઞાન મુખ્યરૂપથી કરાવે, તેને નય કહે છે.

**પ્રશ્ન ૪૧—નયનું તાત્પર્ય (હેતુ) શું છે?**

**ઉત્તર** —વસ્તુ અનંત ધર્મવાળી છે. વસ્તુમાં કોઈ ધર્મની મુખ્યતા કરીને અવિરોધરૂપથી સાધ્ય પદાર્થને જાણવો તે જ નયનું તાત્પર્ય છે.

**પ્રશ્ન ૪૨—નય કોને હોય છે અને કોને હોતા નથી?**

**ઉત્તર** —સાધક સમ્યગ્દષ્ટિને નય હોય છે, મિથ્યાદષ્ટિ અને કેવળીને નય હોતા નથી.

**પ્રશ્ન ૪૩—સમ્યગ્દષ્ટિને જ નય કેમ હોય છે.**

**ઉત્તર** —સમ્યગ્દષ્ટિને સમ્યક્શ્રુતજ્ઞાન પ્રગટ હોવાથી તેમને નય હોય છે.

**પ્રશ્ન ૪૪—મિથ્યાદષ્ટિને નય કેમ નથી હોતા?**

**ઉત્તર** —મિથ્યાદષ્ટિનું શ્રુતજ્ઞાન, મિથ્યા હોવાથી તેને નય હોતા નથી.

**પ્રશ્ન ૪૫—શું પહેલાં વ્યવહારનય હોય છે?**

**ઉત્તર** —નથી હોતા. કારણ કે 'निरपेक्ष नयाः मिथ्याः—सापेक्ष वस्तु तेऽर्थकृतः' નિશ્ચયનયની અપેક્ષાએ વ્યવહારનય હોય છે. કેવળ વ્યવહાર પક્ષ જ મોક્ષમાર્ગમાં નથી.

**પ્રશ્ન ૪૬—જિનેન્દ્ર ભગવંતોની વાણીની પદ્ધતિ શું છે?**

**ઉત્તર** —બંને નયોના આશ્રયથી સર્વસ્વ કહેવાની પદ્ધતિ છે.

**પ્રશ્ન ૪૭—નયના કેટલા ભેદ છે?**

**ઉત્તર** —બે ભેદ છે, નિશ્ચયનય અને વ્યવહારનય.

**પ્રશ્ન ૪૮—નિશ્ચય-વ્યવહારનું લક્ષણ શું છે?**

**ઉત્તર** —(૧) યથાર્થનું નામ નિશ્ચય છે (૨) ઉપચારનું નામ વ્યવહાર છે.

**પ્રશ્ન ૪૯—યથાર્થ નામ નિશ્ચય અને ઉપચાર નામ વ્યવહારને કેવી-કેવી રીતે જાણવું જોઈએ?**

**ઉત્તર** —(૧) જ્યાં અખંડ ત્રિકાળી જ્ઞાયકસ્વભાવને યથાર્થ નામ નિશ્ચય કહ્યું, ત્યાં તેની અપેક્ષા નિર્મળપર્યાયને ઉપચાર નામ વ્યવહાર કહેવામાં આવે છે.

(૨) જ્યાં નિર્મળ શુદ્ધપરિણતિને યથાર્થનું નામ નિશ્ચય કહ્યો હોય, ત્યાં તેની અપેક્ષા ભૂમિકાનુસાર શુભભાવોના ઉપચારનું નામ વ્યવહાર કહેવામાં આવે છે.

(૩) જ્યાં જીવના વિકારીભાવોને યથાર્થનું નામ નિશ્ચય કહ્યું હોય, ત્યાં તેની અપેક્ષા દ્રવ્યકર્મ-નોકર્મને ઉપચારનું નામ વ્યવહાર કહેવામાં આવે છે.

**પ્રશ્ન ૫૦—(૧) અખંડ ત્રિકાળી સ્વભાવ, (૨) નિર્મળ શુદ્ધ પરિણતિ, (૩) જીવના વિકારીભાવોને યથાર્થનું નામ નિશ્ચય કેમ કહ્યા છે?**

**ઉત્તર** —(૧) એકમાત્ર આશ્રય કરવાયોગ્યની અપેક્ષાથી અખંડ ત્રિકાળી જ્ઞાયકસ્વભાવને યથાર્થનું નામ નિશ્ચય કહ્યું છે, કારણ કે તેના આશ્રયથી જ ધર્મની પ્રાપ્તિ-વૃદ્ધિ અને પૂર્ણતા થાય છે. (૨) પ્રગટ કરવાની અપેક્ષાથી નિર્મળ શુદ્ધ પરિણતિને યથાર્થનું નામ નિશ્ચય કહ્યું છે. (૩) પર્યાયમાં દોષ પોતાના અપરાધથી છે, દ્રવ્યકર્મ-નોકર્મના કારણે નહીં—આનું જ્ઞાન કરવા માટે વિકારીભાવોને યથાર્થનું નામ નિશ્ચય કહ્યું છે.

**પ્રશ્ન ૫૧—(૧) નિર્મળ શુદ્ધપરિણતિ, (૨) ભૂમિકા અનુસાર**

**શુભભાવો અને (૩) દ્રવ્યકર્મ-નોકર્મના ઉપચારનું નામ વ્યવહાર કેમ કહ્યો છે?**

**ઉત્તર** —(૧) અનાદિ-અનંત ન હોવાની અપેક્ષાએ તથા આશ્રય કરવાયોગ્ય ન હોવાની અપેક્ષાથી નિર્મળ શુદ્ધ પરિણતિના ઉપચારનું નામ વ્યવહાર કહ્યો છે. (૨) મોક્ષમાર્ગમાં શુદ્ધ અંશની સાથે કેવા-કેવા પ્રકારનો રાગ થાય છે અને કેવા-કેવા પ્રકારનો રાગ થતો નથી—આ જ્ઞાન કરાવવા માટે ભૂમિકા અનુસાર શુભભાવોના ઉપચારનું નામ વ્યવહાર કહ્યો છે. (૩) જ્યારે-જ્યારે પર્યાયમાં વિભાવભાવ ઉત્પન્ન થાય છે, ત્યારે-ત્યારે દ્રવ્યકર્મ-નોકર્મનું નિમિત્ત હોય છે—આ અપેક્ષા દ્રવ્યકર્મ-નોકર્મના ઉપચારનું નામ વ્યવહાર કહ્યું છે.

**પ્રશ્ન ૫૨—નિશ્ચયનય કોને કહે છે?**

**ઉત્તર** —વસ્તુના કોઈ અસલી (મૂળ) અંશને ગ્રહણ કરવાવાળા જ્ઞાનને નિશ્ચયનય કહે છે—જેમ, માટીના ઘડાને માટીનો ઘડો કહેવો.

**પ્રશ્ન ૫૩—વ્યવહારનય કોને કહે છે?**

**ઉત્તર** —કોઈ નિમિત્તકારણથી એક પદાર્થમાં બીજા પદાર્થરૂપ જાણવાવાળા જ્ઞાનને વ્યવહારનય કહે છે—જેમ, માટીના ઘડામાં ઘીના નિમિત્તથી ઘીનો ઘડો કહેવો.

**પ્રશ્ન ૫૪—વ્યવહારના કેટલા ભેદ છે?**

**ઉત્તર** —બે ભેદ છે—સદ્‌ભૂતવ્યવહારનય અને અસદ્‌ભૂત-વ્યવહારનય.

**પ્રશ્ન ૫૫—સદ્‌ભૂતવ્યવહારનય કોને કહે છે?**

**ઉત્તર** —જે એક પદાર્થમાં ગુણ-ગુણીને ભેદરૂપે ગ્રહણ કરે, તેને સદ્‌ભૂતવ્યવહારનય કહે છે.

**પ્રશ્ન ૫૬—સદ્‌ભૂતવ્યવહારનયના કેટલા ભેદ છે?**

**ઉત્તર** —બે ભેદ છે—ઉપચરિતસદ્‌ભૂતવ્યવહારનય અને અનુપચરિતસદ્‌ભૂતવ્યવહારનય.

**પ્રશ્ન ૫૭—ઉપચરિતસદ્‌ભૂતવ્યવહારનય કોને કહે છે?**

**ઉત્તર** —જે ઉપાધિસહિત ગુણ-ગુણીને ભેદરૂપથી ગ્રહણ કરે તેને ઉપચરિતસદ્‌ભૂતવ્યવહારનય કહે છે—જેમ સંસારી જીવના મતિજ્ઞાનાદિ પર્યાય અને નર-નારકાદિ પર્યાયો.

**પ્રશ્ન ૫૮—અનુપચરિતસદ્‌ભૂતવ્યવહારનય કોને કહે છે?**

**ઉત્તર** —જે નય નિરુપાધિક ગુણ-ગુણીના ભેદરૂપ ગ્રહણ કરે, તેને અનુપચરિતસદ્‌ભૂતવ્યવહારનય કહે છે—જેમ જીવના કેવળજ્ઞાન-કેવળદર્શન.

**પ્રશ્ન ૫૯—અસદ્‌ભૂતવ્યવહારનય કોને કહે છે?**

**ઉત્તર** —જે મળેલા ભિન્ન પદાર્થોનું અભેદરૂપે કથન કરે તેને અસદ્‌ભૂતવ્યવહારનય કહે છે. જેમ કે આ શરીર મારું છે.

**પ્રશ્ન ૬૦—અસદ્‌ભૂતવ્યવહારનયના કેટલા ભેદ છે?**

**ઉત્તર** —બે ભેદ છે. ઉપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનય, અને અનુપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનય.

**પ્રશ્ન ૬૧—ઉપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનય કોને કહે છે?**

**ઉત્તર** —અત્યંત ભિન્ન પદાર્થોને જે અભેદરૂપથી ગ્રહણ કરે તેને ઉપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનય કહે છે. જેમ જીવના મહેલ, ઘોડા, વસ્ત્ર વગેરે.

**પ્રશ્ન ૬૨—અનુપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનય કોને કહે છે?**

**ઉત્તર** —જે નય, સંયોગસંબંધથી યુક્ત બે પદાર્થોના સંબંધમાં વિષય બનાવે, તેને અનુપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનય કહે છે.

જેમ—જીવનું શરીર, જીવના કર્મ કહેવા.

**પ્રશ્ન ૬૩—ચાર પ્રકારના અધ્યાત્મ વ્યવહાર ક્યા પ્રકારે છે?**

**ઉત્તર** —(૧) ઉપચરિતઅસદ્ભૂતવ્યવહારનય :—સાધક એમ જાણે છે કે મારી પર્યાયમાં વિકાર થાય છે. તેમાં જે વ્યક્ત(બુદ્ધિપૂર્વક) રાગ પ્રગટ જાણવામાં આવી શકે છે—એવા રાગને આત્માનો કહેવો. (૨) અનુપચરિતઅસદ્ભૂતવ્યવહારનય :—જે સમયે બુદ્ધિપૂર્વક રાગ થાય છે, તે સમય પોતાના જાણવામાં ન આવી શકે—એવો અબુદ્ધિપૂર્વક રાગ પણ છે, તેને આત્માના જાણવા. (૩) ઉપચરિતસદ્ભૂતવ્યવહારનય :—જ્ઞાન પરને જાણે છે અથવા જ્ઞાનમાં રાગ જાણવામાં આવતા હોવાથી 'રાગનું જ્ઞાન છે'—એમ કહેવું. અથવા જ્ઞાતાસ્વભાવના ભાનપૂર્વક જ્ઞાની 'વિકારને પણ જાણે છે'—એમ કહેવું. (૪) અનુપચરિતસદ્ભૂતવ્યવહારનય :—જ્ઞાન તે આત્મા વગેરે ગુણ-ગુણીના ભેદ કરવા.

**પ્રશ્ન ૬૪—ચાર પ્રકારના આગમ અને અધ્યાત્મમાં નયની જાણકારી શા માટે જરૂરી છે?**

**ઉત્તર** —કઈ અપેક્ષાથી કઈ વાત કહેવામાં આવી રહી છે, તેની જાણકારી માટે જરૂરી છે.

**પ્રશ્ન ૬૫—નિશ્ચયનય-વ્યવહારનયના સંબંધમાં શું જાણવું જોઈએ?**

**ઉત્તર** —નિશ્ચયનયથી જે નિરૂપણ કર્યું હોય, તેને સત્યાર્થ માનીને તેનું શ્રદ્ધાન અંગીકાર કરવું અને વ્યવહારનયથી જે નિરૂપણ કર્યું હોય, તેને અસત્યાર્થ માનીને, તેનું શ્રદ્ધાન છોડવું જોઈએ.

**પ્રશ્ન ૬૬—વ્યવહારનયનો ત્યાગ કરીને નિશ્ચયનયને અંગીકાર કરવાનો આદેશ શું ભગવાન અમૃતચંદ્રાચાર્યે આપ્યો છે?**

**ઉત્તર** —હાં, આપ્યો છે. (૧) શ્રી સમયસાર કળશ ૧૭૩માં

આદેશ આપ્યો છે કે 'સર્વ હિંસાદિ ને અહિંસાદિ'માં જે અધ્યવસાય છે, તે સમસ્ત છોડવા—એમ જિનદેવે કહ્યું છે. (૨) અમૃતચંદ્રાચાર્ય કહે છે કે એટલા માટે હું એમ માનું છું કે જે પરાશ્રિતવ્યવહાર છે તે બધો છોડાવ્યો છે. (૩) તો પછી સંત પુરુષ એક પરમ ત્રિકાળી જ્ઞાયક નિશ્ચયને જ અંગીકાર કરીને શુદ્ધ જ્ઞાનઘનસ્વરૂપ નિજ મહિમામાં ધ્યાન કેમ નથી કરતા? એમ કહીને આચાર્ય ભગવાને ખેદ પ્રગટ કર્યો છે.

**પ્રશ્ન ૬૭—નિશ્ચયનયને અંગીકાર કરવો અને વ્યવહારના ત્યાગના વિષયમાં ભગવાન કુંદકુંદ આચાર્યે શ્રી મોક્ષપ્રાભૃત ગાથા ૩૧માં શું કહ્યું છે?**

**ઉત્તર** —જે વ્યવહારની શ્રદ્ધા છોડીને નિશ્ચયની શ્રદ્ધા કરતો યોગી પોતાના આત્મકાર્યમાં જાગે છે તથા જે વ્યવહારમાં જાગે છે, તે પોતાના કાર્યમાં સુવે છે, માટે વ્યવહારનયનું શ્રદ્ધાન છોડીને, નિશ્ચયનું શ્રદ્ધાન કરવું યોગ્ય છે.

**પ્રશ્ન ૬૮—વ્યવહારનયનું શ્રદ્ધાન છોડીને, નિશ્ચયનયનું શ્રદ્ધાન કરવું શા માટે યોગ્ય છે?**

**ઉત્તર** —(૧) વ્યવહારનય (અ) સ્વદ્રવ્ય-પરદ્રવ્યને (આ) સ્વદ્રવ્યના ભાવોને—પરદ્રવ્યના ભાવોને (ઈ) તથા કારણ-કાર્યાદિને કોઈને કોઈ પ્રકારે મેળવીને નિરુપણ કરે છે તો એવા જ શ્રદ્ધાનથી મિથ્યાત્વ થાય છે, માટે તેનો ત્યાગ કરવો જોઈએ. (૨) અને નિશ્ચયનય તેને જેમ છે તેમ નિરૂપણ કરે છે તથા કોઈને કોઈમાં મેળવતો નથી—એવા જ શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે, માટે તેનું શ્રદ્ધાન કરવું જોઈએ.

**પ્રશ્ન ૬૯—તમે કહો છે કે વ્યવહારનયના શ્રદ્ધાનથી મિથ્યાત્વ થાય છે, માટે તેનો ત્યાગ કરવો અને નિશ્ચયનયના શ્રદ્ધાનથી**

**સમ્યક્ત્વ થાય છે, માટે તેનું શ્રદ્ધાન કરવું—પરંતુ જિનમાર્ગમાં બંને નયોનું ગ્રહણ કરવું કહ્યું છે–તેનું કારણ શું છે?**

**ઉત્તર** –(૧) જિનમાર્ગમાં ક્યાંક તો નિશ્ચયનયની મુખ્યતાથી કથન છે, તેને તો 'સત્યાર્થ એમ જ છે'–એમ જાણવું. (૨) તથા ક્યાંક વ્યવહારનયની મુખ્યતાથી કથન છે, તેને 'એમ છે નહીં, નિમિત્તાદિની અપેક્ષાએ ઉપચાર કર્યો છે'–એમ જાણવું. આ પ્રકારે જાણવું તેનું નામ જ બંને નયોનું ગ્રહણ છે.

**પ્રશ્ન ૭૦–કોઈ વિદ્વાન એમ કહે છે કે 'આમ પણ છે અને આમ પણ છે' આ પ્રમાણે બંને નયોનું ગ્રહણ કરવું જોઈએ–શું તેમનું કહેવું ખોટું છે?**

**ઉત્તર** –હા, બિલકુલ ખોટું છે. કારણ કે તેમને જિનેન્દ્ર ભગવાનની આજ્ઞાની ખબર નથી. કેમકે બંને નયોને સમાન સત્યાર્થ જાણીને 'આમ પણ છે અને આમ પણ છે' આ પ્રકારે ભ્રમરૂપે વર્તશે. માટે બંને નયોનું ગ્રહણ કરવું કહ્યું નથી.

**પ્રશ્ન ૭૧–વ્યવહારનય અસત્યાર્થ છે, તો તેનો ઉપદેશ જિનમાર્ગમાં શા માટે આપ્યો? માત્ર નિશ્ચયનયનું જ નિરૂપણ કરવું હતું.**

**ઉત્તર** –આવી જ દલીલ સમયસારમાં કરી છે–ત્યાં ઉત્તર આપ્યો છે કે જેવી રીતે મ્લેચ્છને મ્લેચ્છ ભાષા વગર અર્થ ગ્રહણ કરાવવા કોઈ સમર્થ નથી. તે જ પ્રકારે વ્યવહાર વગર(સંસારમાં સંસારી ભાષા વિના) પરમાર્થ ઉપદેશ અશક્ય છે. માટે વ્યવહારનો ઉપદેશ છે. આ પ્રમાણે નિશ્ચયનું જ્ઞાન કરાવવા માટે વ્યવહાર દ્વારા ઉપદેશ આપે છે, તેનો વિષય પણ છે, પરંતુ તે અંગીકાર કરવાયોગ્ય નથી.

**પ્રશ્ન ૭૨–વ્યવહાર વિના, નિશ્ચયનો ઉપદેશ કેમ હોતો નથી–તે સમજાવો?**

**ઉત્તર** —નિશ્ચયથી આત્મા, પરદ્રવ્યથી ભિન્ન, સ્વ-ભાવથી અભિન્ન, સ્વયં સિદ્ધ વસ્તુ છે. તેને જો ન ઓળખે, તેને તે પ્રકારે કહેતો રહે, ત્યારે તો તે સમજી શકતો નથી, માટે તેને વ્યવહારનયથી શરીરાદિક પરદ્રવ્યોની સાપેક્ષતા દ્વારા નર-નારક પૃથ્વી કાયાદિરૂપ જીવને વિશેષ કહ્યો. ત્યારે મનુષ્ય જીવ છે, નારકી જીવ છે—વગેરે પ્રકાર સહિત તેને જીવની ઓળખાણ થઈ. આ પ્રકારે વ્યવહાર વગર (શરીરના સંયોગ વગર), નિશ્ચયના (આત્માના) ઉપદેશનું ન હોવું જાણવું.

**પ્રશ્ન ૭૩—ઉપરના પ્રશ્નમાં વ્યવહારનયથી શરીરાદિક સહિત જીવની ઓળખાણ કરાવી—ત્યારે એવા વ્યવહારનયને શા માટે અંગીકાર ન કરવો જોઈએ?**

**ઉત્તર** —વ્યવહારનયથી નર-નારક આદિ પર્યાયને જીવની કહી—તો પર્યાયને જ જીવ ન માની લેવો. વર્તમાન પર્યાય તો જીવ-પુદ્‌ગલના સંયોગરૂપ છે. ત્યાં નિશ્ચયથી જીવદ્રવ્ય ભિન્ન છે તેને જ જીવ માનવો. જીવના સંયોગથી શરીરાદિકને પણ ઉપચારથી જીવ કહ્યો, તે કથનમાત્ર જ છે. પરમાર્થથી શરીરાદિક જીવ હોતા નથી, એમ જ શ્રદ્ધાન કરવું. આ પ્રકારે વ્યવહારનય (શરીરાદિવાળો જીવ છે), અંગીકાર કરવાયોગ્ય નથી.

**પ્રશ્ન ૭૪—વ્યવહાર વિના (ભેદ વગર) નિશ્ચયનો (અભેદ આત્માનો) ઉપદેશ કેમ નથી હોતો? તેને ભેદ-અભેદ લગાવીને સમજાવો.**

**ઉત્તર** —નિશ્ચયથી આત્મા અભેદ વસ્તુ છે, તેને જે ઓળખતા નથી, તેને આ પ્રકારે કહેતા રહીએ તો તે સમજી શકતા નથી. ત્યારે તેમને અભેદ વસ્તુમાં ભેદ ઉત્પન્ન કરાવીને જ્ઞાન-દર્શનાદિ ગુણ-પર્યાયરૂપ જીવના વિશેષ કહ્યા, ત્યારે જાણવાવાળો જીવ છે, દેખવાવાળો જીવ છે—વગેરે પ્રકાર સહિત જીવની ઓળખાણ થઈ.

આ પ્રકારે ભેદ કર્યા વિના અભેદનો ઉપદેશ નથી હોતો એમ જાણવું.

**પ્રશ્ન ૭૫—ઉપરના પ્રશ્નમાં ભેદ દ્વારા વ્યવહારથી જ્ઞાન-દર્શનની ઓળખાણ કરાવી—ત્યારે એવા ભેદરૂપ વ્યવહારનયને કેમ અંગીકાર ન કરવો જોઈએ?**

**ઉત્તર** —અભેદ આત્માના જ્ઞાન-દર્શનાદિ ભેદ કર્યા, તો તેને ભેદરૂપે ન માની લેવો, કારણ કે ભેદ તો સમજાવવા હેતુ કર્યો છે. નિશ્ચયથી આત્મા અભેદ છે. તેને જ જીવવસ્તુ માનવી. સંજ્ઞા, લક્ષણ આદિથી ભેદ કહે, તે તો કહેવા પૂરતા જ છે. પરમાર્થથી દ્રવ્ય-ગુણ ભિન્ન-ભિન્ન નથી, એમ જ શ્રદ્ધાન કરવું. આ પ્રકારે ભેદરૂપ વ્યવહારનય અંગીકાર કરવાયોગ્ય નથી.

**પ્રશ્ન ૭૬—વ્યવહાર વગર નિશ્ચયનો ઉપદેશ કેમ હોતો નથી? તેને વીતરાગભાવ ઉપર લગાવીને સમજાવો.**

**ઉત્તર** —નિશ્ચયથી વીતરાગભાવ મોક્ષમાર્ગ છે, તેને જે ઓળખતો નથી તેને એમ જ કહેતા રહે, તો તે સમજી શકતો નથી. ત્યારે તેને (૧) તત્ત્વશ્રદ્ધાન—જ્ઞાનપૂર્વક (૨) પરદ્રવ્યના નિમિત્ત મટાડવાની સાપેક્ષતા દ્વારા (૩) વ્યવહારનયથી વ્રત-શીલ-સંયમાદિને વીતરાગભાવના વિશેષ બતાવ્યા. તો તેને વીતરાગભાવની ઓળખાણ થઈ, આ પ્રમાણે વ્યવહાર વગર નિશ્ચયમાર્ગનો ઉપદેશ ન હોય એમ જાણવું.

**પ્રશ્ન ૭૭—ઉપરના પ્રશ્નમાં વ્યવહારનયથી મોક્ષમાર્ગની ઓળખાણ કરાવી, તો એવા વ્યવહારનયને અંગીકાર શા માટે ન કરવો જોઈએ?**

**ઉત્તર** —પરદ્રવ્યના નિમિત્તને મટવાની અપેક્ષાથી વ્રત, શીલ, સંયમાદિકને મોક્ષમાર્ગ કહ્યો, તો તેને જ મોક્ષમાર્ગ ન માની લેવો. કારણ કે (૧) પરદ્રવ્યના ગ્રહણ-ત્યાગ આત્માના હોય તો આત્મા

પરદ્રવ્યનો કર્તા-હર્તા તો થઈ જાય પરંતુ કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યને આધીન નથી. માટે આત્મા પોતાના ભાવ જે રાગાદિક છે તેને છોડીને વીતરાગી થાય છે. (૩) માટે નિશ્ચયથી વીતરાગભાવ જ મોક્ષમાર્ગ છે. (૪) વીતરાગભાવને અને વ્રતાદિકને કદાચિત કાર્ય-કારણપણું (નિમિત્ત-નૈમિત્તિકપણું) છે. (૫) માટે વ્રતાદિને મોક્ષમાર્ગ કહે, તે કહેવા પૂરતું જ છે. (૬) પરમાર્થથી બાહ્યક્રિયા મોક્ષમાર્ગ નથી—એવું શ્રદ્ધાન કરવું. આ પ્રકારે વ્યવહારનય અંગીકાર કરવા યોગ્ય નથી એમ જાણવું

**પ્રશ્ન ૭૮—જે જીવ, વ્યવહારનયના કથનને જ સાચું માની લે છે, તેને જિનવાણીમાં ક્યા નામથી સંબોધન કરેલ છે?**

**ઉત્તર** —(૧) શ્રી પુરુષાર્થસિદ્ધિયુપાય, ગાથા-૬માં કહ્યું છે કે 'તસ્ય દેશના નાસ્તિ' (૨) શ્રી સમયસાર કળશ ૫૫માં કહ્યું છે કે 'અજ્ઞાન-મોહ અંધકાર છે, તેનું પલટવું દુર્નિવાર (અઘરું) છે.' (૩) શ્રી પ્રવચનસાર ગાથા-૫૫માં કહ્યું છે કે ડગલે-પગલે છેતરાય છે (૪) આત્મઅવલોકનમાં કહ્યું છે કે 'આ તેનું હરામજાદીપણું છે'—વગેરે. તેને શાસ્ત્રમાં મૂર્ખ આદિ નામથી પણ સંબોધન કરેલ છે.

**પ્રશ્ન ૭૯—જીવ-અજીવાદિમાં હેય-જ્ઞેય-ઉપાદેયપણું ક્યા પ્રકારે છે?**

**ઉત્તર** —(૧) શુદ્ધ-બુદ્ધ એક સ્વભાવ જેનો છે, તેવું નિજ પરમાત્મદ્રવ્ય આશ્રય કરવાયોગ્ય પરમ ઉપાદેય છે. (૨) અજીવતત્ત્વ જ્ઞેયરૂપ છે. (૩) અજીવતત્ત્વની દૃષ્ટિથી જે આસ્રવ-બંધ-પુણ્ય-પાપ ઉત્પન્ન થાય છે, તે બધા છોડવાયોગ્ય છે/હેય છે. (૪) શુદ્ધ-બુદ્ધ એક સ્વભાવ જેનો છે, તે નિજ પરમાત્મદ્રવ્યના આશ્રયથી ઉત્પન્ન એકદેશ વીતરાગતા પ્રગટ કરવા યોગ્ય એકદેશ ઉપાદેય અને (૫) ક્ષાયિકદશા, પ્રગટ કરવાયોગ્ય પૂર્ણ ઉપાદેય છે.

**પ્રશ્ન ૮૦—જીવ-અજીવને કેમ જાણવા જોઈએ? તે વિષયમાં શ્રી મોક્ષમાર્ગપ્રકાશકમાં શું બતાવ્યું છે?**

**ઉત્તર** —(૧) પહેલાં તો દુઃખ દૂર કરવા માટે સ્વ-પરનું જ્ઞાન અવશ્ય હોવું જોઈએ. (૨) જો સ્વ-પરનું જ્ઞાન ન હોય તો પોતાને ઓળખ્યા વિના દુઃખ દૂર કેવી રીતે કરશે? (૩) સ્વ અને પરને એક માનીને પોતાનું દુઃખ દૂર કરવા માટે પરનો ઉપચાર કરે તો પોતાનું દુઃખ દૂર કેમ થાય ? (૪) પોતે સ્વયં જીવ છે અને પર પોતાથી ભિન્ન છે, પરંતુ આ પરમાં અહંકાર-મમકાર કરે તો દુઃખી જ થાય છે. સ્વનું અને પરનું જ્ઞાન થવાથી જ દુઃખ દૂર થાય છે. (૫) સ્વનું અને પરનું જ્ઞાન જીવ-અજીવનું જ્ઞાન થવાથી જ થાય છે, કારણ કે સ્વયં જીવ તત્ત્વ છે, શરીરાદિ અજીવ તત્ત્વ છે. જો લક્ષણાદિ દ્વારા જીવ-અજીવની ઓળખાણ ન થાય તો સ્વની અને પરની ભિન્નતા જણાય છે. માટે જીવ-અજીવને જાણવા જોઈએ. (મોક્ષમાર્ગપ્રકાશક પૃ. ૭૮)

**પ્રશ્ન ૮૧—જીવ અનાદિથી દુઃખી શા માટે છે?**

**ઉત્તર** —(૧) જીવને અનાદિથી સ્વ-પરની એકત્વરૂપ શ્રદ્ધાથી મિથ્યાદર્શન છે. (૨) સ્વ-પરના એકત્વજ્ઞાનથી મિથ્યાજ્ઞાન છે. (૩) સ્વ-પરના એકત્વ આચરણથી મિથ્યાચારિત્ર છે. માટે અનાદિથી જીવ સ્વ-પરના એકત્વાદિને કારણે દુઃખી જ છે.

**પ્રશ્ન ૮૨—નયજ્ઞાન અને ભેદજ્ઞાનની જરૂરિયાત શા માટે છે?**

**ઉત્તર** —બધા જ દુઃખોનું મૂળકારણ મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર જ છે. તે બધા દુઃખોનો અભાવ કરવા માટે નયજ્ઞાન અને ભેદજ્ઞાન જરૂરી છે.

**પ્રશ્ન ૮૩—ભેદજ્ઞાન કેટલા પ્રકારથી કરે તો સંસારનો અભાવ થઈને મોક્ષની પ્રાપ્તિ થાય?**

**ઉત્તર** —એકપ્રકારથી જ ભેદજ્ઞાન કરે તો આત્મસન્મુખ થઈ

શકે છે. એક તરફ જીવતત્ત્વ અને બીજી તરફ અજીવતત્ત્વ. તેનાથી મારે કોઈપણ અપેક્ષાથી કોઈપણ પ્રકારે સંબંધ નથી. એમ જાણે-માને તો સંસારનો અભાવ અને મોક્ષની પ્રાપ્તિ છે.

**પ્રશ્ન ૮૪—પર્યાય કોને કહે છે?**

**ઉત્તર** —ગુણોના કાર્યને પર્યાય કહે છે.

**પ્રશ્ન ૮૫—પર્યાયના કેટલા ભેદ છે?**

**ઉત્તર** —બે ભેદ છે—વ્યંજનપર્યાય અને અર્થપર્યાય.

**પ્રશ્ન ૮૬—વ્યંજનપર્યાય કોને કહે છે અને વ્યંજનપર્યાયના કેટલા ભેદ છે?**

**ઉત્તર** —દ્રવ્યના પ્રદેશત્વગુણના વિશેષકાર્યને વ્યંજનપર્યાય કહે છે. તેના બે ભેદ છે. (૧) સ્વભાવવ્યંજનપર્યાય (૨) વિભાવવ્યંજન-પર્યાય.

**પ્રશ્ન ૮૭—અર્થપર્યાય કોને કહે છે અને અર્થપર્યાયના કેટલા ભેદ છે?**

**ઉત્તર** —પ્રદેશત્વગુણ સિવાયના સંપૂર્ણ ગુણોના કાર્યને અર્થપર્યાય કહે છે અને અર્થપર્યાયના બે ભેદ છે. (૧) સ્વભાવઅર્થપર્યાય (૨) વિભાવઅર્થપર્યાય.

**પ્રશ્ન ૮૮—પર્યાયનું સ્પષ્ટીકરણ?**

**ઉત્તર** —જૈન સિદ્ધાંત પ્રવેશ રત્નમાલામાં પર્યાયના વર્ણનમાં જુઓ.

**પ્રશ્ન છઢાળામાં આ વિષયમાં શું બતાવ્યું છે—**

**ઉત્તર** —તાસ જ્ઞાન કે કારણ, સ્વ-પર વિવેક બખાનૌ, કોટિ ઉપાય બનાય, ભવ્ય તાકો ઉર આનૌ.

**પ્રશ્ન ૯૦—શ્રી ઈષ્ટોપદેશ, ૫૦માં શ્લોકમાં આ વિષયમાં શું બતાવ્યું છે?**

**ઉત્તર —** ચેતન પુદ્‌ગલ ભિન્ન હૈં, યહી તત્ત્વ સંક્ષેપ,
અન્ય કથન સબ હૈં, ઈસી કે વિસ્તાર વિશેષ.

**પ્રશ્ન ૯૧—સામાયિકપાઠમાં આ વિષયમાં શું બતાવ્યું છે?**

**ઉત્તર —**

મહા કષ્ટ પાતા જો કરતા, પર પદાર્થ જડ-દેહ સંયોગ,
મોક્ષમહલ કા પથ હૈ સીધા, જડ-ચેતન કા પૂર્ણ વિયોગ.

**પ્રશ્ન ૯૨—યોગસારમાં આ વિષયમાં શું બતાવ્યું છે**

**ઉત્તર —**જીવ પુદ્‌ગલ દોઊ ભિન્ન હૈં, ભિન્ન સકલ વ્યવહાર,
તજ પુદ્‌ગલ ગ્રહ જીવ કો, શીઘ્ર લહે ભવપાર.

**જીવાધિકાર**

तिक्काले चदुपाणा इंदियबलमाउआणपाणो य ।
ववहारा सो जीवो णिच्छयणयदो दु चेदणा जस्स ।।३।।

ગાથાર્થ :—ત્રણે કાળમાં ઈન્દ્રિય, બળ, આયુ અને શ્વાસોચ્છ્‌વાસ આ ચાર પ્રાણોને જે ધારણ કરે છે, તે વ્યવહારનયથી જીવ છે. નિશ્ચયનયથી જેને ચેતના છે તે જીવ છે.

**પ્રશ્ન ૯૩—શુદ્ધનિશ્ચયનયથી અનાદિ-અનંત પ્રત્યેક પ્રાણીને ક્યાં પ્રાણ છે?**

**ઉત્તર —**નિગોદથી માંડીને સિદ્ધ ભગવાન સુધી, શુદ્ધનિશ્ચયથી અનાદિ-અનંત શુદ્ધ ચેતનાપ્રાણ જ છે.

**પ્રશ્ન ૯૪—પ્રાણોના કેટલા-કેટલા પ્રકાર છે અને કઈ-કઈ અપેક્ષાથી છે?**

**ઉત્તર —**પ્રાણોના ત્રણ પ્રકાર છે. (૧) અનુપચરિતઅસદ્‌ભૂત-વ્યવહારનયથી જડ પ્રાણ, સંસારદશામાં જ હોય છે. (૨) ઉપચરિતસદ્‌ભૂતવ્યવહારનયથી ભાવપ્રાણ સંસારદશામાં હોય છે.

(૩) શુદ્ધ નિશ્ચયનથી અનાદિ-અનંત ચેતનાપ્રાણ, પ્રાણીમાત્રને હોય છે. (૪) ચોથા ગુણસ્થાથી બારમાં ગુણસ્થાન સુધી એકદેશ અતીન્દ્રિય ભાવપ્રાણ અને તેરમા-ચૌદમાં ગુણસ્થાન તથા સિદ્ધદશામાં ક્ષાયિકદશારૂપ અતીન્દ્રિયભાવપ્રાણ, અનુપચરિત-સદ્ભૂતવ્યવહારનયથી જ્ઞાનીઓને હોય છે.

**પ્રશ્ન ૯૫—જડપ્રાણ કોનું કાર્ય છે અને કોની કઈ દશામાં થાય છે?**

**ઉત્તર** —(૧) પાંચ ઈન્દ્રિયો, ત્રણ બળ, આયુ અને શ્વાસોચ્છ્વાસ—આ દસ જડપ્રાણ પુદ્ગલદ્રવ્યની સ્કંધરૂપ પર્યાય છે.

(૨) અનુપચરિતઅસદ્ભૂતવ્યવહારનયથી જીવને સંસાર-દશામાં સંયોગરૂપથી આ જડપ્રાણોનો સંયોગ થાય છે.

**પ્રશ્ન ૯૬—ભાવપ્રાણ કોનું કાર્ય છે અને કોને કઈ દશામાં થઈ શકે છે?**

**ઉત્તર** —(૧) ક્ષાયોપશમિકજ્ઞાનના ઉઘાડરૂપ જ્ઞાનદશા (૨) બળપ્રાણ વીર્યગુણની ક્ષાયોપશમિકદશા આદિ જીવની દશા, ઉપપચરિતસદ્ભૂતવ્યવહારનયથી સંસારદશામાં છે.

**પ્રશ્ન ૯૭—અનુપચરિતઅસદ્ભૂતવ્યવહારનયથી એકેન્દ્રિય જીવને કેટલા જડપ્રાણોનો સંયોગ હોય છે?**

**ઉત્તર** —અનુપચરિતઅસદ્ભૂતવ્યવહારનયથી એકેન્દ્રિય જીવને સ્પર્શ ઈન્દ્રિય, કાયબળ, આયુ અને શ્વાસોચ્છ્વાસ—આ ચાર જડપ્રાણોનો સંયોગ હોય છે.

**પ્રશ્ન ૯૮—અનુપચરિતઅસદ્ભૂતવ્યવહારનયથી બે ઈન્દ્રિયવાળા જીવને કેટલા જડપ્રાણોનો સંયોગ હોય છે?**

**ઉત્તર** —અનુપચરિતઅસદ્ભૂતવ્યવહારનયથી બે ઈન્દ્રિયવાળા જીવને સ્પર્શ, રસ બે ઈન્દ્રિય, વચન-કાયના બે બળ, આયુ અને શ્વાસોચ્છ્વાસ, આ છ જડપ્રાણોનો સંયોગ હોય છે.

**પ્રશ્ન ૯૯—અનુપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનયથી ત્રણ ઈન્દ્રિયવાળા જીવને કેટલા જડપ્રાણોનો સંયોગ હોય છે?**

**ઉત્તર** —અનુપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનયથી ત્રણ ઈન્દ્રિયવાળા જીવને સ્પર્શ-રસ-ઘ્રાણ ત્રણ ઈન્દ્રિયો, વચન-કાય બે બળ, આયુ અને શ્વાસોચ્છ્‌વાસ, આ સાત જડપ્રાણોનો સંયોગ હોય છે.

(નોંધ : ચાર ઈન્દ્રિયવાળાને આઠ પ્રાણ હોય છે.)

**પ્રશ્ન ૧૦૦—અનુપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનયથી પાંચ ઈન્દ્રિયવાળા અસંજ્ઞી જીવને કેટલા જડપ્રાણોનો સંયોગ હોય છે?**

**ઉત્તર** —અનુપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનયથી પાંચ ઈન્દ્રિયવાળા અસૈની જીવને સ્પર્શ-રસ-ઘ્રાણ-ચક્ષુ-કર્ણ—પાંચ ઈન્દ્રિય, વચનકાય બે બળ, આયુ અને શ્વાસોચ્છ્‌વાસ, આ નવ જડપ્રાણોનો સંયોગ હોય છે.

**પ્રશ્ન ૧૦૧—અનુપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનયથી સંજ્ઞી પાંચ ઈન્દ્રિયવાળા જીવને કેટલા જડપ્રાણોનો સંયોગ હોય છે?**

**ઉત્તર** —અનુપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનયથી સંજ્ઞી પાંચ ઈન્દ્રિયવાળા જીવને સ્પર્શ-રસ-ઘ્રાણ-ચક્ષુ-કર્ણ—પાંચ ઈન્દ્રિયો, મન-વચન-કાય ત્રણ બળ, આયુ અને શ્વાસોચ્છ્‌વાસ આ દસ જડ-પ્રાણોનો સંયોગ હોય છે.

**પ્રશ્ન ૧૦૨—અનુપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનયથી જડ-પ્રાણ જીવના હોય છે—એમ કોણ કહી શકે છે અને શા માટે?**

**ઉત્તર** —જ્ઞાની જ કહી શકે છે કારણ કે તેમને નિશ્ચય ચેતનાપ્રાણનું જ્ઞાન છે.

**પ્રશ્ન ૧૦૩—કોઈ ચતુર એમ કહે કે હું ચેતનપ્રાણ છું—એમ નિશ્ચયનયનું શ્રદ્ધાન કરું છું અને દસપ્રાણવાળો—એવો હું અનુપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનયની પ્રવૃત્તિ રાખું છું, પરંતુ તમે અમારા નિશ્ચય-વ્યવહાર બંનેને જૂઠાં બતાવ્યા છે તો અમે નિશ્ચય-**

**વ્યવહાર બંને નયોને કેવી રીતે સમજીએ તો અમે માનેલું નિશ્ચય-વ્યવહાર સત્યાર્થ કહેવાય?**

**ઉત્તર** —હું ચેતનાપ્રાણવાળો છું—એમ જો શુદ્ધનિશ્ચયથી નિરૂપણ કર્યું હોય તો તેને સત્યાર્થ માનીને તેનું શ્રદ્ધાન કરી અંગીકાર કરવું અને હું દસપ્રાણવાળો છું—એમ જે અનુપચરિતઅસદ્ભૂત-વ્યવહારનયથી નિરુપણ કર્યું છે તેને અસત્યાર્થ માનીને તેનું શ્રદ્ધાન છોડવું.

**પ્રશ્ન ૧૦૪—હું દસ પ્રાણવાળો છું—એમ અનુપચરિતઅસદ્ભૂત-વ્યવહારનયનો ત્યાગ કરવો અને હું ચેતનપ્રાણવાળો છું—એવો શુદ્ધનિશ્ચયનયને અંગીકાર કરવાનો આદેશ જિનવાણીમાં, ભગવાન અમૃતચંદ્રાચાર્યે ક્યાં કહ્યું છે?**

**ઉત્તર** —શ્રી સમયસાર, કળશ ૧૭૩માં આદેશ કર્યો કે (૧) મિથ્યાદષ્ટિની એવી માન્યતા છે તે શુદ્ધનિશ્ચયનયથી હું ચેતનપ્રાણવાળો છું અને અનુપચરિતઅસદ્ભૂતવ્યવહારનયથી હું દસ પ્રાણવાળો છું—આ મિથ્યા અધ્યવસાન છે અને એવા-એવા સમસ્ત અધ્યવસાનોને છોડવા, કારણ કે મિથ્યાદષ્ટિને નિશ્ચય-વ્યવહાર કાંઈ હોતું જ નથી—એમ અનાદિથી જિનેન્દ્રભગવાનની દિવ્યધ્વનિમાં આવ્યું છે. (૨) સ્વયં અમૃતચંદ્રાચાર્ય કહે છે કે હું એમ માનું છું કે જ્ઞાનીઓને જે હું દસપ્રાણવાળો છું, એમ જે પરાશ્રિત વ્યવહાર હોય છે, તે બધો જ છોડાવ્યો છે—તો પછી સંતપુરુષ સ્વયંસિદ્ધ એક પરમ ત્રિકાળી ચેતનાને જ અંગીકાર કરીને, શુદ્ધજ્ઞાનઘનરૂપ નિજમહિમામાં સ્થિતિ કરીને કેવળજ્ઞાનાદિ પ્રગટ કેમ કરતા નથી? એમ કહીને આચાર્ય ભગવાને ખેદ પ્રગટ કર્યો છે.

**પ્રશ્ન ૧૦૫—હું ચેતનાપ્રાણવાળો છું—એમ શુદ્ધનિશ્ચયને અંગીકાર કરીને અને હું દસપ્રાણવાળો છું—એમ અનુપચરિત-અસદ્ભૂતવ્યવહારનયના ત્યાગના વિષયમાં ભગવાન કુંદકુંદાચાર્યે શું કહ્યું છે?**

**ઉત્તર** —મોક્ષપ્રાભૃત ગાથા ૩૧માં કહ્યું છે કે (૧) હું દસ પ્રાણવાળો છું—એમ અનુપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનયની શ્રદ્ધા છોડીને હું ચેતનાપ્રાણવાળો છું—એમ શુદ્ધનિશ્ચયનયની શ્રદ્ધા કરે છે, તે યોગી પોતાના આત્મકાર્યમાં જાગે છે, તથા (૨) હું દસપ્રાણવાળો છું—એમ અનુપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનયમાં જાગે છે, તે પોતાના આત્મકાર્યમાં સૂતો છે. (૩) માટે હું દસપ્રાણવાળો છું—એમ અનુપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનયનું શ્રદ્ધાન છોડીને, હું શુદ્ધચેતના-પ્રાણવાળો છું—એમ નિશ્ચયનયનું શ્રદ્ધાન કરવાયોગ્ય છે.

**પ્રશ્ન ૧૦૬—હું દશ પ્રાણવાળો છું—એવું અનુપચરિત-અસદ્‌ભૂતવ્યવહારનયનું શ્રદ્ધાન છોડીને, હું ચેતનાપ્રાણવાળો છું—એમ શુદ્ધ નિશ્ચયનયનું શ્રદ્ધાન કરવું શા માટે યોગ્ય છે?**

**ઉત્તર** —(૧) વ્યવહારનય—હું ચેતનાપ્રાણ છું—એમ સ્વદ્રવ્ય અને હું દસ પ્રાણવાળો છું—એમ પરદ્રવ્યને કોઈને કોઈ મેળવીને નિરુપણ કરે છે, તેથી હું દસ પ્રાણવાળો છું—એવું અનુપચરિત-અસદ્‌ભૂતવ્યવહારનયના શ્રદ્ધાનથી મિથ્યાત્વ થાય છે તેનો ત્યાગ કરવો. (૨) નિશ્ચયનય—હું ચેતનાપ્રાણવાળો છું—એવા સ્વદ્રવ્ય અને દસ પ્રાણવાળો છું—એમ પરદ્રવ્ય, આ પ્રકારે સ્વદ્રવ્ય—પરદ્રવ્યને જેમ છે તેમ નિરુપણ કરે છે. કોઈને કોઈમાં મેળવતું નથી. હું ચેતનાપ્રાણવાળો છું— તે જ શુદ્ધ નિશ્ચયનના શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે, માટે તેનું શ્રદ્ધાન કરવું.

**પ્રશ્ન ૧૦૭—તમે કહો છો કે હું દસપ્રાણવાળો છું—એમ અનુપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનયના શ્રદ્ધાનથી મિથ્યાત્વ થાય છે, માટે તેનો ત્યાગ કરવો તથા હું ચેતનાપ્રાણવાળો છું—એમ નિશ્ચયનયના શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે, માટે તેનું શ્રદ્ધાન કરવું—જો એમ છે તો જિનમાર્ગમાં બંને નયોને ગ્રહણ કરવાનું કહ્યું છે, તે કેવી રીતે?**

**ઉત્તર** —(૧) જિનમાર્ગમાં ક્યાંક તો હું ચેતનાપ્રાણવાળો છું—એમ શુદ્ધનિશ્ચયનયની મુખ્યતાથી વ્યાખ્યાન છે, તેને તો 'સત્યાર્થ એમ જ છે—એમ જાણવું. (૨) તથા ક્યાંક હું દસપ્રાણવાળો છું—એમ અનુપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનયની મુખ્યતાથી વ્યાખ્યાન છે, તે 'એમ છે નહીં, નિમિત્તાદિની અપેક્ષા ઉપચાર કર્યો છે'—એમ જાણવું. (૩) હું દસ પ્રાણવાળો નથી, હું તો ચૈતન્યપ્રાણવાળો છું—આ પ્રમાણે જાણવું તેનું નામ જ નિશ્ચય-વ્યવહાર બંને નયનું ગ્રહણ છે.

**પ્રશ્ન ૧૦૮—કોઈ વિદ્વાન એમ કહે છે કે 'હું ચૈતન્યપ્રાણવાળો પણ છું અને દસ પ્રાણવાળો પણ છું' આ પ્રમાણે અમે નિશ્ચય-વ્યવહાર, બંને નયોનું ગ્રહણ કરે છે. શું તે મહાનુભાવોનું એમ કહેવું મિથ્યા છે?**

**ઉત્તર** —હાં, બિલકુલ ખોટું છે, કારણ કે એવા મહાનુભાવોને જિનેન્દ્રભગવાનની આજ્ઞાની ખબર નથી. તે મહાનુભાવોને નિશ્ચય-વ્યવહાર બંને નયોના વ્યાખ્યાનને સમાન સત્યાર્થ જાણીને અનુપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનયથી હું દસ પ્રાણવાળો પણ છું અને શુદ્ધનિશ્ચયથી હું ચૈતન્યપ્રાણવાળો પણ છું. આ પ્રકારે ભ્રમરૂપ પ્રવર્તન કર્યું છે, પણ આ પ્રકારે નિશ્ચય-વ્યવહાર બંને નયોનું ગ્રહણ જિનવાણીમાં કહ્યું નથી.

**પ્રશ્ન ૧૦૯—હું દસ પ્રાણવાળો છું—જો અનુપચરિતઅસદ્‌ભૂત-વ્યવહારનય અસત્યાર્થ છે, તો તેનો ઉપદેશ જિનવાણીમાં શા માટે આપ્યો છે. હું ચૈતન્યપ્રાણવાળો છું—એવું એકમાત્ર શુદ્ધનિશ્ચયનયનું જ નિરૂપણ કરવું હતું ને?**

**ઉત્તર** —(૧) આવી જ દલીલ સમયસારમાં કરી છે. ત્યાં ઉત્તર આપ્યો છે કે જે પ્રકારે મ્લેચ્છને મ્લેચ્છભાષા વગર, ઉપદેશ ગ્રહણ કરાવવા કોઈ સમર્થ નથી, તે જ પ્રકારે હું દસ પ્રાણવાળો છું—એવા અનુપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનય વગર હું ચૈતન્યપ્રાણવાળો

છું—એવો ઉપદેશ ગ્રહણ કરાવવો અશક્ય છે. માટે હું દસપ્રાણવાળો છું એમ અનુપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનયનો ઉપદેશ છે. (૨) હું ચૈતન્યપ્રાણવાળો છું—એમ શુદ્ધનિશ્ચયનયથી જ્ઞાન કરાવવા માટે હું દસ પ્રાણવાળો છું—એમ અનુપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનય દ્વારા ઉપદેશ આપે છે. વ્યવહારનય છે, તેનો વિષય પણ છે, પણ તે જાણવાયોગ્ય છે, પરંતુ અંગીકાર કરવાયોગ્ય નથી.

**પ્રશ્ન ૧૧૦—હું દસ પ્રાણવાળો છું—એમ અનુપચરિતઅસદ્‌ભૂત-વ્યવહારનયના વગર, હું ચૈતન્યપ્રાણવાળો છું—એવો શુદ્ધનિશ્ચય-નયનો ઉપદેશ કેમ હોતો નથી? તે સમજાવો.**

**ઉત્તર** —શુદ્ધ નિશ્ચયથી આત્મા, ચૈતન્યપ્રાણવાળો છે, તેને જે ઓળખતો નથી, હવે તેને આ પ્રમાણે કહે તો તે સમજી શકતો નથી, માટે તેને અનુપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનયથી આત્મા દસપ્રાણ-વાળો, નવ પ્રાણવાળો, આઠ પ્રાણવાળો, આ પ્રમાણે જડપ્રાણોની સાપેક્ષતાથી જીવની ઓળખાણ કરાવી, ત્યારે તેને પ્રાણસહિત જીવની ઓળખાણ થઈ.

**પ્રશ્ન ૧૧૧—હું દસ પ્રાણવાળો છું—એમ અનુપચરિતઅસદ્‌ભૂત-વ્યવહારનયથી જીવની ઓળખાણ કરાવી, ત્યારે હું દસ પ્રાણવાળો છું—એમ અનુપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનયને કેમ અંગીકાર ન કરવો જોઈએ?**

**ઉત્તર** —અનુપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનયથી દસ પ્રાણરૂપ પર્યાયને જીવ કહ્યા, તેથી પ્રાણોને જ જીવ માની ન લેવું. પ્રાણ તો જીવના સંયોગરૂપ છે. શુદ્ધનિશ્ચયનયથી ચૈતન્યપ્રાણવાળો જીવ, ભિન્ન છે. તેને જ જીવ માનવો. ચૈતન્યપ્રાણવાળા આત્માને સંયોગથી જડપ્રાણોના ઉપચારથી જીવ કહે—તે કથનમાત્ર જ છે. પરમાર્થથી જડપ્રાણ જીવના હોતા જ નથી—એવું શ્રદ્ધાન કરવું.

**પ્રશ્ન ૧૧૨—હું દસ પ્રાણવાળો છું—એમ અનુપચરિત-અસદ્ભૂતવ્યવહારનયના કથનને જ જે સત્ય માની લે છે, તે જીવને જિનવાણીમાં ક્યા નામથી સંબોધન કરેલ છે?**

**ઉત્તર** —હું દસ પ્રાણવાળો છું—એમ અનુપચરિતઅસદ્ભૂત-વ્યવહારનયના કથનને જ સાચું માની લે છે તેને (૧) પુરુષાર્થસિદ્ધિયુપાયમાં 'તસ્ય દેશના નાસ્તિ' કહ્યું છે. (૨) શ્રી સમયસાર કળશ ૫૫માં 'આ તેનો અજ્ઞાનરૂપી મોહ અંધકાર છે, તેને પલટવો દુર્નિવાર છે'. (૩) શ્રી પ્રવચનસાર, ગાથા ૫૫મા 'ડગલે-પગલે છેતરાય છે. (૪) આત્માવલોકનમાં 'આ તેનું હરામજાદીપણું છે'... વગેરે કહ્યું છે.

**પ્રશ્ન ૧૧૩—ચેતનાપ્રાણ શું છે અને તે કોને હોય છે?**

**ઉત્તર** —ચેતનાપ્રાણ ત્રિકાળ પારિણામિક ભાવરૂપથી છે અને નિગોદથી માંડીને સિદ્ધભગવાન સુધીના બધા જીવોમાં ચેતનાપ્રાણ એક સમાન સદાય વિદ્યમાન રહે છે. ચેતનાપ્રાણના આશ્રયથી જ ધર્મની પ્રાપ્તિ, વૃદ્ધિ અને પૂર્ણતા થાય છે.

**પ્રશ્ન ૧૧૪—પ્રાણોમાં જ્ઞેય-હેય-ઉપાદેયપણું કેવી રીતે છે?**

**ઉત્તર** —(૧) સંયોગરૂપ જડપ્રાણ વ્યવહારનયથી જ્ઞાનનું જ્ઞેય છે. (૨) ક્ષયોપશમરૂપ ભાવપ્રાણ, જ્ઞેય-હેય છે. (૩) ચેતનાપ્રાણ આશ્રય કરવાયોગ્ય પરમ ઉપાદેય છે. (૪) ચેતનાપ્રાણના આશ્રયથી જે જ્ઞાન કે બળ વગેરે પ્રગટ થયું છે, તે એકદેશ પ્રગટ કરવાયોગ્ય ઉપાદેય છે. (૫) ચેતનાપ્રાણના પરિપૂર્ણ આશ્રયથી જે ક્ષાયિકદશા પ્રગટ થઈ છે, તે પૂર્ણ પ્રગટ કરવાયોગ્ય ઉપાદેય છે.

**પ્રશ્ન ૧૧૫—અનાદિથી સંસાર શા માટે છે?**

**ઉત્તર** —જડપ્રાણોમાં પોતાપણાની માન્યતાથી જ સંસાર છે. જ્યાં સુધી જીવ, દેહપ્રધાન વિષયોનું મમત્વ છોડતો નથી, ત્યાં સુધી

તે ફરી-ફરી અન્ય-અન્ય પ્રાણ ધારણ કરે છે.

**પ્રશ્ન ૧૧૬—આ જડપ્રાણોનો સંબંધ કેમ મટે?**

**ઉત્તર** —હું ચેતનપ્રાણવાળો છું—એમ અનુભવ કરે તો આ દસ પ્રાણોનું મમત્વપણું નાશ પામી, ક્રમથી સિદ્ધદશાની પ્રાપ્તિ થાય, ત્યારે પ્રાણોનો સંબંધ બનશે નહીં.

**પ્રશ્ન ૧૧૭—ત્રીજી ગાથાનું તાત્પર્ય શું છે?**

**ઉત્તર** —જીવદ્રવ્યથી પુદ્ગલ વિપરીત છે, માટે ચૈતન્યમયી પરમાત્મદ્રવ્ય જ હું છું—એવી ભાવના કરવી જોઈએ.

**પ્રશ્ન ૧૧૮—સિદ્ધ ભગવાનમાં ક્યા-ક્યા પ્રાણ હોય છે?**

**ઉત્તર** —શુદ્ધનિશ્ચયનયથી ચેતનાપ્રાણ તો છે જ, પર્યાયમાં જે ક્ષાયિકદશા પ્રગટ થઈ જાય છે, તેને પણ ભાવપ્રાણ કહે છે, આ પ્રમાણે સિદ્ધભગવાનના ચેતનાપ્રાણ અને તેના આશ્રયથી શુદ્ધદશારૂપ પ્રાણ હોય છે.

**પ્રશ્ન ૧૧૯—સાધક જ્ઞાનીને ક્યા-ક્યા પ્રાણ હોય છે?**

**ઉત્તર** —(૧) ચેતનાપ્રાણ તો શુદ્ધનિશ્ચયનયથી છે જ. (૨) પર્યાયમાં પોત-પોતાની ભૂમિકાનુસાર જે શુદ્ધિ પ્રગટ થાય છે, તે ભાવપ્રાણ આનંદરૂપ છે. (૩) જડપ્રાણ, જ્ઞેયરૂપ છે. (૪) જે અશુદ્ધિ છે, તે હેયરૂપ છે.

**પ્રશ્ન ૧૨૦—સંક્ષેપમાં આ ગાથામાં શું બતાવ્યું છે?**

**ઉત્તર** —પોતાના ચૈતન્યપ્રાણનો આશ્રય લે તો સુખી થાય.

**ઉપયોગ અધિકાર (દર્શન ઉપયોગના ભેદ)**

उवओगो दुवियप्पो दंसणणाणं च दंसणं चदुधा ।
चक्खु अचक्खू ओही दंसणमध केवलं णेयं ।।४।।

ગાથાર્થ : ઉપયોગના બે પ્રકાર છે—દર્શન અને જ્ઞાન. તેમાં

દર્શનોપયોગમાં ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવળદર્શન—આ ચાર પ્રકારના જાણવા.

**પ્રશ્ન ૧૨૧—ઉપયોગ કોને કહે છે?**

**ઉત્તર** —ચૈતન્યનું અનુસરણ કરીને થવાવાળા આત્માના પરિણામને ઉપયોગ કહે છે.

**પ્રશ્ન ૧૨૨—ઉપયોગના દ્રવ્ય અને ગુણ ક્યા છે?**

**ઉત્તર** —(૧) ચેતન જીવદ્રવ્ય છે. (૨) જ્ઞાન-દર્શન ગુણ છે. જ્ઞાન-દર્શનનું એક નામ ચૈતન્ય (ચેતના) છે.

**પ્રશ્ન ૧૨૩—દર્શનોપયોગ કોને કહે છે અને તે કેટલા પ્રકારના છે?**

**ઉત્તર** —પદાર્થોના ભેદરહિત સામાન્ય પ્રતિભાસને દર્શનોપયોગ કહે છે. તેના ચાર પ્રકાર છે—(૧) ચક્ષુદર્શન, (૨) અચક્ષુદર્શન, (૩) અવધિદર્શન અને (૪) કેવળદર્શન.

**પ્રશ્ન ૧૨૪—ચક્ષુદર્શન કોને કહે છે?**

**ઉત્તર** —ચક્ષુઈન્દ્રિય દ્વારા થવાવાળા મતિજ્ઞાનથી પહેલાના સામાન્યપ્રતિભાસને ચક્ષુદર્શન કહે છે.

**પ્રશ્ન ૧૨૫—અચક્ષુદર્શન કોને કહે છે?**

**ઉત્તર** —ચક્ષુઈન્દ્રિયને છોડીને, બાકીની ચાર ઈન્દ્રિયો અને મન દ્વારા થવાવાળા મતિજ્ઞાનથી પહેલાંના સામાન્ય પ્રતિભાસને અચક્ષુદર્શન કહે છે.

**પ્રશ્ન ૧૨૬—અવધિદર્શન કોને કહે છે?**

**ઉત્તર** —અવધિજ્ઞાનથી પહેલા થવાવાળા સામાન્યપ્રતિભાસને અવધિદર્શન કહે છે.

**પ્રશ્ન ૧૨૭—કેવળદર્શન કોને કહે છે?**

**ઉત્તર** —કેવળજ્ઞાનની સાથે થવાવાળા સામાન્યપ્રતિભાસને કેવળદર્શન કહે છે.

**પ્રશ્ન ૧૨૮—દર્શન ક્યારે ઉત્પન્ન થાય છે?**

**ઉત્તર** —છદ્મસ્થ જીવોને જ્ઞાનની પહેલા અને કેવળજ્ઞાનીઓને જ્ઞાનની સાથે જ દર્શન ઉત્પન્ન થાય છે.

**પ્રશ્ન ૧૨૯—શાસ્ત્રમાં આવે છે કે દર્શનાવરણીયકર્મના ક્ષયોપશમ, ક્ષય અનુસાર ઉપયોગ હોય છે બરાબર છે?**

**ઉત્તર** —આ નિમિત્તકારણનું જ્ઞાન કરાવવા માટે ઉપચારથી કથન છે.

**પ્રશ્ન ૧૩૦—ચાર પ્રકારના દર્શનમાં શ્રુતદર્શન અને મનઃપર્યયદર્શનનું નામ કેમ આવ્યું નથી?**

**ઉત્તર** —શ્રુતદર્શન અને મનઃપર્યયદર્શન હોતા નથી, કારણ કે શ્રુતજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાન, મતિજ્ઞાનપૂર્વક જ થાય છે.

**જ્ઞાનોપયોગના ભેદ**

णाणं अट्ठवियप्पं मदिसुदिओही अणाणणाणाणि ।
मणपज्जयकेवलमवि पच्चक्खपरोक्खभेयं च ।।५।।

ગાથાર્થ : કુમતિ, કુશ્રુત, કુઅવધિ, મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળજ્ઞાન—આ આઠ પ્રકારનું જ્ઞાન છે. તેમાં પણ પ્રત્યક્ષ અને પરોક્ષરૂપ ભેદ છે.

**પ્રશ્ન ૧૩૧—જ્ઞાનોપયોગ કોને કહે છે?**

**ઉત્તર** —પદાર્થોના વિશેષ પ્રતિભાસને જ્ઞાનોપયોગ કહે છે.

**પ્રશ્ન ૧૩૨—જ્ઞાનોપયોગના કેટલા ભેદ છે?**

**ઉત્તર** —આઠ ભેદ છે. પાંચ જ્ઞાનરૂપ અને ત્રણ અજ્ઞાનરૂપ. (૧) મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને

કેવળજ્ઞાન—આ પાંચ જ્ઞાનરૂપ ભેદ છે. (૨) કુમતિ, કુશ્રુત અને કુઅવધિ—આ ત્રણ અજ્ઞાનરૂપ ભેદ છે.

**પ્રશ્ન ૧૩૩—મતિજ્ઞાન કોને કહે છે?**

**ઉત્તર** —(૧) પરાશ્રયની બુદ્ધિ છોડીને, દર્શનોપયોગપૂર્વક સ્વસન્મુખતાથી પ્રગટ થવાવાળા નિજ આત્માના જ્ઞાનને મતિજ્ઞાન કહે છે. (૨) ઈન્દ્રિય અને મન જેમાં નિમિત્તમાત્ર છે—આવા જ્ઞાનને મતિજ્ઞાન કહે છે.

**પ્રશ્ન ૧૩૪—શ્રુતજ્ઞાન કોને કહે છે?**

**ઉત્તર** —(૧) મતિજ્ઞાનથી જાણેલા પદાર્થના સંબંધથી અન્ય પદાર્થોને જાણવાવાળા જ્ઞાનને શ્રુતજ્ઞાન કહે છે. (૨) આત્માની શુદ્ધ અનુભૂતિરૂપ શ્રુતજ્ઞાનને ભાવશ્રુતજ્ઞાન કહે છે.

**પ્રશ્ન ૧૩૫—અવધિજ્ઞાન કોને કહે છે?**

**ઉત્તર** —દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની મર્યાદાસહિત રૂપી પદાર્થના સ્પષ્ટ જ્ઞાનને અવધિજ્ઞાન કહે છે.

**પ્રશ્ન ૧૩૬—મનઃપર્યયજ્ઞાન કોને કહે છે?**

**ઉત્તર** —દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની મર્યાદાસહિત, બીજાના મનમાં સ્થિત રૂપીવિષયને સ્પષ્ટ જાણે તે જ્ઞાનને મનઃપર્યયજ્ઞાન કહે છે.

**પ્રશ્ન ૧૩૭—કેવળજ્ઞાન કોને કહે છે?**

**ઉત્તર** —જે ત્રણકાળ ત્રણલોકના સર્વ પદાર્થોને (અનંત ધર્માત્મક, સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાયને) પ્રત્યેક સમયમાં યથાસ્થિત પરિપૂર્ણરૂપથી સ્પષ્ટ અને એકીસાથે જાણે છે, તેને કેવળજ્ઞાન કહે છે.

**પ્રશ્ન ૧૩૮—શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાનથી શું સિદ્ધ થાય છે?**

**ઉત્તર** —દરેક દ્રવ્યની પર્યાય ક્રમબદ્ધ થાય છે. આગળ-પાછળ થતી નથી.

**પ્રશ્ન ૧૩૯—મિથ્યાદૃષ્ટિઓને ત્રણ અજ્ઞાન ક્યા-ક્યા પ્રકારે છે?**

**ઉત્તર** —(૧) ચારે ગતિમાં મિથ્યાદૃષ્ટિઓને કુમતિ-કુશ્રુત તો હોય જ છે. (૨) મિથ્યાદૃષ્ટિ દેવ-દેવીઓ તથા નારકીઓને કુઅવધિ હોય છે. (૩) કોઈ-કોઈ મિથ્યાદૃષ્ટિ મનુષ્ય અને તિર્યંચને પણ કુઅવધિ હોય છે.

**પ્રશ્ન ૧૪૦—જ્ઞાનીઓને પાંચ પ્રકારના જ્ઞાન ક્યા-ક્યા હોય છે?**

**ઉત્તર** —(૧) સમ્યક્મતિ, સમ્યક્શ્રુત—આ બે જ્ઞાન છદ્મસ્થ સર્વ સમ્યગ્દૃષ્ટિઓને હોય છે. (૨) અવધિજ્ઞાન કોઈ-કોઈ છદ્મસ્થ સમ્યગ્દૃષ્ટિઓને હોય છે. (૩) દેવ-નારકી સમ્યગ્દૃષ્ટિઓને સુમતિ-સુશ્રુત-સુઅવધિ—આ ત્રણ હોય છે. (૪) મનઃપર્યયજ્ઞાન કોઈ-કોઈ ભાવલિંગી મુનિઓને હોય છે. (૫) તીર્થંકરદેવને મુનિદશામાં તથા ગણધરદેવને મનઃપર્યયજ્ઞાન નિયમથી હોય છે (૬) કેવળજ્ઞાન, કેવળી અને સિદ્ધભગવંતોને હોય છે.

**પ્રશ્ન ૧૪૧—એક સમયમાં એક જીવના કેટલા જ્ઞાન હોઈ શકે?**

**ઉત્તર** —એક સમયમાં એક જીવને ઓછામાં ઓછું એક અને વધારેમાં વધારે ચાર જ્ઞાન થઈ શકે છે. તે આ પ્રમાણે છે—(૧) એક—કેવળજ્ઞાન એક જ હોય છે. (૨) બે—મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન હોય છે. (૩) ત્રણ—મતિ, શ્રુત, અવધિજ્ઞાન અથવા મતિ-શ્રુત-મનઃપર્યયજ્ઞાન હોય છે. (૪) ચાર—મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યય-જ્ઞાન હોય છે.

**પ્રશ્ન ૧૪૨—જ્ઞાનને મિથ્યાજ્ઞાન શા માટે કહ્યું છે?**

**ઉત્તર** —મિથ્યાદૃષ્ટિઓનું મતિ-શ્રુતજ્ઞાન અન્ય જ્ઞેયોમાં ભમે છે, પરંતુ પ્રયોજનભૂત જીવાદિ તત્ત્વોના યથાર્થ નિર્ણય ન હોવાથી મિથ્યાદૃષ્ટિઓનું જ્ઞાન મિથ્યાજ્ઞાન કહ્યું છે.

**પ્રશ્ન ૧૪૩—જ્ઞાનને અજ્ઞાન કેમ કહ્યું છે?**

**ઉત્તર** —તત્ત્વજ્ઞાનના અભાવ હોવાથી જ્ઞાનને અજ્ઞાન કહે છે.

**પ્રશ્ન ૧૪૪—જ્ઞાનને કુજ્ઞાન શા માટે કહ્યું છે?**

**ઉત્તર** —પોતાનું પ્રયોજન સિદ્ધ નહીં કરવાની અપેક્ષાથી કુજ્ઞાન કહ્યું છે.

**પ્રશ્ન ૧૪૫—જ્ઞાનના બીજા કેટલા પ્રકારે ભેદ છે?**

**ઉત્તર** —બે ભેદ છે. પ્રત્યક્ષ અને પરોક્ષ.

**પ્રશ્ન ૧૪૬—પરોક્ષજ્ઞાન કેટલા પ્રકારના છે?**

**ઉત્તર** —કુમતિ, કુશ્રુત, સુમતિ, સુશ્રુત—આ ચાર જ્ઞાન પરોક્ષ છે. મતિ-શ્રુતજ્ઞાન પરને જાણવાની અપેક્ષાથી પરોક્ષ હોવા છતાં નિજાત્માની અનુભૂતિની અપેક્ષાએ પ્રત્યક્ષ છે.

**પ્રશ્ન ૧૪૭—પ્રત્યક્ષના કેટલા ભેદ છે?**

**ઉત્તર** —બે ભેદ છે. વિકલ અને સકલ.

**પ્રશ્ન ૧૪૮—વિકલપ્રત્યક્ષજ્ઞાન કયા-કયા છે?**

**ઉત્તર** —કુઅવધિ—સુઅવધિ અને મનઃપર્યય, આ ત્રણે વિકલ પ્રત્યક્ષજ્ઞાન છે.

**પ્રશ્ન ૧૪૯—ક્યું જ્ઞાન સકલપ્રત્યક્ષ છે?**

**ઉત્તર** —કેવળજ્ઞાન સકલ પ્રત્યક્ષ છે.

**પ્રશ્ન ૧૫૦—જ્ઞાન-દર્શનના બાર ભેદને પાંચ અસાધારણ-ભાવમાં સમજાવો.**

**ઉત્તર** —(૧) કેવળજ્ઞાન અને કેવળદર્શન, ક્ષાયિકભાવમાં આવે છે. (૨) અન્ય દસ ભેદ ક્ષાયોપશમિકભાવમાં આવે છે. (૩) આ દસ ઉપયોગમાં જેટલા જ્ઞાન-દર્શનનો અભાવ છે, તે ઔદયિકભાવમાં આવે છે. (૪) 'શુદ્ધ-જ્ઞાન-દર્શન' પારિણામિક-ભાવમાં આવે છે.

**પ્રશ્ન ૧૫૧—ઔપશમિકભાવ ક્યાં ગયો?**

**ઉત્તર** —જ્ઞાન-દર્શન-વીર્યમાં ઔપશમિકભાવ હોતો નથી.

**ઉપયોગ જીવનું લક્ષણ**

अट्ठ चदु णाणदंसण सामण्णं जीवलक्खणं भणियं ।
ववहारा सुद्धणया सुद्धं पुणं दंसणं णाणं ।।६।।

ગાથાર્થ :—વ્યવહારનયથી આઠ પ્રકારના જ્ઞાન અને ચાર પ્રકારના દર્શન—આ સામાન્યરૂપથી જીવનું લક્ષણ કહ્યું છે. શુદ્ધનયની અપેક્ષાથી શુદ્ધ જ્ઞાન-દર્શનને જીવનું લક્ષણ કહ્યું છે.

**પ્રશ્ન ૧૫૨—ચાર દર્શનોપયોગ, આઠ જ્ઞાનોપયોગના ભેદ માટે છઠ્ઠી ગાથમાં 'સામાન્ય' શબ્દનો શું અભિપ્રાય છે?**

**ઉત્તર** —આમાં બે અભિપ્રાય છે. (૧) આ બાર ભેદમાં સંસારી અને મુક્તનું અલગ-અલગ કથન ન કરવાને કારણે 'સામાન્ય' શબ્દ કહ્યો છે. (૨) 'શુદ્ધ દર્શન-જ્ઞાન' એમ કથન ન કરીને, જ્ઞાન-દર્શનોપયોગના 'સામાન્યરૂપે' ભેદ કર્યા છે. માટે બાર ભેદમાંથી યથાસંભવ જે જીવને જે લાગુ પડે, તેને તે જીવનું લક્ષણ સમજવું જોઈએ.

**પ્રશ્ન ૧૫૩—ગાથા ચારથી છ સુધીમાં ઉપયોગનો અર્થ શું સમજવો જોઈએ અને શું સમજવો ન જોઈએ?**

**ઉત્તર** —(૧) ગાથા ચારથી છ સુધીમાં 'ઉપયોગ'નો અર્થ

જ્ઞાન-દર્શનનો ઉપયોગ સમજવો જોઈએ. (૨) ચારિત્રગુણની જે શુભોપયોગ-અશુભોપયોગ-શુદ્ધોપયોગરૂપ અવસ્થા છે, તે અહીં સમજવી જોઈએ નહીં.

**પ્રશ્ન ૧૫૪—આ ગાથાઓમાં વ્યવહાર કોને કહે છે અને નિશ્ચય કોને કહે છે?**

**ઉત્તર** —દર્શનોપયોગના ચાર અને જ્ઞાનોપયોગના આઠ ભેદોને વ્યવહાર કહ્યો છે અને 'શુદ્ધ-દર્શન-જ્ઞાન'ને નિશ્ચય કહ્યો છે.

**પ્રશ્ન ૧૫૫—દ્રવ્યસંગ્રહની ત્રીજી ગાથામાં કોને વ્યવહાર અને કોને નિશ્ચય કહ્યો છે?**

**ઉત્તર** —દસ જડપ્રાણોને વ્યવહાર કહ્યો છે અને શુદ્ધચેતના-પ્રાણને નિશ્ચય કહ્યો છે.

**પ્રશ્ન ૧૫૬—ઉપયોગ અધિકારમાં સમ્યક્ શ્રુતપ્રમાણ અને નય કેવી રીતે છે?**

**ઉત્તર** —(૧) જ્ઞાન-દર્શનના ભેદોને અને ત્રિકાળી શુદ્ધ-દર્શન-જ્ઞાનને એકસાથે જાણવા તે સમ્યક્ શ્રુતપ્રમાણ છે. (૨) જ્ઞાન-દર્શનના ભેદને ગૌણ કરીને 'શુદ્ધ-દર્શન-જ્ઞાન' ત્રિકાળીને જાણવા, તે નિશ્ચયનય છે. (૩) 'શુદ્ધ દર્શન-જ્ઞાન' ત્રિકાળીને ગૌણ કરીને જ્ઞાન-દર્શનના ભેદોને જાણવા, તે વ્યવહારનય છે.

**પ્રશ્ન ૧૫૭—મિથ્યાદૃષ્ટિને કુમતિ-કુશ્રુત-કુઅવધિ હોય છે—આ કથનને ક્યા નયથી કહેવાય?**

**ઉત્તર** —ઉપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનયથી કહેવાય છે.

**પ્રશ્ન ૧૫૮—છદ્મસ્થ સાધક જીવને મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યય જ્ઞાન હોય છે—આ કથનને ક્યા નયથી કહેવાય?**

**ઉત્તર** —ઉપચરિતસદ્‌ભૂતવ્યવહારનયથી કહેવાય છે.

**પ્રશ્ન ૧૫૯—કેવળી ભગવાનને કેવળદર્શન અને કેવળજ્ઞાન છે—આ કથનને ક્યા નયનું કહેશો?**

**ઉત્તર** —અનુપચરિતઅસદ્ભૂતવ્યવહારનયથી કહેવાય છે.

**પ્રશ્ન ૧૬૦—ઉપયોગ અધિકારની ત્રણ ગાથાઓનો સાર શું છે?**

**ઉત્તર** —'શુદ્ધ દર્શન—જ્ઞાન' ત્રિકાળી સ્વભાવનો આશ્રય લે તો કુમતિ-કુશ્રુતનો અભાવ કરીને, સાધકદશામાં મતિ-શ્રુતાદિને પ્રગટ કરીને, ક્રમથી કેવળજ્ઞાન-કેવળદર્શન પ્રગટ કરે—આ ઉપયોગ અધિકારની આ ત્રણ ગાથાનો સાર છે.

**પ્રશ્ન ૧૬૧—શ્રી પરમાત્મપ્રકાશ, ગાથા ૧૦૭માં આ ભેદોના વિષયમાં શું બતાવ્યું છે?**

**ઉત્તર** —મતિજ્ઞાનાદિ પાંચ વિકલ્પરહિત જે 'પરમપદ' છે, તે સાક્ષાત્ મોક્ષનું કારણ છે.

**પ્રશ્ન ૧૬૨—શ્રી સમયસાર, ગાથા ૨૦૪માં આ ભેદના વિષયમાં શું બતાવ્યું છે?**

**ઉત્તર** —'જેના સમસ્ત ભેદ દૂર થયા છે'—એવા આત્મ-સ્વભાવભૂત જ્ઞાનનું જ અવલંબન લેવું જોઈએ. જ્ઞાનસામાન્યના અવલંબનથી જ (૧) નિજપદની પ્રાપ્તિ થાય છે, (૨) ભ્રાંતિનો નાશ થાય છે, (૩) જીવતત્ત્વનો લાભ થાય છે, (૪) અનાત્મા (અજીવતત્ત્વ)નો પરિહાર સિદ્ધ થાય છે, (૫) દ્રવ્યકર્મ-નોકર્મ-ભાવકર્મ બળવાન થતા નથી, (૬) રાગ-દ્વેષ-મોહ ઉત્પન્ન થતા નથી, અર્થાત્ આસ્રવ ઉત્પન્ન થતાં નથી, (૭) રાગ-દ્વેષ-મોહ વગર ફરીથી કર્માસ્રવ ઉત્પન્ન થતાં નથી, અર્થાત્ સંવર ઉત્પન્ન થાય છે, (૮) કર્મબંધ થતો નથી, અર્થાત્ બંધનો અભાવ થાય છે, (૯) પૂર્વબદ્ધ કર્મ નિર્જરાને પ્રાપ્ત થઈ જાય છે, (૧૦) પછી બધા જ કર્મનો

અભાવ થવાથી સાક્ષાત્ મોક્ષની પ્રાપ્તિ થાય છે. માટે શુદ્ધ-દર્શન-જ્ઞાનરૂપ નિજ સામાન્યસ્વભાવને જ પરમાર્થ કહ્યો છે.'

**પ્રશ્ન ૧૬૩—જે મતિ-શ્રુતાદિના ભેદોને જાણીને શાંતિ માને છે અને પોતાના આત્માનો આશ્રય લેતો નથી, તેને તત્ત્વાર્થસૂત્રમાં કેવો કહ્યો છે?**

**ઉત્તર** —'उन्मत्तवत्' કહ્યો છે

**પ્રશ્ન ૧૬૪—જીવને મતિ-શ્રુતજ્ઞાન અને ચક્ષુ-અચક્ષુદર્શન હોય છે, આમાં ક્યો નય લાગુ પડે છે?**

**ઉત્તર** —ઉપચરિતસદ્ભૂતવ્યવહારનય લાગુ પડે છે, પરંતુ કુમતિ-કુશ્રુત-કુઅવધિજ્ઞાન માટે ઉપચરિતઅસદ્ભૂતવ્યવહારનય લાગુ પડે છે.

**પ્રશ્ન ૧૬૫—કોઈ ચતુર કહે છે કે હું શુદ્ધદર્શનવાળો છું—એમ અભેદ નિશ્ચયનયનું તો શ્રદ્ધાન કરું છું અને વ્યવહારનયથી હું મતિ-શ્રુત અને ચક્ષુ-અચક્ષુદર્શનવાળો છું—એવા ભેદરૂપ વ્યવહારની પ્રવૃત્તિ કરું છું, પરંતુ તમે અમારા નિશ્ચય-વ્યવહાર બંનેને જૂઠો બતાવી દીધો તો અમે ક્યા પ્રકારથી સમજીએ કે જેથી અમારો માનેલો નિશ્ચય-વ્યવહાર સાચો કહેવાય?**

**ઉત્તર** —(૧) હું શુદ્ધ જ્ઞાન-દર્શનવાળો છું—એમ અભેદરૂપ નિશ્ચયનયથી જે નિરૂપણ કર્યું હોય તેને તો સત્યાર્થ માનીને તેનું શ્રદ્ધાન અંગીકાર કરવું. (૨) અને હું મતિ-શ્રુતજ્ઞાન, ચક્ષુ-અચક્ષુદર્શનવાળો છું—એમ વ્યહારનયથી જે નિરૂપણ કર્યું છે તેને અસત્યાર્થ માનીને તેનું શ્રદ્ધાન છોડવું.

**પ્રશ્ન ૧૬૬—હું મતિ-શ્રુતજ્ઞાન, ચક્ષુ-અચક્ષુદર્શનવાળો છું—એવા ભેદરૂપ વ્યવહારનયનો ત્યાગ કરવાથી અને હું શુદ્ધ દર્શનજ્ઞાનવાળો છું—એમ અભેદરૂપ નિશ્ચયનયને અંગીકાર કરવાનો આદેશ ભગવાન અમૃતચંદ્રાચાર્યે ક્યાં આપ્યો છે?**

**ઉત્તર** —(૧) શ્રી સમયસાર કળશ ૧૭૩માં આદેશ કર્યો છે કે મિથ્યાદૃષ્ટિને જ એવી માન્યતા છે કે નિશ્ચયથી હું શુદ્ધ જ્ઞાન-દર્શનવાળો છું અને વ્યવહારનયથી હું મતિ-શ્રુતજ્ઞાન, ચક્ષુ-અચક્ષુદર્શનવાળો છું, આ મિથ્યા અધ્યવસાય છે અને આવા સમસ્ત અધ્યવસાનોને છોડવા, કારણ કે મિથ્યાદૃષ્ટિને અભેદ નિશ્ચય અને ભેદ વ્યવહાર હોતા જ નથી. એમ અનાદિથી જિનેન્દ્રભગવાનની દિવ્યધ્વનિમાં આવ્યું છે. (૨) પોતે અમૃતચંદ્રાચાર્ય કહે છે કે—હું એમ માનું છું કે—"જ્ઞાનીઓને ઉપચરિતસદ્‌ભૂતવ્યવહારનયથી હું મતિ-શ્રુત-ચક્ષુ-અચક્ષુદર્શનવાળો છું—એમ ભેદરૂપ પરાશ્રિતવ્યવહાર હોય છે, તે સર્વ છોડાવ્યો છે. તો પછી સંત પુરુષ, શુદ્ધ જ્ઞાન-દર્શનરૂપ નિશ્ચયને જ અંગીકાર કરીને, શુદ્ધ જ્ઞાનઘનરૂપ નિજ મહિમામાં સ્થિતિ કરીને શા માટે કેવળજ્ઞાન-કેવળદર્શનાદિ પ્રગટ કરતા નથી?" આમ કહીને આચાર્ય ભગવાને ખેદ પ્રગટ કર્યો છે.

**પ્રશ્ન ૧૬૭—હું શુદ્ધ-જ્ઞાન-દર્શનવાળો છું—એવો અભેદરૂપ નિશ્ચયનયને અંગીકાર કરીને અને હું મતિ-શ્રુતજ્ઞાન, ચક્ષુ-અચક્ષુદર્શનવાળો છું—એવો ભેદરૂપ વ્યવહારનયના ત્યાગના વિષયમાં ભગવાન કુંદકુંદાચાર્યે શું કહ્યું છે?**

**ઉત્તર** —(૧) શ્રી મોક્ષપ્રાભૃત, ગાથા ૩૧માં કહ્યું છે કે—હું મતિ-શ્રુતજ્ઞાન, ચક્ષુ-અચક્ષુદર્શનવાળો છું એવા ભેદરૂપ વ્યવહાર-નયના શ્રદ્ધાન છોડીને હું શુદ્ધ-જ્ઞાન-દર્શનવાળો છું—એવા અભેદરૂપ નિશ્ચયનયની શ્રદ્ધા કરે છે, તે યોગી આત્મકાર્યમાં જાગે છે. (૨) હું મતિ-શ્રુતજ્ઞાન, ચક્ષુ-અચક્ષુદર્શનવાળો છું—એવા ભેદરૂપ વ્યવહાર-નયમાં જે જાગે છે, તે પોતાના આત્મકાર્યમાં સૂતો છે. (૩) માટે હું મતિ-શ્રુતજ્ઞાનવાળો, ચક્ષુ-અચક્ષુદર્શનવાળો છું—એવું અભેદરૂપ નિશ્ચયનયનું શ્રદ્ધાન કરવાયોગ્ય છે.

**પ્રશ્ન ૧૬૮—હું મતિ-શ્રુતજ્ઞાન, ચક્ષુ-અચક્ષુદર્શનવાળો છું—એવું ભેદરૂપ વ્યવહારનયનું શ્રદ્ધાન છોડીને, હું શુદ્ધ જ્ઞાન-દર્શન કરવાવાળો છું—એવા અભેદરૂપ નિશ્ચયનયનું શ્રદ્ધાન કરવું યોગ્ય છે ?**

**ઉત્તર** —(૧) વ્યવહારનય—હું શુદ્ધ જ્ઞાન-દર્શનવાળો અભેદ-વસ્તુ, આ સ્વદ્રવ્યનો ભાવ, હું મતિ-શ્રુતજ્ઞાન, ચક્ષુ-અચક્ષુદર્શનવાળો, આ પરદ્રવ્યનો ભાવ, આ પ્રકારે સ્વના ભાવ અને પરદ્રવ્યના ભાવને કોઈને કોઈમાં મેળવીને નિરૂપણ કરે છે, તેથી હું મતિ-શ્રુતજ્ઞાન, ચક્ષુ-અચક્ષુદર્શનવાળો છું—એવા ભેદરૂપ વ્યવહાર-નયના શ્રદ્ધાનથી મિથ્યાત્વ થાય છે. માટે તેનો ત્યાગ કરવો. (૨) નિશ્ચયનય—સ્વદ્રવ્યના ભાવોને અને પરદ્રવ્યના ભાવોને જેમ છે તેમ નિરૂપણ કરે છે, કોઈને કોઈમાં મેળવતો નથી, માટે હું શુદ્ધ દર્શન-જ્ઞાનવાળો છું—એવા અભેદરૂપ નિશ્ચનયના શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે, માટે તેનું શ્રદ્ધાન અંગીકાર કરવું.

**પ્રશ્ન ૧૬૯—તમે કહો છો કે—હું મતિ-શ્રુતજ્ઞાન, ચક્ષુ-અચક્ષુદર્શનવાળો છું—એવા ભેદરૂપ વ્યવહારનયના શ્રદ્ધાનથી મિથ્યાત્વ થાય છે, માટે તેનો ત્યાગ કરવો અને હું શુદ્ધ જ્ઞાન-દર્શનવાળો છું—એવા અભેદરૂપ નિશ્ચયનયના શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે, માટે તેનું શ્રદ્ધાન કરવું, પરંતુ જિનમાર્ગમાં તો નિશ્ચય-વ્યવહાર બંને નયોનું ગ્રહણ કરવું કહ્યું છે તેનું શું કારણ છે?**

**ઉત્તર** —(૧) જિનમાર્ગમાં ક્યાંક, હું શુદ્ધ જ્ઞાન-દર્શનવાળો છું—એવા અભેદરૂપ નિશ્ચયનયની મુખ્યતાથી વ્યાખ્યાન છે, તેને તો 'સત્યાર્થ આમ જ છે'—એમ જાણવું તથા (૨) ક્યાંક હું મતિ-શ્રુતજ્ઞાન, ચક્ષુ-અચક્ષુદર્શનવાળો છું—એવા ભેદરૂપ વ્યવહારનયની મુખ્યતાથી વ્યાખ્યાન છે, તેને 'એમ છે નહીં, ભેદરૂપ વ્યવહારનયની અપેક્ષા નિરુપણ કર્યું છે—એમ જાણવું. (૩) હું મતિ-શ્રુતજ્ઞાન, ચક્ષુ-

અચક્ષુદર્શનવાળો નથી, હું તો શુદ્ધ જ્ઞાન-દર્શનવાળો છું આ પ્રકારે જાણવું તેનું જ નામ નિશ્ચય-વ્યવહાર બંને નયોનું ગ્રહણ છે.

**પ્રશ્ન ૧૭૦—કેટલાક વિદ્વાન કહે છે કે હું મતિ-શ્રુતજ્ઞાન, ચક્ષુ-અચક્ષુદર્શનવાળા ભેદરૂપ પણ છું અને શુદ્ધ જ્ઞાન-દર્શનવાળા અભેદરૂપ પણ છું—આ પ્રમાણે અમે અભેદ-ભેદરૂપ નિશ્ચય-વ્યવહાર બંને નયોનું ગ્રહણ કરીએ છીએ—શું તે મહાનુભાવોનું આમ કહેવું ખોટું છે?**

**ઉત્તર** —હા. બિલકુલ ખોટું જ છે. કારણ કે એવા મહાનુભાવોને જિનેન્દ્રભગવાનની આજ્ઞા ખબર નથી તથા તે મહાનુભાવોને ભેદ-અભેદ, નિશ્ચય-વ્યવહાર બંને નયોના વ્યાખ્યાન સમાન સત્યાર્થ જાણીને, વ્યવહારથી હું મતિ-શ્રુતજ્ઞાન, ચક્ષુ-અચક્ષુદર્શનવાળો પણ છું અને નિશ્ચયથી હું શુદ્ધ જ્ઞાન-દર્શનવાળો પણ છું—આ પ્રમાણે ભ્રમરૂપ વર્તવાથી ભેદ-અભેદ, નિશ્ચય-વ્યવહાર બંને નયોનું ગ્રહણ કરવાનું જિનવાણીમાં કહ્યું નથી.

**પ્રશ્ન ૧૭૧—હું મતિ-શ્રુતજ્ઞાન, ચક્ષુ-અચક્ષુદર્શનવાળો છું—જો એવા ભેદરૂપ વ્યવહારનય અસત્યાર્થ છે તો તેનો ઉપદેશ જિનવાણીમાં શા માટે આપ્યો? હું શુદ્ધ જ્ઞાન-દર્શનવાળો છું—એકમાત્ર અભેદરૂપ નિશ્ચયનયનું જ નિરૂપણ કરવું'તું ને?**

**ઉત્તર** —(૧) આવો જ તર્ક સમયસારમાં કર્યો છે. ત્યાં ઉત્તર આપ્યો છે કે જે પ્રકારે મ્લેચ્છને મ્લેચ્છ ભાષા વગર, અર્થ ગ્રહણ કરાવવા કોઈ સમર્થ નથી, તે પ્રમાણે હું મતિ-શ્રુતજ્ઞાન, ચક્ષુ-અચક્ષુદર્શનવાળો છું—એવા ભેદરૂપ વ્યવહાર વગર, હું શુદ્ધ જ્ઞાનદર્શનવાળો છું—એવા અભેદ પરમાર્થનો ઉપદેશ અશક્ય છે, માટે હું મતિ-શ્રુતજ્ઞાન, ચક્ષુ-અચક્ષુદર્શનવાળો છું—એવા ભેદરૂપ ઉપચરિતઅસદ્ભૂતવ્યવહારનયનો ઉપદેશ છે. (૨) હું શુદ્ધ જ્ઞાન-દર્શનવાળો છું—એવા અભેદરૂપ નિશ્ચયનું જ્ઞાન કરાવવા માટે, હું

મતિ-શ્રુતજ્ઞાન, ચક્ષુ-અચક્ષુદર્શનવાળો છું—એવા ભેદરૂપ વ્યવહારનો ઉપદેશ છે. ભેદરૂપ વ્યવહારનય છે, તેનો ઉપદેશ પણ છે. જાણવાયોગ્ય છે, પરંતુ ભેદરૂપ વ્યવહારનય અંગીકાર કરવા યોગ્ય નથી.

**પ્રશ્ન ૧૭૨—હું મતિ-શ્રુતજ્ઞાન, ચક્ષુ-અચક્ષુદર્શનવાળો છું—એવા ભેદરૂપ વ્યવહારનયના વિના, હું શુદ્ધ-જ્ઞાનદર્શનવાળો છું—એવા અભેદરૂપ નિશ્ચયનયનો ઉપદેશ કેમ હોતો નથી?**

**ઉત્તર** —શુદ્ધ નિશ્ચયનયથી હું શુદ્ધ જ્ઞાન-દર્શનવાળો છું, તેને જે ઓળખતો નથી, અને આ પ્રમાણે કહે કે, ત્યારે તો તે સમજી ન શકે, માટે તેને અભેદવસ્તુમાં ભેદ ઉત્પન્ન કરાવીને મતિ-શ્રુતજ્ઞાન, ચક્ષુ-અચક્ષુદર્શનવાળો જીવ છે, એવા જીવના વિશેષ કર્યા ત્યારે મતિ-શ્રુતજ્ઞાન, ચક્ષુ-અચક્ષુવાળો જીવ છે—ઈત્યાદિ પર્યાયસહિત તેમને જીવને ઓળખાણ થઈ, આ પ્રમાણે, હું મતિ-શ્રુતજ્ઞાન, ચક્ષુ-અચક્ષુદર્શનવાળો છું—એવા ભેદરૂપ વ્યવહાર વગર, અભેદરૂપ નિશ્ચયનો ઉપદેશ શક્ય નથી એમ જાણવું.

**પ્રશ્ન ૧૭૩—હું મતિ-શ્રુતજ્ઞાન, ચક્ષુ-અચક્ષુદર્શનવાળો છું—એવા ભેદરૂપ વ્યવહારનયને કેમ અંગીકાર ન કરવો તે સમજાવો.**

**ઉત્તર** —મારા શુદ્ધ જ્ઞાન-દર્શનરૂપ અભેદ આત્મામાં, મતિ-શ્રુતજ્ઞાન અને ચક્ષુ-અચક્ષુદર્શનરૂપ ભેદ કર્યા; પણ આત્માને ભેદરૂપ માની લેવો નહીં, કારણ કે હું મતિ-શ્રુતજ્ઞાન, ચક્ષુ-અચક્ષુદર્શનવાળો છું—એવા ભેદ તો સમજાવવા માટે કર્યા છે. નિશ્ચયથી હું આત્મા, શુદ્ધ જ્ઞાન-દર્શનવાળો અભેદ જ છું. તેને જ જીવ વસ્તુ માનવી, સંજ્ઞા-સંખ્યા-લક્ષણ આદિથી ભેદ કહે, તે કથનમાત્ર જ છે. પરમાર્થથી ભિન્ન-ભિન્ન નથી—એમ શ્રદ્ધાન કરવું. આ પ્રમાણે હું મતિ-શ્રુત, ચક્ષુ-અચક્ષુદર્શનવાળો છું—એવા ભેદરૂપ વ્યવહારને અંગીકાર કરવોયોગ્ય નથી.

**પ્રશ્ન ૧૭૪—હું મતિ-શ્રુતજ્ઞાન, ચક્ષુ-અચક્ષુદર્શનવાળો છું— એવા ભેદરૂપ વ્યવહારનયના કથનને જ જે સત્ય માની લે છે, તે જીવને જિનવાણીમાં ક્યા-ક્યા નામથી સંબોધન કરેલ છે?**

**ઉત્તર** —એવા જીવને—(૧) પુરુષાર્થસિદ્ધિઉપાય, શ્લોક ૬માં કહ્યું છે કે 'તસ્ય દેશના નાસ્તિ' (૨) શ્રી સમયસાર, કળશ-૫૫માં કહ્યું છે કે—'આ તેનો અજ્ઞાન-મોહાંધકાર છે, તેને દૂર કરવો તે અશક્ય છે.' (૩) શ્રીપ્રવચનસાર ગાથા-૫૫માં કહ્યું છે કે—'તે ડગલે-પગલે છેતરાય છે'. (૪) શ્રી આત્માવલોકનમાં કહ્યું છે કે— 'આ તેનું હરામજાદીપણું છે'.

**પ્રશ્ન ૧૭૫—ઉપયોગ અધિકારની ગાથા ૪ થી ૬ સુધીના ભેદમાં હેય-જ્ઞેય-ઉપાદેય સમજાવો.**

**ઉત્તર** —(૧) શુદ્ધ દર્શન-જ્ઞાન ત્રિકાળી સ્વભાવ, આશ્રય કરવાયોગ્ય પરમ ઉપાદેય છે. (૨) કુમતિ-કુશ્રુત-કુઅવધિજ્ઞાન, ચક્ષુ-અચક્ષુદર્શન આદિ હેય છે. (૩) સાધકદશામાં મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યયજ્ઞાન, ચક્ષુ-અચક્ષુ-અવધિદર્શન, એકદેશ પ્રગટ કરવાયોગ્ય ઉપાદેય છે. (૪) કેવળજ્ઞાન-કેવળદર્શન પૂર્ણ પ્રગટ કરવાયોગ્ય પૂર્ણ ઉપાદેય છે.

**અમૂર્તિકત્વ અધિકાર**

वण्ण रस पंच गंधा दो फासा अट्ठ णिच्छया जीवे ।
णो संति अमुत्ति तदो ववहारा मुत्ति बंधादो ।।७।।

ગાથાર્થ :—નિશ્ચયથી જીવમાં પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ અને આઠ સ્પર્શ નથી. માટે જીવ અમૂર્તિક છે, વ્યવહારનયની અપેક્ષાથી કર્મબંધ થવાથી જીવ મૂર્તિક છે.

**પ્રશ્ન ૧૭૬—દરેક જીવનો સ્વભાવ કેવો છે?**

**ઉત્તર** —દરેક જીવ, અનાદિ-અનંત અવર્ણ-અગંધ-અરસ-

અસ્પર્શ-અશબ્દ આદિ અનંત ગુણોનો પુંજ છે. માટે દરેક જીવ પ્રતિસમય અમૂર્તિક જ છે.

**પ્રશ્ન ૧૭૭—સંસારદશામાં જીવ કેવો કહેવામાં આવે છે?**

**ઉત્તર** —સંસારદશામાં અનાદિથી મૂર્તિક પુદ્‌ગલકર્મોની સાથે તેનો બંધ છે, માટે સંયોગનું કરાવવા માટે તેને મૂર્તિક કહેવામાં આવે છે, પરંતુ મૂર્તિક છે નહીં.

**પ્રશ્ન ૧૭૮—જો કોઈ જીવને મૂર્તિક જ માને તો શું દોષ આવે?**

**ઉત્તર** —જીવ-અજીવનો ભેદ જ નહીં રહે.

**પ્રશ્ન ૧૭૯—જીવને સંસારદશામાં મૂર્તિક ક્યા નયથી કહેવામાં આવી શકે છે?**

**ઉત્તર** —અનુપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનયથી કહેવામાં આવી શકે છે કે જીવ, મૂર્તિક છે.

**પ્રશ્ન ૧૮૦—અમૂર્ત કોને કહે છે?**

**ઉત્તર** —જેમાં આઠ સ્પર્શ, પાંચ રસ, બે ગંધ અને પાંચ વર્ણ ન હોય તેને અમૂર્ત કહે છે.

નોંધ —આઠ સ્પર્શ, પાંચ રસ, બે ગંધ અને પાંચ વર્ણનું સ્પષ્ટીકરણ જૈન સિદ્ધાંત પ્રવેશ રત્નમાલાના વિશ્વના પાઠમાં જોઈ લેવું.

**પ્રશ્ન ૧૮૧—આ ગાથામાં નિશ્ચયનય-વ્યવહારનય શું બતાવે છે?**

**ઉત્તર** —(૧) નિશ્ચયનય, જીવનું ત્રૈકાલિક અમૂર્તિકપણું બતાવે છે. (૨) વ્યવહારનય, પુદ્‌ગલકર્મની સાથે અનાદિ સંબંધ બતાવે છે. આ બંને નયોનો વિષય, પરસ્પર વિરોધી છે, પરંતુ બંને એકસાથે રહેવામાં વિરોધ પામતા નથી.

**પ્રશ્ન ૧૮૨—ત્રીજી ગાથામાં અને આ ગાથામાં શું તફાવત છે?**

**ઉત્તર** —ત્રીજી ગાથામાં પુદ્ગલપ્રાણોની સાથેનો વ્યવહાર-સંબંધ બતાવ્યો છે અને આ સાતમી ગાથામાં પુદ્ગલકર્મની સાથેનો વ્યવહારસંબંધ બતાવ્યો છે.

**પ્રશ્ન ૧૮૩—અમૂર્તિક અધિકાર જાણવાથી શું લાભ થાય છે?**

**ઉત્તર** —(૧) પુદ્ગલદ્રવ્યકર્મ અને મારા આત્માનો સર્વથા સંબંધ નથી. માટે તે મને હાનિ-લાભ કરાવી શકતા નથી. (૨) પોતાના અમૂર્તિક ત્રૈકાળિક ધ્રુવસ્વભાવનો આશ્રય કરવાથી જ ધર્મનો પ્રારંભ, વૃદ્ધિ અને પૂર્ણતા થાય છે. (૩) આત્મામાં પૂર્ણ શુદ્ધતા થવાથી પુદ્ગલકર્મની સાથે આત્યંતિક વિયોગ થઈને સિદ્ધદશા પ્રગટ થઈ જાય છે.

**પ્રશ્ન ૧૮૪—આ અમૂર્તિક અધિકારમાં હેય-જ્ઞેય-ઉપાદેય સમજાવો.**

**ઉત્તર** —(૧) અસ્પર્શ, અરસ, અગંધ, અવર્ણ, અશબ્દરૂપ અમૂર્તિક ત્રિકાળી ધ્રુવસ્વભાવ, આશ્રય કરવાયોગ્ય પરમ ઉપાદેય છે. (૨) અમૂર્ત ત્રિકાળી સ્વભાવના આશ્રયથી શુદ્ધપર્યાય, પ્રગટ કરવાયોગ્ય ઉપાદેય છે. (૩) સાધકદશામાં જેટલી અસ્થિરતાનો રાગ છે, તે હેય છે. (૪) દ્રવ્યકર્મનો સંબંધ, વ્યવહારથી જ્ઞાનનું જ્ઞેય છે.

**પ્રશ્ન ૧૮૫—છઢાળામાં અમૂર્તિકને ક્યા નામથી સંબોધન કર્યું છે તેનો અર્થ શું છે?**

**ઉત્તર** —(૧) ‘બિનમૂરત’ નામથી સંબોધન કર્યું છે. (૨) ‘બિનમૂરત’ અર્થાત્ આંખ-નાક-કાન ઔદારિક આદિ શરીરરૂપ મારી મૂર્તિ નથી.

**કર્તા અધિકાર**

पुग्गलकम्मादीणं कत्ता ववहारदो दु णिच्छयदो ।
चेदणकम्माणादा सुद्धणया सुद्धभावाणं ।।८।।

ગાથાર્થ :—આત્મા, વ્યવહારનયથી પુદ્‌ગલકર્માદિનો કર્તા છે, નિશ્ચયનયથી ચેતન કર્મોનો કર્તા છે અને શુદ્ધનયથી શુદ્ધભાવોનો કર્તા છે.

**પ્રશ્ન ૧૮૬—કર્તૃત્વ અને અકર્તૃત્વ શું છે?**

**ઉત્તર** —તે સામાન્યગુણ છે, કારણ કે પ્રત્યેક દ્રવ્યમાં જોવામાં આવે છે.

**પ્રશ્ન ૧૮૭—કર્તૃત્વ અને અકર્તૃત્વગુણ શું બતાવે છે?**

**ઉત્તર** —(૧) દરેક દ્રવ્ય પોત-પોતાની અવસ્થાનો કર્તા છે આ કર્તૃત્વગુણ બતાવે છે અને (૨) પરની અવસ્થાનો કર્તા થઈ શકતો નથી—આ અકર્તૃત્વગુણ બતાવે છે.

**પ્રશ્ન ૧૮૮—કર્તૃત્વ અને અકર્તૃત્વગુણના કારણે જીવ કોનો કર્તા છે અને કોનો કર્તા નથી?**

**ઉત્તર** —(૧) ચૈતન્યસ્વભાવના કારણે જીવ જ્ઞાન તથા દર્શન ક્રિયાનો કર્તા છે, દ્રવ્યકર્મ-નોકર્મનો કર્તા નથી. (૨) અજ્ઞાનદશામાં શુભાશુભ વિકારીભાવોનો કર્તા છે, વિકારીભાવોના નિમિત્તરૂપ દ્રવ્યકર્મ-નોકર્મનો કર્તા સર્વથા નથી. (૩) જીવ, હાથઆદિ શરીરની ક્રિયાનો કર્તા તો ક્યારેય નથી.

**પ્રશ્ન ૧૮૯—જીવ, ઘટ-પટ, રોટલી ખાવી, બોલવું વગેરેની ક્રિયાનો કર્તા કહેવાય છે, તો તે કઈ અપેક્ષાથી છે?**

**ઉત્તર** —જીવને અત્યંત ભિન્ન વસ્તુઓનો કર્તા ઉપચરિત-અસદ્‌ભૂતનયવ્યવહારનયથી કહેવામાં આવે છે, કર્તા છે નહીં.

**પ્રશ્ન ૧૯૦—ઔદારિક, વૈક્રિયક, આહારક આ ત્રણે શરીરોના અને આહારાદિ છ પર્યાપ્તિને યોગ્ય પુદ્‌ગલપિંડરૂપ નોકર્મના તથા જ્ઞાનાવરણાદિ આઠ કર્મોનો કર્તા જીવને કઈ અપેક્ષાએ કહેવામાં આવે છે?**

**ઉત્તર** —અનુપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનયથી કર્તા કહેવામાં આવે છે પણ કર્તા નથી.

**પ્રશ્ન ૧૯૧—જીવને શુભાશુભ વિકારીભાવોનો કર્તા કઈ અપેક્ષાથી કહેવામાં આવે છે?**

**ઉત્તર** —ઉપચરિતસદ્‌ભૂતવ્યવહારનયથી કહેવામાં આવે છે.

**પ્રશ્ન ૧૯૨—શુદ્ધભાવોનો કર્તા, જીવને કઈ અપેક્ષાથી કહેવામાં આવે છે?**

**ઉત્તર** —અનુપચરિતસદ્‌ભૂતવ્યવહારનયથી કહેવામાં આવે છે.

**પ્રશ્ન ૧૯૩—જીવ અનુપચરિતસદ્‌ભૂતવ્યવહારનયથી કોનો કર્તા છે તે સમજાવો?**

**ઉત્તર** —સંવર-નિર્જરા-મોક્ષ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, નિશ્ચય પ્રતિક્રમણ, આલોચના, પ્રત્યાખ્યાન, ધ્યાન, ભક્તિ, સમાધિ આદિ સમસ્ત શુદ્ધભાવોનો કર્તા છે કારણ કે તે બધી વીતરાગી ક્રિયાઓ છે.

**પ્રશ્ન ૧૯૪—કર્તા અધિકારની આઠમી ગાથામાં હેય-જ્ઞેય-ઉપાદેય લગાવીને સમજાવો.**

**ઉત્તર** —(૧) કર્તૃત્વ—અકર્તૃત્વગુણરૂપ ત્રિકાળી આત્મા, આશ્રય કરવાયોગ્ય પરમ ઉપાદેય છે. (૨) ત્રિકાળી આત્માના આશ્રયથી જે શુદ્ધદશા પ્રગટી, તે પ્રગટ કરવાયોગ્ય ઉપાદેય છે. (૩) સાધકદશામાં જે વ્યવહાર રત્નત્રયાદિના વિકલ્પ છે તે હેય છે. (૪) દ્રવ્યકર્મ-નોકર્માદિ બધા વ્યવહારનયથી જ્ઞેય છે.

**પ્રશ્ન ૧૯૫—જીવ દ્રવ્યકર્મ-નોકર્મનો કર્તા તો કદાપિ નથી—આવું સમયસારમાં ક્યાં બતાવ્યું છે?**

**ઉત્તર** —શ્રી સમયસારની ૮૫-૮૬ ગાથામાં, જે દ્રવ્યકર્મ-નોકર્મનો કર્તા, જીવને માને છે, તે સર્વજ્ઞના મતથી બહાર છે અને તે દ્વિક્રિયાવાદી છે—એમ કહ્યું છે.

**પ્રશ્ન ૧૯૬—જે દ્રવ્યકર્મ-નોકર્મનો કર્તા જીવને માને છે, તેને છઢાળામાં શું કહ્યું છે?**

**ઉત્તર** —તેને બહિરાત્મા નામથી સંબોધન કરેલ છે.

**પ્રશ્ન ૧૯૭—કર્તા-અધિકારનો સાર શું છે?**

**ઉત્તર** —નિત્ય-નિરંજન-નિષ્ક્રિય-નિજાત્મા ત્રિકાળી દ્રવ્યનો આશ્રય લઈને, પર્યાયમાં શુદ્ધભાવોનો કર્તા બને—આ જ સાર છે.

**પ્રશ્ન ૧૯૮—કુંભારે ઘડો બનાવ્યો—આ વાક્ય ઉપર નિમિત્ત કારણની વ્યાખ્યા લગાડીને સમજાવો.**

**ઉત્તર** —કુંભાર પોતે ઘડારૂપ પરિણમતો નથી, પરંતુ ઘડાની ઉત્પત્તિમાં અનુકૂળ હોવાથી જે કુંભાર ઉપર આરોપ આવી શકે, તે કુંભારને ઘડો બનાવવાના કાર્યમાં નિમિત્તકારણ કહે છે.

**પ્રશ્ન ૧૯૯—કુંભારે ઘડો બનાવ્યો—આ વાક્ય ઉપર નિમિત્ત-નૈમિત્તિક સમજાવો.**

**ઉત્તર** —માટી જ્યારે પોતે ઘડારૂપ પરિણમિત થાય છે, ત્યારે કુંભારના રાગનો એટલે નિમિત્તનો ઘડા સાથે સંબંધ છે. આ બતાવવા માટે ઘડાને નૈમિત્તિક કહે છે. આ પ્રમાણે કુંભારનો રાગ અને ઘડાના સ્વતન્ત્રસમ્બન્ધને નિમિત્ત-નૈમિત્તિકસંબંધ કહે છે.

विवहारा सुहदुक्खं पुग्गलकम्मप्फलं पभुंजेदि।
आदा णिच्छययदो चेदणभावं खु आदस्स ।।९।।

ગાથાર્થ :—વ્યવહારનયથી આત્મા સુખ-દુ:ખરૂપ પુદ્‌ગલ-કર્મના ફળને ભોગવે છે અને નિશ્ચયનયથી પોતાના ચૈતન્યભાવને ભોગવે છે.

**પ્રશ્ન ૨૦૦—ભોક્તૃત્વ-અભોક્તૃત્વ શું છે?**

**ઉત્તર** —સામાન્યગુણ છે. કારણ કે તે બધા દ્રવ્યોમાં જોવામાં આવે છે.

**પ્રશ્ન ૨૦૧—ભોક્તૃત્વ-અભોક્તૃત્વગુણ શું બતાવે છે?**

**ઉત્તર** —(૧) પ્રત્યેક દ્રવ્ય પોત-પોતાની અવસ્થાને ભોગવે છે, આ ભોક્તૃત્વગુણને બતાવે છે અને (૨) પરની અવસ્થાનો ભોક્તા થઈ શકતો નથી, આ અભોક્તૃત્વગુણ બતાવે છે.

**પ્રશ્ન ૨૦૨—ભોક્તૃત્વ-અભોક્તૃત્વ સામાન્યગુણના કારણે, જીવ કોનો ભોક્તા છે અને કોનો ભોક્તા નથી?**

**ઉત્તર** —(૧) અજ્ઞાનદશામાં જીવ હર્ષ-વિષાદરૂપ, અર્થાત્ સુખ-દુ:ખ વિકારીભાવોનો ભોક્તા છે, પરંતુ વિકારીભાવોના નિમિત્તરૂપ દ્રવ્યકર્મ-નોકર્મનો ભોક્તા સર્વથા નથી. (૨) સાધક-દશામાં અતીન્દ્રિયસુખનો અંશતઃ ભોક્તા છે. (૩) કેવળજ્ઞાનાદિ પ્રગટ થતાં પરિપૂર્ણ સુખનો ભોક્તા છે. (૪) જીવ, પુદ્‌ગલકર્મોના અનુભાગનો અથવા પરપદાર્થોનો ભોક્તા કોઈપણ અપેક્ષાએ નથી.

**પ્રશ્ન ૨૦૩—જીવ, અત્યંત ભિન્ન પરપદાર્થોનો ભોક્તા છે—એવું કઈ અપેક્ષાથી કહેવામાં આવે છે?**

**ઉત્તર** —આ ઉપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનયથી કહેવામાં આવે છે. પરંતુ હકીકતમાં પરપદાર્થોનો ભોક્તા નથી.

**પ્રશ્ન ૨૦૪—જીવ ઔદારિક આદિ શરીર, પાંચ ઈન્દ્રિય તથા આઠ દ્રવ્યકર્મોનો ભોક્તા કઈ અપેક્ષાથી કહેવામાં આવે છે?**

**ઉત્તર** —અનુપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનયથી કહેવામાં આવે

છે, પરંતુ હકીકતમાં, શરીર, ઈન્દ્રિયો તથા કર્મોનો ભોક્તા નથી.

**પ્રશ્ન ૨૦૫—જ્યારે જીવ, અત્યંત ભિન્ન પરપદાર્થ, શરીર, ઈન્દ્રિય તથા દ્રવ્યકર્મોનો ભોક્તા સર્વથા નથી તો આગમમાં તેને ભોક્તા શા માટે કહેવામાં આવે છે?**

**ઉત્તર** —જીવના ભાવ, તે સમયે નિમિત્ત હોવાથી તેનો ભોક્તા છે—એમ કહેવામાં આવે છે.

**પ્રશ્ન ૨૦૬—જીવને હર્ષ-વિષાદ, સુખ-દુઃખરૂપ વિકારીભાવોનો ભોક્તા કઈ અપેક્ષાથી આગમમાં કહ્યો છે?**

**ઉત્તર** —ઉપચરિતસદ્‌ભૂતવ્યવહારનયથી કહ્યો છે.

**પ્રશ્ન ૨૦૭—સાધકદશામાં જીવ અતીન્દ્રિયસુખનો ભોક્તા છે—આ કઈ અપેક્ષાથી કહેવામાં આવે છે?**

**ઉત્તર** —આ અનુપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનયથી કહેવામાં આવે છે.

**પ્રશ્ન ૨૦૮—કેવળજ્ઞાની પોતાના પરિપૂર્ણ સુખના ભોક્તા છે તે કઈ અપેક્ષાથી કહેવામાં આવે છે?**

**ઉત્તર** —તે અનુપચરિતસદ્‌ભૂતવ્યવહારનયથી કહેવામાં આવે છે.

**પ્રશ્ન ૨૦૯—ભોક્તૃત્વ અધિકારમાં હેય-જ્ઞેય-ઉપાદેય કેવા પ્રકારે છે?**

**ઉત્તર** —(૧) ભોક્તૃત્વ-અભોક્તૃત્વરૂપ ત્રિકાળી આત્મા, આશ્રય કરવાયોગ્ય પરમ ઉપાદેય છે. (૨) સાધકદશામાં અતીન્દ્રિયસુખનો આંશિક ભોક્તા છે અને તે એકદેશ પ્રગટ કરવાયોગ્ય ઉપાદેય છે. (૩) કેવળી પરિપૂર્ણ અતીન્દ્રિયસુખનો ભોક્તા છે—આ પૂર્ણ ભોગવવાની અપેક્ષાએ પૂર્ણ ઉપાદેય છે. (૪) સાધકને અસ્થિરતા સંબંધી સુખ-દુઃખ, હેય છે. (૫) સાતા-

અસાતાના અનુભાગનું ફળ તથા અત્યંત ભિન્ન પરપદાર્થ, ઈન્દ્રિયો આદિ વ્યવહારથી જ્ઞાનનું જ્ઞેય છે.

**પ્રશ્ન ૨૧૦—ભોક્તૃત્વ અધિકારનો સાર શું છે?**

**ઉત્તર** —જીવ, યથાર્થ વસ્તુસ્વરૂપને જાણીને, પરની અને વિકારની કર્તૃત્વ અને ભોક્તૃત્વબુદ્ધિ છોડીને, પોતાના સહજ નિર્વિકાર ચિદાનંદસ્વરૂપ શુદ્ધપર્યાયનો કર્તા-ભોક્તા હોવાનો પ્રયત્ન કરે—તે આ અધિકારનો સાર છે.

**સ્વદેહ પરિણામત્વ અધિકાર**

अणुगुरुदेहपमाणो, उवसंहारप्पसप्पदो चेदा ।
असमुहदो ववहारा णिच्छयणयदो असंखदेसो वा ।।१०।।

ગાથાર્થ : સમુદ્‌ઘાત સિવાય આ જીવ વ્યવહારનયની અપેક્ષાએ સંકોચ-વિસ્તારના કારણે પોતાના નાના અથવા મોટા શરીરપ્રમાણ રહે છે અને નિશ્ચયનયની અપેક્ષાથી અસંખ્યાતપ્રદેશી છે.

**પ્રશ્ન ૨૧૧—પ્રત્યેક જીવનું સ્વક્ષેત્ર શું છે?**

**ઉત્તર** —પ્રત્યેક જીવનું સ્વક્ષેત્ર, લોકાકાશ જેટલા અસંખ્યાત પ્રદેશવાળું છે. પ્રદેશની સંખ્યા હમેશા તેટલી ને તેટલી જ રહે છે કારણ કે સ્વચતુષ્ટય જ એક અખંડદ્રવ્ય છે.

**પ્રશ્ન ૨૧૨—શું છ દ્રવ્યમાંથી કોઈ એક દ્રવ્યના ક્ષેત્રમાં ખંડ-ટુકડા થઈ શકે છે?**

**ઉત્તર** —બિલકુલ થઈ શકતા નથી. કારણ કે બધા મૂળદ્રવ્યો અખંડ છે, તે પ્રકારે પ્રત્યેક જીવ પણ અખંડદ્રવ્ય છે. માટે તેના ખંડ, છેદન, ટુકડા કદાપિ થઈ શકતા નથી.

**પ્રશ્ન ૨૧૩—દરેક દ્રવ્યના સ્વક્ષેત્રથી શું સિદ્ધ થાય છે?**

**ઉત્તર** —દરેક દ્રવ્યના ક્ષેત્ર અલગ-અલગ છે, માટે જીવના ક્ષેત્રમાં કોઈ દ્રવ્ય પ્રવેશ કરી શકતું નથી અને જીવ પણ કોઈ બીજા દ્રવ્યના ક્ષેત્રમાં પ્રવેશ કરી શકતું નથી.

**પ્રશ્ન ૨૧૪—પુદ્‌ગલસ્કંધના તો ખંડ, ટુકડા, છેદાઈ જાય છે, તો બધા મૂળદ્રવ્ય અખંડ છે, આ વાત ક્યાં રહી?**

**ઉત્તર** —પુદ્‌ગલસ્કંધ મૂળદ્રવ્ય નથી, મૂળદ્રવ્ય તો પરમાણુ છે.

**પ્રશ્ન ૨૧૫—પ્રદેશત્વગુણ શું છે અને શું બતાવે છે?**

**ઉત્તર** —(૧) પ્રદેશત્વગુણ, સામાન્યગુણ છે. (૨) પ્રદેશત્વ-ગુણના કારણે પ્રત્યેક દ્રવ્યનો પોત-પોતાનો આકાર હોય છે.

**પ્રશ્ન ૨૧૬—જીવના ક્ષેત્રનો આકાર તો નાનો-મોટો જોવામાં આવે છે?**

**ઉત્તર** —જીવના પ્રદેશ, સંખ્યા અપેક્ષા લોકપ્રમાણ અસંખ્યાત જ રહે છે, પરંતુ સંસારદશામાં તે પ્રદેશ પોતાના કારણથી સંકોચ-વિસ્તારને પ્રાપ્ત થાય છે, આ કારણે સંસારદશામાં જીવના આકાર એક સમાન હોતા નથી.

**પ્રશ્ન ૨૧૭—જીવની સાથે શરીરનો સંયોગ થાય છે, ત્યારે તો શરીરના કારણે જીવનો આકાર બદલાતો હશે?**

**ઉત્તર** —બિલકુલ નહીં. જીવની સાથે સંયોગરૂપ જે શરીર છે, તેના આકારના અનુસાર જીવનો પોતાનો આકાર પોતાના કારણથી હોય છે, શરીરના કારણે હોતો નથી.

**પ્રશ્ન ૨૧૮—સમુદ્‌ઘાત કોને કહે છે અને કેટલા છે?**

**ઉત્તર** —મૂળ શરીરને છોડ્યા વિના, આત્મપ્રદેશોનું શરીરની બહાર નીકળવું સમુદ્‌ઘાત કહેવાય છે. સમુદ્‌ઘાતના સાત ભેદ છે. વેદના, કષાય, વિક્રિયા, મારણાન્તિક, તૈજસ, આહારક અને કેવળી સમુદ્‌ઘાત.

**પ્રશ્ન ૨૧૯—વેદનાસમુદ્‌ઘાત કોને કહે છે?**

**ઉત્તર** —અધિક દુ:ખની દશામાં મૂળશરીર છોડ્યા વિના જીવના પ્રદેશોનું બહાર નીકળવું, તે વેદનાસમુદ્‌ઘાત છે

**પ્રશ્ન ૨૨૦—કષાયસમુદ્‌ઘાત કોને કહે છે?**

**ઉત્તર** —ક્રોધાદિ તીવ્ર કષાયના ઉદયથી, ધારણ કરેલા શરીરને છોડ્યા વિના, આત્મપ્રદેશોનું શરીરની બહાર નીકળવાને કષાય-સમુદ્‌ઘાત કહે છે.

**પ્રશ્ન ૨૨૧—વિક્રિયાસમુદ્‌ઘાત કોને કહે છે?**

**ઉત્તર** —વિવિધ ક્રિયા કરવા માટે મૂળ શરીરને છોડ્યા વિના, આત્મપ્રદેશોનું બહાર નિકળવાને વિક્રિયાસમુદ્‌ઘાત કહે છે.

**પ્રશ્ન ૨૨૨—મારણાન્તિકસમુદ્‌ઘાત કોને કહે છે?**

**ઉત્તર** —જીવ, મૃત્યુના સમયે તુરંત શરીરને છોડતો નથી, પરંતુ શરીરમાં રહીને જ્યાં જન્મ લેવાનો છે તે સ્થાનને સ્પર્શ કરવા માટે આત્મપ્રદેશનું બહાર નીકળવું તે મારણાન્તિકસમુદ્‌ઘાત છે.

**પ્રશ્ન ૨૨૩—તૈજસસમુદ્‌ઘાતના કેટલા ભેદ છે?**

**ઉત્તર** —બે ભેદ છે. શુભતૈજસ અને અશુભતૈજસ.

**પ્રશ્ન ૨૨૪—શુભતૈજસસમુદ્‌ઘાત કોને કહે છે?**

**ઉત્તર** —જગતના રોગ કે દુષ્કાળથી દુ:ખી જોઈને મહામુનિને દયા ઉત્પન્ન થવાથી જગતના દુ:ખ દૂર કરવા માટે મૂળ શરીરને છોડ્યા વિના તપોબળથી જમણા ખભામાંથી પુરુષાકાર પુતળું નીકળે છે અને દુ:ખ દૂર કરીને પાછું શરીરમાં પ્રવેશી જાય છે. તેને શુભતૈજસસમુદ્‌ઘાત કહે છે.

**પ્રશ્ન ૨૨૫—અશુભતૈજસસમુદ્‌ઘાત કોને કહે છે?**

**ઉત્તર** —અનિષ્ટકારક પદાર્થોને જોઈને, મુનિઓના મનમાં

ક્રોધ ઉત્પન્ન થવાથી, તેમના ડાબા ખભામાંથી બિલાવના આકારનું સિંદુરના રંગ જેવું પુતળું નીકળે છે. તે, જેના ઉપર ક્રોધ કર્યો હોય તેનો નાશ કરે છે અને સાથે તે મુનિનો પણ નાશ કરે છે. તેને અશુભતૈજસસમુદ્‌ઘાત કહે છે.

**પ્રશ્ન ૨૨૬—આહારકસમુદ્‌ઘાત કોને કહે છે?**

**ઉત્તર** —છઠ્ઠા ગુણસ્થાનધારી, પરમ ઋદ્ધિવંત મુનિને તત્ત્વસંબંધી શંકા ઉત્પન્ન થવાથી તેમના તપોબળથી, મૂળ શરીરને છોડ્યા વિના મસ્તકમાંથી એક હાથ જેટલું પુરુષાકાર સફેદ અને શુભ પુતળું નિકળે છે. તે કેવળી અથવા શ્રુતકેવળી પાસે જાય છે અને તેમના ચરણસ્પર્શ થતાં જ પોતાની શંકાનું નિવારણ કરીને પાછું પોતાના મૂળસ્થાનમાં પ્રવેશ કરે છે.

**પ્રશ્ન ૨૨૭—કેવળીસમુદ્‌ઘાત કોને કહે છે?**

**ઉત્તર** —કેવળજ્ઞાન ઉત્પન્ન થતાં જ, મૂળ શરીરને છોડ્યા વિના દંડ, કપાટ, પ્રતર અને લોકપૂરણ ક્રિયા કરતા કેવળીના આત્મપ્રદેશ ફેલાય તેને કેવળીસમુદ્‌ઘાત કહે છે.

**પ્રશ્ન ૨૨૮—કેવળીસમુદ્‌ઘાત કોને હોય છે?**

**ઉત્તર** —કેવળીસમુદ્‌ઘાત બધા કેવળીઓને હોતા નથી. પરંતુ જેમને કેવળજ્ઞાન ઉત્પન્ન થયાને છ મહિના ન થયા હોય તેમને તથા છ મહિના બાદ ચાર અઘાતિકર્મોમાંથી આયુકર્મની સ્થિતિ અલ્પ હોય તો તેમને નિયમથી કેવળીસમુદ્‌ઘાત થાય છે.

**પ્રશ્ન ૨૨૯—જીવના પ્રદેશોનો આકાર, શરીરાકારે કઈ અપેક્ષાથી કહેવામાં આવે છે?**

**ઉત્તર** —અનુપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનયથી કહેવામાં આવે છે, પરંતુ છે નહીં.

**પ્રશ્ન ૨૩૦—જીવ સમુદ્‌ઘાત કરે છે તે ક્યા નયથી કહેવાય છે?**

**ઉત્તર** —અનુપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનયથી કહેવાય છે.

**પ્રશ્ન ૨૩૧—જીવ નિશ્ચયનયથી કેવો છે?**

**ઉત્તર** —જીવના જે અસંખ્યાત પ્રદેશ છે, તેની સંખ્યા તો હમેશા તેટલી જ રહે છે. કોઈપણ સમયે એક પ્રદેશની વધ-ઘટ થતી નથી. જીવના પ્રદેશોની સંખ્યા લોકપ્રમાણ અસંખ્યાત છે, માટે નિશ્ચયથી જીવ અસંખ્યાતપ્રદેશી છે.

**પ્રશ્ન ૨૩૨—સ્વ-દેહપરિમાણત્વ અધિકારમાં હેય-જ્ઞેય-ઉપાદેયપણું કેવી રીતે છે?**

**ઉત્તર** —જીવ સંખ્યા અપેક્ષા લોકપ્રમાણ અસંખ્યાત પ્રદેશી છે, તે આશ્રય કરવાયોગ્ય પરમ ઉપાદેય છે. (૨) તેના આશ્રયથી જે શુદ્ધ વીતરાગદશા પ્રગટી, તે પ્રગટ કરવાયોગ્ય ઉપાદેય છે. (૩) શરીર તથા કર્મનો સંયોગસંબંધ વ્યવહારથી જ્ઞાનનું જ્ઞેય છે. (૪) જે અશુદ્ધદશા છે, તે હેય છે.

**પ્રશ્ન ૨૩૩—દસમી ગાથાનો મર્મ શું છે?**

**ઉત્તર** —જીવને દેહની સાથે પોતાપણાની માન્યતા અનાદિથી છે. આ માન્યતાથી સંસારમાં પરિભ્રમણ કરતો દુઃખી રહે છે. માટે દેહાદિને પૃથક્ માનીને નિર્મોહરૂપ નિજ શુદ્ધ આત્માનો આશ્રય લઈને સુખ પ્રગટ કરવું જોઈએ.

**પ્રશ્ન ૨૩૪—જીવના અસંખ્યાત પ્રદેશોમાં શું-શું ભરેલું છે?**

**ઉત્તર** —જ્ઞાન-દર્શન આદિ અનંતગુણ ભરેલા છે.

**પ્રશ્ન ૨૩૫—આત્માને ‘શૂન્ય’ શા માટે કહેવાય છે?**

**ઉત્તર** —રાગાદિ વિભાવપરિણામોની અપેક્ષાથી આત્માને શૂન્ય કહેવાય છે. પરંતુ બૌદ્ધમતના સમાન અનંત જ્ઞાનાદિ ગુણોની અપેક્ષાથી શૂન્ય નથી.

**પ્રશ્ન ૨૩૬—આત્માને જડ શા માટે કહેવાય છે?**

**ઉત્તર** —બાહ્ય વિષયવાળા ઈન્દ્રિયજ્ઞાનનો અભાવ થવાની અપેક્ષાએ આત્માને જડ કહેવાય છે, પરંતુ સાંખ્યમતની માન્યતા અનુસાર, સર્વથા જડ-જ્ઞાનશૂન્ય નથી.

**પ્રશ્ન ૨૩૭—આ દસમી ગાથામાં 'અણુ'માત્ર શરીર કહ્યું છે તેનું તાત્પર્ય શું છે?**

**ઉત્તર** —'અણુ' શબ્દથી ઉત્સેધ ઘનાંગુલના અસંખ્યાતમાં ભાગપ્રમાણ લબ્ધિ-અપર્યાપ્તક નિગોદનું શરીર સમજવું. પરંતુ પુદ્‌ગલપરમાણુ સમજવું નહીં.

**પ્રશ્ન ૨૩૮—આ ગાથામાં 'ગુરુ' શબ્દથી શું સમજવું જોઈએ?**

**ઉત્તર** —'ગુરુ શરીર' શબ્દથી એક હજાર યોજન પ્રમાણ મહામત્સ્યનું શરીર સમજવું અને મધ્યમ અવગાહન દ્વારા મધ્યમ શરીર સમજવું.

**પ્રશ્ન ૨૩૯—સંકોચ-વિસ્તારને સમજાવો?**

**ઉત્તર** —જેમ દૂધમાં નાખેલો પદ્મરાગમણિ પોતાની કાંતિથી દૂધને પ્રકાશિત કરે છે, તેવી જ રીતે સંસારી જીવ પોતાના શરીરપ્રમાણમાં જ રહે છે. ગરમ કરવાથી દૂધમાં ઊભરો આવે છે, ત્યારે દૂધની સાથે પદ્મરાગમણિની કાંતિ પણ વધતી જાય છે. આ પ્રકારે જેમ-જેમ શરીર પુષ્ટ થાય છે, તેમ-તેમ તેની સાથે તેના આત્માના પ્રદેશનો ફેલાવ પણ વધે છે અને જ્યારે શરીર દુર્બળ થઈ જાય છે, ત્યારે જીવના પ્રદેશ પણ સંકુચિત થઈ જાય છે—આમ સ્વતંત્રરૂપ નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે. (શ્રી પંચાસ્તિકાય, ગાથા ૩૩)

**સંસારિત્વ અધિકાર**

पुढविजलतेयवाऊ वणफ्फदी विविहथावरेइंदी ।
विगतिगचदुपंचक्खा तसजीवा होंति संखादी ।।११।।

ગાથાર્થ :—પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને વનસ્પતિ આદિ વિવિધ પ્રકારના સ્થાવર, એકેન્દ્રિય જીવ છે અને શંખાદિ બે, ત્રણ, ચાર તથા પાંચ ઇન્દ્રિયવાળા ત્રસજીવ છે.

**પ્રશ્ન ૨૪૦—જીવ વાસ્તવમાં કેવો છે?**

**ઉત્તર** —અતીન્દ્રિય અમૂર્ત નિજ પરમાત્મસ્વભાવી છે.

**પ્રશ્ન ૨૪૧—જીવના કેટલા ભેદ છે?**

**ઉત્તર** —બે ભેદ છે—સિદ્ધ અને સંસારી.

**પ્રશ્ન ૨૪૨—સિદ્ધ જીવ કેવા છે?**

**ઉત્તર** —સિદ્ધ જીવ પરિપૂર્ણ સુખી છે.

**પ્રશ્ન ૨૪૩—સંસારીના કેટલા ભેદ છે?**

**ઉત્તર** —ત્રણ ભેદ છે. (૧) બહિરાત્મા, (૨) અંતરાત્મા અને (૩) પરમાત્મા.

**પ્રશ્ન ૨૪૪—વિશ્વમાં દુ:ખી કોણ છે?**

**ઉત્તર** —ચારે ગતિના બહિરાત્મા જીવ માત્ર મિથ્યા-માન્યતાઓને કારણે પરિપૂર્ણ દુ:ખી છે.

**પ્રશ્ન ૨૪૫—બહિરાત્મા દુ:ખી શા માટે છે?**

**ઉત્તર** —વિશ્વના પદાર્થ વ્યવહારનયથી માત્ર જ્ઞેય છે, પરંતુ બહિરાત્મા એમ ન માનીને, પરપદાર્થોમાં ઇષ્ટ-અનિષ્ટબુદ્ધિ હોવાને કારણે જ દુ:ખી છે.

**પ્રશ્ન ૨૪૬—બહિરાત્માના દુ:ખને સ્પષ્ટ સમજાવો.**

**ઉત્તર** —આત્માનો સ્વભાવ, જ્ઞાતા-દૃષ્ટા છે તો પોતે માત્ર દેખના-જાણવાવાળો તો રહેતો નથી, જે પદાર્થોને દેખે છે-જાણે છે તેમાં ઇષ્ટ-અનિષ્ટપણું માને છે, માટે રાગી-દ્વેષી થઈને કોઈનો સદ્ભાવ ઇચ્છે છે, કોઈનો અભાવ ઇચ્છે છે. પરંતુ તેનો સદ્ભાવ

કે અભાવ તેના ઈચ્છવાથી થતો નથી, કારણ કે કોઈ દ્રવ્ય, કોઈ દ્રવ્યનો કર્તા-હર્તા નથી, સર્વે દ્રવ્ય પોત-પોતાના સ્વભાવરૂપ પરિણમિત થાય છે. આ બહિરાત્મા ફોગટમાં કષાયભાવથી આકુળિત થાય છે.

**પ્રશ્ન ૨૪૭—અંતરાત્માની શી દશા છે?**

**ઉત્તર** —અંતરાત્મા પોતાની શુદ્ધતાનુસાર સુખી છે.

**પ્રશ્ન ૨૪૮—અરિહંત પરમાત્મા કેવા છે?**

**ઉત્તર** —અરિહંત ભગવાન પરિપૂર્ણ સુખી છે.

**પ્રશ્ન ૨૪૯—સંસારી જીવોના બીજા પ્રકારે કેટલા ભેદ છે?**

**ઉત્તર** —બે ભેદ છે—સ્થાવર અને ત્રસ.

**પ્રશ્ન ૨૫૦—સ્થાવરજીવ કોણ છે?**

**ઉત્તર** —બધા એકેન્દ્રિય જીવ સ્થાવર જીવ છે, તે પાંચ પ્રકારના છે. પૃથ્વીકાય, જલકાય, અગ્નિકાય, વાયુકાય અને વનસ્પતિકાય

**પ્રશ્ન ૨૫૧—ત્રસજીવ કોણ છે?**

**ઉત્તર** —બે ઈન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના જીવ ત્રસ છે.

**પ્રશ્ન ૨૫૨—શાસ્ત્રોમાં સ્થાવર-ત્રસ એવા ભેદ શા માટે કર્યા છે?**

**ઉત્તર** —જીવ તો ઔદારિક આદિ શરીર, ઈન્દ્રિયોથી સર્વથા ભિન્ન છે. પોતાના જ્ઞાન-દર્શનાદિ સ્વભાવથી અભિન્ન છે. તેનું જ્ઞાન કરાવવા માટે વ્યવહારનયથી ત્રસ-સ્થાવર—એવા ભેદ કર્યા છે.

**પ્રશ્ન ૨૫૩—શ્રી પંચાસ્તિકાય ગાથા ૧૨૧માં આ વિષયમાં શું બતાવ્યું છે?**

**ઉત્તર** —શાસ્ત્રમાં કહેલા આ શરીર, ઈન્દ્રિયો, મન—બધું

પુદ્‌ગલની પર્યાય છે, જીવ નથી, પરંતુ તેમાં રહેવાવાળું જે જ્ઞાન-દર્શન છે તે જીવ છે—એમ જાણવું જોઈએ.

**પ્રશ્ન ૨૫૪—જીવ, સ્થાવર કઈ અપેક્ષાએ કહેવામાં આવે છે?**

**ઉત્તર** —અનુપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનયથી જીવને સ્થાવર કહેવામાં આવે છે.

**પ્રશ્ન ૨૫૫—જીવ, ત્રસ કઈ અપેક્ષાથી કહેવામાં આવે છે?**

**ઉત્તર** —અનુપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનયથી જીવ, ત્રસ કહેવામાં આવે છે.

**પ્રશ્ન ૨૫૬—જીવોના ત્રણ પ્રકાર ક્યા-ક્યા છે?**

**ઉત્તર** —(૧) અસિદ્ધ (૨) નો સિદ્ધ અને (૩) સિદ્ધ

**પ્રશ્ન ૨૫૭—અસિદ્ધમાં ક્યા જીવ આવે છે?**

**ઉત્તર** —નિગોદથી માંડીને ચારેય ગતિના જીવ, જ્યાં સુધી નિશ્ચયસમ્યગ્દર્શન ન થાય ત્યાં સુધી તે બધા અસિદ્ધ જ છે.

**પ્રશ્ન ૨૫૮—નો સિદ્ધ જીવમાં કોણ આવે છે?**

**ઉત્તર** —'નો' નો અર્થ અલ્પ છે. ચોથા ગુણસ્થાનથી જીવને 'નો સિદ્ધ' કહેવાય છે, માટે અંતરાત્માને ઈષત સિદ્ધ, અર્થાત્ 'નો સિદ્ધ' કહેવામાં આવે છે.

**પ્રશ્ન ૨૫૯—સિદ્ધ કેવા છે?**

**ઉત્તર** —રત્નત્રય પ્રાપ્ત સિદ્ધ છે

**પ્રશ્ન ૨૬૦—શુદ્ધ નિશ્ચયનયથી શુદ્ધ-બુદ્ધ એકસ્વભાવી હોવા છતાં પણ જીવ, સ્થાવર-ત્રસ શા માટે હોય છે?**

**ઉત્તર** —પોતાના શુદ્ધ-બુદ્ધ સ્વભાવને ભૂલીને, ઈન્દ્રિયસુખમાં રુચિપૂર્વક આસક્ત થઈને ત્રસ-સ્થાવર જીવોનો ઘાત કરે છે માટે ત્રસ-સ્થાવર થાય છે.

**પ્રશ્ન ૨૬૧—ત્રસ-સ્થાવર ન બનવું પડે, તેના માટે શું કરવું જોઈએ?**

**ઉત્તર** —પોતાના એક શુદ્ધ-બુદ્ધસ્વભાવનો આશ્રય લઈને ધર્મની પ્રાપ્તિ કરે તો ત્રસ-સ્થાવર ન થઈને, ક્રમથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.

**પ્રશ્ન ૨૬૨—મનુષ્યભવ અને દિગમ્બરધર્મ પ્રાપ્ત કર્યો હોવા છતાં પણ શું જીવ પૃથ્વીકાય કહી શકાય છે?**

**ઉત્તર** —(૧) જેમ, આપણે પૃથ્વીકાય ઉપર ચાલીએ છીએ, દબાવાથી તે દુઃખનો અનુભવ કરે છે, પરંતુ કાંઈ કહી શકતા નથી, તેવી જ રીતે મનુષ્યભવ કે દિગમ્બરધર્મ પ્રાપ્ત કર્યો હોવા છતાં પણ હું બધાને દબાવું અને કોઈ મારી સામે એક શબ્દ પણ ન બોલી શકે—એવો ભાવ કરે છે તે સમયે તે પૃથ્વીકાય જ છે, કારણ કે જેવી મતિ, તેવી ગતિ હોય છે. (૨) જો તેવા ભાવ સમયે આયુનો બંધ થઈ ગયો તો 'પૃથ્વીકાય'ની યોનિમાં જવું પડશે, જ્યાં નિરંતર તને બધા દબાવશે અને તું એક શબ્દ પણ બોલી શકીશ નહીં.

**પ્રશ્ન ૨૬૭—કોઈ કહે કે અમારે પૃથ્વીકાય ન બનવું પડે તો તેનો ઉપાય શું છે?**

**ઉત્તર** —બધાને હું દબાવું અને મારી સામે કોઈ એક શબ્દ પણ ન બોલી શકે—આવા ભાવરહિત શુદ્ધ-બુદ્ધ અસ્પર્શસ્વભાવી નિજ ભગવાન છે, તેનો આશ્રય લે તો ભગવાનપણું પર્યાયમાં પ્રગટ થઈ જશે અને પૃથ્વીકાયમાં જવું નહીં પડે.

**પ્રશ્ન ૨૬૮—મનુષ્યભવ અને દિગંબર ધર્મ પ્રાપ્ત થવા છતાં પણ ક્યા જીવને 'જલકાય' કહી શકાય છે?**

**ઉત્તર** —(૧) જેમ તળાવનું પાણી ઉપરથી જોતા એક સમાન લાગે છે, પરંતુ ક્યાંક બે ગજનો ખાડો છે તો ક્યાંક ત્રણ ગજનો ખાડો

છે. ક્યાંક ઉંચું છે તો ક્યાંક નીચું છે. આ પ્રમાણે મનુષ્યભવ અને દિગંબરધર્મ મળવા છતાં પણ ઉપરથી મીઠી-મીઠી વાતો કરે છે, અંદર કપટ રાખે છે. તે જીવ તે સમયે 'જલકાય' જ છે. કારણ કે જેવી મતિ, તેવી ગતિ થાય છે. (૨) આવા ભાવના સમયે જો આયુકર્મનો બંધ થઈ ગયો હોય તો 'જલકાય'ની યોનિમાં જવું પડશે.

**પ્રશ્ન ૨૬૯—કોઈ કહે કે અમારે 'જલકાય' યોનિમાં જવું ન પડે, તો તેનો કોઈ ઉપાય છે?**

**ઉત્તર** —છળ-કપટરહિત તારો આત્માનો સ્વભાવ છે, તેનો આશ્રય લે તો જલકાય યોનિમાં નહીં જવું પડે, પરંતુ મુક્તિ-સુંદરીનો નાથ બની જશે.

**પ્રશ્ન ૨૭૦—મનુષ્યભવ અને દિગમ્બરધર્મ પ્રાપ્ત કર્યો હોવા છતાં પણ શું જીવ અગ્નિકાય કહી શકાય છે?**

**ઉત્તર** —જેમ રોટલી બનાવ્યા બાદ તાવડીને નીચે ઉતારે છે ત્યારે તાવડીમાં ટિમ-ટિમ ચિનગારી દેખાય તો લોકો કહે છે કે તાવડી હસે છે. પરંતુ તે વાસ્તવમાં અગ્નિકાયનો જીવ છે, તે પ્રકારે મનુષ્યભવ અને દિગમ્બરધર્મ પ્રાપ્ત કરવા છતાં પણ અન્યની મોટાઈ જોઈ જે ઈર્ષા કરે છે, તે સમયે તે જીવ 'અગ્નિકાય' જ છે. કારણ કે જેવી મતિ, તેવી ગતિ હોય છે. (૨) જો આ સમયે આયુષ્યનો બંધ થઈ જાય તો 'અગ્નિકાય' યોનિમાં જવું પડશે જ્યાં હમેશા બળતરામાં જ જીવન વ્યતીત થશે.

**પ્રશ્ન ૨૭૧—કોઈ કહે કે અરે ભાઈ! અમારે 'અગ્નિકાય' ન બનવું પડે તો તેનો ઉપાય શું છે?**

**ઉત્તર** —ઈર્ષારહિત તારો ત્રિકાળી સ્વભાવ છે, તેનો આશ્રય લે તો અગ્નિકાયની યોનિમાં જવું નહીં પડે. પણ પર્યાયમાં ત્રણલોકનો નાથ બની જશે.

**પ્રશ્ન ૨૭૨—મનુષ્યભવ અને દિગમ્બરધર્મ પ્રાપ્ત કર્યો હોવા છતાં પણ શું જીવ વાયુકાય કહેવાઈ શકે?**

**ઉત્તર** —જેમ પવનની લહેર ક્યારેક તેજ, ક્યારેક મંદ ચાલતી રહે છે, સ્થિર રહેતી નથી, તે જ પ્રમાણે મનુષ્યભવ અને દિગમ્બરધર્મ પ્રાપ્ત થવા છતાં પણ જ્યાં જન્મ-મરણના અભાવની વાત ચાલે છે તેને બદલે અન્ય વાતનો વિચાર કરે છે, ઊંઘે છે, અન્ય અસ્થિરતા કરે છે, તે જીવ તે સમયે વાયુકાય જ છે. કારણ કે 'જેવી મતિ, તેવી ગતિ' હોય છે. (૨) જો અસ્થિરતાના ભાવ સમયે આયુનો બંધ થઈ ગયો હોય તો 'વાયુકાય'ની યોનિમાં જાવું પડશે. જ્યાં નિરંતર અસ્થિરતા બની જ રહેશે.

**પ્રશ્ન ૨૭૩—કોઈ કહે કે અમારે વાયુકાય ન બનવું પડે તો તેનો ઉપાય શું છે?**

**ઉત્તર** —અસ્થિરતાના ભાવ રહિત પરમપારિણામિકભાવ છે, તેની તરફ દૃષ્ટિ કરે તો વાયુકાયની યોનિમાં જાવું નહીં પડે. પણ ક્રમથી પૂર્ણ ક્ષાયિકપણું પ્રગટ કરીને પૂર્ણ સુખી થઈ જશે.

**પ્રશ્ન ૨૭૪—દિગમ્બર ધર્મ અને મનુષ્યભવ પ્રાપ્ત કરીને પણ જીવ 'વનસ્પતિકાય' કહી શકાય, અને તે વનસ્પતિકાયમાં શા માટે જાય છે?**

**ઉત્તર** —જેમ, બજારમાંથી શાક લાવીએ છીએ, તમે તેને ચાકુ વડે કાપો છો, તોપણ તે તમને કાંઈ કહેતું નથી, તે પ્રકારે મનુષ્યભવ પામીને પણ 'હું બીજાને એવો માર મારું કે તે એક ડગલું પણ ન ચાલી શકે'—આવા ભાવ કરે છે, તે સમયે તે જીવ વનસ્પતિકાય જ છે, કારણ કે 'જેવી મતિ, તેવી ગતિ હોય છે.' (૨) જો આવા ભાવોના સમયે આયુષ્યનો બંધ થઈ ગયો તો વનસ્પતિકાયની યોનિમાં જાવું પડશે, જ્યાં એક-એક સમય કરીને નિરંતર દુઃખ ભોગવવું પડશે.

**પ્રશ્ન ૨૭૫—કોઈ કહે કે અમારે 'વનસ્પતિકાય'માં ન જવું પડે, તેનો કોઈ ઉપાય છે?**

**ઉત્તર** —હું બધાને મારું અને તે એક ડગલું પણ આગળ ન વધારી શકે—એવા-એવા ભાવથી રહિત, તારો આત્મા તો અસ્પર્શસ્વભાવી છે, તેનો આશ્રય લે તો વનસ્પતિકાયની યોનિમાં જાવું પડશે નહીં અને ગુણસ્થાન, માર્ગણાસ્થાનથી રહિત પરમપદને પ્રાપ્ત કરીશ.

**પ્રશ્ન ૨૭૬—જ્ઞાની, ત્રસ-સ્થાવરમાં શા માટે ઉત્પન્ન થતાં નથી?**

**ઉત્તર** —પોતાના શુદ્ધ-બુદ્ધ સ્વભાવનો આશ્રય હોવાથી તથા વિષયોમાં સુખ-અભિલાષાની બુદ્ધિ ન હોવાને કારણે જ્ઞાની જીવ, ત્રસ-સ્થાવરમાં ઉત્પન્ન થતા નથી.

**પ્રશ્ન ૨૭૭—સંસાર પરિભ્રમણનું મૂળ કારણ શું છે?**

**ઉત્તર** —એકમાત્ર એક શુદ્ધ-બુદ્ધ નિજ આત્માની દૃષ્ટિ ન કરવી તે જ સ્વયંની ભૂલ છે, તેનું કારણ—કર્મ, પરવસ્તુ કે ઈશ્વર નથી.

**પ્રશ્ન ૨૭૮—જો સિદ્ધજીવ માનવામાં ન આવે, તો શું દોષ ઉત્પન્ન થશે?**

**ઉત્તર** —(૧) જો સિદ્ધ જીવ ન હોય તો જીવોની સંસારી અવસ્થા પણ સાબિત નહીં થાય, કારણ કે સંસારીદશાનો વિરોધી-ભાવ સિદ્ધદશા છે. (૨) જો જીવને સંસારીદશા જ ન હોય તો પછી ધર્મ કરવા અને અધર્મ દૂર કરવાનો પુરુષાર્થ જ રહેશે નહીં.

**ચૌદ જીવ સમાસ**

समणा अमणा णेया पंचिंदिय णिम्मणा परे सव्वे ।
बादरसुहमेइंदी सव्वे पज्जत्त इदरा य ।।१२।।

ગાથાર્થ : પંચેન્દ્રિય જીવ, સંજ્ઞી અને અસંજ્ઞી—એવા બે

પ્રકારથી જાણવા. બાકીના બધા જીવ મનરહિત અસંજ્ઞી છે. એકેન્દ્રિય જીવ, બાદર અને સૂક્ષ્મ બે પ્રકારના છે. આ બધા જીવ, પર્યાપ્ત અને અપર્યાપ્ત હોય છે.

**પ્રશ્ન ૨૭૯—જીવસમાસ કોને કહે છે?**

**ઉત્તર** —જેના દ્વારા અનેક પ્રકારના જીવના ભેદ જાણવામાં આવી શકે, તેને જીવસમાસ કહે છે.

**પ્રશ્ન ૨૮૦—જીવસમાસ કેટલા અને કયા-કયા છે?**

**ઉત્તર** —જીવસમાસ ચૌદ હોય છે—(૧) એકેન્દ્રિય બાદર, (૨) એકેન્દ્રિય સૂક્ષ્મ, (૩) બે ઈન્દ્રિય, (૪) ત્રણ ઈન્દ્રિય, (૫) ચાર ઈન્દ્રિય, (૬) અસંજ્ઞી પંચેન્દ્રિય અને (૭) સંજ્ઞી પંચેન્દ્રિય. આ સાતેયના પર્યાપ્ત અને અપર્યાપ્ત ભેદ મેળવીને, ચૌદ જીવસમાસ થાય છે.

**પ્રશ્ન ૨૮૧—બાદર એકેન્દ્રિય જીવ કોને કહે છે?**

**ઉત્તર** —જે બીજાને બાધા આપે છે અને પોતે બાધાને પ્રાપ્ત થાય છે અને જે કોઈ પદાર્થના આધારથી રહે છે, તેને બાદર એકેન્દ્રિય જીવ કહે છે.

**પ્રશ્ન ૨૮૨—સૂક્ષ્મ એકેન્દ્રિય જીવ કોને કહે છે?**

**ઉત્તર** —જે સમસ્ત લોકાકાશમાં ફેલાયેલા છે, જે કોઈને બાધા પહોંચાડતા નથી અને પોતે કોઈપણ બાધાને પ્રાપ્ત થયા નથી તેને સૂક્ષ્મ એકેન્દ્રિય જીવ કહે છે.

**પ્રશ્ન ૨૮૩—એકેન્દ્રિય જીવના બાદર, સૂક્ષ્મ, બે ઈન્દ્રિય જીવ, ત્રણ ઈન્દ્રિય જીવ, ચાર ઇન્દ્રિય જીવ, પાંચ ઈન્દ્રિય અસૈની જીવ અને પાંચ ઈન્દ્રિય સૈની જીવ—આ સાત પ્રકારના જીવોમાં પણ કોઈ ભેદ છે?**

**ઉત્તર** —હા છે. આ સાતેયના પર્યાપ્ત અને અપર્યાપ્તના ભેદથી ૧૪ ભેદ છે.

**પ્રશ્ન ૨૮૪—પર્યાપ્ત અને અપર્યાપ્તથી શું તાત્પર્ય છે?**

**ઉત્તર** —જેમ—મકાન, ઘડો, વસ્ત્રાદિ વસ્તુઓ પૂર્ણ અને અપૂર્ણ હોય છે. તેમ આ સાત પ્રકારના જીવો પણ પર્યાપ્ત અને અપર્યાપ્ત હોય છે.

**પ્રશ્ન ૨૮૫—પર્યાપ્તિ કેટલી હોય છે?**

**ઉત્તર** —છ હોય છે—આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસ, ભાષા અને મન.

**પ્રશ્ન ૨૮૬—એકેન્દ્રિય જીવને કેટલી પર્યાપ્તિ હોય છે?**

**ઉત્તર** —ચાર હોય છે :—આહાર, શરીર, ઈન્દ્રિય અને શ્વાસ.

**પ્રશ્ન ૨૮૭—બે ઈન્દ્રિય જીવોથી લઈને અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોને કેટલી-કેટલી પર્યાપ્તિ હોય છે?**

**ઉત્તર** —દરેકને પાંચ-પાંચ પર્યાપ્તિ હોય છે. આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસ અને ભાષા.

**પ્રશ્ન ૨૮૮—સંજ્ઞી પંચેન્દ્રિય જીવને કેટલી પર્યાપ્તિ હોય છે?**

**ઉત્તર** —છ જ હોય છે—આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસ, ભાષા અને મન.

**પ્રશ્ન ૨૮૯—આ પર્યાપ્તિ ક્યારે પૂર્ણ થાય છે?**

**ઉત્તર** —એક અંતર્મુહૂર્તમાં પૂર્ણ થઈ જાય છે.

**પ્રશ્ન ૨૯૦—અપર્યાપ્ત જીવની શું દશા છે?**

**ઉત્તર** —અપર્યાપ્તક જીવ એક શ્વાસમાં અઢારવાર જન્મ-મરણને પ્રાપ્ત થાય છે.

**પ્રશ્ન ૨૯૧—શ્વાસ કોને કહે છે?**

**ઉત્તર** —નિરોગી પુરુષને એકવાર નાડી ચાલવામાં જેટલો સમય લાગે છે, તેને શ્વાસ કહે છે.

**પ્રશ્ન ૨૯૨—શ્વાસની સંખ્યાનું માપ શું છે?**

**ઉત્તર** —અડતાલીસ મિનિટમાં ત્રણ હજાર સાતસો તોતેર શ્વાસ હોય છે.

**પ્રશ્ન ૨૯૩—પર્યાપ્તિઓથી શું સિદ્ધ થાય છે?**

**ઉત્તર** —જેમ સંજ્ઞી પંચેન્દ્રિય જીવ જ્યારે-જ્યારે જ્યાં ઉત્પન્ન થાય છે, ત્યાં તેને બધી પર્યાપ્તિઓની શરૂઆત એકસાથે હોય છે. પણ પૂર્ણતા ક્રમથી થાય છે, આ પ્રમાણે સમ્યગ્દર્શન થવાથી સર્વે ગુણોમાં અંશરૂપથી શુદ્ધતા એક સાથે પ્રગટ થઈ જાય છે. પરંતુ પૂર્ણતા ક્રમથી થાય છે. (૧) સમ્યગ્દર્શન, ચોથા ગુણસ્થાનમાં પૂર્ણ થઈ જાય છે. (૨) ચારિત્ર બારમા ગુણસ્થાને પૂર્ણ થઈ જાય છે. (૩) જ્ઞાન-દર્શન-વીર્યની પૂર્ણતા, તેરમાં ગુણસ્થાની શરૂઆતમાં થઈ જાય છે. (૪) યોગની પૂર્ણતા, ચૌદમાં ગુણસ્થાનમાં થાય છે.

**પ્રશ્ન ૨૯૪—જીવ પર્યાપ્ત અને અપર્યાપ્ત હોય છે—આ કઈ અપેક્ષાથી કહી શકાય છે?**

**ઉત્તર** —અનુપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનયથી કહી શકાય છે, પણ તેમ છે નહીં એમ જાણવું.

**પ્રશ્ન ૨૯૫—જીવ, સંજ્ઞી ને અસંજ્ઞી કઈ અપેક્ષાથી કહી શકાય છે?**

**ઉત્તર** —અનુપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનયથી કહી શકાય છે. પણ તેમ છે નહીં એમ જાણવું

**પ્રશ્ન ૨૯૬—પર્યાપ્ત અને અપર્યાપ્તમાં હેય-જ્ઞેય-ઉપાદેય ક્યા-ક્યા પ્રકારે છે?**

**ઉત્તર** —(૧) પર્યાપ્ત અને અપર્યાપ્તથી સર્વથા ભિન્ન, નિજ શુદ્ધાત્મતત્ત્વ જ આશ્રય કરવાયોગ્ય પરમ ઉપાદેય છે. (૨) નિજ શુદ્ધાત્મતત્ત્વના આશ્રયથી જે શુદ્ધિ પ્રગટી, તે પ્રગટ કરવાયોગ્ય

ઉપાદેય છે. (૩) સાધકજીવને ભૂમિકાનુસાર જે રાગ છે તે હેય છે. (૪) પર્યાપ્તિ અને અપર્યાપ્તિ—આ બધુ વ્યવહારનયથી જ્ઞાનનું જ્ઞેય છે.

**પ્રશ્ન ૨૯૭—પર્યાપ્તિમાં કર્તા કોણ છે અને કોણ નથી?**

**ઉત્તર** —પર્યાપ્તિઓનો કર્તા પુદ્‌ગલ છે અને પર્યાપ્તિ તેનું કર્મ છે. જીવથી તેનો સર્વથા કર્તા-કર્મસંબંધ નથી.

**પ્રશ્ન ૨૯૮—જીવસમાસની બારમી ગાથાનું તાત્પર્ય શું છે?**

**ઉત્તર** —પર્યાપ્તિઓ અને પ્રાણોથી સર્વથા ભિન્ન, નિજ શુદ્ધાત્મતત્ત્વ જ આશ્રય કરવાયોગ્ય પરમ ઉપાદેય છે.

**જીવના બીજા ભેદ**

मग्गणगुणठाणेहि य चउदसहि हवंति तह असुद्धणया ।
विण्णेया संसारी सव्वे सुद्धा हु सुद्धणया ।।१३।।

ગાથાર્થ —સર્વે સંસારી જીવ, અશુદ્ધનયથી માર્ગણાસ્થાન અને ગુણસ્થાનની અપેક્ષાથી ચૌદ પ્રકારના છે. શુદ્ધનયથી ખરેખર બધા સંસારી જીવ શુદ્ધ જાણવા.

**પ્રશ્ન ૨૯૯—બૃહદ્ દ્રવ્યસંગ્રહની આ ગાથાના શીર્ષકમાં શું કહ્યું છે?**

**ઉત્તર** —‘હવે શુદ્ધ-પારિણામિક—પરમભાવ ગ્રાહક શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી જીવ શુદ્ધ-બુદ્ધ-એક સ્વભાવવાળો છે, તોપણ પછી અશુદ્ધનયથી ચૌદ માર્ગણાસ્થાન અને ચૌદ ગુણસ્થાનસહિત હોય છે આ પ્રકારે પ્રતિપાદન કરે છે’.

**પ્રશ્ન ૩૦૦—શુદ્ધ દ્રવ્યાર્થિક અને અશુદ્ધનયોનો વિષ્ય એક સાથે હોવા છતાં પણ (પ્રથમ) શુદ્ધ દ્રવ્યાર્થિકનય અને ‘પછી અશુદ્ધનય’—એમ શા માટે કહ્યું છે?**

**ઉત્તર** —(૧) શુદ્ધ દ્રવ્યાર્થિકનયનો વિષય એક જ આશ્રય

કરવાયોગ્ય છે. કારણ કે તેના આશ્રયથી જ જીવને ધર્મરૂપ શુદ્ધપર્યાય પ્રગટ થાય છે અને તેના જ આશ્રયથી વૃદ્ધિ કરીને પૂર્ણતાની પ્રાપ્તિ થાય છે. (૨) અશુદ્ધનયના વિષયના આશ્રયથી જીવને અશુદ્ધપર્યાય પ્રગટ થાય છે. માટે તેનો આશ્રય છોડવાયોગ્ય છે—એમ બતાવવા માટે શાસ્ત્રોમાં શુદ્ધ દ્રવ્યાર્થિકનયને પ્રથમ અને અશુદ્ધનય/વ્યવહારનયને પછી કહ્યો છે.

**પ્રશ્ન ૩૦૧—શુદ્ધ પારિણામિકભાવનો અર્થ શું છે?**

**ઉત્તર** —પારિણામિકનો અર્થ, સહજસ્વભાવ છે. ઉત્પાદ-વ્યયરહિત ધ્રુવ એકરૂપ રહેવાવાળો પારિણામિકભાવ છે.

**પ્રશ્ન ૩૦૨—પારિણામિકભાવ ક્યા જીવને હોય છે?**

**ઉત્તર** —નિગોદથી લઈને સિદ્ધદશા સુધીના બધા જીવોમાં 'ત્રિકાળ (અનાદિ અનંત) ધ્રુવરૂપથી શક્તિરૂપથી શુદ્ધ'—એવો પારિણામિકભાવ હોય છે. કહેવાય છે કે 'પારિણામિકભાવ વિના કોઈ જીવ હોતો નથી'.

**પ્રશ્ન ૩૦૩—શું પારિણામિકભાવમાં બાકીના ચાર ભાવ નથી?**

**ઉત્તર** —નથી. કારણ કે ઔદયિક-ઔપશમિક-ક્ષાયોપશમિક અને ક્ષાયિક—આ ચાર ભાવોથી રહિત જે ભાવ છે, તે પારિણામિકભાવ છે.

**પ્રશ્ન ૩૦૪—પારિણામિકભાવમાં ઔપશમિક આદિ ચાર ભાવ શા માટે આવતા નથી?**

**ઉત્તર** — (૧) ઔપશમિકાદિ ચાર ભાવોમાં ઉદય-ઉપશમ, ક્ષયોપશમ-ક્ષય, જેનું નિમિત્તકારણ છે—એવા ચાર ભાવ છે અને જેમાં કર્મોપાધિરૂપ નિમિત્ત જરાપણ નથી, માત્ર દ્રવ્ય-સ્વભાવ જ જેનું કારણ છે—એવો એક પારિણામિકભાવ છે. (૨) ઔપશમિકાદિ ચાર ભાવ, પર્યાયરૂપ ને પારિણામિકભાવ પર્યાયરહિત છે, માટે

ચાર ભાવોમાં પારિણામિકભાવ આવતો નથી.

**પ્રશ્ન ૩૦૫—આ પાંચ ભાવોને 'પરમ' અને 'અપરમ' શા માટે કહેવામાં આવે છે?**

**ઉત્તર** —(૧) પારિણામિકભાવ ત્રિકાળ શુદ્ધ અને પરમ છે. માટે શુદ્ધ પારિણામિકભાવને 'પરમભાવ' કહે છે, કારણ કે તેના આશ્રયથી જ શુદ્ધપર્યાય પ્રગટ-વૃદ્ધિ અને પૂર્ણ થાય છે. (૨) બીજા ઔપશમિકાદિ ચાર ભાવોને 'અપરમભાવ' કહે છે, કારણ કે તેમના આશ્રયથી જીવમાં અશુદ્ધપર્યાય પ્રગટ થાય છે.

**પ્રશ્ન ૩૦૬—સમસ્ત કર્મપરૂપી વિષવૃક્ષને ઉખાડી ફેંકવામાં ક્યો ભાવ સમર્થ છે?**

**ઉત્તર** —પરમપારિણામિકભાવ ત્રિકાળ શુદ્ધ છે. આ પરમભાવ જ સમસ્ત કર્મરૂપી વિષવૃક્ષને ઉખાડી ફેંકવામાં સમર્થ છે

**પ્રશ્ન ૩૦૭—આ ગાથામાં** 'सव्वे सुद्धा हु सुद्धणया'**થી શું તાત્પર્ય છે?**

**ઉત્તર** —શુદ્ધનયથી બધા જીવ હકીકતમાં શુદ્ધ છે. અહીં શુદ્ધનયનો અર્થ દ્રવ્યાર્થિક છે—આ દૃષ્ટિએ જોવાથી બધા જીવ શુદ્ધ જ્ઞાયકભાવના ધારક છે.

**પ્રશ્ન ૩૦૮—આ ગાથામાં અશુદ્ધનયનું વર્ણન શું બતાવવા માટે કરવામાં આવ્યું છે?**

**ઉત્તર** —તે પર્યાયોને જીવ પોતે પરથી નિરપેક્ષપણે કરે છે. કર્મનું નિમિત્ત હોવા છતાં પણ, કર્મ તેને કરતો નથી. આ બતાવવા માટે અશુદ્ધનયનું વર્ણન આ ગાથામાં કર્યું છે.

**પ્રશ્ન ૩૦૯—માર્ગણાસ્થાન કોને કહે છે?**

**ઉત્તર** —જે જે ધર્મ વિશેષોથી જીવોની શોધ કરવામાં આવે છે, તે-તે વિશેષોને માર્ગણાસ્થાન કહે છે.

**પ્રશ્ન ૩૧૦—માર્ગણાસ્થાનના કેટલા ભેદ છે?**

**ઉત્તર** —ચૌદ ભેદ છે. (૧) ગતિ, (૨) ઈન્દ્રિય, (૩) કાય, (૪) યોગ, (૫) વેદ, (૬) કષાય, (૭) જ્ઞાન, (૮) સંયમ, (૯) દર્શન, (૧૦) લેશ્યા, (૧૧) ભવ્યત્વ, (૧૨) સમ્યક્ત્વ, (૧૩) સંજ્ઞિત્વ, (૧૪) આહારત્વ.

**પ્રશ્ન ૩૧૧—ચૌદ માર્ગણા કઈ નયથી કહી શકાય છે અને કઈ નયથી કહી શકાતી નથી?**

**ઉત્તર** —આ બધીય નિજ ત્રિકાળ શુદ્ધ આત્મામાં શુદ્ધ નિશ્ચય-નયના બળથી કહેલી નથી પણ અશુદ્ધનયથી કહેવામાં આવે છે.

**પ્રશ્ન ૩૧૨—ચૌદ માર્ગણાઓમાં ગતિમાર્ગણા બતાવવા પાછળનો શું હેતુ છે?**

**ઉત્તર** —(૧) નરક, તિર્યંચ, મનુષ્ય ને દેવ નામની ચાર ગતિઓ છે. (૨) ચારેય ગતિઓ સંબંધી શરીર પણ છે. (૩) ચારેય ગતિઓ સંબંધી દ્રવ્યકર્મોનો ઉદય નિમિત્ત પણ છે. (૪) ચાર ગતિઓ સંબંધી ભાવ પણ છે. (૫) પરંતુ નિજ ભગવાનનો ગતિરહિત અગતિસ્વભાવ છે. (૬) જો તેનો આશ્રય લેવામાં આવે તો અંતરાત્મા બનીને ક્રમથી પરમાત્મા બને—આ હેતુ છે.

**પ્રશ્ન ૩૧૩—(૧)આત્મા ચાર ગતિઓના શરીરવાળો છે (૨) આત્માને ચાર ગતિસંબંધી દ્રવ્યકર્મનો ઉદય હોય છે, આ કઈ અપેક્ષાથી કહેવામાં આવે છે?**

**ઉત્તર** —અનુપચરિતઅસદ્ભૂતવ્યવહારનયથી કહેવામાં આવે છે પરંતુ એમ છે નહીં, કારણ કે આત્મા તો અગતિસ્વભાવવાળો છે.

**પ્રશ્ન ૩૧૪—આત્માને ચાર ગતિ સંબંધી ભાવ થાય છે આ કઈ અપેક્ષાથી કહેવામાં આવ્યું છે?**

**ઉત્તર** —ઉપચરિતઅસદ્ભૂતવ્યવહારનયથી કહેવામાં આવ્યું છે.

**પ્રશ્ન ૩૧૫—માર્ગણાઓમાં 'ઇન્દ્રિયમાર્ગણા' બતાવવા પાછળ શું મર્મ છે?**

**ઉત્તર** —(૧) એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિયરૂપ પાંચ જડ ઈન્દ્રિયો છે. (૨) પાંચ ઈન્દ્રિયોસંબંધી દ્રવ્યકર્મનો ઉદય પણ છે. (૩) ઈન્દ્રિયોસંબંધી જ્ઞાનનો ઉઘાડ પણ છે. (૪) પરંતુ નિજ ભગવાન આત્મા ઈન્દ્રિયોથી રહિત અતીન્દ્રિય-સ્વભાવવાળો છે, (૫) તેનો આશ્રય લઈને પર્યાયમાં અતીન્દ્રિય આનંદ પ્રગટ કરવો—આ મર્મ છે.

**પ્રશ્ન ૩૧૬—આત્મા પાંચ જડ ઇન્દ્રિયોવાળો છે, આત્માને જડ ઇન્દ્રિયોસંબંધી દ્રવ્યકર્મનો ઉદય છે—આ કઈ અપેક્ષાથી કહેવામાં આવે છે?**

**ઉત્તર** —ઉપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનયથી કહેવામાં આવે છે પરંતુ એમ છે નહીં, કારણ કે આત્મા તો અતીન્દ્રિયસ્વભાવવાળો છે.

**પ્રશ્ન ૩૧૭—આત્માને ઇન્દ્રિયોસંબંધી જ્ઞાનનો ઉઘાડ છે આ કઈ અપેક્ષાથી કહેવામાં આવે છે?**

**ઉત્તર** —ઉપચરિતસદ્‌ભૂતવ્યવહારનયથી કહેવામાં આવે છે.

**પ્રશ્ન ૩૧૮—'કાયમાર્ગણા' બતાવવા પાછળનો શું મર્મ છે?**

**ઉત્તર** —(૧) પૃથ્વીકાય, જલકાય, તેજકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાયના ભેદથી છ કાયના જીવ કહેવાય છે. (૨) આત્માને કાયસંબંધી શરીર છે, (૩) આત્માને કાયસંબંધી દ્રવ્યકર્મનો ઉદય પણ છે. (૪) આત્માને કાયસંબંધી જ્ઞાનનો ઉઘાડ પણ છે. (૫) પરંતુ આત્મા, કાયથી રહિત અકાયસ્વભાવવાળો છે. (૬) તેનો આશ્રય લઈને, પર્યાયમાં અકાયપણું પ્રગટ કરવું—તે મર્મ છે.

**પ્રશ્ન ૩૧૯—(૧) આત્મા, પૃથ્વીકાય આદિ વાળો છે, (૨) આત્માને કાયસંબંધી દ્રવ્યકર્મનો ઉદય છે. આ કઈ અપેક્ષાથી કહેવામાં આવે છે?**

**ઉત્તર** —અનુપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનયથી કહેવામાં આવે છે પરંતુ એમ છે નહીં, કારણ કે આત્મા તો અકાયસ્વભાવવાળો છે.

**પ્રશ્ન ૩૨૦—આત્માને કાયસંબંધી જ્ઞાનનો ઉઘાડ છે આ કઈ અપેક્ષાથી કહેવામાં આવે છે?**

**ઉત્તર** —ઉપચરિતસદ્‌ભૂતવ્યવહારનયથી કહેવામાં આવે છે.

**પ્રશ્ન ૩૨૧—માર્ગણાઓમાં 'યોગમાર્ગણા' બતાવવા પાછળનો મર્મ શું છે?**

**ઉત્તર** —(૧) મન-વચન-કાયયોગના ભેદથી યોગમાર્ગણાના ત્રણ પ્રકાર છે. (૨) વિસ્તારથી (અ) સત્ય, અસત્ય, ઉભય અને અનુભયરૂપથી મનોયોગ, ચાર પ્રકારનો છે. (આ) સત્ય, અસત્ય, ઊભય અને અનુભયરૂપથી વચનયોગ, ચાર પ્રકારનો છે. (ઈ) ઔદારિક, મિશ્ર અને કાર્મણ આ કાયયોગના સાત પ્રકાર છે. આ પ્રમાણે બધુ મળીને પંદર પ્રકારની યોગમાર્ગણા છે. (૩) આત્માને મન-વચન-કાય સંબંધી જડયોગનો સંબંધ છે. (૪) આત્માને જડયોગસંબંધી દ્રવ્યકર્મનો ઉદય પણ છે. (૫) આત્માને મન-વચનસંબંધી પ્રદેશોમાં કંપન પણ છે. (૬) પરંતુ ભગવાન આત્માનો અયોગસ્વભાવ ત્રિકાળ રહેલો છે. (૭) તેનો આશ્રય લઈને પર્યાયમાં અયોગીપણું પ્રગટાવું—આ મર્મ છે.

**પ્રશ્ન ૩૨૨—(૧) આત્મા જડ, મન, વચન, કાયયોગવાળો છે (૨) આત્માને જડ, મન, વચન અને કાયસંબંધી દ્રવ્યકર્મનો ઉદય છે—આ કઈ અપેક્ષાથી કહેવામાં આવે છે?**

**ઉત્તર** —અનુપચરિતસદ્‌ભૂતવ્યવહારનયથી કહેવામાં આવે છે. પરંતુ એમ છે નહીં, કારણ કે આત્મા તો અયોગીસ્વભાવવાળો છે.

**પ્રશ્ન ૩૨૩—આત્માને મન-વચન-કાયસંબંધી યોગનું કંપન છે—આ કઈ અપેક્ષાથી કહેવામાં આવે છે?**

**ઉત્તર** —ઉપચરિતસદ્ભૂતવ્યવહારનયથી કહેવામાં આવે છે.

**પ્રશ્ન ૩૨૪—વેદમાર્ગણા બતાવવા પાછળનો હેતુ શું છે?**

**ઉત્તર** —(૧) સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદના ભેદથી વેદમાર્ગણાના ત્રણ પ્રકાર છે. (૨) આત્માને સંયોગરૂપે ત્રણવેદ સંબંધી પુદ્ગલનો સંબંધ છે. (૩) આત્માને ત્રણવેદ સંબંધી દ્રવ્યકર્મનો ઉદય પણ છે. (૪) આત્મામાં ત્રણવેદ સંબંધી રાગ પણ છે. (૫) પરંતુ આત્માનો અવેદસ્વભાવ ત્રિકાળ રહેલો છે. (૬) તેનો આશ્રય લઈને, પર્યાયમાં અવેદપણું પ્રગટ કરવું—આ મર્મ છે.

**પ્રશ્ન ૩૨૫—(૧) આત્મા, ત્રણવેદ સંબંધી પુદ્ગલવાળો છે. (૨) આત્માને ત્રણવેદ સંબંધી દ્રવ્યકર્મનો ઉદય છે આ કઈ અપેક્ષાથી કહેવામાં આવે છે?**

**ઉત્તર** —અનુપચરિતઅસદ્ભૂતવ્યવહારનયથી કહેવામાં આવે છે, પરંતુ એમ છે નહીં. કારણ કે આત્મા તો ત્રિકાળ અવેદસ્વભાવી છે.

**પ્રશ્ન ૩૨૬—આત્માને વેદસંબંધી રાગ છે—આ કઈ અપેક્ષાથી કહેવામાં આવે છે?**

**ઉત્તર** —ઉપચરિતસદ્ભૂતવ્યવહારનયથી કહેવામાં આવે છે.

**પ્રશ્ન ૩૨૭—કષાયમાર્ગણા બતાવવા પાછળનો શું મર્મ છે?**

**ઉત્તર** —(૧) ક્રોધ-માન-માયા-લોભના ભેદથી કષાયમાર્ગણા ચાર પ્રકારની છે અને વિસ્તારથી (૨) અનંતાનુબંધી ક્રોધ આદિ ચાર, અપ્રત્યાખ્યાન ક્રોધ આદિ ચાર, પ્રત્યાખ્યાન ક્રોધ આદિ ચાર, સંજ્વલન ક્રોધ આદિ ચાર, હાસ્ય-રતિ-અરતિ આદિ ભેદથી નવ નોકષાય, આ પ્રમાણે પચ્ચીસ પ્રકારની કષાયમાર્ગણા છે. (૩) પચ્ચીસ કષાય સંબંધી શરીરની અવસ્થાઓ છે. (૪) પચ્ચીસકષાય સંબંધી ચારિત્રમોહનીય દ્રવ્યકર્મનો ઉદય પણ છે. (૫)

પચ્ચીસકષાય સંબંધી રાગ પણ છે (૬) પરંતુ ત્રિકાળી અકષાય-સ્વભાવવાળો આત્મા ભિન્ન ત્રણેયકાળ રહેલો છે. (૭) તેનો આશ્રય લઈને, પર્યાયમાં સ્વરૂપાચરણ ચારિત્ર, દેશચારિત્ર, સકળચારિત્ર, યથાખ્યાતચારિત્ર પ્રગટ કરવાથી પરમયથાખ્યાત-ચારિત્ર પ્રગટ થાય છે. આ મર્મ છે

**પ્રશ્ન ૩૨૮—(૧) આત્માને પચ્ચીસકષાય સંબંધી શરીરની અવસ્થા છે, (૨) કષાયસંબંધી દ્રવ્યકર્મનો ઉદય છે—આ કઈ અપેક્ષાએ કહેવામાં આવે છે?**

**ઉત્તર** —અનુપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનયથી કહેવામાં આવે છે, પરંતુ એમ છે નહીં. કારણ કે આત્મા તો અકષાયસ્વભાવવાળો છે.

**પ્રશ્ન ૩૨૯—આત્મામાં પચ્ચીસ કષાયસંબંધી વિકારીભાવો છે આ કઈ અપેક્ષાથી કહેવામાં આવે છે?**

**ઉત્તર** —ઉપચરિતસદ્‌ભૂતવ્યવહારનયથી કહેવામાં આવે છે.

**પ્રશ્ન ૩૩૦—જ્ઞાનમાર્ગણા બતાવવા પાછળનો મર્મ શું છે?**

**ઉત્તર** —(૧) મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળજ્ઞાન તથા કુમતિ, કુશ્રુત અને કુઅવધિ—આ આઠ પ્રકારની જ્ઞાનમાર્ગણા છે. (૨) આ ભેદોથી રહિત ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા છે. (૩) તેનો આશ્રય લઈને પર્યાયમાં કુમતિ, કુશ્રુત અને કુઅવધિજ્ઞાનનો અભાવ કરીને, મતિ, શ્રુત આદિ જ્ઞાન પ્રગટ કરવું અને ક્રમથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરવી—આ જ્ઞાનમાર્ગણાનો મર્મ છે.

**પ્રશ્ન ૩૩૧—સંયમમાર્ગણા બતાવવા પાછળનો મર્મ શું છે?**

**ઉત્તર** —(૧) સામાયિક, છેદોપસ્થાપન, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસાંપરાય અને યથાખ્યાતરૂપ આ પાંચ પ્રકારના ચારિત્ર તથા સંયમાસંયમ અને અસંયમના બે પ્રતિપક્ષરૂપ ભેદ મેળવીને, સાત

પ્રકારે સંયમમાર્ગણા છે. (૨) ચારિત્રગુણાદિરૂપ ત્રિકાળ ભગવાન એકરૂપ રહેલો છે. (૩) તેનો આશ્રય લઈને પ્રથમ, સ્વરૂપાચરણ-ચારિત્રની પ્રાપ્તિ કરીને, ક્રમથી સામાયિક આદિરૂપ ચારિત્રની વૃદ્ધિ કરીને યથાખ્યાત ચારિત્રની પ્રાપ્તિ કરવી—આ જ સંયમમાર્ગણાનો મર્મ છે.

**પ્રશ્ન ૩૩૨—માર્ગણાઓમાં, 'દર્શનમાર્ગણા'ની પાછળ શું મર્મ છે?**

**ઉત્તર** —(૧) ચક્ષુ-અચક્ષુ, અવધિ અને કેવળદર્શનના ભેદથી દર્શનમાર્ગણા ચાર પ્રકારે છે. (૨) દર્શનગુણ આદિરૂપ ત્રિકાળી ભગવાન આત્મા એકરૂપ રહેલો છે. (૩) તેનો આશ્રય લઈને કેવળદર્શનની પ્રાપ્તિ કરવી આ જ દર્શનમાર્ગણાનો મર્મ છે.

**પ્રશ્ન ૩૩૩—લેશ્યામાર્ગણા બતાવવા પાછળનો શું મર્મ છે?**

**ઉત્તર** —(૧) પરમાત્મદ્રવ્યનો વિરોધ કરવાવાળી કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ, અને શુક્લના ભેદથી લેશ્યા છ પ્રકારની છે. (૨) પરંતુ અલેશ્યાસ્વરૂપ ત્રિકાળી સ્વભાવ એકરૂપ રહેલો છે. (૩) તેનો આશ્રય લઈને લેશ્યાઓનો અભાવ કરીને, પૂર્ણ અલેશ્યાપણું પર્યાયમાં પ્રગટ કરવું—આ જ લેશ્યામાર્ગણાનો મર્મ છે.

**પ્રશ્ન ૩૩૪—ભવ્યમાર્ગણાનો શું મર્મ છે?**

**ઉત્તર** —(૧) ભવ્ય અને અભવ્યના ભેદથી બે પ્રકારે ભવ્યમાર્ગણા છે. (૨) ભવ્ય-અભવ્યથી રહિત ત્રિકાળ પરમાત્મદ્રવ્ય એકરૂપ રહેલું છે. (૩) તેનો આશ્રય લઈને પર્યાયમાં સિદ્ધદશાની પ્રાપ્તિ કરવી આ જ ભવ્ય-અભવ્યમાર્ગણાને જાણવાનો મર્મ છે.

**પ્રશ્ન ૩૩૫—માર્ગણાઓમાં 'સમ્યક્ત્વમાર્ગણા' બતાવવા પાછળનો શું મર્મ છે?**

**ઉત્તર** —(૧) ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક

સમ્યક્ત્વના ભેદથી તથા મિથ્યાદર્શન, સાસાદન અને મિશ્ર આ ત્રણ વિપરીત ભેદો સહિત કુલ છ પ્રકારે સમ્યક્ત્વમાર્ગણા છે. (૨) શ્રદ્ધાગુણ સહિત અભેદ આત્મા ત્રિકાળ રહેલો છે. (૩) તેનો આશ્રય લઈને મિથ્યાદર્શનનો અભાવ કરીને પ્રથમ ઔપશમિક પછી ક્ષાયોપશમિક ત્યારબાદ ક્ષાયિક સમ્યક્ત્વ પ્રગટ કરવું આ જ સમ્યક્ત્વ માર્ગણાને જાણવાનો મર્મ છે.

**પ્રશ્ન ૩૩૬—માર્ગણાઓમાં સંજ્ઞિત્વમાર્ગણા બતાવવા પાછળ શું મર્મ છે?**

**ઉત્તર** —(૧) સંજ્ઞી અને અસંજ્ઞીના ભેદથી સંજ્ઞિત્વમાર્ગણા બે પ્રકારે છે. (૨) સંજ્ઞી અને અસંજ્ઞીથી રહિત નિજપરમાત્મસ્વરૂપ આત્મા એકરૂપ રહેલો છે. (૩) તેનો આશ્રય લઈને પૂર્ણધર્મની પ્રાપ્તિ કરવી—તે સંજ્ઞિત્વમાર્ગણાને જાણવાનો મર્મ છે.

**પ્રશ્ન ૩૩૭—માર્ગણાઓમાં આહારમાર્ગણા બતાવવા પાછળ શું મર્મ છે?**

**ઉત્તર** —(૧) આહારક તથા અનાહારક જીવોના ભેદથી આહારમાર્ગણા પણ બે પ્રકારની છે. (૨) ત્રિકાળ અનાહારકસ્વરૂપ આત્મસ્વભાવ શાશ્વત રહેલો છે. (૩) તેનો આશ્રય લઈને મોક્ષની પ્રાપ્તિ કરવી—આ આહારમાર્ગણાને જાણવાનો મર્મ છે.

**પ્રશ્ન ૩૩૮—ગુણસ્થાન કોને કહે છે?**

**ઉત્તર** —મોહ અને યોગના સદ્ભાવ કે અભાવની અપેક્ષાએ, જીવના શ્રદ્ધા, ચારિત્ર, યોગ આદિ ગુણોની તારતમ્યતારૂપ અવસ્થા વિશેષને ગુણસ્થાન કહે છે.

**પ્રશ્ન ૩૩૯—ગુણસ્થાનના ભેદ કેટલા છે?**

**ઉત્તર** —ચૌદ ભેદ છે—મિથ્યાત્વ, સાસાદન, મિશ્ર, અવિરત સમ્યક્ત્વ, દેશવિરત, પ્રમતવિરત, અપ્રમતવિરત, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ, સૂક્ષ્મસાંપરાય, ઉપશાંતમોહ, ક્ષીણમોહ,

સયોગકેવળી અને અયોગકેવળી.

**પ્રશ્ન ૩૪૦—મિથ્યાત્વ ગુણસ્થાનનું સ્વરૂપ શું છે?**

**ઉત્તર** —(૧) સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની વિપરીત શ્રદ્ધા (૨) જીવાદિ તત્ત્વોમાં વિપરીત માન્યતા (૩) સ્વપરની એકત્વરૂપ શ્રદ્ધા અને (૪) અતત્ત્વશ્રદ્ધા.

**પ્રશ્ન ૩૪૧—સાસાદન ગુણસ્થાનનું સ્વરૂપ શું છે?**

**ઉત્તર** —સમ્યક્ત્વને છોડીને મિથ્યાત્વની તરફ જવું.

**પ્રશ્ન ૩૪૨—મિશ્ર ગુણસ્થાનનું સ્વરૂપ શું છે?**

**ઉત્તર** —સમ્યક્ત્વ અને મિથ્યાત્વના પરિણામોનું એકીસાથે હોવું.

**પ્રશ્ન ૩૪૩—અવિરતસમ્યક્ત્વ ગુણસ્થાનનું સ્વરૂપ શું છે?**

**ઉત્તર** —સમ્યક્ત્વ તો છે જ અને સાથે સ્વરૂપાચરણચારિત્ર પણ છે, પરંતુ નબળાઈને વશ કોઈપણ પ્રકારના નિશ્ચયવ્રત અને ચારિત્રને ધારણ કરી શકતો નથી.

**પ્રશ્ન ૩૪૪—દેશવિરત ગુણસ્થાનનું સ્વરૂપ શું છે?**

**ઉત્તર** —સમ્યક્ત્વ સહિત એકદેશ નિશ્ચયચારિત્રનું પાલન કરવું.

**પ્રશ્ન ૩૪૫—પ્રમતવિરત ગુણસ્થાનનું સ્વરૂપ શું છે?**

**ઉત્તર** —સમ્યક્ત્વચારિત્રની ભૂમિકામાં અહિંસાદિ શુભ ઉપયોગરૂપ મહાવ્રતોનું પાલન કરે છે આ પ્રમાદ છે. (યાદ રહે સર્વથા નગ્ન દિગંબરદશાપૂર્વક જ મુનિપદ હોય છે.)

**પ્રશ્ન ૩૪૬—અપ્રમતવિરત ગુણસ્થાનનું સ્વરૂપ શું છે?**

**ઉત્તર** —પ્રમાદરહિત થઈને, આત્મસ્વરૂપમાં સાવધાન રહેવું.

**પ્રશ્ન ૩૪૭—અપૂર્વકરણ ગુણસ્થાનનું સ્વરૂપ શું છે?**

**ઉત્તર** —સાતમા ગુણસ્થાનથી ઉપર, વિશુદ્ધતામાં અપૂર્વરૂપથી ઉન્નતિ કરવી.

**પ્રશ્ન ૩૪૮—અનિવૃત્તિકરણ ગુણસ્થાનનું સ્વરૂપ શું છે?**

**ઉત્તર** —આઠમા ગુણસ્થાનથી અધિક ઉન્નતિ કરવી.

**પ્રશ્ન ૩૪૯—સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાનનું સ્વરૂપ શું છે?**

**ઉત્તર** —સમસ્ત કષાયોનો ઉપશમ અથવા ક્ષય થવો અને માત્ર સંજ્વલન લોભ કષાયનું સૂક્ષ્મરૂપથી રહેવું.

**પ્રશ્ન ૩૫૦—ઉપશાંતકષાય ગુણસ્થાનનું શું સ્વરૂપ છે?**

**ઉત્તર** —કષાયોનો સર્વથા ઉપશમ થઈ જવો.

**પ્રશ્ન ૩૫૧—ક્ષીણકષાય ગુણસ્થાનનું સ્વરૂપ શું છે?**

**ઉત્તર** —કષાયોનો સર્વથા ક્ષય થઈ જવો.

**પ્રશ્ન ૩૫૨—સયોગકેવળી ગુણસ્થાનનું સ્વરૂપ શું છે?**

**ઉત્તર** —કેવળજ્ઞાનની પ્રાપ્તિ થવા છતાં, યોગની પ્રવૃત્તિ થવી.

**પ્રશ્ન ૩૫૩—અયોગકેવળી ગુણસ્થાનનું સ્વરૂપ શું છે?**

**ઉત્તર** —યોગની પ્રવૃત્તિ સર્વથા બંધ થઈ જવી.

**પ્રશ્ન ૩૫૪—આ ચૌદ ગુણસ્થાન ક્યા નયથી છે અને ક્યા નયથી નથી?**

**ઉત્તર** —આ ચૌદ ગુણસ્થાન અશુદ્ધનયથી છે, શુદ્ધનિશ્ચયનયથી નથી.

**પ્રશ્ન ૩૫૫—આ ગાથાનો મર્મ શું છે?**

**ઉત્તર** —(૧) જીવ પરમાર્થથી તો ચૈતન્યશક્તિમાત્ર છે. (૨) તે અવિનાશી હોવાથી શુદ્ધ પારિણામિકભાવ છે. આ ભાવ જ ધ્યેય (ધ્યાન કરવાયોગ્ય) છે. (૩) પરંતુ તે ધ્યાનરૂપ નથી, કારણ કે ધ્યાનપર્યાય વિનશ્વર છે અને શુદ્ધપારિણામિકભાવ, દ્રવ્યરૂપ છે, અવિનાશી છે માટે તે આશ્રય કરવાયોગ્ય છે—આ ગાથાનો મર્મ છે.

નોંધ—ગુણસ્થાન, માર્ગણાસ્થાન આદિનું સ્વરૂપ કરણાનુયોગના શાસ્ત્રોમાંથી વિસ્તારપૂર્વક જાણી શકાય છે.

**સિદ્ધત્વ-વિસ્રસા ઊર્ધ્વગમન અધિકાર**

णिक्कम्मा अट्ठगुणा किंचूणा चरमदेहदो सिद्धा ।
लोयग्गठिदा णिच्चा उप्पादवएहिं संजुत्ता ।।१४।।

ગાથાર્થ :—સિદ્ધ ભગવાન કર્મોથી રહિત છે, આઠ ગુણોના ધારક છે, અંતિમ શરીરથી થોડા નાના આકારવાળા છે, લોકના અગ્રભાગમાં સ્થિત છે, નિત્ય છે અને ઉત્પાદ-વ્યયથી યુક્ત છે.

**પ્રશ્ન ૩૫૬—આ ગાથામાં શું બતાવ્યું છે?**

**ઉત્તર** —બે અધિકારોનું વર્ણન કર્યું છે. (૧) સિદ્ધત્વ, (૨) ઉર્ધ્વગમન.

**પ્રશ્ન ૩૫૭—સિદ્ધ અધિકારમાં શું બતાવ્યું છે?**

**ઉત્તર** —(૧) જ્ઞાનાવરણાદિ આઠકર્મ રહિત. (૨) સમ્યક્ત્વાદિ આઠ ગુણો સહિત. (૩) અંતિમ શરીરથી થોડા ન્યૂન સિદ્ધ ભગવાન છે.

**પ્રશ્ન ૩૫૮—ઉર્ધ્વગમન અધિકારમાં શું બતાવ્યું છે?**

**ઉત્તર** —(૧) લોકના અગ્રભાગમાં સ્થિત છે. (૨) નિત્ય છે. (૩) ઉત્પાદ-વ્યયથી સંયુક્ત છે—આ ઉર્ધ્વગમન અધિકારમાં બતાવ્યું છે.

**પ્રશ્ન ૩૫૯—સિદ્ધોના આઠ-આઠ ગુણ ક્યા-ક્યા છે?**

**ઉત્તર** —(૧) સમ્યક્ત્વ, (૨) જ્ઞાન, (૩) દર્શન, (૪) વીર્ય, (૫) સૂક્ષ્મત્વ, (૬) અવગાહન, (૭) અગુરુલઘુ, (૮) અવ્યાબાધ—આ સર્વ ગુણોની પરિપૂર્ણ શુદ્ધપર્યાયો સિદ્ધને હોય છે.

**પ્રશ્ન ૩૬૦—શું સિદ્ધમાં આઠ ગુણ જ હોય છે?**

**ઉત્તર** —વ્યવહારથી આઠ ગુણ અને નિશ્ચયથી અનંતગુણ સિદ્ધભગવંતોને હોય છે.

**પ્રશ્ન ૩૬૧—જ્યારે સિદ્ધોને અનંતગુણ પ્રગટ થઈ ગયા છે, તો આઠ ગુણોનું જ વર્ણન શા માટે કર્યું છે?**

**ઉત્તર** —મધ્યમ રુચિવાળા શિષ્યોની અપેક્ષાથી, વ્યવહારનયથી આઠ ગુણોનું જ વર્ણન કર્યું છે.

**પ્રશ્ન ૩૬૨—ક્યા શિષ્યો કઈ રુચિવાળા હોય છે?**

**ઉત્તર** —(૧) સંક્ષેપરુચિવાળા શિષ્ય. (૨) વિસ્તારરુચિવાળા શિષ્ય. (૩) મધ્યમરુચિવાળા શિષ્ય—આ પ્રકારે ત્રણ રુચિવાળા શિષ્ય હોય છે.

**પ્રશ્ન ૩૬૩—સંક્ષેપરુચિવાળા શિષ્યો પ્રતિ સિદ્ધોને સંક્ષેપમાં શું બતાવવામાં આવે છે?**

**ઉત્તર** —(૧) અભેદનયથી સિદ્ધભગવાન અનંત જ્ઞાનાદિ ચાર સહિત. (૨) અનંત જ્ઞાન-દર્શન-સુખ ત્રણ સહિત. (૩) કેવળજ્ઞાન-કેવળદર્શન બે સહિત. (૪) સાક્ષાત્ અભેદનયથી શુદ્ધ ચૈતન્ય જ એક ગુણ છે—આ પ્રકારે સંક્ષેપરુચિવાળા શિષ્યોની અપેક્ષાથી સંક્ષેપમાં કહેવામાં આવે છે.

**પ્રશ્ન ૩૬૪—વિસ્તારરુચિવાળા શિષ્યોને શું બતાવવામાં આવે છે?**

**ઉત્તર** —વિશેષ અભેદનયની અપેક્ષાથી સિદ્ધભગવાનમાં (૧) નિર્ગતિત્વ, (૨) નિરિન્દ્રિયત્વ, (૩) નિષ્કાયત્વ, (૪) નિર્યોગત્વ, (૫) નિર્વેદત્વ, (૬) નિષ્કષાયત્વ, (૭) નિર્માનત્વ, (૮) નિગોત્રત્વ, (૯) નિરાયુત્વ ઈત્યાદિ અનંત વિશેષગુણ તથા અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વાદિ અનંત સામાન્યગુણ—આ પ્રકારે આગમથી અવિરોધપણે જાણવું જોઈએ.

**પ્રશ્ન ૩૬૫—સિદ્ધોના આઠ ગુણોમાં કેવળજ્ઞાન અને કેવળદર્શનનું સ્વરૂપ શું છે?**

**ઉત્તર** —(૧) કેવળજ્ઞાન=ત્રિકાળ—ત્રિલોકવર્તી સમસ્ત વસ્તુગત અનંત ધર્મોને યુગપત્ વિશેષરૂપથી પ્રકાશિત કરે છે.

(૨) કેવળદર્શન=તે બધાને યુગપત્ સામાન્યરૂપથી પ્રકાશિત કરે છે.

**પ્રશ્ન ૩૬૬—સિદ્ધોના આઠ ગુણોમાંથી અનંતવીર્ય અને ક્ષાયિકસમ્યક્ત્વનું સ્વરૂપ શું છે?**

**ઉત્તર** —(૩) અનંતવીર્ય=અનંત પદાર્થોને જાણવામાં ખેદની અભાવરૂપદશા. (૪) ક્ષાયિકસમ્યક્ત્વ=સમસ્ત જીવાદિ તત્ત્વોના વિષયમાં વિપરીતાભિનિવેશ રહિત પરિણતિનું થવું.

**પ્રશ્ન ૩૬૭—સિદ્ધોના આઠ ગુણોમાં સૂક્ષ્મત્વ અને અવગાહનત્વનું સ્વરૂપ શું છે?**

**ઉત્તર** —(૫) સૂક્ષ્મત્વ=સૂક્ષ્મ અતીન્દ્રિય કેવળજ્ઞાનનો વિષય હોવાથી સિદ્ધોના સ્વરૂપને સૂક્ષ્મ બતાવે છે. (૬) અવગાહનત્વ=જ્યાં એક સિદ્ધ હોય ત્યાં અનંત સિદ્ધનો સમાવેશ હોય છે.

**પ્રશ્ન ૩૬૮—સિદ્ધોના આઠ ગુણોમાંથી અગુરુલઘુત્વ અને અવ્યાબાધત્વનું સ્વરૂપ શું છે?**

**ઉત્તર** —(૭) અગુરુલઘુત્વ=જીવોમાં નાના-મોટાપણાનો અભાવ. (૮) અવ્યાબાધત્વ=કોઈથી બાધાને પ્રાપ્ત થતા નથી.

**પ્રશ્ન ૩૬૯—વળી સિદ્ધ કેવા હોય છે?**

**ઉત્તર** —તેરમાં ગુણસ્થાનના અંતભાગમાં નાસિકાદિ છિદ્ર પૂરા થઈ જાય છે અને જીવ એક ચૈતન્યબિંબ થઈ જાય છે. માટે સિદ્ધોનો આકાર અંતિમ શરીર કરતા થોડો નાનો હોય છે. (૨) લોકાગ્રમાં સ્થિત છે. (૩) ઉત્પાદ-વ્યય સહિત છે.

**પ્રશ્ન ૩૭૦—આ ગાથાનું તાત્પર્ય શું છે?**

**ઉત્તર** —(૧) કેવળી સિદ્ધભગવાન, રાગાદિરૂપ પરિણમિત થતા નથી અને તે સંસાર અવસ્થાને ઇચ્છતા નથી—આ શ્રદ્ધાનનું બળ જાણવું જોઈએ. (૨) જેવું સાત તત્ત્વોનું શ્રદ્ધાન, છદ્મસ્થને હોય છે, તેવું જ કેવળી સિદ્ધભગવાનને પણ હોય છે. (૩) માટે જ્ઞાનાદિકની હીનતા-અધિકતા થવા છતાં પણ, તિર્યંચાદિક અને કેવળી સિદ્ધભગવાનના સમ્યક્ત્વગુણને સમાન જ જાણવા. (૪) માટે બધા જીવોએ તેવું શ્રદ્ધાન પ્રગટ કરવું અને આગળ વધવાનો પ્રયત્વ ચાલુ રાખવો જોઈએ.

**પ્રશ્ન ૩૭૧—સિદ્ધોના ઉત્પાદ-વ્યયને સમજાવો?**

**ઉત્તર** —(૧) સિદ્ધત્વ થઈ ગયું, તેને બદલીને સંસારીપણું થઈ શકતું નથી. (૨) જો પ્રતિસમય ઉત્પાદ-વ્યય ન હોય તો દ્રવ્ય જ સત્‌પણાનો નાશ થઈ જાય. કારણ કે 'ઉત્પાદ-વ્યયધ્રૌવ્યયુક્તં સત્' એમ આગમનું વચન છે.

નોંધ : આ પ્રમાણે બૃહદ્દ્રવ્યસંગ્રહની ગાથા ૧ થી ૧૪ સુધીના પ્રશ્નોત્તર જ લેખક દ્વારા લખેલા છે, બાકીની ગાથાના પ્રશ્નોત્તર ઉપલબ્ધ નથી. બાકીની ગાથાઓ તથા ટીકાનો મૂળ ગ્રંથમાંથી અભ્યાસ કરવો જોઈએ.

## પરિશિષ્ટ–૩

# સમાધિમરણનું સ્વરૂપ

**પ્રશ્ન ૧–આ સમાધિમરણનું સ્વરૂપ ક્યા શાસ્ત્રમાંથી લીધું છે?**

**ઉત્તર** –આચાર્યકલ્પ શ્રી પંડિત ટોડરમલજીના સહપાઠી અને ધર્મપ્રભાવનામાં ઉત્સાહી શ્રીયુત બ્ર. રાયમલજી કૃત 'જ્ઞાનાનંદ નિર્ભર નિજરસ શ્રાવકાચાર' નામના ગ્રંથ (પૃષ્ઠ ૨૨૪ થી ૨૪૩)માંથી આ અધિકાર અતિ ઉપયોગી જાણીને ધર્મ જિજ્ઞાસુઓ માટે અહીં આપવામાં આવ્યો છે.

**પ્રશ્ન ૨–આ સમાધિમરણના રચયિતા કોણ છે?**

**ઉત્તર** –શ્રી બુધજનજીના શબ્દોમાં–'આ સમાધિમરણનું સ્વરૂપ પંડિત ટોડરમલજીના સુપુત્ર પંડિત શ્રી ગુમાનીરામજીએ રચેલ છે.

**પ્રશ્ન ૩–સમાધિમરણ કોને કહે છે?**

**ઉત્તર** –હે ભવ્ય! 'તું સાંભળ! સમાધિ નામ નિઃકષાયનું છે, શાંત પરિણામોનું છે, કષાય રહિત શાંત પરિણામોથી મરણ થવું તે જ સમાધિમરણ છે. સંક્ષેપમાં સમાધિમરણનું આ વર્ણન છે. વિશેષ વર્ણન આગળ કરીશું.

**પ્રશ્ન ૪–સમ્યગ્જ્ઞાની શું ઈચ્છા કરે છે?**

**ઉત્તર** –સમ્યગ્જ્ઞાની પુરુષનો આ સહજ સ્વભાવ જ છે કે તે સમાધિમરણની જ ઈચ્છા કરે છે, તેની હંમેશા આ ભાવના હોય છે. અંતમાં મરણનો સમય નજીક આવવા પર તે એ પ્રકારે સાવધાન થાય છે, જે પ્રકારે તે સુતેલો સિંહ સાવધાન થાય છે. જેને કોઈ

પુરુષ લલકારે કે હે સિંહ! તારા ઉપર વેરીઓનું લશ્કર આક્રમણ કરી રહ્યું છે, તું પુરુષાર્થ કર અને ગુફામાંથી બહાર નીકળ. જ્યાં સુધી વેરીઓનો સમૂહ દૂર છે, ત્યાં સુધીમાં તું તૈયાર થઈ જા અને વેરીઓની ફોજને જીતી લે. મહાપુરુષોની આ રીત છે કે તે શત્રુના જાગવા પહેલા તૈયાર થઈ જાય છે.

તે પુરુષના વચન સાંભળીને સિંહ તરત જ જાગ્યો અને તેણે એવી ગર્જના કરી કે જાણે અષાઢ મહિનામાં ઈન્દ્રે જ ગર્જના કરી હોય. સિંહની ગર્જના સાંભળીને વેરીઓની ફોજમાં જે હાથી-ઘોડા વગેરે હતા તે ભયભીત થઈ ગયા અને તેઓ સિંહને જીતવામાં સમર્થ ન થયા. હાથીઓએ આગળ વધવાનું બંધ કરી દીધું. તેના હૃદયમાં સિંહની આકૃતિની છાપ પડી ગઈ. માટે તેઓ ધીરજ ધારણ નથી કરી શકતા. ક્ષણ-ક્ષણમાં પીછેહઠવા લાગ્યા, તેઓ સિંહના પરાક્રમનો સામનો નથી કરી શકતા. (આ ઉદાહરણને હવે સમ્યગ્જ્ઞાનીના અપેક્ષાથી બતાવીએ છીએ) સમ્યગ્જ્ઞાની પુરુષ તો શાર્દૂલ સિંહ છે અને આઠ કર્મ તેના વેરી છે. સમ્યગ્જ્ઞાનીરૂપી સિંહ મરણના સમયે આ આઠકર્મરૂપી વેરીઓને જીતવાને માટે વિશેષરૂપથી ઉદ્યમ કરે છે. મૃત્યુને નજીક જાણીને સમ્યગ્જ્ઞાની પુરુષ સિંહની જેમ સાવધાન થઈ જાય છે અને કાયરપણાને દૂરથી જ છોડી દે છે.

**પ્રશ્ન ૫—સમ્યગ્દષ્ટિ કેવા હોય છે?**

**ઉત્તર** —તેમના હૃદયમાં આત્માનું સ્વરૂપ દૈદીપ્યમાન પ્રગટરૂપથી પ્રતિભાસે છે. તે જ્ઞાનજ્યોતિ વડે આનંદરસથી પરિપૂર્ણ છે. તે પોતાને સાક્ષાત્ પુરુષાકાર અમૂર્તિક, ચૈતન્યધાતુનો પિંડ, અનંતગુણોથી યુક્ત, ચૈતન્યદેવ જ જાણે છે. તેના અતિશયથી તે પરદ્રવ્ય પ્રત્યે રંચમાત્ર પણ રાગી થતો નથી.

**પ્રશ્ન ૬—સમ્યગ્દષ્ટિ રાગી કેમ થતો નથી?**

**ઉત્તર** —તે પોતાના નિજસ્વરૂપને વીતરાગી, જ્ઞાતા-દૃષ્ટિ, પરદ્રવ્યથી ભિન્ન, શાશ્વત અને અવિનાશી જાણે છે અને પરદ્રવ્યને ક્ષણભંગુર, અશાશ્વત, પોતાના સ્વભાવથી અત્યંત ભિન્ન જાણે છે. માટે સમ્યગ્જ્ઞાની રાગી હોતાં નથી અને તેઓ મરણથી કેમ ડરે? ન જ ડરે.

**પ્રશ્ન ૭—જ્ઞાની પુરુષ મરણના સમયે કેવી ભાવના ભાવે છે?**

**ઉત્તર** —'મને એવા ચિહ્ન દેખાવા લાગ્યા છે કે જેનાથી મને પ્રતીત થાય છે કે હવે આ શરીરનું આયુષ્ય થોડું છે, માટે મારે સાવધાન થવું યોગ્ય છે અને વિલમ્બ કરવો ઉચિત નથી. જે રીતે સૈનિક યુદ્ધની ભેરી સાંભળ્યા બાદ શત્રુઓ ઉપર આક્રમણ કરવામાં ક્ષણમાત્રનો પણ વિલંબ કરતા નથી અને વીરરસ પ્રગટ થવા લાગે છે કે 'ક્યારે શત્રુનો મુકાબલો કરું અને ક્યારે તેને જીતી લઉં!'

**પ્રશ્ન ૮—કાળને જીતવાની ઈચ્છાવાળા સમ્યગ્દષ્ટિ શું વિચારે છે?**

**ઉત્તર** — હે કુટુંબી પરિવારજનો! સાંભળો! જુઓ! આ પુદ્ગલપર્યાયનું ચરિત્ર! આ જોત-જોતામાં ઉત્પન્ન થાય છે અને જોત-જોતામાં જ નાશ પામી જાય છે. હું તો પહેલેથી જ તેનો વિનાશિક સ્વભાવ જાણું છું, હવે તેના નાશનો સમય આવી ગયો છે. આ શરીરનું આયુષ્ય થોડું રહ્યું છે અને તેમાં પણ પ્રતિસમય ક્ષણે-ક્ષણે ઓછું થતું જાય છે. પરંતુ હું જ્ઞાતા-દૃષ્ટા થઈને તે શરીરના નાશને જોઈ રહ્યો છું. હું તેનો પાડોશી છું, પરંતુ કર્તા કે સ્વામી નથી. હું જોઈ રહ્યો છું કે આ શરીરનું આયુષ્ય કેવી રીતે પૂર્ણ થશે અને કેવી રીતે આ શરીરનો નાશ થશે? આ હું પ્રેક્ષકની જેમ જોઈ રહ્યો છું. અનંત પુદ્ગલ પરમાણુ ભેગા થઈને શરીરની પર્યાયરૂપે પરિણમે

છે. શરીર કોઈ ભિન્ન પદાર્થ નથી અને મારું સ્વરૂપ પણ નથી, મારું સ્વરૂપ તો એક ચૈતન્યસ્વભાવી શાશ્વત અવિનાશી છે, તેની મહિમા અદ્ભુત છે, તો તેનું વર્ણન હું કેવી રીતે કરું?

**પ્રશ્ન ૯—પુદ્ગલપર્યાયનું મહત્ત્વ શું છે?**

**ઉત્તર** —જુઓ! આ પુદ્ગલનું માહાત્મ્ય! અનંત પરમાણુઓનું પરિણમન આટલા દિવસ એકસરખું રહ્યું, તે મોટું આશ્ચર્ય છે. હવે તે જ પુદ્ગલના જુદા-જુદા પરમાણુ, અન્ય-અન્યરૂપે પરિણમન કરવા લાગ્યા છે તો તેમાં આશ્ચર્ય શું? લાખો મનુષ્ય ભેગા થઈને મળવાથી 'મેળો' બને છે, આ મેળાપર્યાય શાશ્વત રહે તો આશ્ચર્ય સમજવું જોઈએ. આટલા દિવસો સુધી લાખો મનુષ્યોનું પરિણમન એકસરખું રહ્યું—આવો વિચાર કરવાવાળો મનુષ્ય આશ્ચર્ય પામે છે. ત્યારપછી તે લાખો મનુષ્ય ભિન્ન-ભિન્ન દશે દિશાઓમાં ચાલ્યા જાય છે, ત્યારે 'મેળા'નો નાશ થાય છે. આ તો તે મનુષ્યોનું પોતપોતાનું પરિણમન જ છે કે જે તેમનો સ્વભાવ છે એમાં આશ્ચર્ય શું? તે જ પ્રમાણે શરીરનું પરિણમન નાશરૂપ થાય છે, તે વળી સ્થિર કેવી રીતે રહે?

**પ્રશ્ન ૧૦—શરીરપર્યાયને ટકાવી રાખવામાં કોઈ સમર્થ ન હોવાનું શું કારણ છે?**

**ઉત્તર** —ત્રણલોકમાં જેટલા પદાર્થ છે, તેઓ બધા પોતપોતાના સ્વભાવરૂપ પરિણમન કરે છે, કોઈ કોઈનો કર્તા નથી, કોઈ કોઈનો ભોક્તા નથી. સ્વયં જ ઉત્પન્ન થાય છે, સ્વયં જ નાશ પામે છે, સ્વયં જ મળે છે, સ્વયં જ વિખરાઈ જાય છે, સ્વયં જ ગળવું થાય છે તો હું આ શરીરનો કર્તા અને ભોક્તા કઈ રીતે? અને મારા રાખવાથી આ (શરીર) કેવી રીતે રહે અને તે જ પ્રમાણે મારા દૂર કરવાથી તે દૂર કેવી રીતે થાય? મારું તેના પ્રતિ કોઈ કર્તવ્ય નથી. પ્રથમથી જે પોતાનું કર્તવ્ય માનતો હતો તે જૂઠ હતું. હું તો અનાદિકાળથી આકુળવ્યાકુળ થઈને મહાદુઃખ પામી રહ્યો હતો, એટલે આ વાત

ન્યાયયુક્ત જ છે કે જેનું કંઈ જ કરી શકાતું નથી, તે પરદ્રવ્યનો કર્તા થઈને તેને મારા સ્વભાવ અનુસાર પરિણમન કરાવવા ઇચ્છું તો દુઃખ મળે જ મળે.

**પ્રશ્ન ૧૧—સમ્યગ્દષ્ટિ કોનો કર્તા અને ભોક્તા છે?**

**ઉત્તર** —હું તો પોતાના જ્ઞાયકસ્વભાવનો જ કર્તા અને ભોક્તા છું અને તેનું જ વેદન અને અનુભૂતિ કરું છું. આ શરીર નાશ થવાથી મારો કંઈપણ બગાડ થતો નથી અને તેના રહેવાથી કાંઈપણ સુધાર નથી. આ તો પ્રત્યક્ષ જ લાકડું કે પત્થરની જેમ અચેતનદ્રવ્ય છે. લાકડું, પત્થર અને શરીરમાં કોઈ ભેદ નથી. આ શરીરમાં એક જાણવાનો જ ચમત્કાર છે તે મારો સ્વભાવ છે, નહીં કે શરીરનો. શરીર તો પ્રત્યક્ષ મડદુ છે. મારા ચાલ્યા જવાથી તેને બાળી નાખવામાં આવે છે. મારા જ નિમિત્તથી આ શરીરનો જગત દ્વારા આદર કરવામાં આવે છે.

**પ્રશ્ન ૧૨—શું દુનિયામાં કોઈને ખબર નથી કે આત્મા અને શરીર ભિન્ન-ભિન્ન છે?**

**ઉત્તર** — આત્મા અને શરીર ભિન્ન-ભિન્ન જ છે. જગતના લોકો ભ્રમને કારણે આ શરીરને પોતાનું જાણી મમત્વ કરે છે અને તેનો નાશ જોઈને દુઃખી થાય છે કે હાય! હાય! મારા પુત્ર તું ક્યાં ગયો? હાય! હાય! મારા પતિ તમે ક્યાં ગયા!, હાય! હાય! મારી પુત્રી તું ક્યાં ગઈ?..... આ પ્રમાણે અજ્ઞાની મનુષ્ય શરીરનો નાશ જોઈને મહાદુઃખી થાય છે અને ક્લેશ પામે છે.

**પ્રશ્ન ૧૩—જ્ઞાની પુરુષ શું વિચાર કરે છે?**

**ઉત્તર** —કોનો પુત્ર? કોની પુત્રી? કોનો પતિ? કોની સ્ત્રી? કોની માતા? કોના પિતા? કોની હવેલી? કોનું મંદિર? કોના આભૂષણ? અને કોનું વસ્ત્ર? આ બધી સામગ્રી જૂઠી, વિનાશિક છે.

માટે આ બધી સામગ્રી તે પ્રકારથી અસ્થિર છે જેમ સ્વપ્નમાં જોયું રાજ્ય, ઈન્દ્રજાળ દ્વારા ઊભી કરેલ માયાજાળ, ભૂતોની માયા, અને આકાશમાં વાદળોની શોભા આ બધી વસ્તુ જોવામાં રમણિક લાગે છે, પરંતુ તેનો સ્વભાવ વિચારીએ તો કાંઈ જ નથી. જો વસ્તુ હોય તો સ્થિર રહે, નષ્ટ કેમ થાય? આમ જાણીને ત્રણલોકમાં જેટલી પુદ્‌ગલની પર્યાયો છે તે બધાથી હું મમત્વ ત્યાગું છું અને પોતાના શરીરનું પણ મમત્વ છોડું છું. હવે આ શરીરનો નાશ થવાથી મારા પરિણામોમાં અંશમાત્ર પણ ખેદ નથી. આ શરીર ભલે ગમે તેમ પરિણમે મારે કાંઈ પ્રયોજન નથી. ભલે તે વધે-ઘટે, ભલે તે નાશ પામે, મારે કાંઈ જ પ્રયોજન નથી.

**પ્રશ્ન ૧૪—મોહનો સ્વભાવ કેવો છે?**

**ઉત્તર** —અહો! જુઓ મોહનો સ્વભાવ! આ બધી સામગ્રી પ્રત્યક્ષ જ પરવસ્તુ છે અને વળી પાછી વિનાશિક છે અને આ ભવ તથા પરભવમાં દુઃખદાયક છે તોપણ આ સંસારીજીવ, તેમને પોતાનું સમજીને રાખવા ઈચ્છે છે.

**પ્રશ્ન ૧૫—આવું ચરિત્ર જોઈને જ જ્ઞાનદૃષ્ટિવાળો જીવ શું જાણે છે?**

**ઉત્તર** —મારો કેવળમાત્ર જ્ઞાન જ સ્વભાવ છે અને હું તેને જ દેખું છું, મૃત્યુની સમીપતા જોઈને ડરતો નથી. કાળ તો આ શરીરનો ગ્રાહક છે. મારો ગ્રાહક નથી. જેવી રીતે માખી, મીઠાઈ વગેરે વસ્તુઓ ઉપર બેસે છે પરંતુ અગ્નિ ઉપર ક્યારેય બેસતી નથી. તે જ પ્રમાણે કાળ (મૃત્યુ) પણ દોડી-દોડીને શરીરને જ પકડે છે અને મારાથી દૂર જ ભાગે છે. હું તો અનાદિકાળથી અવિનાશી, ચૈતન્યદેવ, ત્રૈલોક્યપૂજ્ય પદાર્થ છું. મારા ઉપર કાળનું જોર ચાલતું નથી. આ પ્રમાણે કોણ મરે છે અને કોણ જન્મે છે અને કોણ મૃત્યુનો ભય કરે છે? મને તો મૃત્યુ દેખાતું નથી. જે મરે છે તે તો પહેલેથી

જ મરેલું હતું અને જે જીવે છે, તે પહેલેથી જ જીવતો હતો. જે મરે છે તે જીવતો નથી અને જે જીવે છે તે મરતો નથી, પરંતુ મોહદૃષ્ટિને કારણે વિપરીત ભાસે છે. હવે મારાં મોહકર્મનો નાશ થયો છે. માટે જેવો વસ્તુનો સ્વભાવ છે તેવું જ મને દૃષ્ટિગોચર થાય છે. તેમાં જન્મ, મરણ, દુઃખ, સુખ, જોવામાં આવતું નથી. એટલે હું કઈ વાતનો શોક કરું? હું તો ચૈતન્યશક્તિવાળો શાશ્વત રહેવાવાળો છું, તેનું અવલોકન કરતાં-કરતાં દુઃખનો અનુભવ કેવો?

**પ્રશ્ન ૧૬—હું કેવો છું?**

**ઉત્તર** —હું જ્ઞાનાનંદ, સ્વાત્મરસથી પરિપૂર્ણ છું અને શુદ્ધોપયોગી થઈને જ્ઞાનરસનું આચરણ કરું છું અને જ્ઞાનાંજલિ દ્વારા તે અમૃતનું પાન કરું છું, તે અમૃત મારા સ્વભાવથી ઉત્પન્ન થયું છે માટે તે સ્વાધીન છે, પરાધીન નથી તેથી મને તેના આસ્વાદનમાં ખેદ ઊપજતો નથી.

**પ્રશ્ન ૧૭—અને હું કેવો છું?**

**ઉત્તર** —હું મારા નિજસ્વભાવમાં સ્થિત છું, અકંપ છું, હું જ્ઞાનામૃતથી પરિપૂર્ણ છું, હું દૈદીપ્યમાન જ્ઞાનજ્યોતિ યુક્ત પોતાના જ નિજસ્વભાવમાં સ્થિત છું.

**પ્રશ્ન ૧૮—ચૈતન્યસ્વરૂપની મહિમા શું છે?**

**ઉત્તર** —જુઓ, આ અદ્‌ભુત ચૈતન્યસ્વરૂપની મહિમા! તેના જ્ઞાનસ્વભાવમાં સમસ્ત જ્ઞેય પદાર્થો સ્વયમેવ ઝળકે છે, પરંતુ તે સ્વયં જ્ઞેયરૂપે પરિણમતો નથી અને તેઓને જાણવામાં વિકલ્પનો અંશ પણ નથી. માટે નિર્વિકલ્પ, અતીન્દ્રિય, અનુપમ, બાધારહિત અને અખંડસુખ ઉત્પન્ન થાય છે. આવું સુખ સંસારમાં નથી, પણ દુઃખ જ છે. અજ્ઞાની જીવ આ દુઃખમાં જ સુખનો અનુમાન કરે છે. પરંતુ તે સાચું સુખ નથી.

**પ્રશ્ન ૧૯—વળી હું કેવો છું?**

**ઉત્તર** —હું જ્ઞાનાદિ ગુણોથી પરિપૂર્ણ છું અને તે ગુણોથી એકમય થયો થકો અનંતગુણોની ખાણ બની ગયો છું.

**પ્રશ્ન ૨૦—મારું ચૈતન્યસ્વરૂપ કેવું છે?**

**ઉત્તર** —સર્વાંગમાં ચૈતન્ય જ ચૈતન્ય એ રીતે વ્યાપ્ત છે, જે રીતે લવણના ગાંગડામાં સર્વત્ર ખારો રસ જ છે અથવા જેમ સાકરની કણીમાં સર્વત્ર અમૃત રસ જ વ્યાપી રહ્યો છે. તે સાકરની કણી સંપૂર્ણ અમૃતરસનો પિંડ છે તે જ રીતે હું એક જ્ઞાનમય પિંડ બનેલો છું. મારા સર્વાંગમાં જ્ઞાન જ જ્ઞાન છે. જેટલો જેટલો શરીરનો આકાર છે. તેટલા-તેટલા આકારના નિમિત્તે મારો આકાર છે. પરંતુ અવગાહનશક્તિ દ્વારા મારો આટલો મોટો આકાર, આટલા નાના આકારમાં સમાઈ જાય છે. સમાવેશ થવા છતાં પણ અસંખ્યપ્રદેશ ભિન્ન-ભિન્ન રહે છે. તેમાં સંકોચ-વિસ્તારની શક્તિ છે—આમ સર્વજ્ઞ ભગવાને જોયું છે.

**પ્રશ્ન ૨૧—અને મારું નિજસ્વરૂપ કેવું છે?**

**ઉત્તર** —હું અનંત આત્મિક સુખનો ભોક્તા છું અને એક સુખની જ મૂર્તિ છું. હું ચૈતન્યમય પુરુષાકાર છું. જેવી રીતે માટીના બીબામાંથી એક શુદ્ધ ચાંદીની પ્રતિમા બનાવવામાં આવે તે જ રીતે શરીરના બીબામાં આત્માને જાણવો. માટીનું બિબુ સમય જતા નાશ પામે છે, પરંતુ ચાંદીની પ્રતિમા જેમની તેમ બની રહે છે. તે આવરણ રહિત થતાં બધાને પ્રત્યક્ષ દૃષ્ટિગોચર થઈ શકે. બીબાનો નાશ થતા પ્રતિમાનો નાશ થતો નથી. વસ્તુ પહેલેથી જ હતી માટે એકના નાશ થવાથી બીજાનો નાશ કેમ સંભવે? આ પ્રમાણે સમય જતાં શરીર નાશ પામે છે, તો પામો. મારા સ્વભાવનો નાશ થતો નથી. તો હું કઈ વાતનો શોક કરું?

**પ્રશ્ન ૨૨—મારું ચૈતન્યરૂપ કેવું છે?**

**ઉત્તર** —તે આકાશની સમાન નિર્મળ છે. આકાશમાં કોઈપણ પ્રકારનો વિકાર નથી હોતો. તે બિલકુલ સ્વચ્છ-નિર્મળ હોય છે. જો કોઈ આકાશને તલવારથી તોડવા કે કાપવા માગે અથવા અગ્નિથી બાળવા માગે, પાણીથી ડૂબાડવા માગે તો તે આકાશ કેવી રીતે તૂટે, કાપી શકાય, બાળી શકાય કે ડુબાડી શકાય? તેનો બિલકુલ નાશ નથી થઈ શકતો. જો કોઈ આકાશને પકડવા કે તોડવા માગે તો તે પકડાય કે તોડી શકાતું નથી. તેવી જ રીતે હું આકાશની જેમ અમૂર્તિક, નિર્વિકાર, પૂર્ણ નિર્મળતાનો પિંડ છું, મારો નાશ કેવી રીતે થાય? કોઈપણ પ્રકારે થઈ શકતો નથી આ નિયમ છે. જો આકાશનો નાશ થાય તો મારો પણ થાય એમ જાણવું. વળી આકાશના અને મારા સ્વભાવના એટલો તફાવત છે કે તે જડ અમૂર્તિક પદાર્થ છે જ્યારે હું ચૈતન્ય અમૂર્તિક છું. હું, ચૈતન્ય, માટે એમ વિચારું છું કે આકાશ જડ છે અને હું ચૈતન્ય. મારા દ્વારા જાણવું પ્રત્યક્ષ દૃષ્ટિગોચર થાય છે અને આકાશ જાણતું નથી.

**પ્રશ્ન ૨૩—વળી હું કેવો છું?**

**ઉત્તર** —હું દર્પણની જેમ સ્વચ્છત્વશક્તિનો પિંડ છું. દર્પણની સ્વચ્છત્વશક્તિમાં ઘટપટ આદિ પદાર્થ સ્વયમેવ ઝળકે છે. દર્પણમાં સ્વચ્છત્વશક્તિ વ્યાપેલી છે. તે જ રીતે હું સ્વચ્છત્વશક્તિમય છું. મારી સ્વચ્છત્વશક્તિમાં (કર્મરહિત અવસ્થામાં) સમસ્ત જ્ઞેય પદાર્થ, સ્વયમેવ ઝળકે છે. મારા સર્વાંગમાં સ્વચ્છતા ભરેલી છે. જો કે સ્વચ્છતા ભિન્ન છે તથા આ જ્ઞેયપદાર્થ ભિન્ન છે. આ સ્વચ્છત્વ-શક્તિનો સ્વભાવ જ છે કે તેમાં અન્ય પદાર્થોનું ઝળકવું થાય છે.

**પ્રશ્ન ૨૪—વળી હું કેવો છું?**

**ઉત્તર** —હું અત્યંત અતિશય નિર્મળ, સાક્ષાત્ પ્રગટ જ્ઞાનનો પુંજ છું, અનંત શાંતિરસથી પરિપૂર્ણ છું અને એક અભેદ નિરાકુળતાથી વ્યાપ્ત છું.

**પ્રશ્ન ૨૫—વળી મારું ચૈતન્યસ્વરૂપ કેવું છે?**

**ઉત્તર** —તે પોતાની અનંત મહિમાથી ભરેલું છે. તે કોઈની સહાય ઇચ્છતું નથી, તે અસહાયસ્વભાવી છે, તે સ્વયંભૂ છે, તે અખંડ એક જ્ઞાનમૂર્તિ, પરદ્રવ્યથી ભિન્ન, શાશ્વત, અવિનાશી અને પરમદેવ છે. માટે તેનાથી બીજો ઉત્કૃષ્ટ દેવ કોને માનવો? જો ત્રણેકાળે કોઈ હોય તો માનું, પણ કોઈ નથી.

**પ્રશ્ન ૨૬—મારું જ્ઞાનસ્વરૂપ કેવું છે?**

**ઉત્તર** —મારું જ્ઞાનસ્વરૂપ પોતાનો સ્વભાવ છોડીને અન્યરૂપ પરિણમતું નથી. તે પોતાના સ્વભાવની મર્યાદા કોઈપ્રકારે છોડતું નથી. જેમ કે જળથી ભરપૂર સમુદ્ર સીમા છોડીને અન્યત્ર ગમન કરતો નથી. સમુદ્ર પોતાની લહેરોની સીમામાં જ ભ્રમણ કરે છે, તે જ પ્રમાણે જ્ઞાનરૂપી સમુદ્ર પોતાની શુદ્ધ પરિણતિરૂપ તરંગાવલિયુક્ત પોતાના સહજ સ્વભાવમાં ભ્રમણ કરે છે. આવી અદ્ભુત મહિમા સહિત મારો જ્ઞાયકસ્વરૂપી પરમદેવ અનાદિકાળથી શરીરથી ભિન્ન છે.

**પ્રશ્ન ૨૭—આત્માનો શરીર સાથે કેવો સંબંધ છે?**

**ઉત્તર** —મારે અને આ શરીરને પાડોશી સમાન સંયોગ છે. મારો સ્વભાવ અન્યપ્રકારે છે અને તેનો સ્વભાવ અન્યપ્રકારે છે. મારું પરિણમન તથા તેનું પરિણમન ભિન્ન પ્રકારનું છે. માટે જો શરીર હમણા રોગરૂપે પરિણમે છે તો હું કઈ વાતનો શોક કરું અને કઈ વાતનું દુઃખ કરું? પાડોશી એવો હું પ્રેક્ષકની જેમ તેને જોઈ રહ્યો છું. મારે આ શરીરથી રાગ-દ્વેષ નથી, કારણ કે રાગ-દ્વેષ આ જગતમાં નિંદાને પાત્ર સમજવામાં આવે છે અને તે પરલોકમાં પણ દુઃખદાયક છે. આ રાગ-દ્વેષ એવા વિભાવ મોહથી જ ઉત્પન્ન થાય છે. જેનો મોહ નષ્ટ થઈ ગયો તેના રાગ-દ્વેષ પણ નષ્ટ થઈ ગયા. મોહના દ્વારા જ પરદ્રવ્યમાં અહંકાર અને મમકાર ઉત્પન્ન થાય છે. આ દ્રવ્ય છે તે

હું છું એવો ભાવ તે અહંકાર છે અને આ દ્રવ્ય મારું એવો ભાવ મમકાર છે. પરસામગ્રી ઇચ્છવાથી મળતી નથી અને છોડી પણ શકાતી નથી. ત્યારે આ આત્મા ખેદ-ખિન્ન થાય છે. જો સર્વ સામગ્રીને અન્ય જાણે તો તેના આવવા-જવાનો વિકલ્પ શા માટે ઉત્પન્ન થાય? મારો તો મોહ પહેલેથી જ નાશ થઈ ગયો છે અને શરીર સામગ્રીને મેં પહેલેથી જ પરાયી જાણી લીધી છે. માટે હવે આ શરીર છૂટવાથી કઈ વાતનો વિકલ્પ ઊઠે? ક્યારેય પણ ન ઊઠે. મેં વિકલ્પ ઉત્પન્ન કરવાવાળી વ્યક્તિનો (મોહની જેમ) પહેલેથી જ સારી રીતે નાશ કરી દીધો છે. માટે હું નિર્વિકલ્પ આનંદમય, નિજસ્વરૂપને વારંવાર સંભારું છું અને પોતાના સ્વભાવમાં સ્થિત રહું છું.

**પ્રશ્ન ૨૮—કોઈ ચતુર, સમ્યગ્દૃષ્ટિને આ પ્રમાણે સમજે છે કે આ શરીર તો તમારું નથી પરંતુ આ શરીરના નિમિત્તે મનુષ્યપર્યાયમાં શુદ્ધોપયોગનું સાધન સારી રીતે થાય છે, તેનો ઉપકાર જાણીને તેને રાખવાનો ઉદ્યમ કરવો ઉચિત છે તેમાં હાની શું છે?**

**ઉત્તર** —હે ભાઈ! તેં આ વાત કહી તે અમે પણ જાણીએ છીએ. મનુષ્યપર્યાયમાં શુદ્ધોપયોગનું સાધન, જ્ઞાનઅભ્યાસનું સાધન અને જ્ઞાનવૈરાગ્યની વૃદ્ધિ વગેરે અનેક ગુણોની પ્રાપ્તિ થાય છે કે જે અન્ય પર્યાયમાં દુર્લભ છે. પરંતુ પોતાના સંયમાદિ ગુણ રહેતા થકા સાથે શરીર રહો તો રહો તે તો ઠીક જ છે, તેની સાથે અમારે કોઈ વેર નથી અને જો શરીર ન રહે તોપણ પોતાના સંયમાદિ ગુણ નિર્વિઘ્નરૂપથી રાખવા જોઈએ અને શરીરથી મમત્વ છોડવું જોઈએ. અમારે શરીર ખાતર સંયમાદિ ગુણનો નાશ પાલવે નહીં.

**પ્રશ્ન ૨૯—સમ્યગ્દૃષ્ટિએ શું દૃષ્ટાંત આપ્યું છે?**

**ઉત્તર** —જેમ કોઈ રત્નોનો લોભી પુરુષ પરદેશથી રત્નદ્વીપમાં વાંસની ઝૂંપડીમાં રત્ન લાવી-લાવીને ભેગા કરે છે. હવે જો ઝૂંપડીમાં આગ લાગી જાય તો આ વિચક્ષણ પુરુષ એમ વિચાર કરે છે કે કેવી

રીતે આ અગ્નિનું નિવારણ કરવું જોઈએ અને રત્નો સહિત આ ઝૂંપડીને બચાવવી જોઈએ. આ ઝૂંપડી રહેશે તો તેના સહારે ઘણા રત્ન હજી ભેગા કરી શકીશ. આ પ્રમાણે તે પુરુષ અગ્નિને બુઝાવી શકે તો રત્ન રાખીને તેને બુઝાવે. અને જો તે સમજે કે રત્ન જવાથી ઝૂપડી રહે તો તે ક્યારેય ઝૂપડી રાખવાનો ઉપાય કરતો નથી. તે અવસ્થામાં તે ઝૂપડીને બળવા દે છે અને બધા રત્નો લઈને પોતાના દેશ આવી જાય છે. ત્યાર પછી તે એક કે બે રત્ન વેચીને અનેક પ્રકારની વિભૂતિ ભોગવે છે અને અનેક પ્રકારના સોનાના મહેલ-બગીચા આદિ બનાવે છે અને રાગ-રંગ-સુગંધ વિગેરે યુક્ત ક્રીડા કરીને અત્યંત સુખ ભોગવે છે.

**પ્રશ્ન ૩૦—ભેદવિજ્ઞાની પુરુષ કેવા છે?**

**ઉત્તર** —રત્નોના લોભી ઉપર જણાવેલ પુરુષની જેમ, ભેદવિજ્ઞાની પુરુષ છે. તે શરીરને માટે સંયમાદિ ગુણોમાં અતિચાર નથી લગાવતા અને એમ વિચાર કરે છે કે 'સંયમાદિ ગુણો રહેશે તો હું દેવ બનીને મહાવિદેહક્ષેત્રમાં જઈશ અને સીમંધર આદિ વીસ તીર્થંકરો અને અનેક કેવળીઓ તેમજ મુનિવરોના દર્શન કરીને અનેક જન્મોના પાપોને નષ્ટ કરીશ, પછી મનુષ્યપર્યાયમાં અનેક પ્રકારનો સંયમ ધારણ કરીશ. શ્રી તીર્થંકર કેવળી ભગવાનના ચરણકમળમાં ક્ષાયિક સમ્યક્ત્વનું હું સાધન કરીશ અને અનેક પ્રકારના સૂક્ષ્મ પ્રશ્નો કરી તત્ત્વોનું યથાર્થ સ્વરૂપ જાણીશ. રાગ-દ્વેષ સંસારનું કારણ છે. હું તેમનો શીઘ્રતાપૂર્વક મૂળમાંથી નાશ કરીશ. હું શ્રી પરમદયાળુ, આનંદમય, કેવળજ્ઞાનલક્ષ્મી સંયુક્ત શ્રી જિનેન્દ્ર ભગવાનની વીતરાગી મુદ્રાના દર્શનરૂપી અમૃતનો નિરંતર લાભ લઈશ. ત્યારબાદ હું શુદ્ધ આચરણ દ્વારા કર્મકલંકના નાશનો પ્રયત્ન કરીશ. હું પવિત્ર થઈને શ્રી તીર્થંકરદેવની સમીપે દીક્ષા ધારણ કરીશ. પરિણામે મારો શુદ્ધોપયોગ અત્યંત નિર્મળ થશે અને હું મારા

સ્વરૂપમાં લીન થઈશ. ત્યારબાદ હું ક્ષપકશ્રેણીની સન્મુખ થઈશ અને કર્મોરૂપી શત્રુઓથી યુદ્ધ કરીને ભવોભવના કર્મોનો નાશ કરીશ અને કેવળજ્ઞાન પ્રગટ કરીશ. મને એક સમયમાં સમસ્ત લોકાલોકના ત્રણકાળના ચરાચર પદાર્થ દૃષ્ટિગોચર થઈ જશે. ત્યારપછી મારો આ સ્વભાવ કાયમ રહેશે. હું આવી કેવળજ્ઞાનલક્ષ્મીનો સ્વામી છું તો આ શરીરથી કેમ મમત્વ કરું?'

**પ્રશ્ન ૩૧—સમ્યગ્જ્ઞાની પુરુષ શું વિચાર કરે છે?**

**ઉત્તર** —મને બંને તરફથી આનંદ છે—શરીર રહેશે તો ફરી શુદ્ધોપયોગની આરાધના કરીશ અને શરીર નહીં રહે તો પરલોકમાં જઈ શુદ્ધોપયોગની આરાધના કરીશ. આ પ્રકારે બંને સ્થિતિમાં મને શુદ્ધોપયોગના સેવનમાં કોઈ વિઘ્ન દેખાતું નથી. માટે મારા પરિણામમાં સંક્લેશ શા માટે ઉત્પન્ન થાય?

**પ્રશ્ન ૩૨—જ્ઞાની પોતાના શુદ્ધભાવોને કેવા જાણે છે?**

**ઉત્તર** —મારા પરિણામોમાં શુદ્ધસ્વરૂપ પ્રત્યે અત્યંત આસક્તિ છે. આ આસક્તિને છોડાવવા માટે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ઈન્દ્ર, ધરણેન્દ્ર કે નરેન્દ્ર આદિ કોઈ પણ સમર્થ નથી. આ આસક્તિને છોડાવવા કેવળ મોહકર્મ જ સમર્થ હતું જેને મેં પહેલેથી જ જીતી લીધું છે માટે હવે આ ત્રણલોકમાં મારું કોઈ શત્રુ નથી અને શત્રુઓ વિના ત્રણકાળ, ત્રણલોકમાં કોઈ દુઃખ નથી. તો મરણથી મને ભય કેવો? આ પ્રકારે હું આજે પૂર્ણપણે નિર્ભય થયો છું. આ વાત સારી રીતે જાણવી જોઈએ જેમાં કોઈ સંદેહ નથી.

**પ્રશ્ન ૩૩—શું જ્ઞાનીપુરુષ શરીરની સ્થિતિથી પરિચિત હોય છે?**

**ઉત્તર** —શુદ્ધોપયોગી પુરુષ આ પ્રમાણે શરીરની સ્થિતિથી સંપૂર્ણપણે પરિચિત છે અને આવા વિચાર કરવાથી તેને કોઈપણ

પ્રકારની આકુળતા થતી નથી. આકુળતા જ સંસારનું બીજ છે. આ આકુળતાથી જ સંસારની સ્થિતિ તેમજ વૃદ્ધિ થાય છે. અનંતકાળના સાધેલા સંયમાદિ ગુણ આકુળતાથી એ પ્રકારે નષ્ટ થાય છે જેમ અગ્નિમાં કપાસ(રૂ) નષ્ટ થઈ જાય છે.

**પ્રશ્ન ૩૪—સમ્યગ્દષ્ટિને આકુળતા કેમ નથી હોતી?**

**ઉત્તર** —સમ્યગ્દષ્ટિ પુરુષે કોઈપણ પ્રકારની આકુળતા કરવી જોઈએ નહીં. અને એક નિજસ્વરૂપનો જ વારંવાર વિચાર કરવો જોઈએ, તેને જ દેખવું જોઈએ અને તેના ગુણોનું સ્મરણ, ચિંતવન નિરંતર કરવું જોઈએ. તેમાં જ સ્થિર રહેવું જોઈએ અને કદાચિત્ શુદ્ધ સ્વરૂપથી ચિત્ત ચલાયમાન થાય તો એમ વિચાર કરવો કે આ સંસાર અનિત્ય છે, આ સંસારમાં કાંઈપણ સારભૂત નથી જો આમાં કાંઈ સાર હોત તો તીર્થંકરદેવ તેનો ત્યાગ કેમ કરે છે?

**પ્રશ્ન ૩૫—સમ્યગ્દષ્ટિને કોનું શરણ છે?**

**ઉત્તર** —'એટલા માટે નિશ્ચયથી મને મારા સ્વરૂપનું જ શરણ છે અને બાહ્યમાં પંચ પરમેષ્ઠી, જિનવાણી અને રત્નત્રયધર્મ શરણ છે. મને આ સિવાય સ્વપ્નમાં પણ બીજી કોઈપણ વસ્તુ શરણભૂત નથી—આવો મેં નિયમ લીધો છે'

**પ્રશ્ન ૩૬—સમ્યગ્દષ્ટિનો ઉપયોગ સ્વમાં ન લાગે ત્યારે તે શું કરે છે?**

**ઉત્તર** —સમ્યગ્દષ્ટિ પુરુષ આમ નિયમ કરી સ્વરૂપમાં ઉપયોગ લગાવે અને તેમાં ઉપયોગ ન લાગે તો અરિહંત અને સિદ્ધના સ્વરૂપનું અવલોકન કરે અને તેના દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિચાર કરે. આમ વિચાર કરતાં ઉપયોગ જ્યારે નિર્મળ થાય ત્યારે ફરીથી તે ઉપયોગને પોતાના સ્વરૂપમાં લગાવે. પોતાનું સ્વરૂપ જેવું જ અરિહંતનું સ્વરૂપ છે અને અરિહંત સિદ્ધના સ્વરૂપ જેવું પોતાનું

સ્વરૂપ છે. પોતાના આત્મામાં અને અરિહંત-સિદ્ધના સ્વભાવમાં તફાવત નથી. પરંતુ પર્યાયસ્વભાવમાં તફાવત છે. હું દ્રવ્યત્વ-સ્વભાવનો ગ્રાહક છું માટે અરિહંતનું ધ્યાન કરતાં-કરતાં આત્માનું ધ્યાન સારી રીતે સાધી શકાય છે અને આત્માનું ધ્યાન કરતાં-કરતાં અરિહંતોનું ધ્યાન સારી રીતે સધાય છે. અરિહંતો અને આત્માના સ્વરૂપમાં અંતર નથી. આમ વિચારતા સમ્યગ્દષ્ટિ પુરુષ સ્વભાવમાં સ્થિત થાય છે.

**પ્રશ્ન ૩૭—સમ્યગ્દષ્ટિ કુટુંબ-પરિવાર આદિથી કેવી રીતે મમત્વ છોડાવે છે?!**

**ઉત્તર** —પહેલાં પોતાના માતા-પિતાને સમજાવે છે—અહો આ શરીરના માતા-પિતા! તમે આ સારી રીતે જાણો છો કે આ શરીર આટલા દિવસો સુધી તમારું હતું, હવે તમારું નથી. હવે તેનું આયુષ્ય પૂરું થવામાં છે તે કોઈના રાખવાથી રહી શકે નહીં. તેની એટલી જ સ્થિતિ છે તો હવે તેનાથી મમત્વ છોડો! હવે તેનાથી મમત્વ કરીને શું ફાયદો? હવે તેનાથી પ્રીતિ કરવી તે દુઃખનું જ કારણ છે. ઈન્દ્રાદિક દેવોની શરીરપર્યાય પણ વિનાસિક છે. જ્યારે મૃત્યુનો સમય આવે ત્યારે દેવ પણ દુઃખી થઈને મોઢું જોતો રહી જાય છે અને અન્ય દેવોના દેખતાં-દેખતાં જ યમદૂત તેને ક્ષણમાત્રમાં ઉઠાવી લે છે. કોઈની શક્તિ નથી કે યમદૂતથી તેને ક્ષણમાત્ર પણ રોકી શકે. આ પ્રકારે આ યમદૂત એક-એક કરીને બધાને લઈ જશે.

જે અજ્ઞાનવશ થઈને કાળને આધીન રહેશે, તેની આ જ ગતિ થશે. માટે તમે મોહને વશ થઈને પરાયા શરીરથી મમત્વ કરો છો અને તેને રાખવા ચાહો છો, તમને મોહવશ આ સંસારનું ચરિત્ર જૂઠું નથી લાગતું. બીજાનું શરીર રાખવું તો દૂર પણ તમે પોતાનું શરીર તો સાચવી રાખો, પછી બીજાના શરીરને રાખવાનો પ્રયત્ન કરજો. તમારી આ ભ્રમબુદ્ધિ છે, જે વ્યર્થ જ દુઃખનું કારણ છે. પરંતુ આ

પ્રત્યક્ષ હોવા છતાં પણ તમારા દ્વારા દેખવામાં આવતું નથી.

સંસારમાં અત્યારસુધી કાળે કોને છોડ્યા છે અને હવે કોને છોડશે? હાય! હાય! જુઓ, આશ્ચર્યની વાત છે તમે નિર્ભય થઈને બેઠા છો, આ તમારી અજ્ઞાનતા જ છે. તમારી શું હોનહાર છે તે હું નથી જાણતો. માટે તમને પૂછું છું કે તમને પોતાનું અને પરનું કાંઈપણ જ્ઞાન છે? આપણે કોણ છીએ? ક્યાંથી આવ્યા છીએ? આ ભવ પૂરો કરી ક્યાં જઈશું? પુત્ર આદિથી પ્રેમ કરો છો તો તે બધા કોણ છે? આપણો પુત્ર આટલા દિવસ સુધી (જન્મ લીધા પહેલાં) ક્યાં હતો? જો તેના પ્રતિ તમારી મમત્વબુદ્ધિ થઈ અને તમને તેના વિયોગનો શોક થયો. આ બધા પ્રશ્નો ઉપર સાવધાનીથી વિચાર કરો અને ભ્રમરૂપ ન પ્રવર્તો.

તમે તમારું કર્તવ્ય વિચારવાથી અને આચરવાથી સુખી થશો. પરનું કાર્ય વ અકાર્ય તેને આધીન છે તેમાં તમારું કર્તવ્ય કાંઈપણ નથી. તમે વ્યર્થ જ ખેદખિન્ન થઈ રહ્યા છે. તમે મોહને વશ થઈને સંસારમાં કેમ ડૂબી રહ્યા છો? સંસારમાં નરક આદિના દુઃખ તમારે જ સહન કરવા પડશે, તમારે માટે તે કોઈ સહન કરવા નહીં આવે. જૈનધર્મમાં એવો ઉપદેશ નથી કે પાપ કોઈ કરે અને તેનું ફળ ભોગવે બીજો. આથી મને તમારા માટે ખૂબ દયા આવે છે, તમે મારો આ ઉપદેશ ગ્રહણ કરો જે તમારા માટે સુખદાયી છે. તમે મારાથી જેટલું મમત્વ કરશો, તેટલા વધુ દુઃખી થશે, તેનાથી કાર્ય કાંઈપણ બનશે નહીં. આ જીવે અનંતવાર અનંતપર્યાયોમાં ભિન્ન-ભિન્ન માતા-પિતા મેળવ્યા હતા, તે બધા ક્યાં ગયા? આ જીવને અનંતવાર સ્ત્રી, પુત્ર, પુત્રીનો સંયોગ મળ્યો હતો. તે ક્યાં ગયા? આ જીવને ભવોભવમાં અનેક ભાઈ, કુટુંબ-પરિવાર આદિ મળ્યા હતા તે બધા હવે ક્યાં ગયા? આ સંસારી જીવ પર્યાયબુદ્ધિવાળો છે, તેને જેવી પર્યાય(ગતિ) મળે છે તે તેને જ પોતાનું સ્વરૂપ માને છે અને

તેમાં તન્મય થઈને રહે છે. તે નથી જાણતો કે આ પર્યાયનું સ્વરૂપ વિનાશિક છે. મારું સ્વરૂપ નિત્ય, શાશ્વત અને અવિનાશી છે. આવો તેને વિચાર જ આવતો નથી. તેમાં આ જીવનો દોષ નથી. આ તો મોહનું માહાત્મ્ય છે, જે પ્રત્યક્ષ સાચી વસ્તુને જૂઠી દેખાડે છે. જેમને મોહ નષ્ટ થઈ ગયો છે—એવા ભેદજ્ઞાની પુરુષ, આ પર્યાયમાં પોતાપણું કેમ માને અને તેને સત્ય કેમ માને? તે બીજા દ્વારા ચલિત કેવી રીતે થાય? કદાપિ નહીં.

**પ્રશ્ન ૩૮—જ્ઞાની, માતા-પિતાને સમજાવતા વધુ શું ઉપદેશ આપે છે?**

**ઉત્તર** —હવે મને યથાર્થ જ્ઞાનભાવ થયો છે. મને સ્વ-પરનો વિવેક થઈ ગયો છે. હવે મને છેતરવામાં કોણ સમર્થ છે? હું અનાદિકાળથી ડગલે ને પગલે છેતરાતો આવ્યો છું. જેના ફળરૂપે ભવોભવમાં જન્મ-મરણના દુઃખ સહન કર્યા. માટે હવે તમે સારી રીતે જાણી લો કે તમારે અને મારે આટલા દિવસોનો જ સંયોગ-સંબંધ હતો. જે હવે પૂર્ણ થઈ ગયો. હવે તમારે આત્મકાર્ય કરવું ઉચિત છે. નહીં કે મોહ કરવો.

માટે, પોતાના શાશ્વત નિજસ્વરૂપની સંભાળ કરો તેમાં કોઈ પ્રકારનો ખેદ નથી. આપણા પોતાના જ ઘરમાં અમૂલ્ય નિધિ છે, તેને સંભાળવાથી જન્મોજન્મના દુઃખ નષ્ટ થઈ જશે. સંસારમાં જન્મ-મરણના જે દુઃખ છે તે બધા પોતાનું સ્વરૂપ જાણ્યા વિના છે. જ્ઞાનસ્વભાવ પોતાનું નિજસ્વરૂપ છે. તેની પ્રાપ્તિથી આ જીવ મહાસુખી થાય છે. તમે પ્રત્યક્ષ દેખવા-જાણવાવાળા જ્ઞાયકપુરુષ છો, શરીરથી ભિન્ન એવો તમારો સ્વભાવ છે, તેને છોડીને બીજા પ્રત્યે પ્રીતિ કેમ આવે?

મારી સ્થિતિ તો આ સોળમાં સ્વર્ગના કલ્પવાસી દેવની જેમ છે., જે તમાશા હેતુ મધ્યલોકમાં આવે અને કોઈ ગરીબના શરીરમાં

પ્રવેશી જાય અને તેના જેવી ક્રિયા કરવા લાગે. તે ક્યારેક લાકડીનો ભારો માથા ઉપર મૂકીને વેચવા જાય છે અને ક્યારેક માટીનું શકોરું લઈને સ્ત્રીઓથી ભોજન માગવા લાગે છે, ક્યારેક પુત્ર આદિકને ખવડાવે છે, ક્યારેક ધાન કાપવા જાય છે, ક્યારેક રાજા વગેરે મોટા અધિકારી પાસે જઈ યાચના કરે છે કે મહારાજા! હું આજીવિકા માટે બહુ જ દુઃખી છું, મારું ભરણપોષણ કરો, ક્યારેક બે પૈસા મજૂરીને માટે દાંતરડું કમરમાં લગાવીને કામ કરવા જાય છે, ક્યારેક બે રૂપિયાની વસ્તુ ખોઈને રડે છે, હાય! હવે હું શું કરીશ? મારું ધન તો ચોર લઈ ગયા. જેને મેં ધીરે-ધીરે એકઠું કર્યું હતું. હવે હું મારો સમય કેવી રીતે વિતાવીશ? ક્યારેક શહેરની ભાગદોડમાં તે પુરુષ એક છોકરાને લઈને ખભે બેસાડે છે અને એક છોકરાની આંગળી પકડી લે છે અને સ્ત્રી તથા પુત્રીને પોતાની આગળ કરીને, સૂપડું, ચાળણી, માટલું તથા ઝાડુ વગેરે સામાનને એક ટોપલીમાં ભરીને પોતાના માથા ઉપર રાખીને અડધી રાતના સમયે નગરની બહાર નીકળે છે. તેને માર્ગમાં કોઈ રાહદારી મળે છે અને પૂછે છે કે હે ભાઈ! તમે ક્યાં જાવ છો? ત્યારે તે કહે છે કે આ નગરમાં શત્રુઓની સેના આવી છે માટે મારું ધન બચાવીને બીજા નગરમાં જાઉં છું જ્યાં મારું જીવન વિતાવીશ ઈત્યાદિ અનેક પ્રકારના ચરિત્ર કરતો તે કલ્પવાસી દેવ તે ગરીબના શરીરમાં રહેવા છતાં પણ પોતાના સોળમાં સ્વર્ગની વિભૂતિને એક ક્ષણમાત્ર પણ ભૂલતો નથી તે પોતાની વિભૂતિને અવલોકન કરીને સુખી થઈ રહ્યો છે. તેને ગરીબ પુરુષના વેષમાં જે કોઈ અનેક પ્રકારની ક્રિયાઓ કરી છે તે તેમાં થોડો પણ અહંકાર કે મમકાર કરતો નથી. તે સોળમાં સ્વર્ગની દેવાંગના આદિ વિભૂતિ અને દેવ સ્વરૂપમાં જ અહંકાર-મમકાર કરે છે. તે દેવની જેમ હું સિદ્ધ સમાન આત્મદ્રવ્ય છું. પર્યાયમાં અનેક પ્રકારની ચેષ્ટા કરવા છતાં પણ પોતાની મોક્ષલક્ષ્મીને ભૂલતો નથી. ત્યારે મને આ લોકમાં કોનો ભય?

**પ્રશ્ન ૩૯—જ્ઞાની, સ્ત્રીથી મમત્વ કેવી રીતે છોડાવે છે?**

**ઉત્તર** —ત્યારબાદ સમ્યગ્દષ્ટિ સ્ત્રીથી મમત્વ છોડાવે છે— 'અહો! આ શરીરની સ્ત્રી આ શરીરથી મમત્વ છોડ. તારે અને આ શરીરને એટલા જ દિવસનો સંયોગસંબંધ હતો તે હવે પૂર્ણ થઈ ગયો. હવે આ શરીરથી તારો કોઈપણ સ્વાર્થ નહીં સધાય. માટે તું હવે મારાથી મોહ છોડ અને ખેદ ન કર. જો તારું રાખ્યું આ શરીર રહે તો રાખ. હું તને રોકતો નથી અને જો તારું રાખ્યું આ શરીર ન રહે તો હું શું કરું? જો તું સારી રીતે વિચાર કરીશ તો તને પણ જણાશે કે તું પણ આત્મા છે અને હું પણ આત્મા છું. સ્ત્રી-પુરુષની પર્યાય તો પુદ્‌ગલનું રૂપ છે. માટે પૌદ્‌ગલિક પર્યાયથી પ્રીતિ કેવી? આ જડ જ્યારે આત્મા ચૈતન્ય. ઊંટ અને બળદના જેવો આ બંનેનો સંયોગ કેવી રીતે બને? તારી પર્યાય છે તેને પણ તું ચંચળ જ જાણ. તું પોતાના હિતનો વિચાર કેમ નથી કરતી? હે સ્ત્રી! મેં તને આટલા દિવસ સુધી તારી સાથે સહવાસ કર્યો તે ભોગોથી શી સિદ્ધિ થઈ? વ્યર્થ જ ભોગોમાં આપણે આત્માને સંસારચક્રમાં ઘુમાવીએ છીએ. ભોગ કરતી વખતે આપણે મોહવશ થઈને આ નથી જાણતા કે મૃત્યુ તો આવશે જ અને ત્યારબાદ ત્રણલોકની સંપદા પણ મિથ્યા થઈ જાય છે. માટે તારે અમારી પર્યાયને માટે ખેદખિન્ન થવું ઉચિત નથી. જો તું અમારી પ્રિય સ્ત્રી છો તો અમને ધર્મનો ઉપદેશ આપ. આજ તારી સેવાચાકરી છે. હવે અમારી પર્યાય રહેશે નહીં. આયુષ્ય થોડું રહ્યું છે, માટે તું મોહ કરીને આત્માને સંસારમાં શા માટે ડૂબાડે છે? આ મનુષ્યજન્મ દુર્લભ છે. જો તું સ્વાર્થને માટે સાથીદાર છે તો પછી તું તારું જાણ. અમે તારા ડગાવ્યાથી નહીં ડગીએ. અમે તને દયા કરીને ઉપદેશ આપ્યો છે. તારે માનવું હોય તો માન, નહીં માને તો તારી જેવી હોનહાર હશે તેવું થશે. હવે અમારો તારાથી કંઈ જ સ્વાર્થ નથી. માટે અમારાથી મમત્વ ન કર.

હે પ્રિયે! પરિણામોને શાંત રાખ, આકુળ ન થા, આકુળતા જ સંસારનું બીજ છે આમ પોતાની સ્ત્રીને સમજાવીને સમ્યગ્દષ્ટિ તેને વિદાય કરે છે.

**પ્રશ્ન ૪૦—તે કુટુંબ-પરિવારના અન્ય વ્યક્તિઓને બોલાવીને તેમને શું સંબોધન કરે છે?**

**ઉત્તર** —અહો કુટુંબીજનો! આ શરીરનું આયુષ્ય થોડું જ રહ્યું છે. હવે અમારો પરલોક નજીક છે. માટે અમે તમને કહીએ છીએ કે તમે અમારા પ્રત્યે કોઈપણ પ્રકારનો રાગ ન કરો. તમારો અને અમારો ચાર દિવસનો સંયોગ હતો. જેમ ધર્મશાળામાં અલગ-અલગ સ્થાનોથી આવેલા મુસાફરો બે રાત રોકાય અને પછી છૂટા પડતા સમયે દુઃખી થાય છે. આમાં ક્યું ડહાપણ છે? આ પ્રકારે અમને છૂટા પડવાનું દુઃખ નથી પરંતુ તમારા બધાથી અમારો ક્ષમાભાવ છે. તમે બધા આનંદમાં રહો. જો તમારી આયુ બાકી છે તો તમે ધર્મ સહિત તથા રાગ રહિત થઈને રહો. અનુક્રમથી તમારા બધાની અમારા જેવી સ્થિતિ થવાની છે. આ સંસારનું આવું ચરિત્ર જાણીને, તેવો વિવેકી કોણ છે કે જે તેની પ્રીતિ કરે? કુટુંબ-પરિવાર-જનોનો આ પ્રમાણે સમજાવીને સમ્યગ્દષ્ટિ તેમને બોધ આપે છે.

**પ્રશ્ન ૪૧—તે પોતાના પુત્રોને બોલાવીને શું સમજાવે છે?**

**ઉત્તર** —અહો પુત્રો! તમે બધા બુદ્ધિમાન છો, અમારા પ્રત્યે કોઈ પ્રકારે મોહ ન કરો. જિનેશ્વરદેવના ધર્મનું સારી રીતે પાલન કરો. તમને ધર્મ જ સુખકારી થશે. કોઈ વ્યક્તિ માતા-પિતાને સુખકારી માને છે તે મોહનું જ માહાત્મ્ય છે. ખરેખર કોઈ કોઈનો કર્તા નથી, કોઈ કોઈનો ભોક્તા નથી. બધા પદાર્થ પોત-પોતાના સ્વભાવના કર્તા-ભોક્તા છે માટે હવે અમે તમને ફરી સમજાવીએ છીએ કે જો તમે અમારી આજ્ઞા માનો છો તો અમે જેમ કહીએ છીએ તેમ કરો. સાચા દેવ-ધર્મ અને ગુરુની દઢ પ્રતીતિ કરો,

સાધર્મીઓથી મિત્રતા કરો, પરાશ્રયની શ્રદ્ધા છોડો. દાન-શીલ-તપ-સંયમથી અનુરાગ કરો. સ્વ-પર ભેદવિજ્ઞાનનો અભ્યાસ કરો અને સંસારી પુરુષોનો સંગ છોડો. આ જીવ સંસારમાં સરાગી જીવોની સંગત કરીને અનાદિકાળથી દુઃખી થયો છે. માટે તેની સંગતિ અવશ્ય છોડવી જોઈએ. જ્યારે ધર્માત્મા પુરુષોની સંગતિ આ લોક અને પરલોક બંનેમાં મહાસુખદાયી છે. આ લોકમાં તો નિરાકુળતારૂપી સુખની અને યશની પ્રાપ્તિ થાય છે અને પરલોકમાં તે સ્વર્ગાદિકનું સુખ પામીને, મોક્ષમાં શિવરમણીનો સ્વામી થઈને પૂર્ણ નિરાકુળ, અતીન્દ્રિય, અનુપમ, બાધારહિત, શાશ્વત, અવિનાશી સુખ ભોગવે છે. માટે હે પુત્રો! જો તમને અમારા વચનોની સત્યતા પ્રતીત થાય તો કરો અને જો અમારા વચન જૂઠા લાગે અને એમાં તમારું અહિત દેખાય તો અમારા વચન અંગીકાર ન કરો. અમને તમારાથી કોઈ પ્રયોજન નથી. પરંતુ તમને દયાબુદ્ધિથી આ ઉપદેશ આપ્યો છે માટે તેને માનો તો ઠીક અને ન માનો તો તમે તમારી હોનહાર જાણો.

**પ્રશ્ન ૪૨—સમ્યગ્દષ્ટિ હવે શું કરે છે?**

**ઉત્તર** —(૧) ત્યારબાદ સમ્યગ્દષ્ટિ પુરુષ પોતાનું આયુષ્ય અલ્પ જાણીને દાન-પુણ્ય જે કંઈ તેને કરવું હતું તે સ્વયં કરે છે. (૨) ત્યારબાદ તેને જે પુરુષોથી વિચારવિમર્શ કરવાનો હતો તે કરીને નિઃશલ્ય થઈ જાય છે અને સાંસારિક કાર્યો સંબંધિત જે સ્ત્રી-પુરુષ છે તેમનાથી વિદાય લે છે અને ધાર્મિક કાર્યોના સંબંધિત પુરુષોને પોતાની પાસે બોલાવે છે અને જ્યારે તે પોતાના આયુષ્યનો અંત અતિનિકટ આવેલ જાણે છે, ત્યારે આ જીવન બધા પ્રકારનો પરિગ્રહ અને ચારેય પ્રકારના આહારનો ત્યાગ કરે છે અને સમસ્ત પરિગ્રહનો ભાર પુત્રોને સોંપીને સ્વયં વિશેષરૂપથી નિઃશલ્ય—વીતરાગી થઈ જાય છે. પોતાની આયુના અંતના સંબંધમાં સંદેહ

હોવાથી બે-ચાર ઘડી, પ્રહર, દિવસ વિગેરેનો મર્યાદાપૂર્વક ત્યાગ કરે છે.

ત્યારબાદ તે પલંગથી ઉતરીને, જમીન ઉપર સિંહની જેમ નિર્ભય થઈને બેસે છે. જેમ, શત્રુઓને જીતવા માટે સુભટ ઉદ્યમી થઈને રણભૂમિમાં પ્રવેશ કરે છે, આ સ્થિતિમાં સમ્યગ્દષ્ટિને અંશમાત્ર પણ આકુળતા થતી નથી.

**પ્રશ્ન ૪૩—સમ્યગ્દષ્ટિને શેની ઈચ્છા થાય છે?**

**ઉત્તર** —તે શુદ્ધોપયોગી સમ્યગ્દષ્ટિ પુરુષને મોક્ષલક્ષ્મીનું પાણિગ્રહણ કરવાની તીવ્ર ઈચ્છા રહે છે કે હું હમણાં જ મોક્ષમાં જાઉં. તેના હૃદય ઉપર મોક્ષલક્ષ્મીનો આકાર અંકિત રહે છે અને તે કારણે તે કિંચિત્ પણ રાગપરિણતિ નથી થવા દેતો અને આ પ્રમાણે વિચાર કરે છે—'રાગ પરિણતિ જો મારા સ્વભાવમાં થોડો પણ પ્રવેશ કરશે તો મને વરમાળા લઈને આવેલી મોક્ષલક્ષ્મી પાછી ચાલી જશે. માટે હું રાગપરિણતિને દૂરથી જ છોડું છું' તે આમ વિચાર કરીને પોતાનો કાળ પૂર્ણ કરે છે. તેના પરિણામોમાં નિરાકુળ આનંદરસ રહે છે. તે શાંતરસથી અત્યંત તૃપ્ત રહે છે. તેને આત્મિક સુખ સિવાય કોઈ વસ્તુની પ્રાપ્તિની ઈચ્છા નથી. કેવળ અતીન્દ્રિયસુખની ઈચ્છા અને તેને જ ભોગવવા જાય છે. આ પ્રમાણે તે સ્વાધીન અને સુખી થઈ રહ્યો છે.

જો કે તેને સાધર્મીઓનો સંયોગ સુલભ છે તોપણ તેને તેનો સંયોગ પરાધીન હોવાથી આકુળતાવાળો લાગે છે અને તે આ જાણે છે કે નિશ્ચયથી તેમનો સંયોગ સુખનું કારણ નથી, સુખનું કારણ તો એક મારો શુદ્ધોપયોગ જ છે, જે મારી પાસે જ છે. માટે, મારું સુખ મારે આધિન છે. સમ્યગ્દષ્ટિ આ પ્રકારે આનંદિત થઈને શાંત પરિણામોથી સમાધિમરણ કરે છે.



## પંડિત કૈલાશચંદ્ર જૈન

જન્મ : ઈ.સ. ૧૯૧૩
દેહ પરિવર્તન : ૧૯ સપ્ટેંબર ૨૦૧૨
જન્મસ્થાન : ગ્રામ ટિકરી, જિલા મેરઠ, ઉત્તરપ્રદેશ
પિતા – શ્રી મિટ્ઠનલાલ જૈન
માતા – શ્રીમતી ભરતોદેવી જૈન

આપની પ્રારંભિક શિક્ષા, મથુરા-ચૌરાસી તથા ત્યારબાદ જંબૂ-વિદ્યાલય સહારનપુરમાં થઈ. લઘુવયમાં લાહોરમાં સ્વતંત્ર વ્યવસાય કર્યો. દેશની સ્વતંત્રતા પછી, સ્વદેશ પાછા આવ્યા અને બુલંદશહેર (ઉ.પ્ર.)માં આઝાદ ટ્રેડિંગ કં.ના નામે, પુસ્તકો તથા સ્ટેશનરીનો વ્યવસાય કર્યો. પોતાની સહદર્મિણી શ્રીમતી વિમલાદેવી, ચાર પુત્રીઓ તથા એક પુત્રની સાથે, પારિવારિક જવાબદારીઓનું નિર્વહન કરતા થકા, ધર્મમાર્ગ પર ગતિશીલ રહ્યા.

સિદ્ધક્ષેત્ર શ્રી ગિરનારજીની યાત્રા વખતે, સોનગઢમાં બિરાજીત દિવ્યવિભૂતિ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના મંગલ સાક્ષાત્કાર ઉપરાંત, આપના જીવનમાં આમૂલ પરિવર્તન થયું. ફળસ્વરૂપે, નિરંતર તત્ત્વારાધના તથા તત્ત્વપ્રચાર જ આપના જીવનનું અભિન્ન અંગ બની ગયું અને સંપૂર્ણ દેશમાં તત્ત્વજ્ઞાનની પતાકા લહેરાવવા માટે, આપ એકલા નીકળી પડ્યા.

પૂજ્ય ગુરુદેવશ્રીના મંગલ પ્રવચનો અને માનનીય શ્રી રામજીભાઈ દોશી તથા ખીમચંદભાઈ શેઠના વર્ગમાં જે કંઈ શીખ્યા, તેને જૈન સિદ્ધાંત પ્રવેશ રત્નમાળાના આઠ ભાગરૂપે સંકલનનું કાર્ય કરી, જન-જનને જિનધર્મના ગૂઢ રહસ્યોને સાધારણ ભાષામાં પ્રસ્તુત કરવાનું અપૂર્વ કાર્ય કર્યું.

આપની તત્ત્વજ્ઞાનની પ્રચાર-પ્રસારની ઉત્કૃષ્ટ ભાવનાના ફળસ્વરૂપે, તેને કાર્યાન્વિત કરવાના હેતુથી, તીર્થધામ મંગલાયતનના રૂપમાં આપના સ્વપ્નને આપના પરિવાર તથા સમગ્ર મુમુક્ષુ સમાજે સાકાર કર્યું. અહીંથી પ્રકાશિત થતી માસિક પત્રિકા મંગલાયતનના આપ આજીવન પ્રધાન સંપાદક રહ્યા.

સ્વાભિમાનિવૃત્તિની સાથે જ, નિર્ભિકતા, નિસ્પૃહતા, સિદ્ધાંત પર અડગતા આદિ આપના વ્યક્તિત્વની ઉલ્લેખનીય વિશેષતાઓ હતી.

આપના ઉપકારો પ્રત્યે નતમસ્તક થઈ, આપના શ્રીચરણોંમાં વંદન સમર્પિત કરીએ છીએ અને આપની આ અનુપમ કૃતિને સમાજના લાભાર્થે પ્રસ્તુ કરીએ છીએ.

**જૈન સિદ્ધાંત પ્રવેશ રત્નમાલા (ભાગ-૬)**